नमोऽस्तु तस्मै जिनशासनाय

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીવિરચિત
સીમંધરસ્વામીને વિનંતીસ્વરૂપ...

# ૩૫૦ ગાથાનું સ્તવન

## ઢાળ-૪-૫

## (વિસ્તૃત વિવેચન સહિત)

લેખક
પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્ય
મુનિ ગુણહંસવિજય

પ્રકાશક
કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**

**મુનિ ગુણહંસવિજય**

આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ : નકલ : ૭૦૦

વિ.સં. ૨૦૬૮ તા. ૨૦-૧૦-૨૦૧૨

**મૂલ્ય રૂા. ૧૦૦/-**

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, બંસીધર એસ્ટેટ, અમદાવાદ.

# પ્રસ્તાવના

અનુક્રમણિકામાં એ દર્શાવી જ દીધું છે કે આ ભાગ-૩માં ચોથી અને પાંચમી ઢાળમાં કયા કયા વિષયો લેવામાં આવેલા છે.

શાસ્ત્રવિપરીત ન લખાય એનો પૂરો પ્રયત્ન કર્યો છે, છતાં પણ ભૂલ થઈ હોય, તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના.

ઉપાધ્યાયજીએ ૩૦૦ વર્ષ પૂર્વેની પરિસ્થિતિને આધારે જે ગાથાઓ બનાવી છે, એ ગાથાઓનો ભાવાર્થ મેં આજની પરિસ્થિતિને આધારે લખેલો છે, એ જાણવું. તથા શિષ્ય અને ઉપાધ્યાય બે વચ્ચે પ્રશ્નોત્તરી ચાલે છે, એ રીતે આખા પદાર્થનું વર્ણન કરેલ છે એ ધ્યાનમાં લેવું. જણાવવા જેવું નિઃસંકોચ જણાવશો.

**- ગુણહંસ વિજય**
પ્રથમ ભાદરવા સુદ-ચોથ
રાજકોટ
જાગનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ
વિ.સં. ૨૦૬૮

## અનુક્રમણિકા

### ઢાળ – ૪
### (ગાથાઓનો ટુંકો અર્થ)


| ગાથા નં. | વિષય | પાના |
|---|---|---|
| ૧ | કેટલાક દુર્જનો એવા છે કે જે શાસ્ત્રીય માર્ગે ચાલનારાના છિદ્રો જોયા કરે છે. | ૧ |
| | પ્રશ્ન : તમે આત્મસાક્ષીએ વ્રતાદિ પાળો પણ ધર્મની દેશના ન આપો, લોકોને ભેગા કરવાનું શું કામ છે ? બહુ બોલવું એ નિંદાનું સ્થાન છે. | |
| | ઉત્તર : આવું બોલનારા માર્ગનાશક છે. ખોટા દોષોનો આરોપ કરે છે. જે નિર્ભય રીતે માર્ગના પ્રરૂપક છે, તેમને દ્વીપની ઉપમા અપાયેલી છે. | |
| | જેઓ અજ્ઞાની, ગારવરસિક, કુમતિથી ગ્રસ્ત છે, તેમની દુષ્ટ બુદ્ધિને ધર્મ દેશના વિના કોણ ટાળી શકે ? | |
| | ભરસમુદ્ર જેમ વહાણથી તરાય, તેમ ગીતાર્થ, ભવભીરૂ વિ.ના વચનોથી સંસાર તરી જવાય. | |
| | મહાનિશીથમાં કહ્યું છે કે, અગીતાર્થ જો ઉપદેશ આપે, તો તે ભાષાકુશીલ છે એટલે તેમનું વચન શ્રોતાને ડુબાડનારૂ થાય છે. | |
| | મુનિ નિરીહપણે સત્યમાર્ગ પ્રરુપે, બહુજન આવે તો ધર્મનો લાભ પામે. | |
| | જે સાધુ શક્તિ છતા પ્રવચન ન આપે તે અંતરાય કર્યાનુ ફળ પામે | ૪૦ |
| | સમ પરિણામમાં રહી સાચો માર્ગ પ્રરૂપવામાં કોઈ નિંદા નથી | ૪૬ |
| | પ્રશ્ન : કોઈ કહે છે કે શ્રાવકને શાસ્ત્રના ઉંડા રહસ્યો ન સમજાવવા | ૪૮ |
| | ઉત્તર : 'આ વાત ખોટી છે'. ભગવતીમાં શ્રાવકોને લબ્ધાર્થ - ગૃહીતાર્થ કહ્યા છે. | |
| ૧૧ | પ્રશ્ન : વળી કોઈક કહે છે કે 'નવા ગ્રંથોની શી જરૂર છે.' જૂના શ્રુતજ્ઞાનમાં કાંઈ ખોટ નથી. | |
| | ઉત્તર : આ વાત ખોટી છે. કારણ કે શ્રુતમાંથી લીધેલા પદાર્થો શ્રુત સમુદ્રમાં પ્રવેશ કરવા નાવ સમાન છે. | |

પ્રશ્ન : પૂર્વાચાર્યોએ ગ્રંથો રચ્યા છે. તો આપણે શા માટે નવા બનાવવા ? ૫૭
ઉત્તર : આ પણ ખોટુ છે. શું પૂર્વના મહાપુરૂષોએ જે ધર્મ કર્યો છે, તે આપણે ન કરવો ?
પૂર્વાચાર્ય પર બહુમાન હોય, તીવ્ર ક્ષયોપશમ હોય અને માર્ગનું જ્ઞાન ૫૯
હોય એવો ગુરુકુલવાસી નવી રચના કરે એમાં કાંઈ નુકશાન નથી.
નવુ સર્જન એ શ્રુતનો ઉચ્છેદ નથી પણ શ્રુતનો જ અંશ છે ૭૫
તેના અર્થને સાંભળી ભવ્ય જીવો વિશેષ શ્રુત અભ્યાસમાં પ્રવર્તશે.
પ્રશ્ન : નવી રચનાથી દુર્જનોને પીડા થાય છે, તો નવી રચના ન કરવી ૮૦
ઉત્તર : આ પ્રવૃત્તિ સજ્જનોને સુખ આપનારી હોય તો છોડવી નહિ.
લેખકોએ હર્ષપૂર્વક ઉદ્યમ કરેલ હોવાથી, નવી રચનાના પુણ્ય વડે ૮૩
સજ્જનોને સંતોષ થશે. અને દુર્જનોને પણ પીડા નહિ થાય.
પ્રશ્ન : કેટલાકો કહે છે કે તમે શુદ્ધ દેશના બંધ કરો. કેમકે તમારી ૮૫
શુદ્ધ દેશનાથી અમને ભિક્ષામાં તકલીફ થાય છે.
ઉત્તર : આ વાત ખોટી છે. શુભભાવને ઈચ્છતા મુનિ અંતરાયથી ગભરાય છે.
જે જીવો અતિપરિણામી અને અપરિણામી છે તેને ગુરુ ૯૩
બૃહત્કલ્પાનુસારે ન્યાયદૃષ્ટિથી સમજાવે છે.
દુર્જનોના વચનને કોણ ગણકારે ? ૧૦૦
કારણ કે તેઓ તો દુધમાંથી પોરા કાઢનારા હોય છે.


## ઢાળ – ૫
## (ગાથાઓનો ટુંકો અર્થ)

**વિષય** **પાના**


વિષમકાળમાં અજ્ઞાની જીવો ગુરુ અને ગચ્છને છોડીને ૧૦૪
માર્ગનો લોપ કરે છે અને કહે છે કે અમે ઉગ્રવિહારી છીએ.
હે સિમંધર સ્વામિ ! તમે આ વિશ્વને કુમતિરૂપી સમુદ્રમાંથી
તારવા માટે આલંબનભૂત છોં.
અજ્ઞાનમાં ખૂંપેલા જીવો ગીતાર્થ વિના ભુલા ભમે છે,
કષ્ટ કરે છે, તેઓ ગ્રન્થિ સુધી પ્રાયઃ આવ્યા નથી.

૪ તેઓ કહે છે કે ગીતાર્થ ગુરુ કે ગચ્છનું શું કામ રત્નત્રયીને ૧૧૦
આદરીએ તો સ્વયં જ સંસાર તરી શકીએ.
આચારાંગમાં તેમજ પંચાશકમાં ગુરુકુલવાસને જ ચારિત્ર કહ્યું છે, ૧૧૧
ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે હંમેશા ગુરુકુલવાસમાં રહેવું, ૧૧૨
અને ગુરુના અપમાન કરનારને તો પાપ શ્રમણપણુ થાય,
તેમ કહ્યું છે.
દશવૈકાલિકમાં ગુરુની સેવા અને નિંદાના ફળ કહ્યા છે, ૧૧૩
આવંતિમાં ગુરુને સરોવર અને મુનિને મત્સ્ય સમ કહ્યા
સુગુરુની કૃપાદૃષ્ટિ વડે ઘણા ગુણો પમાય છે. ૧૧૪
ગુરુનિશ્રાથી વિનય વધે. વિનય એ જિનશાસનનું મૂળ છે. ૧૧૬
તેથી સમ્યગ્દર્શન નિર્મળ થાય અને શુભરાગથી અનુકૂલ રીતે
ઉચિત પ્રવૃત્તિ થાય.
વૈયાવચ્ચથી પાપો તુટે, ગુણો પ્રગટે હિતોપદેશ દ્વારા અને ૧૨૦
સુવિહિત મુનિના સંપર્ક દ્વારા બ્રહ્મચર્યની વાડોનું પાલન થાય.
શ્રી ધર્મરત્ન પ્રકરણમાં ગુરુકુલવાસના ઘણા ફાયદા બતાવ્યા છે. ૧૨૪
ગુરુકુલવાસી સાધુ જ્ઞાનનો સંભાગી બને. દર્શન-ચારિત્રમાં મન સ્થિર થાય, ૧૨૬
તે માટે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે સાધુ ક્યારેય ગુરુને ન છોડે.
જેમ ભીલોએ ભૌતગુરુને પગથી સ્પર્શ ન કર્યો પણ બાણથી ૧૨૮
મારી નાંખ્યા તેમ ગુરુને છોડી નિર્દોષના ખપી મુનિઓ નવરા જાણવા.
જો મુનિને ગુરુકુલવાસમાં જ્ઞાનાદિની વૃદ્ધિ થતી હોય તો ૧૩૦
દોષિત આહારથી પણ કર્મબંધ ન થાય.
માટે ગુરુ અને ગચ્છનો આદરપૂર્વક સ્વીકાર કરવો. ૧૩૩
ગુરુકુલવાસમાં સારણા-વારણા પામી મોક્ષની આરાધના કરે, ૧૩૪
શુભવીર્ય વધે. તથા દેખાદેખીથી ક્રિયારૂચિ વધે.
જેમ સમુદ્રમાં મોજા સહન ન થતા માછલા બહાર નીકળે તો
મરી જાય તેમ ગચ્છમાં સારણાદિ સહન ન થતા જેઓ
નીકળી જાય. તેઓનું સંયમ નાશ થાય અને દુઃખી દીન બને.
જેમ કાગડાઓ નર્મદા નદીનો કિનારો છોડી મૃગતૃષ્ણાના પાણી ૧૩૮
પીવા જાય તો દુઃખી થાય તેમ ગચ્છત્યાગી સાધુઓ દુઃખી થાય

૧૯ પાળ વિના પાણી ન રહે, જીવ વિના શરીર ન ટકે, ૧૩૯
એમ ગીતાર્થગુરુ વિના મુનિપણુ ન ટકે.
નિર્મળ આંખવાળો અંધને માર્ગ બતાવે, તેમ
ગીતાર્થ ગુરુ મુર્ખ મુનિને દઢ આલંબનરૂપ થાય.
<u>પ્રશ્ન :</u> જ્ઞાની - ગીતાર્થ ગુરુનું સ્વરૂપ કેવું હોય ?
<u>ઉત્તર :</u> સમભાવી - આત્માર્થી - શુભમતિ - સજ્જન તરીકે
આગમમાં કહ્યા છે.
શાસનના સ્થંભ સમાન ગુરુની નિશ્રા અને આજ્ઞાપાલન વિના
સંયમ શ્રેણિ કેમ ચડી શકાય ?
ગીતાર્થને માર્ગ પુછવો, ઉન્માદ છોડવો, હે જિન ! તારી ૧૪૩
આજ્ઞા - પાલન રૂપ ભક્તિથી જગમાં યશવાદ પમાય છે.

પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ.સાહેબની
પ્રેરણાથી

● સૌજન્ય ●

**શ્રી ભરૂડીઆ (કચ્છ-વાગડ)**
**જૈન શ્વે. મૂ.પૂ. સંઘ**

ભરૂડીઆ (કચ્છ-વાગડ), મુંબઈ

શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ
ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ

## ઢાળ-૪

ત્રીજી ઢાળમાં એ પદાર્થ દર્શાવ્યો કે જેઓ નબળા વૈરાગ્યવાળા છે, તેઓ નબળા આલંબનો પકડીને પોતાના જીવનમાં જાત જાતની શિથિલતાઓ આચરવા માંડે છે.

આવા શિથિલોને જોઈને ગીતાર્થ - સંવિગ્ન મહાત્માઓ શિથિલતાઓનું ખંડન કરે છે. એ ખંડન બે કારણસર કરે છે.

(૧) એ શિથિલો પ્રત્યેની અગાધ કરુણાથી પ્રેરાઈને ! શિથિલો શિથિલતા છોડે, આચારસંપન્ન બને, તો જ એમનું કલ્યાણ છે, અને એ માટે એમને શિથિલતાના નુકસાનો દર્શાવવા, શિથિલતાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવો આવશ્યક બની રહે છે.

(૨) શિથિલોની શિથિલતા જોઈ જોઈને અને એમની ખોટી પ્રરૂપણાઓ સાંભળી સાંભળીને બીજા ભોળા, સારા જીવો પણ એ બાજુ ઢળી પડે એ શક્યતા છે જ, એમને અટકાવવા માટે પણ શિથિલતાનું ખંડન જરુરી છે.

પણ મોટી મુશ્કેલી એ થાય છે કે આ અવિધિનું ખંડન, શિથિલતાનું ખંડન, શાસ્ત્રીય આચારોની સચોટ - સ્પષ્ટ પ્રરૂપણા... પેલા શિથિલોને તો ભારે જ પડી જાય ને ? તેઓ જગતમાં ખરાબ તરીકે જાહેર થાય, લોકો એમના તરફ ઉપેક્ષાવાળા બને... આ બધું એમનાથી શી રીતે સહન થાય ?

એટલે એ શિથિલો હવે બંડ પોકારે છે. સાચી - સારી વાતો કરનારાને જ નિંદક તરીકે સાબિત કરે છે. શિથિલોની આ વિચિત્રતાનું વર્ણન અને એની સામે સાચી - સારી વાતો કરનારાની મહાનતા... આ બંને વસ્તુ હવે આ ઢાળમાં દેખાડાશે.

એમાં સૌ પ્રથમ મહોપાધ્યાયજી સીમંધર સ્વામીને વંદન કરવા દ્વારા મંગલ કરે છે. અને તરત જ મૂળ પદાર્થનું નિરૂપણ શરુ કરી દે છે.

(રાગ : અભિનંદન સ્વામી અમારા...)

ગાથા : સુણજો સીમંધર સ્વામી, વલી એક કહું શિર નામી,
મારગ કરતાને પ્રેરે, દુર્જન જે દુષણ હેરે...
સુણજો...॥૧॥

ગાથાર્થ : હે સીમંધર સ્વામી ! તમને મસ્તક નમાવીને વળી એક વાત કરું છું.

એ તમે સાંભળજો. શાસ્ત્રીયમાર્ગને કરનારાને દુર્જનો પ્રેરે છે (= ઠપકો આપે છે = ખોટા કહે છે) કે જે દુર્જનો ખોટે ખોટા દોષ જોવાની ટેવવાળા છે.

ભાવાર્થ : પ્રભુ ! નબળા આલંબનો લેનારાની વાત તો મેં તમને ત્રીજી ઢાળમાં કહી જ દીધી છે. પણ આ ઢાળમાં એક નવી જ વાત મારે કરવી છે. આ શિથિલ બનેલા જીવો કેટલા બધા નીચે ઉતર્યા છે, એ તો આપ જુઓ, કે તેઓ તારા મોક્ષમાર્ગની સાચી આરાધના કરનારાને, તારા મોક્ષમાર્ગની સાચી પ્રરૂપણા કરનારાને ગાળો દે છે. એ ઉત્તમ મહાત્માઓનો કોઈ જ દોષ નથી. છતાં આ શિથિલો 'દૂધમાંથી પોરા કાઢતા હોય' એમ ગમે તે રીતે દોષો કાઢી કાઢીને સારા મહાત્માઓને પણ ખરાબ તરીકે ચીતરે છે.

શિષ્ય : પણ, તેઓ આવું શા માટે કરે છે ?

ઉપાધ્યાય : જો તેઓ આવું ન કરે, તો લોકોમાં ઉઘાડા પડી જાય. સારા - સારા સાધુઓનો શ્રાવકોનો આચાર + ઉચ્ચાર એ લોકોને ઉઘાડા પાડી દેનારો બને... એટલે એમણે ના છુટકે આ નિંદાના પાપમાં પડવું જ પડે છે.

– x – x –

શિષ્ય : પણ આ ઉત્તમ સાધુ-શ્રાવકોમાં જો દોષ છે જ નહિ, તો પેલા શિથિલો (કુસાધુઓ અને કુશ્રાવકો) શેની નિંદા કરે ? કયો દોષ કાઢે ?

ઉપાધ્યાય :

ગાથા : કહે નિજ સાખે વ્રત પાળો, પણ ધર્મદેશના ટાળો.
જનમેળાનું શું કામ, બહુ બોલ્યું નિંદા ઠામ
સુણજો...॥૨॥

ગાથાર્થ : તેઓ કહે છે કે તમે તમારી સાક્ષીએ વ્રતોનું પાલન ભલે કરો, પણ ધર્મની દેશના આપવાનું બંધ કરો. લોકોના ટોળા ભેગા કરવાનું તમારે શું કામ છે ? વધુ પડતું બોલવું એ નિંદાનું સ્થાન છે.

ભાવાર્થ : એ શિથિલ સાધુઓ અને શિથિલ શ્રાવકો શું બોલે છે ? એ સાંભળો.

તેઓ બોલે છે કે → ઓ સાધુઓ ! શ્રાવકો ! તમે દીક્ષા શેના માટે લીધી છે ? મોક્ષ માટે જ ને ? તો મોક્ષ માટે તો જ્ઞાન-દર્શન-ચારિત્રની જ જરૂર છે, અંતર્મુખતાની જ જરૂર છે. એના માટે બીજાઓને ઉપદેશ આપવાની કોઈ જ જરૂર નથી, ધર્મની દેશના આપવાની કોઈ જ આવશ્યક્તા નથી. અનંતા જીવો એવા થયા છે, જેઓ કશો ય ઉપદેશ આપ્યા વિના માત્ર પોતાની સ્વલક્ષી આરાધનાના પ્રભાવે કેવલજ્ઞાન પામીને

મોક્ષે પહોંચી ગયા છે.

તમે સારા છો, સારા આચાર પાળવા માંગો છો... તો ભલે. તમે ખુશીથી સુંદર જીવન જીવો ને ! પણ બધાને ઉપદેશ આપવાની શું જરૂર છે કે "આ રીતે જ જીવન જીવવું જોઈએ. બીજા બધા આચારો એ શિથિલાચાર ગણાય..." આવું બધું શા માટે તમે બોલો છો ?

શાસ્ત્રોમાં ચોક્ખું લખ્યું છે કે 'अप्पसक्खिओ धम्मो कायव्वो' ધર્મ આત્માની સાક્ષીએ કરવાનો છે, એમાં બીજાની સાક્ષી લેવાની જરૂર જ નથી. 'હું કેવો છું ? મારા આચાર-વિચાર કેવા છે ?' એ ચકાસવાનું છે. પણ બીજા બધા કેવા છે ? એમના આચાર-વિચાર સારા-સાચા છે ? કે ખોટા છે ?... એ બધાની તમારે શું પંચાત ?

તમે સાધ્વાચાર માટે જાહેરમાં પ્રરૂપણા કરો કે "સાધુએ મોબાઈલ - લાઈટ વગેરેનો ઉપયોગ ન કરવો જોઈએ, પરિગ્રહમાં પડવું ન જોઈએ, ટ્રસ્ટ-સંસ્થા વગેરેથી અલિપ્ત રહેવું જોઈએ... સાધ્વી પરિચય + સ્ત્રી પરિચયથી વેગળા રહેવું જોઈએ, બ્રહ્મચર્યની નવ વાડોનું નિર્મળતમ પાલન કરવું જોઈએ... ચૈત્યવાસ ખોટો છે.... અમે આ બધું પાળીએ છીએ. જેઓ આમાં ગરબડ કરે છે, તેઓ આજ્ઞાભંજક છે, ખોટા છે..." એમાં સ્પષ્ટ રીતે તમે બીજાઓની નિંદા જ કરનારા બનો છો. અને નિંદા એ તો નરકમાં લઈ જનારું પાપ છે. (વાચાળ માણસ કોઈકની નિંદા કરી જ બેસવાનો.) ←

શિષ્ય ! આ તો 'ચોર કોટવાળને (પોલીસને) દંડે' જેવું થાય છે. એ શિથિલો ગમે તેમ આચરી શકે, બોલી શકે, અને પવિત્ર મહાત્માઓ, પરોપકારી મહાત્માઓ નિંદક તરીકે જાહેર થાય.

<u>શિષ્ય :</u> ગુરુવર ! આપે કહ્યું એ સાચું છે. આવું બોલનારા ઘણા જોવા મળે છે. પણ આમાં એમની એક ગુણવત્તા તો જોવા મળે જ છે. તેઓ આચારોનું પાલન કરવાની તો ના નથી જ પાડતા, પણ માત્ર આચારોની પ્રરૂપણા કરવાની જ ના પાડે છે. આનો અર્થ એ થયો કે એમને પવિત્ર આચારો ગમે તો છે જ, જો એ ન ગમતા હોત, તો એનું પાલન કરવાનું શા માટે કહે ? એટલે તેઓ જે પવિત્ર આચારોની પ્રરૂપણા કરવાની ના પાડે છે, એની પાછળ ખરેખર આપણને નિંદાદિના પાપમાંથી, પારકી પંચાતના પાપમાંથી બચાવી લેવાની જ ભાવના હોવી જોઈએ.

<u>ઉપાધ્યાય :</u> શિષ્ય ! એવું હોત, તો તો હજી તેઓનો દોષ ઓછો ગણાત. પણ મોહરાજની વિચિત્રતાનો તને હજી અનુભવ નથી. એ 'દેખાડામાં સારું છતાં ખરેખર ખરાબ' એવું ઘણું બધું આપણી પાસે કરાવડાવે છે, અને છતાં ભોળા જીવો કશું સમજી શકતા નથી. માટે જ તો એનું નામ <u>મોહનીય</u> છે ને ?

પ્રસ્તુતમાં વિચારીએ તો

જો શિથિલો એમ બોલે કે 'આ બધા આચારો નકામા છે, એ પાળવાની કઈ જ જરુર નથી.' તો તો તેઓ સાવ જ ફેંકાઈ જાય. સામાન્ય લોકો પણ સમજી જાય કે 'આ બધાને તો પ્રભુની આજ્ઞા પણ નકામી લાગી છે. હવે આમનો વિશ્વાસ જ શું કરવો ?'... એટલે એ શિથિલોએ લોકોને આકર્ષવા માટે આ બોલવું જ પડે કે 'આચારો પાળો, એમાં કોઈ જ વાંધો નથી.'

તું જ વિચાર કે જો શિથિલ સાધુઓ એમ બોલે કે "સાધુ ભીખ માંગે, એ સારું ન લાગે. એણે પોતાની પાસે સંપત્તિ રાખવી જ જોઈએ... સાધુએ ધર્મપ્રચાર માટે ફ્લાઈટ - લાઈટ... તમામ પ્રકારની છૂટ લેવી જ જોઈએ... સાધુએ પરોપકાર માટે બહેનોને અંગત રીતે બોલાવીને પણ એમને ધર્મોપદેશ આપવો જોઈએ... તો આજનો ધર્મચુસ્ત જૈનસંઘ શું એને સ્વીકારી શકે ખરો ?"

તું જ વિચાર કે જો શિથિલ શ્રાવકો એમ બોલે કે "પ્રતિક્રમણ એ.સી.માં કરવાની છૂટ આપવી જ જોઈએ, ગરમીમાં શાતા રહેતી નથી. ઉનાળામાં પાણી ઉકાળીને ફ્રીજમાં મૂકીને વાપરવાની છૂટ તપમાં પણ આપવી જોઈએ..." તો શું પરિણત શ્રાવકો એમનો સ્વીકાર કરી શકે ?

એટલે પોતાની જાત સારી દેખાડવા માટે "વ્રત પાળો..." એ બોલવું એમના માટે અનિવાર્ય બની રહે છે.

<u>શિષ્ય :</u> પણ તો પછી તેઓ પવિત્ર આચારોની પ્રરૂપણા કરવાનો શા માટે નિષેધ કરે છે ? એ પ્રરૂપણા પણ કરવા દેવી જોઈએ ને ?

<u>ઉપાધ્યાય :</u> જો પવિત્ર આચારોની ચોકખે ચોકખી પ્રરૂપણા થાય, 'આમ જ કરાય, આમ ન કરાય' એવા ચોકખા ભેદ પાડીને બોલવામાં આવે, તો તો એ શિથિલો ઉઘાડા પડી જાય, તેઓ સાવ ખોટા સાબિત થાય, એમના ભક્તો ઘટી જાય, નવા બનતા અટકી જાય... આ બધું એ બહિર્મુખ શિથિલોને શી રીતે પરવડે ? એટલે એમણે પ્રરૂપણા તો અટકાવવી જ પડે.

<u>શિષ્ય :</u> એ તો પવિત્ર આચારોનું પાલન જોઈને પણ ઘણા લોકો એવું વિચારવાના જ ને ? કે 'આ શિથિલો છે. આચાર તો આવો જ પાળવાનો હોય...' તો તો પછી બીજાઓનું આચારોનું પાલન પણ શિથિલોએ અટકાવવું પડશે.

<u>ઉપાધ્યાય :</u> તારી વાત સાચી ! છતાં

(ક) એક મહાત્મા સારો આચાર પાળે, એને જોનારા કેટલા ? અને એ જ મહાત્મા જો સારા આચારની પ્રરૂપણા કરવા લાગે, તો એને સાંભળનારા તો ઢગલાબંધ હોવાના

ને ? દા.ત. સાધુ સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં, ઉભા-ઉભા કરે છે... તો આ આચાર કેટલા લોકો જોશે ? પ્રતિક્રમણમાં - આવનારાઓ જ ને ? પણ આ જ સાધુ ૨૦૦-૫૦૦-૧૦૦૦ની સભામાં પ્રરૂપણા કરે કે 'પ્રતિક્રમણ માંડલીમાં જ કરવું જોઈએ. ન કરે તો પ્રાયશ્ચિત્ત ! એ પણ ઉભા ઉભા કરવું જોઈએ...' તો તો સેંકડો-હજારો લોકોને આ બધી ખબર પડે ને ? એટલે જ પાલન કરતા પ્રરૂપણાનો ફેલાવો ઘણો વધારે છે.

આ જ કારણસર મહાયોગી આનંદઘનજી કહે છે કે 'પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો...' શાસ્ત્રવિરુદ્ધ આચરણ પણ પાપ છે, અને શાસ્ત્રવિપરીત પ્રરૂપણા પણ પાપ છે, છતાં મોટું પાપ તો શાસ્ત્રવિપરીત પ્રરૂપણા જ છે. કારણ કે એ ઘણું વધારે નુકસાન કરે.

(ખ) ભોળા જીવો માત્ર આચારપાલન જોઈને બધું જ કંઈ સ્પષ્ટ રીતે સમજી શકતા નથી. તેઓ સાચા-ખોટાનો વિવેક માત્ર આચારપાલનના દર્શનથી કરી શકતા નથી. એનું કારણ એ કે પવિત્ર આચારોનું પાલન જોવા માત્રથી એના શું ફાયદા ? અને એ આચારોનું પાલન ન કરવાના, ઉંધુ આચરણ કરવાના શું નુકસાન ?... એ બધું તો ખબર જ ન પડે ને ?

દા.ત. ભોળાજીવો અમુક સાધુઓને માંડલીમાં ઉભા-ઉભા પ્રતિક્રમણ કરતા જુએ... થોડા વખત બાદ નવા આવેલા ગ્રુપમાંથી અમુક સાધુઓને પોતપોતાના સ્થાને, સ્વતંત્ર રીતે બેઠા-બેઠા પ્રતિક્રમણ કરતા જુએ... તો એ જીવો આ બધું માત્ર જોશે જ. એના ઉપરથી 'જુદું પ્રતિક્રમણ કરવું એ તો ખોટું છે...' એવું એમને નથી સમજાતું. એમ માંડલીના લાભ અને માંડલીત્યાગના નુકસાન... એ પણ એમને નથી સમજાતા. એટલે જ એ ભોળા જીવો બંને પ્રકારના સાધુઓને એક સરખા જ માની લે છે. કદાચ થોડોક વિવેક પ્રગટે, તો પણ એમાં દૃઢ નિશ્ચય નથી હોતો.

હવે જો ઉત્તમ સાધુ પ્રવચનમાં પ્રરૂપણા કરે કે "પ્રતિક્રમણ માંડલીમાં જ કરવાની આજ્ઞા છે. ન કરે તો એને પ્રાયશ્ચિત્ત ! માંડલીમાં કરનારાને આટલા-આટલા ફાયદા ! ન કરનારાને આટલા આટલા નુકસાન !..." તો ગૃહસ્થો એ બધું સાંભળીને આશ્ચર્ય પામે, અહોભાવ પામે, દૃઢ નિશ્ચયવાળા બને કે 'પ્રતિક્રમણ તો માંડલીમાં જ કરવું જોઈએ... માંડલી બહાર કરવું ઉચિત નથી જ...' (કારણ હોય, એ આખી વાત જ જુદી છે.)

હવે પછી તેઓ જ્યાં વિપરીત આચરણ જોશે, ત્યાં "આ સાધુઓ બરાબર નથી કરતા..." એમ સમજી જ લેશે. એટલે એમના પ્રત્યેના અહોભાવમાં ઉણપ આવી જ જશે. તેઓ આચારસંપન્ન સાધુ તરફ વધુ ને વધુ સદ્ભાવવાળા બનશે.

આ તો માત્ર એક દૃષ્ટાન્ત છે. એવી રીતે અજવાળામાં પ્રતિલેખન + રોજ એકાસણા + નિર્દોષ ગોચરી માટે ઘરે ઘરે દીર્ઘ ભિક્ષાચર્યા + મલિન વસ્ત્રોનું પરિધાન + મોબાઈલનો ઉપયોગ કરવો નહિ - કરાવવો નહિ + શાસ્ત્રાભ્યાસ બરાબર કરવો + છાપા - મેગેઝીન વગેરેના વાંચનમાં પડવું નહિ + પોટલાદિનો પરિગ્રહ ન કરવો... આવા આવા ઢગલાબંધ આચારો માટે આ વાત સમજી જ લેવી કે આ આચારોનું પાલન અને એની પ્રરૂપણા... એ બેમાંથી પ્રરૂપણા શિથિલોને અતિ-અતિ ભારે પડવાની જ.

એટલે જ તેઓ કોઈપણ ભોગે આચાર-પ્રરૂપણા અટકાવવાનો પ્રયત્ન કરે છે.

આ જ બાબત શ્રાવકોના ક્ષેત્રમાં પણ તું વિચારી લેજે.

જોયું ને ? શિષ્ય ! કેવી વિચિત્રતા ! આચારપાલન કરવા દેવું એ ય મોહનીયની કરામત ! અને આચાર પ્રરૂપણા અટકાવવી એ તો મોહનીયની કરામત છે જ.

એક પદાર્થ વધારાનો તને એ પણ દર્શાવી દઉં કે આનંદઘનજી સ્પષ્ટ બોલે છે કે <u>'ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સારીખો...'</u> એનો ભાવાર્થ આ પ્રમાણે સમજવો કે શાસ્ત્રીયપ્રરૂપણા જેવો કોઈ ધર્મ નથી. અર્થાત્ શાસ્ત્રીય આચારોનું પાલન અને પ્રરૂપણા બંને ધર્મ છે, છતાં પ્રરૂપણા એ ઘણો મહાન ધર્મ છે. એનું કારણ એ જ કે પાલન ઓછાને લાભદાયી ! જ્યારે પ્રરૂપણા ઘણા બધાને લાભદાયી !

(પાલન અને પ્રરૂપણા બંને વ્યવસ્થિત હોય, તો એ શ્રેષ્ઠ ! એકલું પાલન અને એકલી પ્રરૂપણા... આ બેમાં આમ તો પાલન સારું, છતાં સંવિગ્ન પાક્ષિકની સસૂત્ર પ્રરૂપણા ઘણાઓને ઉપકારી બનતી હોવાથી એ દૃષ્ટિએ એ વધુ લાભદાયી ! માટે જ આગળ આ સ્તવનમાં કહેશે કે એક બાલ પણ ક્રિયાનયે, જ્ઞાનનયે નવિ બાલા. સેવાયોગ્ય સુસંયતને તે, બોલે ઉપદેશમાલા...)

— x — x —

<u>શિષ્ય :</u> તમે દર્શાવેલા ઉત્તરો આમ તો સાચા છે. છતાં એક શંકા તો રહ્યા જ કરે છે કે આપણે છેવટે તો મોક્ષ જ મેળવવો છે ને ? તો પછી આ બધી પારકી પંચાતમાં શા માટે પડવું ? આપણે કંઈ આખા જગતનો ઠેકો લીધો છે ? આ બધી પ્રરૂપણાઓ કરવામાં તે શિથિલોની નિંદાનું પાપ તો લાગે જ ને ? એમને આઘાત લાગે, એનો દોષ તો લાગે જ ને ? વળી આપણા દુશ્મનો ઉભા થાય, રાગ-દ્વેષ વધે... આ બધું મને ડરાવે છે, મારે માનવભવ ગુમાવવો નથી, સંસાર વધારવો નથી.

<u>ઉપાધ્યાય :</u> તારી ભાવના ખરેખર સારી અને સાચી છે. છતાં ફરી એ જ વાત મારે તને કરવાની છે કે આમાં વિવેકની જરૂર છે. 'શાસ્ત્રીયપ્રરૂપણા કરવામાં નિંદાદોષ

લાગે છે...' વગેરે બાબતો બિલકુલ બરાબર નથી.

<u>ગાથા : એમ કહેતા મારગ લોપે, ખોટું દૂષણ આરોપે.</u>
<u>જે નિર્ભય મારગ બોલે, તે કહ્યો દ્વીપને તોલે.</u>
<u>સુણજો... ॥૩॥</u>

<u>ગાથાર્થ :</u> આવું બોલીને તેઓ માર્ગનો નાશ કરે છે, ખોટા દોષોનો આરોપ કરે છે. જે નિર્ભય બનીને માર્ગની પ્રરૂપણા કરે છે, તે દ્વીપ જેવા = બેટ (ટાપુ) જેવા કહ્યા છે.

<u>ભાવાર્થ :</u> પવિત્ર આચારો એ વ્યવહારનય પ્રમાણે મોક્ષનો માર્ગ છે. શિથિલો એ માર્ગની પ્રરૂપણા અટકાવીને એનો ફેલાવો થતો અટકાવવાનો પ્રયત્ન કરે છે. આ <u>માર્ગનાશ</u> નામનું અતિ ભયંકર પાપ તેઓ આચરી રહ્યા છે. તેઓ સ્વયં આચાર પાળે નહિ, એટલે એમના જીવનમાં તો માર્ગનાશ થઈ જ ગયો. તેઓ સ્વયં આચાર પ્રરૂપે નહિ, એટલે એમના દ્વારા માર્ગનો ફેલાવો, બીજાના જીવનમાં માર્ગનું સ્થાપન... આ પણ બધું જ ખલાસ ! હવે તેઓ માર્ગપ્રરૂપણા કરનારાઓને પણ અટકાવે, એટલે બીજાઓ દ્વારા થતો માર્ગપ્રચાર પણ ખતમ થાય... આમ અનેક રીતે તેઓ માર્ગ વિનાશ નામનું ઘોર પાપ બાંધે.

હવે બીજી વાત !

"પવિત્ર આચારોનું પ્રરૂપણ + ખોટા આચારોનું ખંડન કરવામાં નિંદાદોષ લાગે." આ જે દોષારોપણ છે, એ હળાહળ જૂઠ છે.

તું જ વિચાર

"માંસ ખાવું એ પાપ છે. માંસભક્ષણ દુર્ગતિનું કારણ છે" આવું બોલનારાઓ શું માંસ ખાનારાઓના નિંદક કહેવાય ?

"પરસ્ત્રીગમન, વેશ્યાગમન પાપ છે, બ્રહ્મચર્યપાલન – સ્વદારાસંતોષ જ કર્તવ્ય છે." આવું બોલનારાઓ શું વ્યભિચારી માણસોના નિંદક કહેવાય ?

જે સાચું છે, સારું છે, એને સાચું-સારું કહેવાય જ, એને જો નિંદા ગણવામાં આવશે, તો તો બધા જ નિંદકો જ ગણાશે. ખુદ તીર્થંકરો પણ નિંદક જ કહેવાશે, કેમકે તેઓ પણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને સંસારનો માર્ગ કહે જ છે, અને એ રીતે મિથ્યાત્વી વગેરેની તમારી દૃષ્ટિએ તો નિંદા જ કરી રહ્યા છે.

ખરી વાત તો એ છે કે જે સાધુ બધો જ ભય કાઢી નાંખીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે છે, એ તો સંસાર સમુદ્રમાં ડુબનારા જીવોને માટે બેટ (ટાપુ) સમાન કામ કરે છે.

જેમ ભરસમુદ્રમાં કોઈ ડુબી રહ્યો હોય, અને એને બેટ મળી જાય, તો જીવન બચી જવાથી અત્યંત આનંદ થવાનો જ. તેમ આજે લાખો-કરોડો જીવો સાચું માર્ગદર્શન ન મળવાને કારણે આમથી તેમ આથડ્યા જ કરે છે. એમને જો કે મળે છે ખરા માર્ગદર્શકો ! પણ મોટા ભાગે સ્વાર્થી, લાલચુ, અજ્ઞાની, અહંકારી ! એ ભોળા જીવો વિવેક કરી શકતા નથી, અને એટલે સમુદ્રમાંથી બચવા માટે જેનો આશરો લે છે, તેઓ જ સમુદ્રમાં ડુબાડી દે છે. આ જીવો બિચારા અત્યંત કરુણાપાત્ર છે. અનંતકાળની મહેનત બાદ માનવભવથી માંડીને પુષ્કળ વિકાસ સાધી લીધા બાદ માત્ર આ નાનકડી ભૂલના કારણે બધું જ હારી બેસે છે.

પેલી કહેવત તો ખબર છે ને ? <u>'વાડ ચીભડા ગળે...'</u> ખેતરમાં સારો પાક ઉગ્યો હોય, ત્યારે તેને પશુઓ ખાઈ ન જાય, તે માટે ચારેબાજુથી કાંટાળી વાડ બનાવવામાં આવે. પણ હવે એ વાડ જ જો ચીભડાના પાકને ખાઈ જાય, ખતમ કરી નાંખે તો શું કરવું ? એવું આજે બની રહ્યું છે. ઘણા બધા જીવો આત્મવિકાસ માટે, ભવભ્રમણથી બચવા માટે કોઈકના પર ભરોસો મૂકી દે છે, એમની પાસે પોતાના પાપો પ્રગટ કરી દે છે, એમને પોતાના અનન્ય આરાધ્ય તત્ત્વ તરીકે સ્થાપિત કરી દે છે, એમને ભગવાનતુલ્ય માની લે છે, પણ અફસોસ ! એ કેટલાક શરણદાતાઓ આ વિશ્વાસનો ઘાત કરે છે, સાચો માર્ગ બતાવતા નથી, પોતાનો સ્વાર્થ સાધવા આ બિચારાઓનો ભોગ લઈ લે છે.

બહુ જ સ્પષ્ટશબ્દોમાં કહેવું હોય તો ગુરુસંમતિ નહિ પામેલા એવા અગીતાર્થો કે કોઈપણ અસંવિગ્નો ગુરુપદવી ધારણ કરે, આશ્રિતોને ગીતાર્થ-સંવિગ્નનું માર્ગદર્શન લેવાની સૂચના કરવાને બદલે જાતે જ એ બધાના તારણહાર બની જાય, તેઓ ઘણું ખોટું કરી રહ્યા છે, એ સ્પષ્ટ જ છે.

આવા વખતે કોઈ પુણ્યવંત આત્મા જાગે, નિર્ભય બને અને આવા અટવાતા, મુંઝાતા, મુરઝાતા જીવોને બચાવી લેવા માટેનો સઘન પુરુષાર્થ કરે, એના ઉપકારનું તો વર્ણન પણ શી રીતે કરી શકાય ?

લુંટારાઓ મુસાફરોને લુંટતા હોય, ત્યારે કોઈક શૂરવીર એકલવીર બનીને લુંટારાઓની સામે પડે, તો શું એમ કહેવાય ખરું ? કે આ શૂરવીરે ખોટું કર્યું. એણે પેલા લુંટારાઓને ધંધો કરવામાં અંતરાય કર્યો ? અરે ! એ શૂરવીરને તો લાખો ધન્યવાદ આપવાના હોય. જાહેરમાં બહુમાન કરવાનું હોય. એ શૂરવીર જો એમ વિચારે કે "મારે શું કામ આ પારકી પંચાતમાં પડવું ? લુંટારાઓ મારું ક્યાં લુંટે છે ? મારે શા માટે લુંટારાઓને મારવા ? પાપ બાંધવું ? શા માટે નવા શત્રુ ઉભા કરવા ?" તો એ

શૂરવીર નિષ્ઠુર, મુરખ જ ગણવો પડે ને ?

બસ, આ જ હકીકત અહીં પણ સમજી જ લેવી. શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનારો સાધુ હજારો જીવોને અનેક પ્રકારના દોષો વગેરે રૂપી લુંટારાઓથી બચાવવાનું કામ કરે છે.

<u>શિષ્ય :</u> આપે <u>નિર્ભય</u> શબ્દ ગાથામાં વાપર્યો છે. એ શા માટે ?

<u>ઉપાધ્યાય :</u> જેમ લુંટારાઓ સામે લડવું એ સહેલું કામ નથી જ, મોતનો ભય રહે, ભવિષ્યમાં એ લુંટારાઓ દુશ્મન બનીને બદલો લે, એવી પણ શક્યતા તો રહે જ. એટલે મોટાભાગે તો બધા એમ જ વિચારે કે "આપણે આમાં પડવું નથી." અરે, જેનું ધન લુંટાય છે, તેઓ પણ ધન લુંટાવા દે છે, પણ સામે નથી પડતા. તો પછી જેનું ધન ન લુંટાતું હોય, એ શું કરવા માત્ર બીજાઓ ઉપર ઉપકાર કરવા માટે જાનનું જોખમ ખેડે ? એ તો જેનામાં <u>નિર્ભયતા</u> હોય, એ જ આ ખરાખરીના ખેલ ખેલી શકે.

એમ શાસ્ત્રીય પ્રરૂપણા, શુદ્ધ પ્રરૂપણા કરવી એ પણ તલવારની ધાર પર ચાલવા જેવું કપરું કામ છે. એમાં ય આ કાળમાં તો ઘણું વધારે કપરું. કારણ કે

→ શિથિલતાનું પ્રમાણ ચારે બાજુ વધેલું છે,

→ એટલે જ શુદ્ધ આચારોની પ્રરૂપણા ઓછી જોવા મળે છે, આચારહીન લોકો આચારની પ્રરૂપણા કરે, એ તો ઘણું જ ઓછું શક્ય છે ને ?

→ એટલે જ શુદ્ધ આચારોની પ્રરૂપણા કરવામાં દુશ્મનો ઉભા થવાની શક્યતા રહે. આચારહીન લોકો સામે પડે, નિંદા કરે, ગમે તે પ્રકારે પટકવાના પ્રયત્નો પણ કરે, ખોટા આરોપો પણ મૂકે, ગંદુ રાજકારણ રમાવા લાગે અને એના ભોગ બનવું પડે.

→ શુદ્ધ આચારનો પ્રરૂપક પણ કાળપ્રભાવે અમુક શિથિલતાનો ભોગ તો બનેલો જ હોય, એટલે એની નાનકડી ભૂલને બીજાઓ જબરદસ્ત મોટી બનાવીને એના પર તૂટી પડે...

આ બધી શક્યતાઓ છે, માટે જ સારા સાધુઓ પણ આ ભયના કારણે ચૂપચાપ બેસી રહે. "મારું તો કશું બગડતું નથી ને ? તો મારે શું કામ કડવા થવું ? ભલા ભાઈની પ્રીત રાખવાની. सब से हिलमील चालीए, ભેંસના શીંગડા ભેંસને ભારે... આપણે આપણી આરાધના કરવી..."

આ સારા સાધુઓનું તો કલ્યાણ થઈ પણ જાય, પણ પેલા અજ્ઞાની, માર્ગ ભૂલેલા લાખો જીવોનું કોણ ? આવા વખતે જે શક્તિસંપન્ન હોય, તે જો ઉપરના બધા જ ભય દૂર ફગાવી દે, તો જ એ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરી શકે. ભયભીત માણસનું આ કામ

જ નથી. માટે શિષ્ય ! નિર્ભય શબ્દ મુક્યો છે.

– x – x –

શિષ્ય : દરેકને પોતાનું હિત તો વહાલું છે જ. એટલે બધા જ પોતાનું કલ્યાણ થાય, એ માટેના પ્રયત્ન કરવાના જ. ખરાબ આચાર નુકસાનકારી છે, એ તો બધા સમજવાના જ છે ને ? એ કંઈ કહેવાની જરૂર થોડી છે ? એટલે બધા આપમેળે જ સારા આચાર તરફ વળી જ જવાના. વધુમાં વધુ એમને દષ્ટાન્ત રૂપે કંઈક દેખાડવું હોય, તો આચારપાલન જ કાફી છે. પ્રરૂપણા નહિ.

ઉપાધ્યાય : લોકો સ્વહિતની જ ઝંખનાવાળા છે, એ વાત તો સાચી જ છે. પણ

ગાથા : અજ્ઞાની ગારવરસીયા, જે જન છે કુમતે ગ્રસિયા
તેહનો કુણ ટાલણહાર, વિણ ધર્મદેશના સાર.
સુણજો... ॥૪॥

ગાથાર્થ : જેઓ અજ્ઞાની, ગારવરસિક, કુમતિથી ગ્રસ્ત છે, એમની એ કુમતિને સારભૂત ધર્મદેશના વિના કોણ દૂર કરી શકે ?

ભાવાર્થ : કોઈપણ રોગીની ઈચ્છા એક જ છે 'રોગ દૂર કરવાની.' છતાં એ ઈચ્છામાત્રથી રોગ દૂર થઈ જતો નથી. પોતાને વૈદકનું જ્ઞાન ન હોય, તો સ્વયં તો સમજી શકવાનો જ નથી ને ? કે 'મારે આ રોગ દૂર કરવા કઈ દવા લેવી ?' એટલે એણે વૈદ્ય-ડૉક્ટર પાસે જવું જ પડે. પણ ત્યાં ય જો ખોટા વૈદ્ય-ડૉક્ટર ભટકાઈ ગયા, તો રોગીએ વધુ દુઃખી થવું પડે. રોગ તો દૂર ન થાય, પણ મોત ચોક્કસ આવે.

આમ રોગનું અજ્ઞાન, રોગની દવાનું અજ્ઞાન કે પછી 'રોગ મટાડનારા કોણ સારા ?' એનું અજ્ઞાન એ રોગીને નુકસાનકારી બને જ છે.

એ વખતે કોઈ એને સાચો રાહબર મળી જાય... 'આ રોગ છે, આ રોગની દવા છે...' તો એનો રોગ ચોક્કસ મટે.

એમ સ્વહિતની ભાવનાવાળા તો ઘણા છે, સંસારરોગનો વિનાશ કરવાની તમન્નાવાળા તો ઘણા છે. પણ એ રોગ બાબતમાં, એની દવા બાબતમાં, એના ડૉક્ટરો બાબતમાં જેઓ પૂરા અજ્ઞાની છે, તેઓ તો વધુ ને વધુ દીર્ઘસંસારી જ બન્યા કરવાના. એમને કોઈ સાચો માર્ગદર્શક મળે, તો જ ઠેકાણું પડે.

બીજી વાત

કેટલાક રોગીઓને સારા ડૉક્ટર દ્વારા બધું જ્ઞાન તો મળી જાય, પણ તેઓ કુપથ્ય છોડી ન શકે. એમને શર્દી ગમતી નથી, શર્દી ખતમ કરવાની ઈચ્છા પણ છે, પણ

શિખંડ એટલો ભાવે છે કે એ છોડી શકતા નથી. શિખંડ ખાવાથી શર્દી વધે, ત્યારે હેરાન પણ થાય. ત્યારે મનમાં નિશ્ચય પણ કરે કે હવે શિખંડ છોડી દઈશ... પણ શર્દી જરાક ઓછી થાય, કે તરત પાછો શિખંડ ખાઈ બેસે. (ડાયાબિટીસના દર્દીઓ ડૉક્ટરની સ્પષ્ટ ના હોવા છતાં પણ મીઠાઈ ખાય જ છે ને ?)

એમ કેટલાક જીવો એવા હોય છે કે જેઓ ઋદ્ધિમાં, રસમાં અને શાતામાં જ ખુંપેલા રહે. ચારેબાજુ વાહ વાહ ! ભક્તોની પુષ્કળ અવરજવર ! યશ-કીર્તિ-પ્રતિષ્ઠા ! આ બધું ઋદ્ધિ ! ખાવાની મનભાવતી વસ્તુઓ એ છે રસ ! શરીરને ઠંડી-ગરમી-માખી-મચ્છર-રોગ વગેરેથી કોઈપણ પ્રકારનો ત્રાસ ન થવા દેવો, એ માટેના શક્ય એટલા તમામ ઉપાયો દોષો સેવીને પણ કરી લેવા... એ છે શાતા ! આ ત્રણમાં લંપટ બનેલા જીવોને ગુર્વાદિના ઉપદેશથી સાચી વસ્તુની ખબર પડે, તો ય તેઓ આ ત્રણને છોડી ન શકે. એમને મોક્ષ જોઈએ છે, આત્મહિત સાધવું છે, અને એમાં આ ત્રણ ગારવો ભયંકર નુકસાનકારી છે... એની ખબર પણ છે... છતાં એ પેલા વ્યસની જેવા છે. નથી છોડી શકતા આ ત્રણ ગારવોનું સેવન !

આમ આવા પ્રકારના જીવો અજ્ઞાની નથી, પણ ગારવરસિક છે.

કેટલાકો વળી સાવ ઉંધા જ જ્ઞાનવાળા છે. 'શિખંડ ખાવાથી જ શર્દી મટે...' આવું જેમ કોઈક દર્દીને કોઈકે ભરમાવી દીધું હોય. એમ કેટલાકોએ આ બિચારા જીવોને મોક્ષનો સાવ ઉંધો જ માર્ગ દેખાડી દીધો હોય છે. (દા.ત. દિગંબરોએ લાખો જૈનોને શીખવાડી દીધું કે કપડા પહેરવાથી મોક્ષ ન જ મળે. કોઈપણ ધર્મોપકરણ પાસે ન રાખો, તો જ મોક્ષ મળે... એમ અનેક મિથ્યામતો વિચારી લેવા.)

આમ

(૧) મોક્ષમાર્ગના અજ્ઞાનવાળા...

(૨) મોક્ષમાર્ગનું જ્ઞાન હોવા છતાં, વ્યસનીની જેમ મોક્ષપ્રતિબંધક પદાર્થોમાં ખુંપેલા...

(૩) જે મોક્ષમાર્ગ જ નથી, એને મોક્ષમાર્ગ માનવા લાગેલા, વિપરીત જ્ઞાનવાળા...

આમ ત્રણ પ્રકારના જીવો થયા.

દૃષ્ટાન્તમાં વિચારીએ તો

(૧) શર્દીનો વિનાશ સુંઠથી-હળદરથી થાય... એવા જ્ઞાન વિનાના...

(૨) એ જ્ઞાન હોવા છતાં પણ શિખંડની આસક્તિ ખૂબ હોવાથી શિખંડ ન છોડનારા...

(૩) 'શિખંડ-બરફ ખાવાથી, વરસાદમાં ઠંડી હવામાં નહાવાથી શર્દી મટી જાય.' એવા ઉંધાજ્ઞાનવાળા....

આ ત્રણમાંથી એકેયની શર્દી મટે ખરી ? ના જ.

આમાં ડોક્ટર પહેલા પ્રકારના જીવોને જ્ઞાન આપે, એ પ્રમાણે તેઓ અમલ કરે એટલે નીરોગી બને. બીજા પ્રકારના જીવોને જ્ઞાન તો છે જ, એટલે ડોક્ટરે એમને ધમકાવવા પડે, કુપથ્યના ભયાનક નુકસાનો દેખાડવા પડે, એમને ગભરાવવા પડે, એમનું વ્યસન છોડાવવા માટેની સખત મહેનત કરવી પડે... એ રીતે જો તેઓ વ્યસનમુક્ત બને, તો ચોક્કસ તેઓ પણ નીરોગી બને.

ત્રીજા પ્રકારના જીવોમાં ખોટું જ્ઞાન છે, એને ગમે તેમ કરીને દૂર કરવું પડે અને એ કામ પણ સારો ડૉક્ટર જ કરી શકે.

હવે જો ધર્મદેશના જ આપવામાં ન આવે તો અજ્ઞાન + ગારવો + વિપરીતજ્ઞાન આ ત્રણને ધક્કો મારીને કાઢશે કોણ ? એ વિના એ બિચારા જીવોનું હિત થશે કેમ ?

<u>શિષ્ય :</u> તમે ધર્મદેશના આપવાનું કહો એ તો બરાબર. પણ ગાથામાં <u>સાર</u> શબ્દ કેમ વાપર્યો છે ? શું સારભૂત અને અસારભૂત એમ બે પ્રકારની ધર્મદેશના હોય છે ?

<u>ઉપાધ્યાય :</u> 'સાર' શબ્દ મુકવાના બે કારણો છે.

→ અજૈનો પણ ધર્મદેશના તો આપે જ છે. કરોડો લોકો એ સાંભળે છે. પણ જે ધર્મદેશના સાચું જ્ઞાન આપનારી, ગારવ ખતમ કરનારી, વિપરીત જ્ઞાન દૂર કરનારી જ ન બને, એ ધર્મદેશના <u>અસાર</u> છે. માટે એવી ધર્મદેશનાની અહીં કોઈ કિંમત નથી. એટલે જ જૈનમુનિઓમાં પણ જેઓ અગીતાર્થ છે. માત્ર થોડી ઘણી વાક્છટાને લીધે જોક્સ વગેરે કહીને લોકોનું મનોરંજન કરનારા છે, કૌટુંબિક સંબંધોને સુધારવાનું કામ કરીને જ સંતોષ માની લેનારા છે, પ્રવચનોમાં માત્ર ને માત્ર એ સામાજીક સ્તરના દૃષ્ટાન્તો સિવાય બીજું કશું જે લઈ શકતા જ નથી, છતાં જે 'જૈનમુનિ' હોવાથી ધર્મદેશક તરીકે પ્રસિદ્ધ બની જાય છે... એ બધાની ધર્મદેશના <u>સાર</u>ભૂત નથી અને એટલે જ એવી ધર્મદેશનાની તરફેણ મારે કરવી નથી, માટે જ મેં ગાથામાં <u>સાર</u> શબ્દ મુકી સાવચેત કર્યા છે તમને બધાને, કે આવી અસાર ધર્મદેશનાઓ તરફ તમે આકર્ષાઈ ન જતા.

→ વૈરાગ્યવર્ધક, આત્મલક્ષી ધર્મદેશનાઓ સારભૂત છે, એ વાત સાચી છતાં એમાં પણ બે ભાગ પડે છે.

જેમ ઘરે આવેલા મહેમાનને મિષ્ટાન્ન ભોજન કરાવવું અને માંદા પડેલા એ જ મહેમાનની સારામાં સારી કાળજી કરી સાજા કરી દેવા... આ બંને વસ્તુ સારી હોવા

છતાં ભોજન કરાવવું સરળ છે, જ્યારે માંદા મહેમાનને સાજા-સ્વસ્થ કરવા એ માટે એમની ઘણી બધી કાળજી કરવી એ કપરું કામ છે.

એમ શ્રોતાઓને સંસારની અસારતા બતાવવી, મોક્ષની ઉપાદેયતા બતાવવી, આત્માના સુખનું વર્ણન કરવું... વગેરે બાબતો સારભૂત તો છે જ, છતાં એ સરળ છે. પણ એ બધું મેળવવા માટેનો જે મોક્ષમાર્ગ છે, એની સચોટ પ્રરૂપણા કરવી, એમાં કોઈક દુશ્મનો પણ ઉભા થાય, કોઈકને એ દેશના ન પણ ગમે, અરે, ક્યારેક તો ઉપદેશક સ્વયં જ એ બાબતોનું પાલન ન કરતો હોવાથી એની પ્રરૂપણા કરવામાં એના જ પગ નીચે રેલો આવે... આ બધું હોવા છતાં નિર્ભય બનીને શાસ્ત્રીય પ્રરૂપણા કરવી એ સારભૂત દેશના ઘણી કપરી છે. (હા ! એ વખતે શ્રોતાઓ અધર્મ ન પામે, એની કાળજીપૂર્વક યોગ્ય ખુલાસા કરવા...)

પ્રભુની દેશના સિંહગર્જના કહેવાય છે, હરણિયા જેવા જીવો તો એ દેશના સાંભળી જ ન શકે. ભાગી જ જાય. એટલું જ નહિ, ઉત્તમ જીવોને એ હરણિયા જેવા તુચ્છતમ જીવો તરફથી જે પરેશાની ભોગવવી પડતી હતી, એ બધાયનું નિરાકરણ આ સારભૂત ધર્મદેશનાથી થાય. (मृगपर्षत्परित्रासनिरासफलसङ्गता)

ટુંકમાં જેમાં કડવા થવું પડે એવી, છતાં લીમડાના રસની માફક ઘણા બધા દુષણો કાઢનારી દેશના એ <u>સારભૂત</u> ધર્મદેશના ગણાય.

<u>શિષ્ય :</u> તમે હાસ્યાદિ ઉત્પન્ન કરાવનારી, કૌટુંબિક સંબંધો સુધારનારી દેશનાને અસારભૂત ધર્મદેશના કહી. પણ એવું શા માટે ? 'હસે એનું ઘર વસે', હસતો માણસ કષાયોથી અલિપ્ત રહે છે, એમ પરિવારમાં પરસ્પર શાંતિ-સમાધિ હોય તો ખોટું શું ? તો એ બધું સાધી આપનારી ધર્મદેશના <u>અસાર</u> શા માટે ?

વળી, શાસ્ત્રોમાં <u>આક્ષેપણી</u> કથા બતાવી જ છે. શ્રોતાઓને આકર્ષવા માટે જોક્સ વગેરે કહેવા પડે, એમના પાયાના પ્રશ્નોનું એટલે કે કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ કરવું પડે તો એ બધું ખોટું છે... એવું શી રીતે કહી શકાય ?

<u>ઉપાધ્યાય :</u> મેં <u>માત્ર ને માત્ર</u> શબ્દ મુક્યો છે, એના તરફ તારું ધ્યાન ગયું લાગતું નથી. શ્રોતાનું આકર્ષણ કરવા માટે જોક્સાદિ કહેવા પડે તો એ ખોટું જ છે, એવું મારે નથી કહેવું. પણ એ આકર્ષણ થઈ ગયા બાદ એમને ધર્મના માર્ગે આગળ ધપાવવાનું કામ થવું જ જોઈએ. એ જો ન થાય, તો પેલું બધું નિરર્થક છે, એમ ચોક્કસ માનવું.

ડૉક્ટર દુઃખાવો દૂર કરવા એન્ટી-બાયોટીકની હાઈડોઝની દવા આપે, પણ એની સાથે જ એનાથી ઉત્પન્ન થનારી આડઅસર દૂર કરવા બીજી પિત્તશામક ગોળી પણ આપી દે. એમ, સદ્‌ગુરુ સંસારનું આકર્ષણ તોડવા, અહીંનું આકર્ષણ દૂર કરવા

શરુઆતમાં શ્રોતાને મનગમતી જોક્સાદિ બાબતો પણ વર્ણવે, પણ એટલા માત્રથી સંતોષ ન માની લે. એની આડઅસર રૂપ મમત્વાદિ દોષોને દૂર કરવા માટે એ પછી સાચી ધર્મદેશનાનો ધોધ પણ વહાવે.

દા.ત. લગ્ન બાદ પતિ-પત્નીને ઝઘડાઓ થાય છે, સંકલેશ ખૂબ છે, તલાક સુધી વાત પહોંચી છે, એ વખતે સદ્ગુરુનો સંપર્ક થાય તો એ સદ્ગુરુ "સંસારમાં કેવી રીતે રહેવું, એકબીજાના દોષોને પચાવી જવા, ગુણોની પ્રશંસા કરવી, પરસ્પર અનુકૂળ થવું..." વગેરે બાબતો સમજાવે... આનાથી એમનું જીવન એકદમ સુધરી જાય, પરસ્પર લાગણી બંધાય. એ લાગણી અતિગાઢ બને, પ્રેમ આસમાનને આંબે... હવે જો સદ્ગુરુ આ એક પરિવારને આ રીતે સ્થિર કરીને જ સંતોષ માની લે, તો પેલા બે શું મોક્ષે પહોંચી જવાના ? અરે, સંસાર સોહામણો લાગવાથી, કામ અને સ્નેહના બંધનોમાં જકડાઈ જવાથી બિચારાઓ દીર્ઘસંસારી જ બનવાના ને ? અરે ભાઈ ! પરિવારના ઝઘડા મીટાવવાનું કામ તો સામાજીક કાર્યકરો ય કરે, સદ્ગુરુ કંઈ એના માટે થોડા જ છે ? પણ આમાં મળેલી સફળતા બાદ સદ્ગુરુ એ આડ અસરને = સંસારના મમત્વને ખતમ કરવાનો પ્રયત્ન કરે જ. "ભાગ્યશાળી ! સુખમય સંસાર જ સૌથી વધુ ભયાનક છે. તું ક્યાં એના રવાડે ચડ્યો ? તારી ચિત્તની પ્રસન્નતા માટે કૌટુંબિક શાંતિ જરૂરી હતી, પણ એ કંઈ કાયમી ઉપાય નથી જ..." અને સદ્ગુરુ એવી જોરદાર દેશના આપે કે પેલો જીવ ધર્મમાર્ગે વળીને જ રહે.

પણ જે ગીતાર્થ - સંવિગ્ન સદ્ગુરુ નથી, એની પાસે આ ઉંડી સમજ શી રીતે આવવાની ? એ તો આ સામાજીક કાર્યોમાં મળતી જવલંત સફળતાથી લલચાઈને એમાં જ ખુંપી જવાનો. પછી બસ, એના તમામ પ્રવચનો માત્ર ને માત્ર પતિ-પત્ની, બાપ-દીકરો, મા-દીકરી, સાસુ-વહુ, ભાઈ-ભાઈ... વગેરે વગેરે સંબંધોને સામાજીક ધોરણે ચોક્ખા કરવા માટેના જ થવા માંડે, પ્રસંગો પણ એ માટેના જ કહેવાય... મુગ્ધ લોકોને તો આ બધું ગમવાનું જ, અને એમની સંખ્યા પણ ઘણી ! એટલે આ મુનિવર (!) હજારોના હૃદયના શણગાર બની રહે. હજારો - લાખો લોકો એમના અનન્ય ભક્ત બની રહે.

પણ આ બધું તો લૌકિક ! મહમ્મદ પેગંબરને માનનારા અને એના નામે બકરાઓ કાપવાને ધર્મ માનનારા મુસ્લિમોને શું આપણે ધર્મી કહેશું ? વેટીકન સીટીના વડા ધર્મગુરુ પોપના આદેશને માથે ચડાવી વિશ્વમાં ક્રિશ્ચિયન ધર્મનો ફેલાવો કરવા માટે હિંસક પગલાઓ પણ ભરનારા લાખો ક્રિશ્ચયનોને શું આપણે ધર્મી કહેશું ? તો પારિવારિક જીવન અતિ સુંદર રીતે જીવતા થઈ જવા માત્રથી એ હજારો જૈનો શું સાચા

ધર્મી કહેવાય ? કે એમને એવા બનાવનાર મુનિવર શું સાચા પરોપકારી કહેવાય ?

સંખ્યા સામે નજર ન નાંખશો, મુગ્ધલોકોના અભિપ્રાય સામે નજર ન નાંખશો, સંવિગ્ન ગીતાર્થ મહાત્માની દૃષ્ટિએ શાંત મનથી જો આ વાત વિચારવામાં આવશે, તો ઘણી બધી ભ્રમણા ભાંગી જશે.

પણ આ બધું પેલા મુગ્ધ પ્રવચનકારને તો કોણ સમજાવે ? એને તો હવે આ જ સર્વસ્વ લાગે. એની દેશનાઓનો સાર માત્ર ને માત્ર હવે પરિવારશાંતિ કે હસાહસી કે આકર્ષણ જ બની રહે. એનાથી આગળના લક્ષ્ય બધા જ એ મુગ્ધને ખબર જ ન હોય તો એનો પ્રયોગ કરવાનો તો પ્રશ્ન જ ક્યાં રહે ?

ફરી એ વાત યાદ કરાવી દઉં કે 'પરિવારશાંતિની કે હસાહસીની દેશના એકાંતે ખોટી છે.' એવું બિલકુલ માનવાનું નથી. પણ એ જ જો અંતિમ લક્ષ્ય બની જાય, એનાથી આગળ પછી કશું જ કરવાનું ન રહે, એ લોકોત્તર ધર્મ આચાર-વિચાર રૂપે પમાડવાનો વ્યવસ્થિત પ્રયત્ન પણ ન થાય તો જ વાંધો છે.

ખેર ! મારે તો આટલું જ કહેવું છે કે સારભૂત ધર્મદેશના અનિવાર્ય છે, એ વિના જીવોને બચાવનાર કોઈ જ તત્ત્વ નથી.

<u>શિષ્ય :</u> 'પરોપકાર માટે નિર્ભય બનીને કુદી પડવું, ધર્મદેશના આપવી' એ આપની વાત સાચી. પણ કોણે ? નદીમાં ડુબતો છોકરો બચાવો, બચાવો...ની બૂમ પાડતો હોય, એ સાંભળીને ૮૦ વર્ષની ડોસી એને બચાવવા માટે નિર્ભય બનીને નદીમાં કુદી પડે, તો શું હાલત થાય ? એકને બદલે બે ચિતા જ સળગાવવી પડે ને ? ગામડીયાઓ રાષ્ટ્રદાઝથી પ્રેરાઈને સરહદ ઉપર પાકિસ્તાનના સૈનિકો સામે લડવા મંડી પડે, તો શું હાલત થાય ?

એમ લોકોને બચાવવા માટેની સારી ભાવનાથી પણ કોઈ સાધુ ધડાધડ દેશના આપવા લાગે, તો શું એટલા માત્રથી બધા બચી જવાના ? એ સાધુની પાત્રતા તો નક્કી કરવી પડશે ને ? જેમ જેને તરત આવડતું હોય, છોકરાનું વજન ઉંચકીને ખેંચી લાવવાની જેનામાં ક્ષમતા હોય, એ જ નદીમાં કુદે. આવું કંઈક અહીં પણ હોવું જ જોઈએ ને ?

<u>ઉપાધ્યાય :</u> એકદમ સાચી વાત છે.

<u>ગાથા :</u> <u>ગીતારથ જયણાવંત, ભવભીરૂ જેહ મહંત.</u>

<u>તસ વયણે લોકે તરીયે, જિમ પ્રવહણથી ભરદરીયે</u>

<u>સુણજો...।।૫।।</u>

ગાથાર્થ : જે ગીતાર્થ છે, જયણાવાળા છે, ભવભીરુ છે, મહંત છે, તેના વચનો દ્વારા આ લોકથી - સંસારથી તરી જવાય. જેમ ભરસમુદ્રમાં વહાણથી તરી જવાય.

ભાવાર્થ : દેશના આપવાને માટે લાયક સાધુ કોણ ? આત્માર્થી જીવે કોની દેશના સાંભળવી, માનવી... એનું ખૂબ જ સુંદર વર્ણન આ ગાથામાં કરવામાં આવ્યું છે.

શિષ્ય ! મુખ્યત્વે ઉપદેશક ગુરુમાં ચાર ગુણો હોવા જોઈએ. (૧) ગીતાર્થતા, (૨) ષટ્કાયની રક્ષા, (૩) ભવભીરુ = 'સંસાર ન જ વધવો જોઈએ' એવા પ્રકારના સંસારભયવાળા, અર્થાત્ વૈરાગી ! (૪) મહંત = સરળતા, નમ્રતા, નિઃસ્પૃહતા વગેરે વગેરે બીજા પણ અનેકગુણોના કારણે જે મહાન હોય.

શિષ્ય : આ ચાર ગુણો બતાવવા પાછળનું કોઈ રહસ્ય ખરું ?

ઉપાધ્યાય : ચોક્કસ ! સાધુ બનવું હોય તો સંસારની અસારતાને જાણીને જે વ્રતપાલનમાં દઢ બન્યો હોય તે પાત્ર ગણાય, પણ અહીં તો ઉપદેશક બનવાનું છે, સર્વજ્ઞોની વાણીના સંદેશવાહક બનવાનું છે, આ કામ જેવું તેવું નથી. મોટા રાજાનો દૂત ગમે તેવો ન હોય, કારણ કે એણે એક મહાન રાજાનો સંદેશો બધે પહોંચાડવાનો હોય છે.

આપણે ચારે ગુણોનો અર્થ જોઈશું અને એની ઉપદેશ આપવા માટે શું જરૂર છે ? એ પણ જોઈશું.

(૧) ગીતાર્થતા : શ્રી ધર્મરત્નપ્રકરણની ૩૫મી ગાથામાં આ પ્રમાણે કહ્યું છે કે -

गीयं भण्णइ सुत्तं अत्थो तस्सेव होइ वक्खाणं ।

उभएण य संजुत्तो सो गीयत्थो मुणेयव्वो ॥

ગીત એટલે સૂત્ર ! એ સૂત્રનું જ જે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ વગેરે રૂપ વ્યાખ્યાન એ અર્થ ! આ બંને જેની પાસે હોય તે ગીતાર્થ કહેવાય.

શિષ્ય : બરાબર. પણ અહીં કેટલા સૂત્રો અને અર્થો લેવાના એ તો જણાવ્યું નથી.

ઉપાધ્યાય : આ માટે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે નિશીથસૂત્ર અને એની ચૂર્ણિ... આ બંનેનો તલસ્પર્શી અભ્યાસ કરનાર સાધુ જઘન્ય ગીતાર્થ કહેવાય. ચૌદપૂર્વધર મહાત્મા ઉત્કૃષ્ટ ગીતાર્થ કહેવાય, એ સિવાય વચ્ચેનો બોધ ધરાવનારાઓ મધ્યમ ગીતાર્થ કહેવાય. જેમની પાસે નિશીથસૂત્ર + ચૂર્ણિ (અર્થ)નું જ્ઞાન નથી, તે તમામ સાધુઓ અગીતાર્થ કહેવાય.

શિષ્ય : નિશીથસૂત્રનું અને ચૂર્ણિનું જ્ઞાન હોવું જોઈએ એટલે શું ?

ઉપાધ્યાય : એટલે એ જ કે નિશીથસૂત્ર આખું કંઠસ્થ કરેલું હોવું જોઈએ અને એની

ચૂર્ણિનો (એક પ્રકારની ટીકા, પણ આ પ્રાકૃતમાં હોય...) સદ્‌ગુરુ પાસે વ્યવસ્થિત અભ્યાસ કરેલો હોવો જોઈએ.

<u>શિષ્ય :</u> નિશીથસૂત્ર આખું મોઢે કરેલું હોય અને અત્યારે આવડતું હોય એવા તો અત્યારે કોઈ દેખાતા નથી. તો શું કોઈ ગીતાર્થ છે જ નહિ ?

<u>ઉપાધ્યાય :</u> આમાં પણ એક અપવાદ શાસ્ત્રોમાં જ દર્શાવ્યો છે કે સૂત્ર ન આવડતું હોય, તો પણ જો નિશીથનો અર્થ બરાબર આવડતો હોય, તો એ પણ અપવાદ માર્ગે ગીતાર્થ કહી શકાય. અને એવા મહાત્માઓ તો આજે પણ મળે જ છે, એટલે કોઈ ગીતાર્થ નથી, એવું ન માનવું.

<u>શિષ્ય :</u> પણ નિશીથનો અર્થ પણ બરાબર તો આવડવો જોઈએ ને ? માત્ર ભણી જાય એ કંઈ ચાલતું હશે ? એને કંઈ ગીતાર્થ કહેવાય ?

<u>ઉપાધ્યાય :</u> સ્કુલમાં વિદ્યાર્થી બધા વિષયો ભણે છે, છતાં દરેક વિદ્યાર્થી ૧૦૦% માર્કસ લાવે, એવો નિયમ ખરો ? તો શું ૯૯, ૯૮, ૯૭ વગેરે ટકા લાવનાર વિદ્યાર્થીઓ નાપાસ ગણાય ? અરે, ૩૫%થી માંડીને ૧૦૦% સુધી બધા જ પાસ તો ગણાય જ છે. હા ! એમાં થર્ડક્લાસ, સેકન્ડ ક્લાસ, ફર્સ્ટ ક્લાસ એમ ત્રણ ભેદ પડે છે. એમાં ય વળી પેટાભેદ તો પડે જ...

પ્રસ્તુતમાં બધા ગીતાર્થોનો બોધ એક સરખો જ હોય, એવું શક્ય જ નથી. નિશીથનો આખો અભ્યાસ કરી લીધા બાદ પણ કોઈક ૩૫% જેટલો બોધ ધરાવે, કોઈક વળી ૫૦%, ૬૫%, ૯૦% જેટલો પણ બોધ ધરાવે... પણ બધા ગીતાર્થ તો કહેવાય જ.

ડૉક્ટરની ડીગ્રી ઘણા પાસે હોય, છતાં નાનો ડૉક્ટર, મોટો ડૉક્ટર... આ બધા ભેદ પડવાના જ. નાનો ડૉક્ટર મોટાની સલાહ લે, મોટો ડૉક્ટર વધુ વિશ્વાસપાત્ર... વગેરે બધું જ રહેવાનું. પણ એ નાનો કે મોટો બંને ડૉક્ટર તો કહેવાય જ. એવું જ ગીતાર્થતા બાબતમાં પણ સમજવું.

હા ! વિદ્યાર્થી ૩૫%થી પણ નીચે લાવે, તો એ નાપાસ ગણાય. ડૉક્ટર બનવા નીકળેલો યુવાન ઘણી મહેનત પછી પણ જો પાસ ન થાય, તો એ ડૉક્ટર ન જ કહેવાય. એમ નિશીથચૂર્ણિ ભણ્યા પછી પણ સાવ જ અજ્ઞાન નીતરતું હોય, તો એને ગીતાર્થપદવી આપી ન શકાય.

(ખરેખર તો સદ્‌ગુરુએ નિશીથચૂર્ણિનો અભ્યાસ કરાવ્યા બાદ એ સાધુની મૌખિક કે લેખિત કે પ્રેક્ટીકલ પરીક્ષા લેવી જોઈએ, આ પરીક્ષા લીધા બાદ ગુરુને જો યોગ્ય લાગે, તો સાધુને ગીતાર્થપદવી આપે... આવી કોઈ વ્યવસ્થા હોય તો ઘણું સારું

ગણાત. પણ હાલ તો આવું ઓછું જોવા મળે છે.)

આમાં મારે કેટલીક અગત્યની બાબતો જણાવવાની છે.

ધારો કે કોઈક પ્રોફેસરને ઈંગ્લીશભાષા પર જોરદાર પ્રભુત્વ છે. પણ સંસ્કૃત, મરાઠી, ઉર્દુ ભાષા પર પ્રભુત્વ નથી. કદાચ શીખ્યા જ નથી, કે નાપાસ થાય એવું જ શીખ્યા છે. હવે આ પ્રોફેસર ઈંગ્લીશ ભણાવવા માટે લાયક છે, સારામાં સારું ભણાવી શકે છે, એમની પાસે ભણનારાઓને ઈંગ્લીશ ભાષામાં પુષ્કળ ફાયદો થાય છે... પણ આ બધું જોઈને શું એમને સંસ્કૃત, મરાઠી, ઉર્દુ ભાષાના પણ શિક્ષક બનાવી શકાય ખરા ? તમે સ્પષ્ટ કહેશો કે 'ના.' કારણ એ જ કે એ ભાષાઓ પર એમનું પ્રભુત્વ નથી, જ્ઞાન નથી.'

એમ એક સાધુ નિશીથચૂર્ણિ ગ્રન્થ સારામાં સારો ભણી લે, એમાં સખત મહેનત કરીને એ ગ્રન્થના તમામ વિષયોને બરાબર સમજી લે. પણ આ ગ્રન્થમાં તો ચારિત્રાચારો સંબંધી જ લગભગ બધા પદાર્થો છે. હવે આ સાધુએ કર્મગ્રન્થનો અભ્યાસ ન કર્યો હોય, તો એ વિષય ઉપર પ્રવચનો આપવા માટે એ લાયક ગણાય ? એ વિષયસંબંધી પ્રશ્નોના ઉત્તરો આપી શકવા માટે એ લાયક ગણાય ? એ સાધુએ જ્યોતિષનો અભ્યાસ ન કર્યો હોય, તો આ ગીતાર્થ સાધુ મુહૂર્તો કાઢી શકે ? કે અન્ય જ્યોતિષીના નિર્ણયો અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપી શકે ? જ્યોતિષ અંગેની સમજણ બીજાને આપી શકે ?

આપણે માનવું જ પડશે કે 'ના.' આનું કારણ સ્પષ્ટ જ છે કે જે વિષયનું જ્ઞાન હોય, તે વિષયનો ઉપદેશ આપવાની લાયકાત ગણાય. કારણ કે એમાં ભૂલ ન થાય. પણ જે વિષયનું જ્ઞાન ન હોય, તે વિષયનો ઉપદેશ આપવાની લાયકાત ન ગણાય, કેમકે એમાં ભૂલ થવાની, ઘણી બધી ભૂલો થવાની, ગંભીર ભૂલો થવાની પાકી શક્યતા રહે જ.

તો હવે જરાક વધુ ઉંડા ઉતરીએ.

નિશીથગ્રન્થમાં માત્ર ને માત્ર સાધુજીવનના જ આચારોનું વર્ણન છે. એટલે આ ગ્રન્થ ભણનારો ગીતાર્થ બને ખરો, પણ કયા વિષયમાં ? મુખ્યત્વે માત્ર સાધુજીવનના આચારોના વિષયમાં જ ! એટલે આ સાધુને ઉપદેશ આપવાની છૂટ ખરી, પણ શેની ? માત્ર સાધુજીવનના આચારોનો ઉપદેશ આપવાની જ. એટલે કે શ્રાવકોને શ્રાવકજીવનના આચારોનો એકદમ વ્યવસ્થિત ઉપદેશ આપવાની લાયકાત માત્ર નિશીથચૂર્ણિ ભણી લેવા માત્રથી ન જ આવે, એ સ્પષ્ટપણે સમજી લેવું જરૂરી છે.

<u>પ્રશ્ન :</u> તો એ માટે શેનો અભ્યાસ કરવો પડે ?

<u>ઉપાધ્યાય :</u> આગમોમાં પ્રાયઃ શ્રાવકોના આચારોનું વિસ્તૃત વર્ણન જોવા મળતું નથી. ઉપાસકદશાંગ સૂત્રમાં દસ મહાશ્રાવકોના ચરિત્ર રૂપે થોડુંક મળે, પણ એ પૂરતું ન ગણી શકાય. એટલે આ માટે તો (૧) ધર્મસંગ્રહનો શ્રાવક અધિકાર, (૨) ધર્મબિંદુ ગ્રન્થનો શ્રાવક અધિકાર, (૩) શ્રાદ્ધવિધિ પ્રકરણ, (૪) શ્રાવક પ્રજ્ઞપ્તિ સૂત્ર, (૫) શ્રાદ્ધદિન કૃત્ય, (૬) પંચાશકગ્રન્થના કેટલાક અધિકારો... ઉપદેશપ્રાસાદ ગ્રન્થ... આ બધા ગ્રન્થોનો અભ્યાસ આવશ્યક બની રહે છે. આ બધા વિના શ્રાવકોને શ્રાવકાચારોનું વર્ણન કરવું એ સાધુ માટે યોગ્ય ન બની રહે. (હા ! અન્ય નવતત્ત્વાદિનો ઉપદેશ આપવો હોય તો વાંધો જ નથી. પણ એ માટે નવતત્ત્વાદિનો બોધ અનિવાર્ય છે.)

ટુંકમાં જેનો ઉપદેશ આપવો હોય, તેનું જ્ઞાન જરૂરી... આટલો સાર સમજી રાખવો.

<u>શિષ્ય :</u> તો તો પછી કોઈ સાધુ નિશીથ ન ભણ્યો હોય, પણ ઉપરના કોઈક ગ્રન્થોનો અભ્યાસ કર્યો હોય, તો એ શ્રાવકાચારોનો ઉપદેશ આપી શકે ને ? પણ એ તો માન્ય નથી. શાસ્ત્રોમાં ચોક્ખું લખ્યું છે કે 'નિશીથ ન ભણ્યો હોય, એ દેશનાનો અધિકારી નથી...'

<u>ઉપાધ્યાય :</u> નિશીથમાં શ્રાવકાચારોનું વર્ણન ભલે ન હોય, પણ સાધુએ કેવા પ્રકારના વચનો બોલવા, ન બોલવા... વગેરે વર્ણન તો છે જ. એ ભણ્યો હોય તો જ એ શ્રાવકાચારોની પ્રરૂપણામાં વિવેક જાળવી શકે, હિંસક ભાષા ટાળી શકે. નિશીથ ન ભણ્યો હોય, તો "તમે પૂજા કરો, આંગી કરો, આરતી કરો..." એમ બોલશે, પણ નિશીથ ભણ્યો હોય તો "શ્રાવકોએ આત્મહિત સાધવા માટે પૂજા કરવી જોઈએ..." વગેરે ભાષા બોલશે.

એટલે કોઈપણ ઉપદેશ આપવો હોય, નિશીથનો અભ્યાસ તો જરૂરી છે જ. પણ નિશીથનો અભ્યાસ થઈ ગયો, એટલે કોઈપણ ઉપદેશ આપી શકાય... એવું બિલકુલ માનવું નહિ. નિશીથજ્ઞાનીએ જો દિગંબરાદિના પદાર્થોનો અભ્યાસ ન કર્યો હોય, તો એના ખંડનાદિની પ્રરૂપણા કરવામાં ક્યારેક સાવ ઉંધુ જ કરી બેસે. એણે તો એ વિષયમાં ચૂપ જ રહેવું પડે, અને સાચો નિશીથજ્ઞાની સ્વયં જ આ વસ્તુ સમજી લે કે "જે વિષયમાં મારો બોધ નથી, એ વિષયમાં ચૂપ રહેવું એ જ મારે માટે યોગ્ય છે."

<u>શિષ્ય :</u> ઉપદેશક બનવા માટે નિશીથાભ્યાસ જો અનિવાર્ય કહેશો, તો તો બધા સંયમીઓ બીજો બધો અભ્યાસ પડતો મૂકીને નિશીથ જ ભણવા લાગી પડશે.

ઉપાધ્યાય : એ શક્ય નથી. કેમકે

(ક) નિશીથ ભણાવી શકે એવા સમર્થ સંયમીઓ જ ઓછા છે, એટલે આનો અભ્યાસ ઘણો કપરો છે.

(ખ) સદ્‌ગુરુજનો ગમે તેને નિશીથાભ્યાસની સંમતિ આપતા નથી. ગમે તેને સ્વયં અભ્યાસ કરાવતા નથી. તેઓ તો સુપાત્રને જ અભ્યાસ કરાવવાના.

(ગ) નિશીથ પૂર્વે ઓઘ નિર્યુક્તિ, પિંડ નિર્યુક્તિ, આવશ્યક, દસ વૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ વગેરે આગમોનો અભ્યાસ અનિવાર્ય છે. અને આ ગ્રન્થો અઘરા છે, મોટા છે... આ બધાનો અભ્યાસ કરનાર સંયમી પ્રાયઃ પરિપક્વ બની જ જાય, એ પછી તેઓ નિશીથનો અભ્યાસ કરે, તો વાંધો જ ક્યાં છે ?

સાર એટલો જ કે આપણે જેનો ઉપદેશ સાંભળવો છે, એ સંયમી ગીતાર્થ હોવા જરુરી છે, એટલે કે નિશીથના જ્ઞાતા હોવા જરૂરી છે.... એ ઉપરાંત આપણે જે વિષય ઉપર એમનો ઉપદેશ સાંભળવાનો છે, એ વિષયના જ્ઞાતા હોવા પણ જરુરી છે.

શિષ્ય : તમારી વાત સાચી, પરંતુ આ રીતે અમલ કરવો અઘરો છે. કારણ કે

→ અત્યારે ઉપદેશક સાધુઓમાં નિશીથના અભ્યાસવાળા સંયમીઓ તો ઘણા ઘણા ઓછા છે. તો શું આપણે એમનો ઉપદેશ સાંભળવાનો બંધ કરી દેવો ? એ બધાને ના પાડી દેવી કે તમે ઉપદેશ આપવાનું બંધ કરો ?

→ સાધ્વીજીઓને તો હાલ નિશીથ ભણવાનો નિષેધ છે, એટલે જ કોઈપણ સાધ્વીજી નિશીથ ભણતા નથી, એટલે જ બધા જ અગીતાર્થ હોવાથી સાધ્વીજીઓમાંથી તો કોઈપણ ઉપદેશ નહિ આપી શકે. જ્યારે તેઓ તો બહેનોમાં ચિક્કાર પ્રવચનો કરે છે. તો એનું શું ?

ઉપાધ્યાય : આમાં આપણે એ જોઈ લેવું કે

→ સાધુ કે સાધ્વીજી પોતાના ગીતાર્થ ગુરુની આજ્ઞાથી ઉપદેશ આપે છે ? કે પછી પોતાની ઈચ્છાથી, સ્વચ્છંદતાથી, ગુરુ પાસેથી એમની ઈચ્છા ન હોવા છતાં બહાનાઓ કાઢીને કે જીદ કરીને એ રીતની એમની ખોટી રજાથી પ્રવચન આપે છે ? જો બીજી પદ્ધતિ હોય તો એમાં વિશ્વાસ કરવો નહિ. પણ જો ગીતાર્થ ગુરુની સહર્ષ સંમતિથી, આજ્ઞાથી જ તેઓ પ્રવચન આપતા હોય તો ચોક્કસ એમના પ્રવચન ઉત્સાહપૂર્વક સાંભળવા. ગીતાર્થ ગુરુએ કોઈક કારણસર અપવાદ સમજીને જ એ અગીતાર્થોને પણ સંમતિ આપી હશે.

→ તેઓ અગીતાર્થ છે, એટલે એમણે કહેલી બાબતો ખોટી પણ હોઈ શકે ખરી, એટલે જ એમણે કહેલી બાબતોમાં શ્રદ્ધા ભલે મુકવી, પણ એમાં એકાંત ન પકડી લેવો.

ભવિષ્યમાં અન્ય ગીતાર્થ મહાત્મા બીજી પણ બાબત દર્શાવે, તો એને સ્વીકારવા મન તૈયાર રહે, એવું ખુલ્લું મન રાખવું.

→ તેઓની જે બાબતોમાં શંકા પડે, સંતોષ ન થાય... તે બાબતો અદ્ધર રાખવી. યોગ્ય અવસરે ગીતાર્થને પુછી લઈને એનું સમાધાન મેળવી લેવું.

એક વાત ચોક્કસ કહીશ કે પ્રવચનો સાંભળવા, કરવા વગેરે પુરતી જ ઉપરની રજુઆત સમજવી. બાકી પાપોની આલોચના કરવી હોય, દીક્ષા લેવી હોય તો તો ગીતાર્થ ગુરુ જ શોધવા, કેમકે એ બધા ગંભીર પ્રશ્નો કહેવાય.

<u>(૨) જયણાવંત :</u> શ્રી ઉપદેશમાલામાં જણાવ્યું છે કે

छज्जीवनिकायपंचमहव्वयपरिपालणाइ जइधम्मो ।

जइ पुण ताइं न रक्खइ, भणाहि को नाम सो धम्मो ॥

આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે કે → ષટ્જીવનિકાય અને પાંચ મહાવ્રતોનું પાલન કરવું એ જ સાધુધર્મ છે. જો સંયમી આનું રક્ષણ ન કરે, તો વળી તે ધર્મ જ શું ? ←

આમાં પાંચ મહાવ્રતમાં પ્રથમ મહાવ્રત જીવદયાસંબંધી છે. એમાં પૃથ્વી વગેરે ષટ્કાયની રક્ષા આવી જ જાય છે. એમ છતાં અહીં પાંચ મહાવ્રતો ઉપરાંત સ્વતંત્રરૂપે ષટ્કાયરક્ષાનો ઉલ્લેખ કરેલો છે. એ દર્શાવે છે કે સાધુજીવનમાં ષટ્કાયરક્ષા અત્યંત અગત્યનો આચાર છે.

શ્રી ઉદયરત્નજી મહારાજે પણ સ્તવનમાં કહ્યું છે કે <u>ધર્મસ્થાનક ધન વાપરી, ષટ્કાયને હેતે. પંચ મહાવ્રત લેઈને પાળશું મનપ્રીતે.</u> સ્તવનમાં આખી ભાવના બતાવી છે કે "હું મારું ધન ધર્મસ્થાનોમાં વાપરી લઈશ, એ પછી ષટ્કાયની રક્ષા માટે હું પાંચ મહાવ્રત લઈશ, અને મનની પૂરી પ્રસન્નતા સાથે એનું પાલન કરીશ."

અહીં તો પાંચે પાંચ મહાવ્રત ષટ્કાયની રક્ષા માટે લેવાની વાત કરી છે. માત્ર 'પ્રથમ મહાવ્રત જ ષટ્કાયરક્ષા માટે છે' એવું નહિ. અને એ પદાર્થ યોગ્ય પણ છે. જૂઠ બોલવાથી હિંસાદિ ઉત્પન્ન થવાની શકયતા ! કોઈકને દુઃખ થવાની શકયતા ! ચોરી કરવાથી બીજાને આઘાત લાગવાની શક્યતા ! અબ્રહ્મમાં પુષ્કળ જીવહિંસા ! અબ્રહ્મ માટે ધંધો-નોકરી-સંસાર ચલાવવામાં પુષ્કળ જીવહિંસા ! પરિગ્રહ ભેગો કરવામાં આવે, તો જ આ તમામ પ્રકારની હિંસાથી બચી શકાય ને ? એટલે ઉદયરત્નજી મહારાજનું વચન એકદમ વાસ્તવિક છે.

तत्त्वश्रद्धानमेतच्च गदितं जिनशासने ।

'सर्वे जीवा न हन्तव्याः' सूत्रे तत्त्वमितीष्यते ।

જિનશાસનમાં કહ્યું છે કે 'તત્ત્વની શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ છે.' અને કોઈપણ જીવોને હણવા નહિ એ જ તત્ત્વ છે.

આશય એ છે કે ષટ્કાયની રક્ષા એ તત્ત્વ છે. એનું જ્ઞાન એ જ સમ્યગ્ જ્ઞાન ! 'ષટ્કાયની રક્ષા કરવી જ જોઈએ.' એવી શ્રદ્ધા એ જ સમ્યગ્ દર્શન ! અને ષટ્કાયની સારામાં સારી રક્ષા કરવી એ જ સમ્યક્ચારિત્ર !

આમ ઉપદેશક પાસે આ અતિમહત્ત્વનો ગુણ હોવો જ જોઈએ.

<u>શિષ્ય :</u> આ ગુણ ખૂબ મહત્ત્વનો છે, પણ એ તો ચારિત્ર માટે ! ઉપદેશ આપવા માટે આ ગુણની શી જરૂર ! એમાં તો માત્ર બોલવાનું જ છે ને ? બોલનારો ષટ્કાયરક્ષા કરે કે ન કરે, એને બોલવા સાથે શું નિસ્બત ? અને અત્યારે આપણે સુસાધુના ગુણોની ચર્ચા-વિચારણા નથી કરતા, પણ સાચા ઉપદેશકના ગુણોની ચર્ચા કરીએ છીએ, એના માટે તો એક માત્ર ગીતાર્થતા ગુણ જ પુરતો છે.

<u>ઉપાધ્યાય :</u> આ તારી ગેરસમજ છે.

(ક) જે ષટ્કાયરક્ષક છે, એની પાસે છટ્ઠું ગુણસ્થાન છે. એ ગુણઠાણે યશ-આદેય-સુભગ નામકર્મનો જ ઉદય હોય છે. અપયશ-અનાદેય-દુર્ભગ હોતા નથી. એના પ્રભાવે એ ઉપદેશકનો ચારેબાજુ યશ જ ફેલાય, બધા એમની વાત સ્વીકારવા તૈયાર થાય, એ બધાને પ્રિય બને.

આ બધું આપણા માટે અત્યંત ઉપયોગી છે. એમના એ શુભકર્મો આપણને ખૂબ લાભદાયી છે. આપણે પણ એમના ગુણોની પ્રશંસા કરીએ, એ જે કંઈપણ ધર્મક્રિયાદિ કરવાનું કહે, આપણે તરત સ્વીકારીએ, જીવનમાં એનો અમલ કરીએ. આપણી ભૂલ બદલ કે આપણા દોષો બદલ એ ઉપદેશક આપણને ઠપકો આપે, કડક સૂચના કરે, આપણને આપણા દોષો દેખાડે તો પણ એ ઉપદેશક પ્રત્યે આપણને અરુચિ નહિ થાય. એમના પ્રત્યે પ્રીતિ પેદા થશે, લાગણી ધબકતી રહેશે, બહુમાનભાવ ઉછળતો રહેશે.

આ બધો પ્રતાપ જેમ આપણી પાત્રતાનો છે, તેમ ઉપદેશકના યશ, આદેય અને સુભગ નામકર્મનો પણ નિમિત્તકારણ રૂપે જબરદસ્ત પ્રભાવ છે.

જો ઉપદેશક ષટ્કાયરક્ષક ન હોય, તો એ છટ્ઠા ગુણઠાણાનો માલિક ન હોય. તો એ નીચેના પહેલા-ચોથા ગુણસ્થાને પણ હોઈ શકે, અને ત્યાં તો અપયશ-અનાદેય-દુર્ભગ આ ત્રણેયનો ઉદય હોઈ શકે છે. અને જો એનો ઉદય હોય તો આપણને પણ

એના દોષો જોઈ નિંદા કરવાનું મન થાય, એની સારી વાતો પણ આપણે સ્વીકારવા તૈયાર જ ન થઈએ, એ કડક શબ્દો બોલે કે ઠપકો આપે કે દોષ દેખાડે તો આપણને ખોટું પણ લાગી જાય. કાયમ માટે એનાથી દૂર રહેવાનો જ નિર્ણય આપણે કરી બેસીએ.

હવે બોલો, આવા ઉપદેશક આપણને લાભકારી ? કે નુકસાનકારી ?

(ખ) ઉપરની બાબત કર્મગ્રન્થના આધારે નિશ્ચયથી બતાવી. આ જ વાત વ્યવહારથી વિચારીએ, તો એમાં ય આવું જ બનવાનું કે જે ષટ્કાયરક્ષક હોય, દયાળુ હોય, ડગલે ને પગલે જીવદયા માટે એકદમ ઝીણી ઝીણી કાળજી કરનાર હોય, એના પ્રત્યે આપણું હૈયું સહજ રીતે જ નમી જ પડવાનું. એની પ્રશંસા આપણે કરી જ બેસવાના, એમની વાત સ્વીકારવા આપણે ઉત્સુક બનવાના. એક અનોખી લાગણીના બંધનથી એ આચારસંપન્ન મહાત્મા સાથે બંધાઈ જવાના.

મુહપત્તીનો ઉપયોગ બરાબર રાખે, વરસાદ આવે તો ઉપવાસ-છટ્ઠ કરી લે, નીચે બરાબર જોઈ જોઈને ચાલે, પુંજવા-પ્રમાર્જવામાં ખૂબ સાવચેતી રાખે, લાઈટ-મોબાઈલ વગેરે સાધનોનો પરંપરાએ પણ ઉપયોગ વારંવાર ટાળે, નિત્ય એકાસણાદિ કરે, નિર્દોષ ગોચરી માટે કલાક જેટલું ફરવું પડે - ચડવું પડે - તપવું પડે તો ય સહર્ષ કરે... ષટ્કાયરક્ષાની આવી સેંકડો બાબતોનું પાલન કરનારા સંયમી પ્રત્યે આપણો અહોભાવ કેવો હશે ? અને એ પાલન નહિ કરનારા પ્રત્યે કેવો હશે ? અને આ પ્રગટેલો અહોભાવ જ એમના ઉપદેશની ધારી અસર આપણામાં ઉપજાવી શકશે, એ તો સ્પષ્ટ જ છે ને ?

એટલે બાહ્ય વ્યવહારની દૃષ્ટિએ પણ ઉપદેશકમાં આ ગુણ હોવો એ આપણા માટે અત્યંત ઉપયોગી છે.

(ગ) ષટ્કાયરક્ષકમાં જીવદયાનો પરિણામ પ્રાયઃ વિશિષ્ટકોટિનો હોવાનો. એટલે જ એ શબ્દો બોલવામાં એ બાબતની કાળજી બરાબર રાખશે જ કે 'મારાથી ભૂલથી પણ એવા શબ્દો ન બોલાઈ જાય, જેનાથી પુષ્કળ હિંસા ઉત્પન્ન થાય, જીવોને ત્રાસ થાય...' આના હિસાબે એની ભાષા એકદમ નિરવદ્ય બનવાની, જે આપણા ઘડતર માટે પણ ઉપયોગી બની રહે. આપણને પણ ખબર પડે કે કેવી ભાષા હિંસક ? અને કેવી ભાષા અહિંસક ?... આ જાણકારી, શ્રદ્ધા આપણા જીવનમાં પણ એવી જીવદયા, એવી જયણા કેળવવા માટે ઉપયોગી બનવાની જ.

(ઘ) ષટ્કાયરક્ષા કરે નહિ અને એની જોરશોરથી પ્રરૂપણા કરે તો એની અસર જ ન થાય. પુષ્કળ શર્દીવાળો માણસ શીખંડ ખાતો ખાતો બીજાઓને પ્રેરણા કરે કે

'શર્દી ભયંકર રોગ છે, શર્દીવાળાએ શીખંડ તો છોડી જ દેવો...' તો કોણ એની વાત માનવાનું ?

માટે જ શ્રીષોડશક પ્રકરણમાં ફરમાવ્યું છે કે स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः ઉપદેશકે શ્રોતાની સામે તે આચારનું પાલન અવશ્ય કરવું કે જે આચારનું પાલન કરવાની પોતે પ્રરૂપણા કરવાનો હોય. (હા ! જિનપૂજાદિ આચાર તો સ્વયં પાળવાના જ નથી, તો ત્યાં એનું સ્પષ્ટ કારણ પણ દર્શાવી દે.)

એટલે ઉપદેશકમાં <u>જયણાવંત</u> ગુણ હોવો આવશ્યક છે.

<u>(૩) ભવભીરૂ :</u> એ ઉપદેશક જાણતો હોય કે ઉત્સૂત્રપ્રરૂપણા, ખોટી પ્રરૂપણા સૌથી ભયાનક પાપ છે. અનંતસંસાર વધારનાર પાપ છે.

આનંદઘનજી ચોક્ખું કહે છે કે પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો....

શ્રીગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે उस्सुत्तभासगाणं बोहिनासो अणंतसंसारो । ઉત્સૂત્રભાષકોનું સમ્યક્ત્વ ખતમ થાય અને અનંત સંસાર થાય.

અનંતસંસાર એટલે ચારગતિના જાલીમ દુઃખોથી ભરેલો સંસાર ! એનું જાણે કે સાક્ષાત સંવેદન ઉપદેશક કરતો હોય અને એટલે જ 'મારે કોઈપણ ભોગે લેશપણ ઉત્સૂત્ર બોલવું નથી. નહિ તો મારો સંસાર ખૂબ વધી જશે. જે સંસારનો વિનાશ કરવા આટલો સખત દીક્ષાપુરુષાર્થ આદર્યો છે, એ જ સંસાર ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપે વૃદ્ધિ પામે એ મને કોઈપણ હિસાબે ન પરવડે.' આવો વિચાર દઢપણે એના રૂંવાડે રૂંવાડે ઘુંટાયો હોવો જોઈએ.

આનું નામ છે વૈરાગ્ય ! આને જ સંવેગ અને નિર્વેદ બંને ય શબ્દોથી ઓળખવામાં આવે છે.

<u>શિષ્ય :</u> ષટ્કાયરક્ષા નામનો જે ગુણ પૂર્વે બતાવ્યો, એમાં આ ભવભીરુતા ગુણ પણ આવી જ જાય ને ? ષટ્કાયરક્ષા કોણ કરે ? જેને ભવવૈરાગ્ય છે એ જ ને ? તો પછી આ ગુણ સ્વતંત્ર બતાવવાની શી જરુર ?

<u>ઉપાધ્યાય :</u> અપેક્ષાએ તારી વાત ખોટી નથી. પરંતુ

(ક) ષટ્કાયરક્ષા એ બાહ્ય આચાર રૂપ ગુણ છે, ભવભીરુતા આંતરિક પરિણતિરૂપ ગુણ છે. એટલે જ ષટ્કાયરક્ષા તો સ્વર્ગની ઈચ્છાથી, યશ-કીર્તિની ઈચ્છાથી, ગુર્વાદિના ભયથી અભવ્યાદિ આત્માઓમાં પણ સંભવી શકે. પણ ભવવૈરાગ્ય એવા અપાત્રજીવોમાં હોતો નથી. પૂર્વે જે કહ્યું કે ષટ્કાયરક્ષક છટ્ઠા ગુણઠાણે હોય, તે પ્રાયઃ સમજવું. બાકી એમાં ક્યારેક ઉંધુ પણ હોય.

(ખ) ષટ્કાયરક્ષા મુખ્યત્વે પ્રથમ મહાવ્રતમાં આવે. અને ખોટું ન બોલવું, શાસ્ત્રવિરુદ્ધ ન બોલવું એ મુખ્યત્વે બીજા મહાવ્રતમાં આવે. 'ઉપદેશ આપવો' એમાં પહેલા મહાવ્રત કરતા પણ વધારે બીજા મહાવ્રતની કાળજી વધુ આવશ્યક બને અને અત્યારે આપણે ઉપદેશકના ગુણો જ વિચારી રહ્યા છીએ, એટલે એ બીજા મહાવ્રતનો સ્પેશ્યલ ઉલ્લેખ કરવા માટે આ 'ભવભીરુ' વિશેષણ લીધેલ છે. અને એનો અર્થ પણ બીજા મહાવ્રત અનુસારે જ કરવાનો છે કે "હું ખોટું બોલીશ, તો મારો સંસાર વધશે..." અહીંયા એવો અર્થ નથી લેવાનો કે "હું હિંસા-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ કરીશ, તો મારો સંસાર વધશે..."

ભવભીરુતામાં ખરેખર તો બધું જ આવે, છતાં અહીં ઉપદેશકના ગુણનો વિચાર કરીએ છીએ, એટલે આ જ રીતે અર્થ લેવાનો.

(ટબામાં પૂ. પદ્મવિજયજીએ એ પ્રમાણે જ અર્થ લીધો છે.)

(ગ) સૌથી અગત્યની વાત એ કે એવી ઢગલાબંધ પ્રરૂપણાઓ છે. જેમાં ષટ્કાયની હિંસા થવાનો કોઈ પ્રશ્ન જ નથી. એટલે ષટ્કાયરક્ષક પણ જો ભવભીરુ ન હોય તો એ તો માત્ર એટલું જ જોશે કે 'આમાં ક્યાં ષટ્કાયની હિંસા થાય છે. એટલે એમાં થોડુંક આડું-અવળું બોલાઈ જાય તો શું વાંધો ?' અને એટલે ઉત્સૂત્રપ્રરૂપણા કરી બેસશે.

<u>દા.ત.</u>

→ રોહગુપ્તે જીવ-અજીવ-નોજીવની પ્રરૂપણા કરી, એમાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

→ 'પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોકનું અંતર કાપી શકે છે, આટલી શક્તિ તો માત્ર પંચેન્દ્રિયમાં જ હોય, તો પરમાણુ પંચેન્દ્રિય છે.' આવી પ્રરૂપણા એક આચાર્યે કરી. આમાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

→ જૈનદર્શનમાં ભલે કહ્યું કે 'સૂર્ય ફરે છે, પૃથ્વી સ્થિર છે.' પણ વૈજ્ઞાનિકો ચોક્ખું દેખાડે છે કે 'સૂર્ય સ્થિર છે. પૃથ્વી ફરે છે' પછી એ જ વાત સાચી હોય... આવું બોલવામાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

→ "પહેલું પૂર્વ ૧ હાથીના વજન જેટલી સૂકી શાહીમાંથી જેટલું લખાણ થઈ શકે એટલું મોટું શ્રુતજ્ઞાન છે... બીજું, ત્રીજું વગેરે ડબલ-ડબલ છે... આ બધી વાતો મગજમાં બેસે એવી નથી. જો ચૌદ પૂર્વ આટલા મોટા હોય, તો થોડાક જ વર્ષોમાં એનો અભ્યાસ શી રીતે થઈ શકે ? એટલે આ બધી ઉપજાવી કાઢેલી વાતો છે..." આવું આવું બોલવામાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

→ "સમવસરણ, મેરુ પર્વત, જન્માભિષેક... આ બધું ખરેખર કશું જ હોતું નથી. માત્ર શુભધ્યાન ધરવા માટે આ બધા પદાર્થોની કલ્પના કરવામાં આવી છે..." આવું બોલવામાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

→ "ગૃહસ્થો પણ જિનાગમો ભણી શકે, માત્ર સંયમીઓ જ ભણે એવું નથી. અરે ! ઘણા ગૃહસ્થો સંયમી કરતા પણ સુપાત્ર હોય છે. માત્ર માંદગી, ઉંમર વગેરે કારણોસર જ તેઓ દીક્ષિત નથી થયા હોતા, એ બધાને ન ભણાવવા અને સંયમીને જ આગમો ભણાવવા... આવું શા માટે ? વળી આગમો ભણવા માટે જોગ કરવાની વાત પણ બરાબર નથી. અરે, ઉપવાસ-આંબિલ વગેરે કરવાની શક્તિ ન હોય, તો જોગ ન પણ થઈ શકે, એટલે શું એણે ભણવાનું જ છોડી દેવું..." આવી આવી પ્રરૂપણા કરવામાં ષટ્કાયહિંસા ક્યાં થવાની ?

શિષ્ય ! ચોમાસામાં ચારેબાજુ ઘાસ-નિગોદ ફૂટી નીકળે, એમ આ હળાહળ પંચમકાળમાં આવી તો હજારો ઉત્સૂત્ર પ્રરૂપણાઓ ઉગી નીકળે છે, અને એમાં કોઈ હિંસા ઉભી થતી સાક્ષાત તો દેખાતી નથી... એટલે જ આવી આવી પ્રરૂપણા કરનારાઓ ષટ્કાયરક્ષા કરનારા પણ છે જ. એટલે જ ષટ્કાયરક્ષાગુણ આવી ઉત્સૂત્ર પ્રરૂપણાઓનો પ્રતિબંધક બનતો નથી.

હા ! જો તેઓમાં ભવભીરુતા ગુણ હોત, તો આ ગરબડ ન થાત. તેઓ વિચાર કરે જ કે "આ બધી બાબતોમાં હિંસા ભલે ન હોય, પણ પ્રભુવચનથી વિપરીત પ્રરૂપણા તો આમાં થઈ જતી નથી ને ? મારે તો ભગવાનના વચનો પ્રમાણે જ પ્રરૂપણા કરવાની છે. મારી બુદ્ધિ તો સાવ વામણી છે, વૈજ્ઞાનિકો સર્વજ્ઞપ્રભુની સામે સાવ સાવ તુચ્છ છે. એટલે જ 'મારી બુદ્ધિમાં જે સમજાય એ સાચું' કે 'વૈજ્ઞાનિકો જે કહે એ સાચું... મને જે ન સમજાય એ ખોટું...' આવું મારે કોઈપણ હિસાબે ન મનાય. જો હું પ્રભુવચનથી વિપરીત બાબતો બોલીશ, માનીશ તો મારું સમ્યગ્દર્શન ખતમ થશે, બીજાઓના સમ્યક્ત્વનો પણ હું ઘાતક બનીશ. અને સમ્યક્ત્વ વિના ગમે એટલી ષટ્કાયરક્ષા નિષ્ફળ જ જવાની. માટે મારે જિનવચન બરાબર જાણી લેવા છે, એ પ્રમાણે જ બોલવું છે. જેમાં મારી ચાંચ ન ડુબે, એમાં મારે મૌન જ રહેવાનું. પૂર્વના મહાપુરુષો પર શ્રદ્ધા રાખવાની."

બસ, આ દૃષ્ટિ એની જીભ ઉપર બરાબર કાબુ રાખશે. એ એકેએક વાક્ય સમજી વિચારીને બોલશે. એના પ્રત્યેક વચન જિનવચનાનુસારી જ બનશે, એટલે આપણને જિનવચન જ જાણવા મળશે, આપણી શ્રદ્ધા જિનવચનમાં જ થશે, આપણું સમ્યક્ત્વ ઝળહળતું બનશે... આ બધા લાભો એ ભવભીરુતા ગુણને કારણે આપણને પ્રાપ્ત થશે.

શ્રી વૈરાગ્યકલ્પલતામાં કહ્યું છે કે -

उत्सूत्रलेशादपि मार्गभेदभिया प्रकम्पेत समाहितात्मा ।

उत्सूत्रलक्षादपि नो नृशंसः स ब्रह्मचारी तु बिभेत्यनीदृक् ॥

સમાધિવાળો આત્મા તો "જો હું થોડુંક પણ શાસ્ત્રવિરુદ્ધ બોલીશ, તો મોક્ષમાર્ગ તૂટી જશે, બદલાઈ જશે." એ ભયથી ધ્રુજતો હોય.

જ્યારે અસમાધિવાળો, નિષ્ઠુર બ્રહ્મચારી (!) તો લાખો ઉત્સૂત્ર બોલવા છતાં ય લેશ પણ ન ગભરાય.

यत्रैव सूत्रे विहितं न चापि निवारितं किन्तु चिरप्ररूढम् ।

समाहिता मार्गभिदाभियैव तदप्यनालोच्य न दूषयन्ति ॥

જે પદાર્થ સૂત્રમાં સ્પષ્ટ દર્શાવ્યો ન હોય કે એનો સ્પષ્ટ નિષેધ પણ ન હોય, છતાં વ્યવહારમાં લાંબા કાળથી રુઢ થયેલો હોય, એ પદાર્થને "આ તો ખોટો છે, શાસ્ત્રમાં આવું ક્યાંય વાંચ્યું નથી. કોઈકે ઉપજાવી કાઢ્યું છે." એ રીતે વગર વિચાર્યે એને દુષિત કરવાનું કામ, એનું ખંડન કરવાનું કામ સમાધિમાન આત્મા ન કરે. કારણ કે એને ભય હોય છે કે "આ રીતે કરવાથી મોક્ષમાર્ગ તૂટી જશે તો ?"

ખરેખર એ વસ્તુ જુના કોઈક શાસ્ત્રમાં હોય, એટલે જ એ પ્રચલિત થઈ હોય, પણ હવે આ શાસ્ત્ર વિચ્છેદ પામ્યું હોય અને એ પદાર્થ આચાર વ્યવહારમાં એકદમ પ્રસિદ્ધ બની ચુક્યો હોય. એ શાસ્ત્રીય હોવાથી ખરેખર મોક્ષમાર્ગ હોય... પણ હવે અત્યારે એ શાસ્ત્રમાં ન દેખાય અને એટલે તેનો નિષેધ કરવામાં આવે, તો મોક્ષમાર્ગનો વિચ્છેદ જ થવાનો ને ? એટલે આવું દોઢડહાપણ ન કરાય.

હા ! એ પ્રસિદ્ધ આચારથી, પદાર્થથી નુકસાન થતું દેખાય, ઘણા બધા ગીતાર્થો પણ એમ કહે કે આ પદાર્થ યોગ્ય જણાતો નથી... તો પછી આ રીતે બધો વિચાર કર્યા બાદ એનું ખંડન કરી પણ શકાય.... પણ "મને બરાબર નથી લાગતું, માટે ખોટું" એમ ઉતાવળે નિર્ણય ન અપાય. પોતે પણ બરાબર વિચારવું પડે, ઘણા ગીતાર્થોને પણ પુછવું પડે અને એ પછી પ્રસિદ્ધ પદાર્થનું પણ એ બધાની સંમતિ બાદ ખંડન કરી શકાય, પણ એ સિવાય તો નહિ જ.

એક નાનકડું દૃષ્ટાન્ત -

પિંડનિર્યુક્તિમાં છેલ્લે કહ્યું છે કે "पिंडं असोहंतो नत्थि चरित्ती" જે દોષિત ગોચરી વાપરે, એ સાધુ જ નથી. અને એની તમામ દીક્ષા નિષ્ફળ જાણવી... હવે કોઈક નવો સાધુ માત્ર આટલી જ ગાથા ક્યાંકથી વાંચી લે, સમજી લે... અને પછી પ્રરૂપણા કરવા

માંડે કે આજે એકપણ સાધુ સાચો નથી, કારણ કે દરેક સાધુ ૪૨માંથી કોઈક ને કોઈક દોષ તો સેવે જ છે, એટલે સંપૂર્ણ નિર્દોષ ગોચરી તો કોઈ જ વાપરતું નથી, માટે બધા જ અચારિત્રી !

હવે આ પ્રરૂપણા સાચી ખરી ? આમાં કોઈ હિંસા થવાની ? નહિ જ. છતાં બધા આ સાંભળે, એની વાત જેઓ માને, તેઓ તો સાધુ પ્રત્યે બહુમાન ગુમાવી બેસે, તેઓને દીક્ષા લેવાની ભાવના જ ન પ્રગટે. "આપણે ક્યાં સાચા સાધુ બનવાના ? મહારાજ કહે છે, એ પ્રમાણે આપણે પણ દોષિત જ વાપરવાના. અને તો પછી દીક્ષા લેવાનો અર્થ શો ?"

આ રીતે ઢગલાબંધ આત્માઓ સાધુસંઘથી, સાધુધર્મથી વિમુખ બને, એના હિસાબે એમનો અનંત સંસાર કપાતો અટકે. આ બધું જ પાપ પેલા દોઢડહાપણ કરનારા સાધુને લાગે.

પ્રસ્તુતમાં વિચારીએ તો એમાં પણ આવું જ બનવાની પાકી શક્યતા છે. ષટ્કાય રક્ષક જો ભવભીરુ નહિ હોય તો એને જે જે વસ્તુમાં પોતાને ખોટું લાગશે, તે તે વસ્તુનું તરત જ ખંડન કરી નાંખશે. એમાં એ પરંપરાનો, માર્ગનાશનો કોઈ જ વિચાર નહિ કરે. શાસ્ત્રોમાં યથાછંદોનું વર્ણન કરવામાં આવ્યું છે, એ લગભગ આવા જ પ્રકારના હોય છે. યથાછંદોને પાસત્થાદિ કરતા પણ વધારે ખરાબ અને અવંદનીય બતાવવામાં આવ્યા છે, મન ફાવે એ બોલી નાંખવું એ જ આ યથાછંદોનું સામાન્ય લક્ષણ છે.

<u>પ્રશ્ન :</u> પણ એ જો ગીતાર્થ જ છે, તો એમની પ્રરૂપણા ખોટી થોડી હોય ?

<u>ઉપાધ્યાય :</u> ગીતાર્થ છે, પણ સર્વજ્ઞ તો નથી ને ? વળી ગીતાર્થ પણ જઘન્યાદિ અનેક પ્રકારના હોય. વળી ગીતાર્થ પણ જો બરાબર ઉપયોગ ન મૂકે, તો પોતાને જે વિષયમાં સાચું જ્ઞાન હોય, એ વિષયમાં પણ ગરબડ કરી બેસે એ ભુલવા જેવું નથી. જો એ ભવભીરુ હશે, તો પોતાની ગીતાર્થતાના અતિવિશ્વાસને દૂર કાઢી નાંખીને પૂરેપૂરા વિચાર-વિમર્શ કર્યા બાદ ઘણું જ સમજણપૂર્વક બોલશે.

એટલે ઉપદેશકમાં <u>ભવભીરુતા</u> ગુણ પણ આવશ્યક છે.

(૪) <u>મહંત :</u> ઉપરના ત્રણ ગુણો આમ તો પુરતા છે. છતાં પણ એ સિવાયના પણ જો તે તે ગુણો ઉપદેશકમાં હોય, તો એ શ્રોતા માટે વધુ ઉપકારક બની શકે.

<u>દા.ત.</u> + ઉપદેશકનો સ્વભાવ શાંત હોય, ક્રોધી કે ઉતાવળવાળો ન હોય તો શ્રોતા પોતાના મનમાં ઉત્પન્ન થતા પ્રશ્નો પુછી શકે, સમાધાન મેળવી શકે. જો ઉપદેશકમાં આ ગુણ ન હોય, તો શ્રોતાના પ્રશ્નો સાંભળીને ક્યારેક ગુસ્સે થઈ જાય, શ્રોતા પોતાની અજ્ઞાનતાના કારણે નકામો પ્રશ્ન કરી બેસે, તો ઉપદેશક જાહેરમાં ખખડાવી

નાંખે કે "તમને કંઈ સમજણ તો પડતી નથી..." હવે આવો ગુસ્સો જોઈ શ્રોતા પ્રશ્નો પુછવાના બંધ જ કરી દે. આના કારણે શ્રોતાને સાચો બોધ ન થાય. એમ ઉપદેશક ઉતાવળના સ્વભાવને કારણે શ્રોતાના પ્રશ્નને સાંભળવાની, સમજવાની ધીરજ ન રાખી શકે, શ્રોતા ન સમજે તો ફરી ફરી સમજાવવાનું કામ આ ઉપદેશક ન કરી શકે.

જો ઉપદેશક શાંત હોય, તો એ શ્રોતાના પ્રશ્નો ધીરજથી સાંભળશે, એ પ્રશ્નો નકામા લાગશે, તો ય ગુસ્સે નહિ થાય, શાંતિથી શ્રોતાને સમજાવશે,

+ ઉપદેશક પોતાનો કોઈ પ્રોજેક્ટ લઈને આવ્યા હોય, એનું ફંડ કરવાની સ્પૃહા હોય. ચોક્કસ, કોઈ આગ્રહ ન હોય, છતાં એ ફંડ માટે વારંવાર એ જ પ્રોજેક્ટની જાહેરાત, ફંડ માટે સમય ફાળવવો પડે... આ બધામાં સમય આપવો પડે... ભલે એમાં દાનધર્મ થાય જ છે, પણ આવું કશું જ ન હોય તો ગીતાર્થતાદિ ગુણવાળા એ ઉપદેશક પાસેથી શ્રોતાઓ ઘણું વધારે અને ઘણું સારું મેળવી શકત.

+ ઉપદેશકનો અવાજ મોટો હોય, સ્પષ્ટ હોય, સ્વાસ્થ્ય સારું હોય... તો એમનો ઉપદેશ ઘણા બધા સુધી પહોંચે, પ્રિય લાગે, લાંબો સમય સુધી એ ખેંચી શકે... અન્યથા તો જો અવાજ પચીસ-પચાસને જ સંભળાય, અથવા ઘોઘરો અવાજ હોય, અડધો કલાકમાં જ થાકી જતા હોય... તો શ્રોતાઓ માટે વિશિષ્ટ ઉપદેશની પ્રાપ્તિ અશક્ય જ બને ને ?

+ ઉપદેશકને શ્રોતાઓ પરખવાની, એમને આકર્ષીને ધર્મમાર્ગે જોડવાની, એ માટે પદાર્થોને જોરદાર રીતે રજુઆત કરવાની કળા આવડવી જોઈએ. માલ ગમે એટલો સારો હોય, પણ એની જાહેરાત કરતા ન આવડે તો એ માલ ઉપડતો નથી. કેટલાક ઉપદેશકો એવા પણ હોય કે અન્ય ગુણો હોવા છતાં, માત્ર આ જાહેરાત કરવાની આવડતના અભાવે એટલે કે પદાર્થોને રજુઆત કરવાની વિશિષ્ટ શૈલિના અભાવે જ પાછળ પડી જતા હોય છે. વર્તમાન શ્રોતાઓના મનમાં બરાબર બેસી જાય, એ રીતે પદાર્થ રજુ કરતા આવડવો જોઈએ.

+ ઉપદેશકનો શિષ્ય પરિવાર સારો અને મોટો હોય, ઉપદેશકનો દેખાવ પણ એવો હોય કે એમનું દર્શન કરનારા પર જબરદસ્ત પ્રભાવ પડે, એમનો કંઠ મધુર હોય... તો આ બધું પણ શ્રોતાઓને માટે અત્યંત ઉપયોગી બની રહે છે. 'આ તો બહુ મોટા મહારાજ છે, કેટલા બધા શિષ્યો ! મહારાજનો દેખાવ પણ કેવો જોરદાર !...' આ બધા વિચારો શ્રોતાઓને ઉપદેશક પ્રત્યે અહોભાવ જન્માવે-વધારે, અને એટલે જ એ ઉપદેશકના સામાન્ય વચનોની પણ શ્રોતાઓ ઉપર ધારી અસર થાય.

એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી કે ઉપદેશ કેટલો જબરદસ્ત છે, એની જેમ શ્રોતા

પર અસર છે, એમ 'શ્રોતાને, ઉપદેશક પર કેટલું બહુમાન, કેટલી શ્રદ્ધા, કેટલો અહોભાવ છે' એ વસ્તુ પણ ઉપદેશની સફળતામાં ઘણો બધો અગત્યનો ભાગ ભજવે છે.

જો શ્રોતા ઉપદેશક પ્રત્યે અરુચિવાળો હશે, તો એને ઉત્કૃષ્ટ પદાર્થો પણ નહિ ગમે, એ તો દૂધમાંથી પોરા કાઢશે.

જો શ્રોતા ઉપદેશક પ્રત્યે શ્રદ્ધાવાળો હશે, તો એને સામાન્ય પદાર્થો પણ અમૂલ્ય-અદ્વિતીય લાગશે.

આમ ઉપદેશકમાં શાંત સ્વભાવ + કોઈપણ પ્રકારની નાની-મોટી સ્પૃહાનો અભાવ + રજુઆત કરવાની વિશિષ્ટ કળા + શ્રોતાઓને પરખીને આકર્ષવાની શક્તિ + બુલંદ અવાજ + મધુર સ્વર + જોવો ગમે એવો બાહ્ય દેખાવ + શિષ્યપરિવાર... વગેરે વગેરે અનેક ગુણો હોય, તો એ <u>મહંત</u> તરીકે ઓળખાય. આ મહંતતા જેટલી વધુ સારી, એટલો શ્રોતાઓને વધુ લાભ, જેટલી ઓછી એટલો ઓછો લાભ !

આવા ગુરુના વચનો સાંભળવા જોઈએ, એનાથી ભવસાગર તરી શકાય.

<u>શિષ્ય :</u> આવા ગુરુ આ ભીષણ કાળમાં મળે ?

<u>ઉપાધ્યાય :</u> કેમ ન મળે ? ચોક્કસ મળે. હા ! પૂર્વકાળમાં વધુ સારા ગુરુ મળતા હોય, તો ય આ કાળમાં ય ભલે એટલા બધા વિશિષ્ટ નહિ, છતાંય એકંદરે ઘણા સારા ગુરુ મળી શકે છે.

આજે જુનાકાળ જેવું ચોકખું દૂધ નથી મળતું, છતાં બીજું દૂધ તો મળે જ છે... અને એ વાપરીએ જ છીએ ને ? એનો ફાયદો પણ થાય જ છે.

આજે જુનાકાળ જેવી ત્રિફળા - હરડે નથી મળતી, છતાં થોડીક નબળી ય મળે તો છે જ, અને એનો ઉપયોગ કરીએ જ છીએ ને ? અને એનો ફાયદો પણ થાય જ છે.

એમ ગૌતમસ્વામી જેવા ગુરુ ન મળે, તો બીજા કોઈને પણ ગુરુ જ ન બનાવવા... એવું થોડું જ ચાલે ?

લાખ રૂપિયાની કમાણી થાય, એવો ધંધો ન જ મળે, તો છેવટે પચાસ હજારવાળો ય સ્વીકારવો પડે. લાખ ન મળે, તો ધંધો જ ન કરું... એવું તો કંઈ ચાલતું હશે ?

<u>શિષ્ય :</u> પણ કેટલાકો તો એમ કહે છે કે 'આજે કોઈ સદ્‌ગુરુ જ નથી.'

<u>ઉપાધ્યાય :</u> એ કેટલાકો એટલે કોણ ? ઠીક ! એ ગમે તે હોય, તું બરાબર સમજી લે કે ગૌતમસ્વામી વગેરે જેવા સદ્‌ગુરુની વાત હોય, તો એ અત્યારે નથી જ. પણ સદ્‌ગુરુ જ નથી... એવું જો કોઈ કહે તો એ ધરાર ખોટી વાત જાણવી. અને

વર્તમાનના એ સદ્‌ગુરુનો જેઓ અપલાપ કરે, સ્વીકાર ન કરે... તેઓ 'મીઠાઈ ન મળે, તો રોટલી ય ન ખાઉં' 'પ્લેન ન મળે તો ટ્રેનમાં ય ન જાઉં...' વગેરે જેવું નર્યું ગાંડપણ કરનારા છે, એ મુગ્ધ જીવોની કરુણા જ ચિંતવવાની...

– x – x –

<u>શિષ્ય :</u> તમારા કહેવા પ્રમાણે તો ગીતાર્થ + સંવિગ્ન સાધુએ જ દેશના આપવી જોઈએ. (જયણાવંત + ભવભીરુ એ બંને સંવિગ્નતામાં ગણી શકાય. <u>મહંત</u> તરીકેના ગુણો પણ ગીતાર્થતાદિમાં લગભગ સમાઈ જાય. મુખ્યત્વે આ બે ગુણો આવશ્યક છે.)

તો એનો અર્થ એ જ થયો કે જે અગીતાર્થ હોય, એણે દેશના ન આપવી. જે અસંવિગ્ન હોય, એણે પણ દેશના ન આપવી.

આમાં જે અસંવિગ્ન હોય, એની તો ભાવના જ ખરાબ છે, એટલે તે તો દેશના માટે લાયક નથી એમ માની પણ લઈએ. પણ જે સંવિગ્ન છે, દુ:ખીઓને અને અધર્મીઓને જોઈને જેઓનું અંતર કકળી ઉઠે છે, તીર્થંકરની જેમ 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના ભાવી રહ્યા છે... તેઓ કદાચ અગીતાર્થ હોય, તો પણ તેઓ ભાવનાના કારણે રહી શકતા જ ન હોય અને એટલે ઉપદેશ આપવા માંડતા હોય, તો શું એ પણ ન ચાલે ?

<u>ઉપાધ્યાય :</u> ન ચાલે. કારણ કે

<u>ગાથા :</u> <u>બીજો તો બોલી બોળે, શું કીજે નિર્ગુણ ટોળે.</u>
<u>ભાષા કુશીલનો લેખો, જન ! મહાનિશીથે દેખો.</u>
<u>સુણજો... ||૬||</u>

<u>ગાથાર્થ :</u> અગીતાર્થ તો બોલીને ડુબાડે છે. એવા નિર્ગુણીઓના ટોળાનું શું કામ છે ? એ અગીતાર્થ ઉપદેશકને ભાષાકુશીલ તરીકે જણાવ્યા છે. હે લોકો ! મહાનિશીથનો પાઠ જોઈ લો.

<u>ભાવાર્થ :</u> હોસ્પીટલના વોચમેનની ભાવના ગમે એટલી સારી હોય કે 'આ બિચારો દર્દી હૃદયના દુ:ખાવાથી રીબાય છે, ડૉક્ટર આવી રહ્યા છે, લાવને ! હું જ ઓપરેશન કરવા માંડુ...' તો પણ એને ઓપરેશન કરવાની છુટ નથી જ. જો એ કરે, તો રોગીને યમલોકમાં પહોંચાડનારો બને.

ભાવના સારી, પણ અજ્ઞાનતાના કારણે ફળ ખરાબ !

બસ, એવું જ અહીં પણ બને.

અગીતાર્થ કદાચ સારી ભાવનાથી પ્રેરાઈને, કરુણા અને હિતબુદ્ધિથી પ્રેરાઈને

ઉપદેશ આપે, તો પણ એ શ્રોતાઓને તારતો નથી, પણ ડુબાડે છે. એ તો ભાઈ ! નાવિકનું જ કામ કે એ હોડીને હેમખેમ સામે પાર પહોંચાડે. જેને હોડી ચલાવતા આવડતી જ ન હોય, એ જો ડહાપણ કરવા જાય, તો આખી હોડી ઉંધી જ વાળી દે. પોતે ય ડુબે અને બીજાઓને પણ ડુબાડે.

પેલું સુભાષિત તો ધ્યાનમાં છે ને ? एकेनाऽपि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम् । सहैव दशभिः पुत्रैः, भारं वहति गर्दभी ।... સિંહણ પોતાના એક સુપુત્રના આધારે પણ નિર્ભય બનીને ઉંઘી જાય છે. ગધેડી બિચારી દસ પુત્રો હોય, તો ય એ બધાની સાથે ભાર વહન કરે છે.

ગીતાર્થ એકલો હોય, તો ય એ એકે હજારો છે. અગીતાર્થોના ટોળા હોય, તો ય એ ટોળું જ છે. એનું કામ શું ?

<u>શિષ્ય :</u> અગીતાર્થોથી ફાયદો ન થાય, એ તો હજી સમજ્યા. પણ અગીતાર્થ દેશના આપીને શ્રોતાઓને સંસાર સાગરમાં ડુબાડે... આવું તો પહેલી વાર સાંભળ્યું.

<u>ઉપાધ્યાય :</u> તું સ્વયં જ અગીતાર્થ છે, એટલે આવું તો ઘણું બધું તારે પહેલી વાર જ સાંભળવાનું આવશે.

(ક) અગીતાર્થ શિવભૂતિ પરિગ્રહનું સાચું સ્વરૂપ સમજ્યો નહિ, અને વસ્ત્રોને પણ, ઉપકરણોને પણ પરિગ્રહ માની લઈ લોકોને નગ્નતામાં જ સાધુપણું જણાવી દીધું. પરિણામે દિગંબરમત ઉભો થયો, આશરે છેલ્લા બે હજાર વર્ષમાં લાખો-કરોડો લોકો એ દિગંબર મતની ખોટી પ્રરૂપણાના કારણે ઉન્માર્ગગામી બન્યા, લાખો-કરોડો સ્ત્રીઓ 'સ્ત્રીઓનો મોક્ષ નથી' વગેરે પ્રરૂપણાના કારણે ચારિત્રધર્મથી વિમુખ બની. સુંદર આરાધના કરીને સંસાર સાવ જ ટુંકાવી દેવાની તક એમણે ગુમાવી. કારણ ? એ અગીતાર્થની દેશનાના રવાડે ચડી ગયા, એ જ ને !

(ખ) એક મતના અનુયાયીઓએ જાણે કે ચારિત્રધર્મનો બહિષ્કાર જ કરી દીધો હોય, એવું લાગે. તેઓ પ્રભુભક્તિ વગેરે દ્વારા સમ્યગ્દર્શનની (!) અને જ્ઞાનોપાર્જન, સ્વાધ્યાયાદિ દ્વારા સમ્યગ્જ્ઞાનની (!) આરાધનાથી જ સંતોષ માની લે છે. માટે જ તો એ મતને અનુસરનારાઓમાંથી કોઈપણ ચારિત્રધર્મની આરાધના કરવા તૈયાર થયેલ દેખાતા નથી ને ? તેઓ જે આનંદઘનજી - યશોવિજયજી વગેરે મહાત્માઓને ખૂબ આદરભાવથી સત્કારે છે, એમના સ્તવનાદિનો ખૂબ ભાવપૂર્વક પાઠ કરે છે, એ જ મહાપુરુષોના સંસ્કૃત ગ્રન્થોમાં ચારિત્રનો મહિમા, વર્તમાનમાં પણ ચારિત્રની હાજરી, ચારિત્રના દોષો હોવા છતાં એની આરાધનાથી ભરપૂર સફળતા... વગેરે ઢગલાબંધ બાબતો સ્પષ્ટ લખેલી છે. પણ આ મતના અનુયાયીઓ કદાચ એક વ્યક્તિના જ

વચનોને સર્વજ્ઞવચન માનીને એ જ વાંચી રહ્યા છે, કદાચ સંસ્કૃતનો ઊંડો અભ્યાસ ન હોવાથી એ પ્રાચીન મહાપુરુષોના ગહન ગ્રન્થોના ગહન પદાર્થો સુધી પહોંચવાનું સામર્થ્ય જ તેઓ ધરાવતા નથી.

અને પરિણામ ? આ અગીતાર્થોએ શરણે આવેલા કેટલાય ઉત્તમ જીવોને, ચારિત્રની આરાધના માટે સુયોગ્ય જીવોને ચારિત્રથી વેગળા રાખ્યા. એની પ્રરૂપણા જ ન કરી. જ્ઞાન-દર્શનમાં જ સંતોષ ઉભો કરાવી દીધો. અને ખરેખર તો ચારિત્રની ઝંખના વિનાની જ્ઞાનાદિની આરાધના તો પાછી ભ્રમાત્મક છે... એટલે વાસ્તવમાં આ જીવો તો બધું જ હારી બેઠા છે, એમ જ માનવું પડે ને ? કદાચ પાત્રતા પ્રમાણે થોડો ઘણો આત્મિક વિકાસ સાધ્યો હોય, તો ય ઘણું મેળવવાનું ન મેળવી શક્યા, એ મોટું નુકસાન નથી શું ?

(ગ) આ બે તો હજી બહારના તરીકે પ્રસિદ્ધ જ છે, એ સિવાય જે આજે અંદરના તરીકે પ્રસિદ્ધ છે, તેઓ પણ અગીતાર્થતાના કારણે એવી પ્રરૂપણાઓ કરી બેસે અને પરિણામે એવા કદાગ્રહ-ઝઘડા ઉભા થાય કે સેંકડો-હજારો લોકો બિચારા એમાં હોમાઈ જાય. સાવ નાની વાતનું પણ વતેસર થઈ જાય, કાગનો વાઘ બની જાય, જે વસ્તુ ઉપેક્ષા કરવા જેવી હોય, એને માટે તો રીતસર બે વિભાગો, પાંચ-પચીસ વિભાગો પડી જાય.

<u>પ્રશ્ન :</u> એવા કોઈ દૃષ્ટાન્તો આપશો ?

<u>ઉત્તર :</u> દૃષ્ટાન્તો ઘણા છે, પણ એ અત્રે આપવા ઉચિત નથી લાગતા. હા ! કેટલાક દૃષ્ટાન્તો આપવામાં વાંધો નથી. એટલે આપું છું.

એક મહાત્માએ મુંબઈમાં એવો સખત પ્રચાર કર્યો કે 'જેઓ સૂર્યાસ્તની ૪૮ મિનિટ પહેલા જ ગોચરી-પાણી બંધ ન કરે, એ બધા રાત્રિભોજન કરનારા બને, અને એ બધાને દુર્ગતિમાં જવું પડે.'

એક લોગસ્સ ચંદેસુ... સુધીનો ગણીએ, તો એમાં કુલ ૨૫ લીટી થાય. તો એને બદલે નવકાર ગણવાનો હોય, તો ચાર નહિ, પણ બે નવકાર + ત્રીજા નવકારની ૭ લીટી... આટલું જ ગણવાનું.

આવી આવી ઘણી પ્રરૂપણાઓ ચાલી, એના માટે એમને મળેલા શાસ્ત્રપાઠો આપ્યા, ઘણા લોકો દ્વિધામાં પડી ગયા, ઘણા લોકોમાં જાત જાતની ચર્ચાઓ શરુ થઈ ગઈ. એ લોકો સાધુઓને પાપી માનવા લાગ્યા, કેમકે તેઓ સૂર્યાસ્ત પૂર્વેની ૪૮ મિનિટ દરમ્યાન પણ ગોચરી-પાણી વાપરે જ છે...

આ સાધુએ એક દિવસ બેંડ-વાજા સાથે, રંગે-ચંગે દીક્ષા છોડી. એણે કહ્યું કે "હું

સાચું પાળતો નથી, તો મારે છોડી દેવાની ખુમારી બતાવવી જોઈએ." એના મુગ્ધ ભક્તોએ એ યાત્રામાં હાજરી પણ આપી.

આ અધકચરા જ્ઞાનીઓના એટલે કે અગીતાર્થોના તોફાનો છે !

એક સાધુએ જૈનેતરોની સભામાં પ્રરૂપણા કરી કે "કૃષ્ણ નરકમાં ગયા છે." કૃષ્ણને ભગવાન માનનારા જૈનેતરો આ શબ્દો સાંભળીને શું ન ઉશ્કેરાય ? પત્થરમારો કર્યો, મંડપ સળગાવી નાંખ્યો, માંડ માંડ એ મુનિ જીવતા બચ્યા.

એક સાધુએ પ્રવચનમાં બેઠેલા કાણિયા રાજાને જોઈને કહ્યું કે 'કરેલા કુકર્મોનું ફળ મળ્યા વિના રહેતું નથી. રાજન ! ભૂતકાળમાં તેં આંખોથી ઘણા પાપ કર્યા હશે, માટે તું...' આવું વારંવાર કહ્યું, રાજા ગુસ્સે ભરાણો, સાધુને મારી નાંખવા સુધી તૈયાર થઈ ગયો.

એક જૈનેતરવર્ગમાં સાધુએ રીતસર ખંડન કરવા માંડ્યું "તમે બધા જ અંધારામાં ભરાણા છો, તમે મિથ્યાત્વ નામના મહાપાપમાં ખુંપેલા છો. તમારા દેવ અને ગુરુ સાવ ખોટા છે." પેલાઓ ઉભા ને ઉભા સળગી ગયા. 'જૈન સાધુઓ આવા નિંદક છે ! નિષ્ઠુર છે !' ચારેબાજુ જૈનધર્મની અપભ્રાજના થઈ, તેઓ કાયમ માટે જૈનસાધુ પાસે આવતા જ બંધ થઈ ગયા.

અગીતાર્થોની સૌથી મોટી મુશ્કેલી જ એ છે કે તેઓ અડધું જાણે, અડધું સમજે... છતાં પોતાને સર્વના જ્ઞાતા માની બેસે. 'પોતે જાણેલું આખું જ છે' એમ જ માની બેસે. પછી બીજાની સલાહ લેવાની વાત જ ક્યાં આવે ? કોઈ સામેથી સલાહ આપવા આવે, તો એને ઉતારી પાડતા પણ આ ભાગ્યશાળીઓને વાર ન લાગે.

શિષ્ય !

પ્રત્યેક નવો મત અગીતાર્થોથી જ ઉભો થાય છે, અને એટલે પ્રત્યેક નવામતીઓ અગીતાર્થોની જ આ શાસનને કુભેટ છે. એમાં ઝઘડાઓ-વિખવાદો-આક્ષેપબાજીઓ-ખેંચાખેંચી... શું ન થાય ? એ જ મોટો પ્રશ્ન છે.

માટે જ તો શિષ્ય ! આવા સાધુઓને મહાનિશીથસૂત્રમાં ભાષાકુશીલ કહ્યા છે. કુશીલ એટલે ખરાબ ચારિત્રવાળા ! આ અગીતાર્થ વક્તાઓ કાયાના ચારિત્રથી તો ખરાબ ન પણ હોય, પણ ભાષાના ચારિત્રથી ખરાબ છે.

શિષ્ય : ધર્મોપદેશ આપવા છતાં તેઓ ભાષાકુશીલ ? આ તો કેટલું મોટું કલંક ?

ઉપાધ્યાય : આમાં શાસ્ત્રકારોને કેટલો મોટો દોષ દેખાયો હશે, માટે જ એને ભાષાકુશીલ શબ્દથી નવાજ્યો ને ? માટે જ શિષ્ય ! આ બાબતની ગંભીરતા તું સમજજે.

શિષ્ય : પણ આજે તો ઘણા અગીતાર્થો પ્રવચન આપે છે, તો શું એ બધા ભાષાકુશીલ જાણવા ?

ઉપાધ્યાય : આ તેં વર્તમાનકાળની દુઃખતી નસ દબાવી દીધી.

જવાબ એટલો જ કે

→ વર્તમાનકાળના ગીતાર્થ મહાત્મા જેમને પ્રવચન કરવાની સંમતિ આપે, તે સ્વયં અગીતાર્થ હોય તો પણ ગીતાર્થની આજ્ઞાથી કરતા હોય તો દોષ નથી.

→ એમણે કોઈપણ પ્રરૂપણામાં બિલકુલ આગ્રહ રાખવો નહિ. કેમકે તેઓ અગીતાર્થ છે, એટલે અનેકાન્તવાદની ઉંડાઈ એમણે સમજી નથી. એટલે એમની પ્રરૂપણા અધૂરી હોવાની ઘણી બધી શક્યતા છે. એને જો એ પૂર્ણ માની બેસે તો ભારે હોનારત સર્જાય.

→ કોઈપણ નવા ચિંતનો રજુ કરતા પહેલાં ગીતાર્થની પાસે એની ચકાસણી કરાવી લેવી.

→ ગીતાર્થે જેટલા પ્રવચનો કરવાના કહ્યા હોય, એટલા જ કરવા. એનાથી વધારે નહિ. પોતાની મેળે, ગીતાર્થની રજા લીધા વિના કશું જ ઉભું ન કરવું.

આવું આવું કંઈક વિચારી શકાય.

શિષ્ય : પણ આજે તો ગીતાર્થો કરતા અગીતાર્થોનું વર્ચસ્વ, પ્રભુત્વ જોવા મળે છે, એનું શું કારણ ?

ઉપાધ્યાય : જૈનપ્રજાની ઘોર અજ્ઞાનતા એ જ કારણ !

જેવું ભારતના રાજકારણમાં બનતું આવ્યું છે, એવું જ જૈનોના ધર્મમાં બનતું આવ્યું છે. આજે બહુમતીના આધારે આખી લોકશાહી ચાલે. બહુમતી મોટા ભાગે ગામડાની અભણ પ્રજાની ! એને શું ખબર પડે ? કે નેતા કોને બનાવાય ? એટલે એ તો કોઈક તરફ આકર્ષાઈને એને ચૂંટી કાઢે, એ બને નેતા ! જેની પાસે કશી આવડત નહિ, એ બને જનનેતા ! અને પેલા સારા, સક્ષમ માણસો બને એમના નોકર ! બીજા શિક્ષિત માણસો સમજે પણ ખરા કે આ માણસને આગળ લાવવા જેવો છે... પણ એનું કંઈ વળે નહિ. કેમકે જમાનો બહુમતીનો અને સમજુ માણસો તો લઘુમતીમાં હોવાના...

એવું અહીં પણ ચકાસી લો.

મોટા ભાગના જૈનો સાવ અજ્ઞાની ! પણ સંપત્તિ, સત્તા વગેરે ખરું. હવે એમને એ ખ્યાલ નથી કે જૈનશાસનમાં કોને મહત્ત્વ આપવું ? એટલે એમને તો અગીતાર્થો ગમી જાય, તો એમને ભગવાન બનાવીને પુજવા લાગે. એમની બધી સત્તા, સંપત્તિ

અગીતાર્થોના ઉપયોગમાં આવે. સહજ રીતે જ અગીતાર્થોના મહિમા, પ્રભાવ વધી જ પડવાના. ઘણા વિચક્ષણ માણસો સમજે પણ ખરા કે 'આ ખોટું થાય છે, આ અગીતાર્થોનો વિકાસ વિનાશસર્જક છે...' પણ કોણ અટકાવી શકે, એ અગીતાર્થોને કે એમની પાછળ દોડનારા મુગ્ધ ભક્તોને !

કાળનો પ્રભાવ ગણો કે જે ગણો એ, પણ ગીતાર્થો એ મુગ્ધપ્રજાને આકર્ષવામાં જેટલા સફળ બન્યા છે, એના કરતા અગીતાર્થો ઘણા ઘણા ઘણા વધારે સફળ બન્યા છે. એનું કારણ કદાચ એ પણ હોય કે સાચા ગીતાર્થો મુગ્ધપ્રજાને ધર્મમાર્ગે વાળવાની ભાવનાવાળા ચોક્કસ, પણ એ માટે એમને આકર્ષવા માટે નીચલી કોટિના ઉપાયો અજમાવવા માટે અસમર્થ છે, જે કામ અગીતાર્થો માટે સહજ છે. એ શ્રીમંત-સત્તાધીશોને પંપાળવા, એમના સાંસારિક કાર્યો પૂરા કરવામાં રસ લેવો, એમની સાથે ગમે તે રીતે પણ સંપર્ક સતત ચાલુ રાખવો... વગેરે વગેરે.

— x — x —

<u>શિષ્ય :</u> ગીતાર્થ મુનિ દેશના આપે ખરો, પણ એમાં એનો ય અહંકાર પોષાતો હશે ને ? 'મારા પ્રવચનમાં સેંકડો હજારો શ્રોતાઓ દોડતા દોડતા આવે.' એવી અપેક્ષા રહેતી હશે ને ? પરોપકાર કરવા જતાં ગીતાર્થનું પોતાનું તો અકલ્યાણ જ થઈ જાય ને ?

<u>ઉપાધ્યાય :</u> ગીતાર્થની આત્મિક ઉન્નતિને હજી તું ઓળખતો નથી.

<u>ગાથા :</u> <u>જનમેલનની નહીં ઈહા, મુનિ ભાખે મારગ નિરીહા</u>
<u>જો બહુજન સુણવા આવે, તો લાભ ધરમનો પાવે...</u>
<u>સુણજો... ॥૭॥</u>

<u>ગાથાર્થ :</u> લોકોનું ટોળું ભેગું થાય, એવી ઈચ્છા મુનિને ન હોય, મુનિ નિઃસ્પૃહ બનીને માર્ગની પ્રરૂપણા કરે. હા ! જો ઘણા લોકો સાંભળવા આવે, તો ધર્મનો લાભ પામે.

<u>ભાવાર્થ :</u> કલિકાલ સર્વજ્ઞશ્રીનું વચન છે. श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् । त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि । જિનવચનોને શ્રદ્ધાથી સાંભળનારો શ્રોતા અને જિનવચનોને બુદ્ધિપૂર્વક રજુ કરનારો ચતુર વક્તા... માત્ર આ બે જ જણ ભેગા થાય, તો કલિકાલમાં પણ પ્રભુનું શાસન એકછત્રી સા ।જ્ય ધરાવે છે.

સ્તવનમાં પણ આ જ વાત ઉચ્ચારી છે કે

જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિબોધજી.

કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી.

વક્તા જિનાગમોના પદાર્થો બોલે, શ્રોતા સાંભળે... વક્તા પાસે અનેકાન્તવાદનો પવિત્ર બોધ હોય અને શ્રોતા સાંભળી સાંભળીને એ બોધવાળો બને... બંનેના આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ગુણો વિકાસ પામે... બસ આ જ જિનશાસન ! કલિકાલમાં પણ આ શાસન અવિચ્છિન્નપણે વર્તે છે.

જો માત્ર એક જ શ્રોતા અને એક જ વક્તાનો પણ સમ્યક્ મેળાપ જિનશાસનને ટકાવી શકે છે, તો પરિણત મુનિ "ઘણા લોકો મારા પ્રવચનમાં આવવા જ જોઈએ. મારો વટ પડી જાય, લોકોને હું દેખાડી દઉં કે મારું જ્ઞાન કેટલું ? મારી તાકાત કેટલી ? હું બધાને ડોલતા કરી દઉં." આવી આવી લેશ પણ અપેક્ષા ન રાખે.

મુનિ તો નિઃસ્પૃહ બનીને માર્ગની પ્રરૂપણા કરે.

→ લોકોને સંસારના વિઘ્નો દૂર કરનારા ઉપાયો સાંભળવાનો રસ છે, લાવ ! એ કહીને બધાને ખુશ કરું...

→ પ્રવચનથી બધા મારા ભક્ત બનશે, મારી પાછળ લાખો ખરચનારા બનશે...

→ મારે અમુક કામો છે, એ માટે જરૂર છે ધનની ! એ માટે ભક્તશ્રાવકોની ! એ માટે એમને ખુશ કરવા પડે, એ માટે એમને મનગમતા પ્રવચનો આપવા પડે... માટે પ્રવચનો કરું...

→ 'હું જોરદાર પ્રવચનકાર છું' એવી બધે મારી ખ્યાતિ ફેલાય, એ માટે પ્રવચન આપું.

આવી આવી સ્પષ્ટ કે ગર્ભિત અપેક્ષાઓ સાચો મુનિ ન રાખે.

એની ભાવના એક જ –

(૧) ધર્મકથા નામનો સ્વાધ્યાય થાય

(૨) અને એ નિમિત્તે ભવ્યજીવો વધુ ને વધુ આત્મવિકાસ સાધીને વહેલા મોક્ષપદને પામે.

<u>શિષ્ય :</u> તો પછી વ્યાખ્યાન માટેનો પ્રચાર કરવાની જરૂર નહિ ને ? બોર્ડ પર લખાવવું, પેમ્ફલેટો તૈયાર કરીને ઘરે ઘરે પહોંચાડવા... આ બધું નકામું જ ને ?

<u>ઉપાધ્યાય :</u> માત્ર ટોળા ભેગા કરીને કંઈક દેખાડી દેવાની મલિન ભાવના જ હોય, તો બધું નકામું ! બાકી બધું સારું ! એનું કારણ એ કે મુનિએ તો એક કલાક બોલવાનું જ છે, તો એને સહજ રીતે જ એવી ભાવના થાય કે "જો ઘણા લોકો આવે, તો ઘણા લોકો પામે. ઓછા આવે, તો ઓછા પામે. વધારે લોકો પામે એ તો સારું

જ છે ને ? મારે તો બે યમાં લગભગ સરખો પરિશ્રમ છે."

આવી ભાવનાથી પ્રેરાઈને મુનિ નિરવદ્ય ઉપદેશ આપીને શ્રાવકો દ્વારા પ્રવચનનો પ્રચાર કરાવે તો એ લેશ પણ ખોટું લાગતું નથી.

શિષ્ય : સાધુ તો પવિત્ર ભાવથી જ દેશના આપે ને ? તો એમાં બે વિકલ્પ જ ક્યાં રહે છે ?

ઉપાધ્યાય : તું ચોથા આરાનો સાધુ લાગે છે, ભાગ્યશાળી ! મોહરાજની વિચિત્રતા ઘણી છે. મુનિ પોતે એમ જ માને કે 'મારી ભાવના તો લોકોને પમાડવાની છે.' પણ હકીકતમાં અંદરખાને ઘણી મલિનતા ઘુસી હોય તો આશ્ચર્ય નહિ.

શિષ્ય : તો મુનિએ શી રીતે નક્કી કરવું કે 'પોતાની ભાવના પવિત્ર છે ? કે મલિન ?'

ઉપાધ્યાય : કેટલાક ઉપાયો છે.

→ બીજા પ્રવચનકારની પ્રશંસા થતી સાંભળીને જો દુઃખ થાય, ઈર્ષ્યા જાગે, નિંદા કરવાનું મન થાય, એના દોષો જોવાનું-કાઢવાનું-બોલવાનું મન થાય...

→ આપણા અને બીજા પ્રવચનકારની સરખામણી કરવામાં આવે અને એમાં આપણને દ્વિતીય નંબર અપાય, એ વખતે મન ઉદાસ બની જાય, પેલી વ્યક્તિના પ્રથમ નંબર માટેનો આનંદ થવાને બદલે દુઃખ થાય, કારણ કે એ આપણા કરતા આગળ છે.

→ પાંચ-સાત દિવસના પ્રવચન બાદ પણ કોઈ આપણી પ્રશં ાના શબ્દો ન બોલે, તો મનમાં ઉચાટ અનુભવાય.

→ કોઈક શ્રોતા કંઈક પ્રશંસાના શબ્દો આપણા માટે બોલી દે, એટલે એ દિવસે મન પ્રસન્ન બની જાય.

→ આપણે વળી કોઈકને આપણા પ્રવચન માટેનો અભિપ્રાય પુછીએ અને એ અભિપ્રાય નબળો આવે, 'સાહેબજી ! આપના પ્રવચનમાં આકર્ષણ ઉભું થતું નથી..' વગેરે કહે, તો ખાવા-પીવા-ઉંઘવાનું ઝેર જેવું બની જાય.

આવું બધું થાય, તો વક્તા મુનિની ભાવના મલિન !

આવું બધું ન થાય, તો વક્તા મુનિની ભાવના પવિત્ર !

જો, તીર્થંકરોની જ્યાં પધરામણી થાય, ત્યાં દેવો ચારેબાજુ જાહેરાત કરે છે, દેશના સાંભળવા જવાની પ્રેરણા કરે છે... આ પણ એક જાતનો પ્રચાર જ છે. પ્રભુ કોઈને અટકાવતા નથી. અરે, દેશના સાંભળવા આવતા શ્રેણિકના ઘોડાના પગ નીચે દેડકો ચગદાઈ ગયો, પ્રભુ તો જ્ઞાનથી આ પહેલેથી જ જાણી ગયેલા, તો પછી પ્રભુએ

પ્રવચન ગોઠવવું જ ન જોઈએ ને ? અથવા તો દેવોને ના પાડવી જોઈએ ને ? કે 'તમે પ્રચાર ન કરો...'

એટલે શ્રાવકો પ્રવચન માટે સાવદ્ય પ્રકારનો પણ પ્રચાર કરે અને સાધુ એ સાવદ્યપ્રચાર કરવાનો નિરવદ્યભાષામાં ઉપદેશ આપે તો એ યોગ્ય જ જાણવું.

વર્તમાનમાં શ્રાવકો

(૧) નાના ગામડામાં રીક્ષા ફેરવીને વ્યાખ્યાનની જાહેરાત કરાવે છે.

(૨) પોસ્ટરો, બેનરો તૈયાર કરાવીને પ્રચાર કરે છે.

(૩) ક્યાંક વળી ચેનલો ઉપર પણ જાહેરાતની પટ્ટીઓ અપાવડાવે છે.

(૪) દેરાસર-ઉપાશ્રયના બોર્ડ ઉપર લખાણ મુકવું એ તો ઘણા વર્ષોથી ચાલુ જ છે.

આ બધામાં થોડી ઘણી વિરાધના હોય, તો સાધુ અને શ્રાવક બંનેનો ભાવ નિર્મળ હોવાથી, સાધુએ ઉચિત જયણા-નિરવદ્યભાષા પાળી હોવાથી કોઈ દોષ નથી, એમ મને લાગે છે.

– x – x –

<u>શિષ્ય :</u> પણ ગીતાર્થસાધુ આ બધાને ધર્મદેશના ન આપે, તો નુકસાન તો નથી જ ને ? આપવાથી ફાયદો છે, તો બીજી બાજુ ન આપે, તો ય સાધુ તો પોતાની આરાધના જ કરવાનો છે, એટલે એને પાપ બંધાવાનો કે નુકસાન થવાનો કોઈ પ્રશ્ન જ નથી. પ્રવચન આપવું એ જો ધર્મકથા નામનો સ્વાધ્યાય છે, તો એને બદલે શાસ્ત્રવાંચન કરવું, પાઠ આપવો, જપ કરવો... એ બધું પણ સ્વાધ્યાયાદિ રૂપ શુભ યોગ જ છે ને ?

<u>ઉપાધ્યાય :</u>

<u>ગાથા :</u> <u>તેહને જો મારગ ન ભાખે, તો અંતરાય ફલ ચાખે,</u>
<u>મુનિ શક્તિ છતી નવિ ગોપે, વારે તેહને શ્રુત કોપે.</u>
<u>સુણજો...॥૮॥</u>

<u>ગાથાર્થ :</u> જો તેઓને માર્ગની પ્રરૂપણા ન કરે, તો સાધુ અંતરાય કર્યાનું ફળ ચાખે. જો મુનિ પાસે પ્રવચન આપવાની શક્તિ હોય, તો એ શક્તિને ગોપવવી નહિ. જેઓ શક્તિમાન સાધુને ઉપદેશાદિની ના પાડે છે, તેઓ ઉપર શ્રુતજ્ઞાન ગુસ્સે ભરાય છે.

<u>ભાવાર્થ :</u> જો પ્રભુએ ગણધરોને ઉપદેશ ન આપ્યો હોત, તો તેઓ ગણધર બનત જ શી રીતે ? જો ગણધરોએ પોતાના શિષ્યોને તૈયાર ન કર્યા હોત, તો જમ્બુસ્વામીથી માંડીને આપણા સુધી પહોંચેલો આ મોક્ષમાર્ગ ટકત શી રીતે ? એમ જો આપણા ગુરુ,

આપણા વડીલ મુંગા રહ્યા હોત, માત્ર સ્વાર્થ સાધવામાં જ લીન રહ્યા હોત, તો આપણે શું સાધુ બની શકત ? બસ, આ જ વાત નજર સામે રાખીને સુપાત્ર સાધુએ સુપાત્ર શ્રોતાઓને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી જ જોઈએ.

"સંખ્યા ઓછી છે, માટે પ્રવચન નથી આપવું."

"બધા ઘરડા જ છે, માટે પ્રવચન બંધ !"

"ભક્તો વગેરે ઘણા મળવા આવે છે, માટે પ્રવચન મોકુફ !"

આવા આવા કારણોસર સુપાત્ર સાધુ જો ઉપદેશ ન આપે, તો એ યોગ્ય શ્રોતાઓને ધર્મની પ્રાપ્તિ ન થાય, માનવભવમાં દુર્લભ ગણાતી ચારેય વસ્તુ તે શ્રોતાઓ પામી શકવાની યોગ્યતા હોવા છતાં સાધુનો ઉપદેશ ન મળવાથી ન પામે, આ અંતરાય થયો કહેવાય.

એનું ફળ ? સાધુને આવતા ભવોમાં મળે. એને પણ પછી ધર્મપ્રાપ્તિ દુર્લભ બને. એનો જન્મ જ એવા સ્થાનમાં થાય, જ્યાં સાધુના મુખેથી ધર્મશ્રવણ જ શક્ય ન હોય. જ્યાં સાધુઓ વિચરતા જ ન હોય, એવા હીનસ્થાનોમાં જ એણે જીવવું પડે.

આજે લાખો જૈનો એવા છે કે જેઓ કાં તો વિદેશની ધરતી પર જીવે છે, કાં તો ભારતમાં પણ સાધુ-સાધ્વી વિનાના સ્થાનોમાં ! કાં તો એવા સ્થાનમાં કે જ્યાં સાધુ-સાધ્વી તો મળે છે, પણ એમની પાસેથી ધર્મના નામે બિચારાઓ મિથ્યાત્વની જ ભેટ પામે છે, કદાગ્રહાદિના શિકાર બને છે. સદ્ગુરુ અને એમના વચનો એ કહેવાતા જૈનો માટે ધોળે દહાડે તારાના દર્શન જેવા દુર્લભ છે. પછી એ કૃપાપાત્ર જીવો જે તે પામી લઈને મિથ્યા સંતોષ માની લે છે. 'અમારો માનવભવ સફળ થયો' એવી કલ્પના કરી બેસે છે... પણ એમનું એ મહા-અજ્ઞાન કોણ દૂર કરે ? બિચારાઓ ખરેખર પૂર્વભવોમાં કરેલા આવા જ કોઈક અંતરાયનું ફળ ભોગવી રહ્યા `

યાદ રાખજો

→ સ્વયં માર્ગોપદેશ યોગ્ય જીવોને ન આપવો.

→ સદ્ગુરુ પાસે જનારાઓને અટકાવવા (અજ્ઞાન, ઈર્ષ્યા, અદેખાઈથી પ્રેરાઈને...)

→ ગૃહસ્થોને ગુરુ તરીકેનું મહાન સન્માન આપી સદ્ગુરુ (સુશ્રમણ) કરતા પણ એમની વધુ મહત્તા ગણવી. એમના વચનો સાંભળવા, સ્વીકારવા અને સદ્ગુરુને ગૌણ બનાવવા... એ રીતે શાસન વ્યવસ્થાનો ભંગ કરવો... ઘણાઓને આવું કરવા માટે પ્રેરવા...

આ બધા જ કાર્યો ઘોર અંતરાય બંધાવનારા છે.

**શિષ્ય :** આ બધું આપ કોને લક્ષમાં રાખીને લખી રહ્યા છો ?

**ગુરૂ :** શિષ્ય ! કોઈને ખોટા સાબિત કરવા કે કોઈને ઉતારી પાડવા માટે હું આ વાત નથી કરતો. છતાં શાસનમાં ઉભો થયેલો સડો ઓપરેશન દ્વારા દૂર કરવાની મારી ફરજ છે, એ એકમાત્ર સદ્બુદ્ધિથી એટલું જ કહીશ કે જિનશાસન શ્રમણપ્રધાન છે, શ્રાવકપ્રધાન નહિ જ. જે શ્રાવકો કોઈપણ સદ્ગુરુની નિશ્રા વિના સ્વયં જ પોતાની જાતને શક્તિમાન-બુદ્ધિમાન ગણીને શાસનના કહેવાતા શુભ કાર્યો કરવા લાગી પડશે, એ શ્રાવકો શાસન માટે જોખમી છે.

જે શ્રાવકોને દસહજારમાંથી એક પણ સદ્ગુરુ માથે રાખવા ગમતા ન હોય, દસહજારમાંથી એકેયના નિશ્રાવર્તી, આજ્ઞાગ્રાહક બનવાની ઈચ્છા ન હોય, એ શ્રાવક નર્યો અહંકાર ભરપૂર છે, એમ જ માનવું રહ્યું ને ?

જે શ્રાવક કોઈપણ સદ્ગુરુની સલાહ-ઉપદેશ-માર્ગદર્શન લેવા ઈચ્છતો નથી, માત્ર પોતાના અનુયાયીઓને (પ્રભુવીરના નહિ...) ઉપદેશ આપવામાં રસ ધરાવતો હોય, એ શ્રાવક પાસે ચાર કષાયોની તીવ્રતા વિના બીજી શું અપેક્ષા રાખવી ?

જો મહાન શ્રુતજ્ઞાનીએ પણ ગુરુના ચરણોમાં સાવ નમ્ર બનીને જીવવાનું છે, તો શાસ્ત્રોના મહાન અજ્ઞાની શ્રાવકો શું સ્વતંત્ર રીતે, સ્વચ્છંદ રીતે વર્તી શકે ખરા ?

પણ તેઓ વર્તે છે, અને જેઓ આવું કરે છે, તેઓ પણ મોટું અંતરાયકર્મ બાંધે છે.

આ જીવો એવું શ્રુતજ્ઞાનાવરણીય બાંધે કે ભવાંતરમાં જિનવચન રૂપી શ્રુત એમના માટે અત્યંત દુર્લભ જ બની રહે.

— x — x —

**શિષ્ય :** સુપાત્ર સાધુ દેશના આપે, પણ એમાં એણે ધર્મની જ પ્રરૂપણા કરવાની છે ને ? એટલે આપોઆપ અધર્મનું ખંડન કરવું જ પડવાનું ને ? અધર્મનું ખંડન કરવામાં અધર્મીઓની નિંદા થઈ જ જવાની ને ? અધર્મ કરનારા તરફ દ્વેષભાવ ઉત્પન્ન થઈ જ જવાનો ને ? આ નિંદા, દ્વેષભાવ વગેરે પાપો બાંધવા એ શું ઉપદેશક સાધુ માટે યોગ્ય ગણાશે ? હિતકારી ગણાશે ?

આ ગાથાઓનો સાર જ એ છે કે કોઈપણ વ્યક્તિ તરફ દ્વેષ રાખવાનો નથી, પરંતુ જો તે તે પદાર્થો ખોટા હોય, તો તો એનો નિષેધ કરવો જ પડવાનો.

તાજેતરમાં જ થયેલા કેટલાક અનુભવો !

(૧) 'શું સાધુ-સાધ્વીજીઓ ભગવાનનું પ્રક્ષાલજલ આંખે-કપાળે લગાડી શકે ? પ્રક્ષાલજલ બોટલમાં ભરીને પોતાની પાસે રાખી શકે ખરા ?' આવો પ્રશ્ન પુછવામાં

આવ્યો. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને શત્રુંજયદાદાના પ્રક્ષાલજલ માટે મુખ્યત્વે આ પ્રશ્ન હતો અને પુછનારા સંયમીને આવું બધું થતું હોવાનું પણ જણાવ્યું, એ સંયમીને પણ આવું કરવાની ભાવના થઈ આવી હતી...

શું જવાબ આપવો આનો ?

આનો જવાબ આ પ્રમાણે આપ્યો કે → સંયમી માટે સંયમ પ્રધાન છે, સંયમને બાધ પહોંચે, એ રીતે પ્રભુભક્તિ ન કરી શકાય. પ્રસ્તુતમાં પ્રક્ષાલજલમાં તો દૂધનું પ્રમાણ ઓછું હોય છે, એટલે એટલા દૂધથી બાકીનું સચિત્તપાણી અચિત્ત શી રીતે બને ? અને જો ન બને તો એ કાચાપાણીને સંયમી શી રીતે સ્પર્શ કરી શકે ? એમાં તો પ્રથમ મહાવ્રતનો દોષ લાગવાનો જ.

ધારો કે એ પાણી અચિત્ત બનતું પણ હોય, તો પણ એ કેટલા સમય સુધી અચિત્ત રહે ? ચૂનાનું પાણી ત્રણ દિવસ અચિત્ત રહે છે, અને ઉકાળેલું પાણી કાળ પ્રમાણે અચિત્ત રહે છે, તો દૂધ વડે અચિત્ત બનતું પાણી એનાથી વધુ સમય તો અચિત્ત ન રહી શકે ને ? અને તો પછી એ પાણી બોટલમાં પોતાની પાસે રાખનાર સંયમીને વહેલો-મોડો પણ દોષ લાગવાનો જ.

આ બધા કરતા પણ વધુ મહત્ત્વની વાત એ કે ધારો કે એ પાણી સંપૂર્ણ અચિત્ત હોય, તો પણ સંયમીને કપાળે - આંખે એ પાણી લગાડવું એ કલ્પે કે નહિ ? એ મોટો પ્રશ્ન છે. મારી દૃષ્ટિએ તો આનો અધિકાર માત્ર ગૃહસ્થોને છે, સંયમીઓને નહિ... છતાં જો કોઈ સંયમી આવું આચરણ કરે, તો એ શ્રમણજીવનની મર્યાદાને લોપે છે, એમ માન્યા વિના રહી શકાતું નથી. ←

મુખ્ય વાત એ કે આ રીતે જે જવાબ આપ્યો, એમાં કોઈની પણ નિંદા કરવાનો ભાવ નથી, આવું વિપરીત આચરણ કરનારાને ખરાબ-હલકા ચીતરવાનો અભિપ્રાય નથી. પરંતુ આત્માર્થી જીવો આ અવિધિથી મુક્ત બને, એ જ એક માત્ર આશય છે. તો આવી પ્રરૂપણા કરનારને શું દોષ લાગે ? ન જ લાગે. ઉલટું સસૂત્ર પ્રરૂપણા યોગ્ય અવસરે કરવાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય, કદાચ જિનનામ પણ બંધાઈ જાય.

(૨) મુંબઈના એક શ્રાવક માટે એવો પ્રચાર થઈ રહ્યો છે કે "તે શ્રેણિક મહારાજાનો આત્મા છે, અને એ તીર્થંકર બનવાના છે. શ્રેણિક મહારાજા નરકમાં ગયા જ નથી..." વગેરે.

હવે આ પ્રચારના કારણે ઘણા મુગ્ધ સંયમીઓ એ તરફ આકર્ષાયા છે, તો બિચારા અજ્ઞાની ગૃહસ્થોની તો શી વાત કરવી ? એ ભાઈ તો એમ કહે છે કે "મને સીમંધરપ્રભુ પાસેથી સંકેત મળ્યો છે. એ સંકેત મુજબ બધાએ ૧૦૮ પ્રદક્ષિણા આપવા

રૂપ એક વિધિ કરવાની છે. (એ વિધિમાં શ્લોક બોલવા... વગેરે ઘણું છે.) જેઓ આ વિધિ કરે, તેઓ નિશ્ચિત ત્રીજા ભવે મોક્ષમાં જાય..."

આ બધા પ્રચારથી મોહાયેલાઓને ઉત્તર આપવો જ પડ્યો કે → "શ્રેણિક મહારાજા નરકમાં છે, એવું સ્પષ્ટ શાસ્ત્રપાઠો બોલે છે. શું એ બધા શાસ્ત્રોને ખોટા માનશું ? અને જો આ શ્રાવક જ શ્રેણિક હોય, તો એ પદ્મનાભ તીર્થંકર કેવી રીતે બનશે ? કેમકે તીર્થંકરો પૂર્વભવમાં નરક કે વૈમાનિક દેવ જ હોય છે, હવે આ ભાઈ જો મૃત્યુ પામીને વૈમાનિકદેવ બને, તો તો ત્યાં જઘન્ય આયુષ્ય પણ એક પલ્યોપમ છે, તો ત્યાંથી તો તેઓ પદ્મનાભ તીર્થંકર બની જ ન શકે. કેમકે સાઠેક હજાર વર્ષ બાદ જ પદ્મનાભ તીર્થંકર થવાના છે. પલ્યોપમનો સમય તો અસંખ્ય વર્ષો છે. હવે જો આ શ્રાવક નરકમાં જાય, તો ત્યાં આટલા હજાર વર્ષનું આયુ સંભવી શકે. પણ શું એ માન્ય બનશે ? વળી 'શ્રેણિકરાજા નરકમાં છે' એ પ્રસિદ્ધ પાઠોનું શું ? માટે આવી વાતો ખોટી જાણવી.

એ ભાઈ જે આરાધના બતાવે છે, એને પ્રામાણિક શી રીતે માનવી ? હવે તો ઘણા લોકો આ રીતે નવી નવી વાતો કરતા થઈ ગયા છે. હા ! વર્તમાનના ઘણા ગીતાર્થો આ વાતમાં સંમતિ આપે, તો એનો સ્વીકાર કરી શકાય. પણ એવું છે ખરું ?

એક નવી વાત - ૧૮૦ ઉપવાસ કરનારા તપસ્વી બહેન કહે છે કે એમને દેવે કહ્યું છે કે વર્તમાનમાં બે આત્માઓ એવા છે કે જેઓ ભવિષ્યમાં તીર્થંકર બનવાના છે. (૧) પૂ.આ. યશોવિજયસૂરિજી, (૨) પૂ.પં. ચન્દ્રશેખર વિ.

એમ બીજા પણ એક આચાર્ય અને પંન્યાસજી ભ. ભાવી તીર્થંકર તરીકે ઓળખાય છે, એમના ચાહકો એ રીતે માને છે.

આ બધી વાત સાચી પડે, એ તો અત્યંત આનંદની વાત છે પણ એમાં પ્રમાણ શું ? અને હવે તો દરેક ચાહક વર્ગ આ રીતે પોતપોતાના માનીતા ગુરુને તીર્થંકર માનવા માંડે, તો આ તો કંઈ ઉચિત ગણાશે ?... ←

આ સ્પષ્ટ રજુઆત એ સસૂત્ર પ્રરૂપણા છે. આમાં કોઈની નિંદા-ટીકા કરવાનો આશય નથી, પણ માર્ગપ્રરૂપણા કરવાનો અને જીવોને માર્ગાનુસારી બનાવવાનો જ એકમાત્ર આશય છે.

એક વાત બહુ જ સ્પષ્ટ રીતે સમજી રાખવી કે આજે શ્રાવકવર્ગ ઉપર પણ કોઈ ગીતાર્થ-સંવિગ્ન શ્રમણોનું સંપૂર્ણ અનુશાસન નથી. એટલે જ આવી તો જાત જાતની માન્યતાઓ-પ્રરૂપણાઓ ચારેબાજુ ફેલાયા કરતી હોય છે. એનો પ્રચાર એટલો બધો ઝડપી હોય છે કે એનો અટકાવ કરવો ઘણો અઘરો પડે છે અને એટલે જ ચારેબાજુ

આવી વિચિત્ર માન્યતાઓ સાંભળવા મળ્યા કરતી હોય છે.

ઉપાધ્યાય વિનયવિજયજી મ.એ શાંતસુધારસમાં ફરમાવ્યું છે કે विभिन्नाः पन्थानः, प्रतिपदमनल्पाश्च मतिनः, कुयुक्तिव्यासङ्गैर्निजनिजमतोल्लासरसिकाः... આજે અનેકાનેક માર્ગો થઈ ચુક્યા છે. (એમાંથી સાચો માર્ગ કયો ? એ બાબતમાં અજ્ઞાનીઓ મુંઝાઈ જ જાય ને ?) વળી ડગલે ને પગલે ચિક્કાર મતભેદો - માન્યતાઓ જોવા મળે છે. એ બધા પાછા ચિક્કાર કુતર્કો દ્વારા પોત-પોતાના મતને સાચો સાબિત કરવાના સઘન પ્રયત્નો કરે છે. વળી આ કાળમાં દેવો પણ પ્રત્યક્ષ થતા નથી. કે જેઓ સાચો માર્ગ દર્શાવે. એવો કોઈ અવધિજ્ઞાનાદિ રૂપ અતિશય પણ દેખાતો નથી...

तदेवं कालेऽस्मिन्य इह दृढधर्मा स सुकृती... આવા કાળમાં જે આત્મા ધર્મમાં દઢ રહે છે, એટલે કે ગીતાર્થ-સંવિગ્ને બતાવેલા માર્ગમાં નિશ્ચલ બની રહે છે, આડી-અવળી વાતોથી ભરમાતો નથી, એ જ સાચો ધર્મી છે.

આનંદઘનજીના શબ્દો <u>ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સારીખો</u> સસૂત્રપ્રરૂપણા જેવો કોઈ મહાન ધર્મ નથી.

ઉલટું એમ કહેવાનું મન થાય કે પ્રભુની હાજરીમાં તો મતભેદો વગેરે ઓછા હોવાથી અને સાક્ષાત તીર્થંકરાદિ હાજર હોવાથી ત્યારે લોકોને સન્માર્ગે વાળવાનું કામ તેઓ જ કરી લેતા, અને એટલે અન્ય મહાત્માઓને માથે જવાબદારી ઓછી આવતી, જ્યારે આ કાળમાં તો તીર્થંકરાદિ વિશિષ્ટ પુરુષોનો અભાવ અને બીજી બાજુ...

<u>ગુરુ :</u> તું જે કહેવા માંગે છે, એ વધારે સ્પષ્ટ કરીને કહે એવી મારી ઈચ્છા છે.

<u>શિષ્ય :</u> આપ જ્યારે જ્ઞાનના ગુણો ગાશો, ત્યારે 'અજ્ઞાનીઓ નકામા, અજ્ઞાનીઓ પાપ બાંધે...' વગેરે વાત પણ બોલશો જ ને ? આ નિંદા ખરી કે નહિ ? અને જ્ઞાનાભ્યાસ ન કરનારાઓ તરફ આપને દ્વેષભાવ જાગશે કે નહિ ?

એમ જ્યારે આપ તપત્યાગનો ઉપદેશ આપશો, ત્યારે ત્રણ ટાઈમ ખાનારાઓની, રાત્રિભોજનાદિ કરનારાઓની નિંદા આપોઆપ થઈ જ જવાની ને ? અને આપને એ અતપસ્વીઓ, અત્યાગીઓ માટે 'આ બધા ખાઉધરા' એવો ભાવ જાગવાનો કે નહિ ?

આ તો ધર્મ અને અધર્મની વાત કરી.

એમ ધર્મમાં પણ વિધિ અને અવિધિ આ બે બાબતને લઈને ઉપદેશક સાધુ આ જ બે દોષોનો ભાગીદાર બનવાનો. <u>નિંદા</u> અને <u>દ્વેષ</u> !

તે આ પ્રમાણે – 'પ્રતિક્રમણ ઉભા ઉભા જ કરવું જોઈએ' આ વિધિનું વર્ણન કરવાનું આવે, એટલે 'પ્રતિક્રમણ બેઠા બેઠા ન કરાય, એ તો પ્રમાદ છે, સુખશીલતા છે...' વગેરે રૂપે અવિધિખંડન પણ આવવાનું જ. અને એનો અર્થ એ કે પ્રતિક્રમણ

બેઠા બેઠા કરનારાઓ પ્રમાદી, સુખશીલ છે... એવું જ ઉપદેશકે જાહેર કરી દીધું. આ નિંદા જ કહેવાય ને ? તથા આ ઉપદેશકને એ અવિધિવાળાઓ માટે દ્વેષ પણ થવાનો.

ટુંકમાં

(૧) ઉપદેશ આપવો એટલે ધર્મની પ્રરૂપણા + અધર્મનો નિષેધ.

(૨) એટલે ઉપદેશક અધર્મનું અને ધર્મની અવિધિનું ખંડન પણ કરવાનો.

(૩) આ ખંડન એ જ નિંદા !

(૪) આવા ખંડનમાં એ અધર્મીઓ અને અવિધિથી ધર્મકારકો પ્રત્યે દ્વેષ થાય.

આવા નુકસાનમાં ઉતરવા કરતા मौनमेव श्रेयः ।

શાસ્ત્રકારો કહે છે કે નિંદા કરે તે તો થાય નારકી રે, તપ જપ સવિ કીધું ફોક થાય રે.

શાસ્ત્રકારો કહે છે કે અવિધિથી ધર્મ કરનારા પ્રત્યે દ્વેષભાવ કરે, તો શુભભાવ ખંડિત થાય.

<u>ગુરુ :</u> તું તર્કો તો જબરા શોધી લાવે છે હોં ! પણ હવે એનું સમાધાન પણ ાંભળી લે.

<u>ગાથા :</u> <u>નવિ નિંદા મારગ કહેતા, સમપરિણામે ગહગહતાં,</u>
<u>મુનિ અદ્દચરિત્ત મન રંગે, જોઈ લીજે, બીજે અંગે.</u>
<u>સુણજો... ॥૯॥</u>

<u>ગાથાર્થ :</u> માર્ગની પ્રરૂપણા કરવામાં નિંદાદોષ ન લાગે મુનિ રાગદ્વેષરહિત પરિણામમાં હર્ષિત બનીને દેશના આપે છે. બીજા અંગમાં આર્દ્રમુનિનું ચરિત્ર છે, તે મનના રંગથી (મનના ઉત્સાહ સાથે) જોજો.

<u>ભાવાર્થ :</u> પહેલી વાત તો એ કે નિંદાની વ્યાખ્યા શું ?

ભારત સરકાર ચારેબાજુ જાહેરાત કરે છે કે 'ધુમ્રપાન નુકસાનકારી છે, કેન્સર થાય છે.' તો શું સરકાર ધુમ્રપાન કરનારાઓની નિંદા-ટીકા કરનારી કહેવાય ? ખોટું કામ કરનારી કહેવાય ?

ડૉક્ટરો કહે છે કે 'હોટલો વગેરેનો ખોરાક આરોગ્ય બગાડે છે, માટે એ બધું ન ખાવું જોઈએ.' તો શું ડૉક્ટરો એ બહારનું ખાનારાઓના અને હોટલો ચલાવનારાઓના નિંદક કહેવાય ?

મા-બાપો સંતાનોને સલાહ આપે છે કે 'મર્યાદામાં રહેજો. કલંક લાગી ન જાય, એની કાળજી કરજો....' તો શું મા-બાપો વ્યભિચારી લોકોના નિંદક છે ?

જે સાચી વાત છે, બીજાને હિત કરનારી વાત છે, એ હિતબુદ્ધિથી કહેવામાં આવે

એમાં વળી નિંદા શેની ? સરકાર તો લોકોને કેન્સરથી બચાવવા માટે જ એ પ્રચાર કરે છે. એનાં સિગારેટના ધંધાવાળા હજારો લોકોનો ધંધો તોડી નાંખીને એ બધાને ભૂખ્યા મારવાનો વિચાર સરકારનો છે.... એવું થોડું જ કહેવાય ? સરકાર તો એટલું જ ઈચ્છે છે કે લોકો કેન્સરથી બચે... ધંધો કરનારાઓ પોતાની મેળે બીજી આજીવિકા શોધી લેશે. સરકાર એમાં શું કરે ? અને માનો કે એમાં એ લોકો ભૂખ્યા મરે, તો ય સરકારનો દોષ થોડો જ ગણાય ?

એવું જ અહીં પણ વિચારવાનું છે.

સુસાધુ અત્યંત કરુણાવાળો છે. એ ઈચ્છે છે કે 'સંસારમાં રખડતા જીવો વહેલામાં વહેલી તકે શાશ્વતસુખ પામે.' એ માટે એ જીવો મોક્ષમાર્ગની આરાધના કરે એ જરુરી છે. એ માટે એમને વિશુદ્ધ મોક્ષમાર્ગ બતાવવો જ પડવાનો. તો જ તેઓ એની આરાધના કરી શકે ને ?

હવે આ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવામાં ધર્મનું મંડન, અધર્મનું ખંડન, ધર્મમાં પણ અવિધિનું ખંડન... આ બધું જ આવવાનું. પણ એમાં આ સુસાધુને કોઈપણ અધર્મી પ્રત્યે, અવિધિકારક પ્રત્યે લેશ પણ દ્વેષ નથી. એકમાત્ર નીતરતી કરુણા જ છે. એક માતા પોતાના દીકરાને ખોટા રસ્તેથી પાછો વાળવા, સાચા રસ્તે આગળ ધપાવવા માટે જે કંઈપણ કરે, દીકરાને ઠપકો આપે, લાફો મારે... તો એમાં ક્યાંય માતા નિંદક કે દ્વેષવાળી નથી જ કહેવાતી... આવું જ આ સાધુ માટે સમજવું.

<u>શિષ્ય :</u> પણ શું શાસ્ત્રોમાં આવી છુટ આપી છે ખરી ?

<u>ગુરૂ :</u> શ્રી સૂયગડાંગસૂત્ર નામના બીજા આગમમાં = અંગમાં શ્રી આર્દ્રકુમારના ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. એમાં આ પ્રમાણે ગાથાઓ છે.

इमं वयंतं तुमं पाउकुव्वं, पावाईणो गरिहसि सव्वमेव ।
पावाईणो पुढो पुढो किट्टयंता सयं सयं दिट्ठि करेंति पाउं ॥

(કેવલજ્ઞાન પામેલા આર્દ્રકુમાર જ્યારે અન્યમતના દોષો બતાવે છે અને સ્વમતનું મંડન કરે છે. ત્યારે એમને કહેવામાં આવે છે કે) આવા વચન બોલનારા આર્દ્રકુમાર ! તમે તમામ પ્રવાદીઓની = તે તે મતના પ્રરૂપકોની નિંદા-ગર્હા કરનારા બનો છો. એ પ્રવાદીઓ પણ પરસ્પર એક બીજાની આ જ રીતે નિંદા કરે છે અને પોતપોતાની દષ્ટિને (=મતને) પ્રગટ કરે છે. અને તમે પણ એવું જ કરો છો, માટે તમે પણ નિંદક જ છો.

(આર્દ્રકુમાર હવે આનો ઉત્તર આપે છે કે)

ते अन्नमन्नस्स गरहमाणा अक्खंतिउ समणा माहणा य ।

सतो य अत्थी असतो य नत्थी, गरहामो दिट्ठी न गरहामो किंचि ॥

સાંભળો... એ શ્રમણો અને બ્રાહ્મણો પરસ્પર એકબીજાની નિંદા કરતા કરતા પોતાના મતનું સ્થાપન કરવાનો પ્રયત્ન કરે છે. (અહીં શ્રમણ = જૈનસાધુ નહિ લેવાના, પણ એ સિવાયના શ્રમણો લેવાના...)

જયારે હું તો એક જ કામ કરું છું. જે વાત સાચી છે, તે હું કહું છું અને જણાવું છું કે 'આ સત્ય છે' અને જે વાત ખોટી છે, તેની પણ સ્પષ્ટ પ્રરૂપણા કરીને જણાવું છું કે 'આ અસત્ય છે.'

આમ હું તો ખોટા મતની, ખોટા પદાર્થની જ નિંદા-ગર્હા કરું છું. હું કોઈ વ્યક્તિની નિંદા-ટીકા કરતો નથી.

न किंचि रूवेणभिधारयामो, सदिट्ठिमग्गं तु करेमि पाउं ॥

હું કોઈનું નામ લઈને, એની નિંદા કરતો નથી. હું તો મેં જાણેલા સાચા માર્ગને પ્રગટ કરું છું.

આ કલિયુગમાં આમ પણ શાસનશત્રુઓનો, શાસનવિરોધીઓનો પાર નથી... આવા વખતે જે શાસનરક્ષા કરે, શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરે, એ અપેક્ષાએ વધુ નિર્જરા પામે, વધુ પુણ્ય બાંધે.

મહાભારતમાં અભિમન્યુની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે, કેમકે કૃષ્ણ-અર્જુન વગેરે કોઈ મહારથિ છેલ્લે એની સહાયમાં ન હતા, અને સામે અનેક દુશ્મનો એકી સાથે એના પર તૂટી પડ્યા હતા. આવી કપરી પરિસ્થિતિમાં એ નિર્ભય બનીને લડ્યો, ક્ષત્રિયને શોભે એ રીતે લડ્યો, દુશ્મનો ધ્રુજી ઉઠે... એ રીતે લડ્યો, તો એ મોતને ભેટવા છતાં ય વખણાયો... બસ ! વર્તમાનકાળમાં સસૂત્રપ્રરૂપણા નિર્ભય બનીને કરનાર ગીતાર્થ-સંવિગ્ન મહાત્મા આ અભિમન્યુની ઉપમાને ધારણ કરે છે.

શાસ્ત્રપ્રરૂપણા કરનારની ફરજ એ જ છે કે

(૧) કોઈની શેહ-શરમમાં તણાઈ ન જવું.

(૨) વ્યક્તિગત રાગ કે દ્વેષ બિલકુલ ઉભા ન થવા દેવા.

(૩) ભાષા સૌમ્ય છતાં સ્પષ્ટ રાખવી.

(૪) યોગ્ય અવસરે જ, યોગ્ય જીવો પાસે જ યોગ્ય રીતે જ પ્રરૂપણા કરવી... આવા પ્રરૂપક માટે તો પ્રશંસાના તમામ શબ્દો ઓછા પડે.

– x – x –

**શિષ્ય :** ઉપદેશકો તો વ્યાખ્યાનમાં આગમોનું પણ વર્ણન કરે છે. આગમોમાં તો ઘણી ગંભીર બાબતો પણ આવતી હોય છે. મને તો એવું લાગે છે કે સંયમીઓને પણ આ ગંભીર બાબતો કહેવા જેવી નથી હોતી, તો પછી શ્રાવક-શ્રાવિકાઓની સામે એ ગૂઢ પદાર્થો રજુ કરવા એ તો ભારે જોખમ કહેવાય.

**દા.ત.** (૧) जावइया उस्सग्गा तावइया चेव अववाया ।
जावइया अववाया तावइया चेव उस्सग्गा ॥

**અર્થ :** જેટલા ઉત્સર્ગો છે, એટલા જ અપવાદો છે.
જેટલા અપવાદો છે, એટલા જ ઉત્સર્ગો છે.

(૨) जे आसवा ते परिसवा ।
जे परिसवा ते आसवा ॥

જે આશ્રવ છે, (પાપસ્થાનો છે) તે સંવર = પરિશ્રવ છે. (પુણ્યસ્થાન છે.) જે પરિશ્રવ છે, તે આશ્રવ છે.

(૩) सव्वपवादमूलं दुवालसंगं जओ जिणक्खायं...

તમામે તમામ પ્રવાદોનું = મતોનું = મિથ્યાધર્મોનું મૂલ જિનકથિત દ્વાદશાંગી છે.

આ બધા શાસ્ત્રવચનો અત્યંત રહસ્યભરપૂર છે. આ બધાનું નિરૂપણ જો શ્રાવકો વગેરે સામે કરવામાં આવે, તો તો અત્યારની ઘણી બધી વ્યવસ્થાઓ તૂટી જાય. એ કઈ રીતે તૂટે ? એ તો આપ સ્વયં સમજી જ શકો છો, કેમકે આ વચનોનું રહસ્ય આપ જાણો જ છે.

એટલે કદાચ દેશના આપવી જ હોય, ગંભીર પદાર્થો કહેવા જ હોય, તો સંયમીઓને કહેવા, ગૃહસ્થોની સામે આ દેશના આપવી બિલકુલ ઉચિત નથી. તેઓ તો કાચા ઘડા જેવા છે, આ બધું પચાવવાની એમની તાકાત જ ક્યાં છે ?

અને માટે જ તો ગૃહસ્થોને આગમોનો અભ્યાસ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. જો એમની પાત્રતા હોત, તો તો એમને આગમાભ્યાસની છૂટ મળી જ જાત ને ? એટલે કમસેકમ ગૃહસ્થો સામે તો પ્રવચનો બંધ કરી જ દો, એમાં ય વૈરાગ્યપોષક કે સ્થૂલ આચારની દેશનાઓ ભલે આપો, પણ ગૂઢ દેશનાઓ તો બંધ જ કરો.

**ગાથા : કોઈ ભાષે નવિ સમજાવો, શ્રાવકને ગૂઢા ભાવો,**
**તે જૂઠ કહ્યા લદ્ધટ્ઠા, શ્રાવક સૂત્રે ગહિયટ્ઠા.**
**સુણજો... ॥૧૦॥**

**ગાથાર્થ :** કોઈ કહે છે કે 'શ્રાવકને ગૂઢ ભાવો = સૂક્ષ્મ પદાર્થો ન સમજાવવા.' પણ એ વાત ખોટી છે. કેમકે સૂત્રમાં = શ્રીભગવતીજીમાં શ્રાવકોને લબ્ધાર્થ,

ગૃહીતાર્થ... કહ્યા છે.

ભાવાર્થ : શ્રાવકોને ગૂઢ પદાર્થો સમજાવવા ? કે નહિ ? આ  બત આપણે બે રીતે વિચારશું.

(૧) શાસ્ત્રાધારથી (૨) યુક્તિથી.

એમાં શાસ્ત્રાધાર તો સ્પષ્ટ જોવા મળે છે.

તે આ પ્રમાણે = પાંચમા આગમ શ્રી ભગવતીજીમાં કહ્યું છે કે लद्धट्ठा, गहियट्ठा, पुच्छीयट्ठा, अभिगयट्ठा, विणिच्छियट्ठा... (શતક બીજો, પાંચમો ઉદ્દેશો)

સામાન્યથી આનો અર્થ એ છે કે શ્રાવકો સદ્ગુરુ પાસે શાસ્ત્રાર્થને મેળવે (સાંભળે), ગ્રહણ કરે (સમજે), (શંકા પડે ત્યારે શંકા દૂર કરવા માટે) અર્થને પૂછે, (એનો જવાબ સાંભળીને) અર્થનો બોધ કરે અને ('આ પદાર્થ આ પ્રમાણે જ છે' એ પ્રમાણે) અર્થનો નિશ્ચય કરે.

આ શાસ્ત્રપાઠ એમ સાબિત કરે છે કે શ્રાવકોને પણ ગૂઢપદાર્થો કહી શકાય. જો એમને ઉપદેશ આપવાનો જ ન હોત, અથવા તો સાવ સામાન્ય ઉપદેશ આપવાનો હોત, તો આ બધા વિશેષણો શ્રાવકને શી રીતે સંભવે ?

આ ઉપરાંત શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે

चंपाए पालिए नाम सावए आसी वाणिए ।

महावीरस्स भगवओ सीसे सो हु महप्पणो ॥

અર્થ : ચંપાનગરીમાં પાલિત નામનો શ્રાવક હતો. તે વણિક હતો. (કોવિદ = ગીતાર્થ = શાસ્ત્રજ્ઞાતા) એ પ્રભુવીરનો શિષ્ય હતો, મહાન આત્મા હતો.

निग्गंथे पावयणे सावए से वि कोविए...

અર્થ : નિર્ગ્રન્થ પ્રવચનમાં તે શ્રાવક કોવિદ = જાણકાર હતો. (અર્થાત્ આગમજ્ઞાતા હતો.)

શ્રાવકો આગમસૂત્રો ભણી ન શકે, ગોખી ન શકે, વાંચી ન શકે... પણ સદ્ગુરુઓ શ્રાવકોની લાયકાત પ્રમાણે એમને સૂત્રોના = આગમાદિના ગંભીર અર્થો સમજાવે, અને તે સાંભળી સાંભળીને શ્રાવક અર્થજ્ઞાતા બની શકે છે.

ટુંકમાં સંયમીને સૂત્ર + અર્થ બંનેની સંમતિ છે.

શ્રાવકને સદ્ગુરુની નિશ્રાએ, અર્થની સંમતિ છે.

હવે યુક્તિથી આ પદાર્થ વિચારીએ.

શિષ્ય ! તું એમ કહે છે કે 'સંયમીઓને ગૂઢ પદાર્થો કહેવા.'

પણ તને એ તો ખબર છે ને ? કે

→ સાધ્વીજીઓને દૃષ્ટિવાદનું અધ્યયન શાસ્ત્રનિષિદ્ધ છે.

→ સાધુઓને પણ અમુક અમુક વર્ષે જ અમુક અમુક શાસ્ત્રો ભણવાની છૂટ છે. જ્યાં સુધી તે તે શાસ્ત્રો માટે જરૂરી દીક્ષાપર્યાય ન થાય, ત્યાં સુધી તે તે શાસ્ત્રો ભણાવવામાં આવતા નથી.

→ છેદગ્રન્થ વગેરે મહત્ત્વના ગ્રન્થો માટે તો એવો નિયમ છે કે એને માટે શાસ્ત્રે બતાવેલો દીક્ષાપર્યાય થઈ ગયો હોય, તો પણ એ બધાને ન ભણાવાય. પરંતુ જેઓ પરિણત હોય, એને જ ભણાવાય... બીજા બધાને નહિ. અર્થાત્ અપરિણત - અતિપરિણતને નહિ.

આમાં અપરિણત એટલે ઉત્સર્ગનો અતિરાગી !

અતિપરિણત એટલે અપવાદનો અતિરાગી !

પરિણત એટલે ઉત્સર્ગ-અપવાદને યોગ્ય રીતે પચાવી શકનાર !

છેદગ્રન્થોમાં ઉત્સર્ગ-અપવાદનું વર્ણન છે, એટલે એના અભ્યાસ માટે પરિણતજીવને સુપાત્ર ગણવામાં આવ્યો છે. એમ અન્યગ્રન્થો માટે પણ અમુક અમુક પ્રકારની પાત્રતા તો સમજી જ લેવી. અર્થાત્ જો સામાન્ય પાત્રતા ન હોય, તો તો બીજા ગ્રન્થો પણ ન ભણાવાય. દા.ત. શ્રી ષોડશકમાં ફરમાવ્યું છે કે श्रृण्वन्नपि सिद्धान्तं, विषयपिपासातिरेकतः पापः । प्राप्नोति न संवेगं तदाऽपि यः सोऽचिकित्स्य इति । नैवंविधस्य शस्तं मण्डल्युपवेशनप्रदानमपि ।.... શાસ્ત્રાર્થને સાંભળનારો પણ જે પાપી સંયમી વિષયસુખોની તૃષ્ણાની તીવ્રતાના લીધે અર્થશ્રવણકાળે પણ સંવેગને = વૈરાગ્યને = શુભભાવને ન પામે, તે અચિકિત્સ્ય છે = અર્થશ્રવણ માટે અપાત્ર છે. આવા પ્રકારના સંયમીને અર્થમાંડલીમાં બેસવાની રજા આપવી પણ યોગ્ય નથી. અર્થાત્ એને અર્થમાંડલીમાં ન બેસાડવો...

આમાં માત્ર છેદગ્રન્થો માટે નહિ, પણ સામાન્યથી કોઈપણ શાસ્ત્રોના અર્થશ્રવણ માટે આ વિચારણા કરવામાં આવી છે.

એટલે એટલી વાત તો પાકી થઈ જ કે

→ સંયમીઓ પણ શાસ્ત્રાર્થશ્રવણ માટે અપાત્ર હોઈ શકે છે.

→ એ અપાત્રતા તમામે તમામ શાસ્ત્રાર્થ અંગેની પણ હોય.

→ એ અપાત્રતા તે તે કાળે, તે તે શાસ્ત્રાર્થ પૂરતી પણ હોય.

એટલે સંયમીઓને ગૂઢ પદાર્થો કહી દેવા... એવું શી રીતે સ્વીકારી શકાય ?

<u>શિષ્ય :</u> બરાબર છે. હું તો એટલું જ કહેવા માંગું છું કે ગૂઢપદાર્થો કહેવા હોય,

તો સંયમીઓને જ કહેવા. બધા જ સંયમીઓને કહેવાની વાત તો હું કરતો જ નથી. ઉલટું મારું તો એમ કહેવું છે કે જો સંયમીઓ પણ તે તે શાસ્ત્રાર્થો માટે સંપૂર્ણ અપાત્ર કે અપેક્ષાથી અપાત્ર હોઈ શકે, તો ગૃહસ્થો તો એકાંતે અપાત્ર જ હોવાના. ગૃહસ્થો સંયમીઓ કરતા વધુ સુપાત્ર શી રીતે હોઈ શકે ?

ગુરુ : બસ, આ જ તો તારી ગંભીર ભૂલ છે.

→ એક ક્લાસમાં એક વિદ્યાર્થીનો પ્રથમ નંબર છે, બીજાનો બીજો નંબર છે. અભ્યાસના કુલ વિષયો આઠ છે. તો શું એવું ખરું કે પ્રથમનંબરી તમામ વિષયોમાં વધુ ગુણાંકવાળો જ હોય ? નહિ જ. સંભવિત છે કે દ્વિતીયનંબરી બે-ત્રણ વિષયમાં પ્રથમનંબરીથી પણ વધુ ગુણાંકવાળો હોઈ શકે છે. છતાં બધા જ વિષયોના ગુણાંકોનો સરવાળો કરવામાં આવે, ત્યારે પ્રથમનંબરીના ગુણાંક વધી જતા હોવાથી તેને પ્રથમનંબરી કહેવાયો છે.

એમ સંયમી અને શ્રાવકમાં સામાન્યથી વિચારીએ, તો સંયમી સૌથી આગળ ! પણ કોઈક ચોક્કસ ગુણની અપેક્ષાએ વિચારીએ તો શ્રાવક પણ સંયમી કરતા આગળ હોઈ શકે છે. દા.ત. શ્રેણિક-કૃષ્ણ ચોથા ગુણઠાણે છે, જ્યારે પ્રભુવીર-નેમિજિનના સાધુ-સાધ્વીઓ છઠ્ઠા ગુણઠાણે છે. આમ સામાન્યથી તો સાધુ-સાધ્વી જ ચડે. પરંતુ આ બંને પાસે ક્ષાયિક સમ્યક્ત્વ છે, જિનનામબંધ છે, જ્યારે પ્રાયઃ સાધુસાધ્વી પાસે એ બંને નથી, એટલે એ ગુણની અપેક્ષાએ તો આ બે અવિરતિધરો પણ ચડિયાતા બની ગયા ને ?

→ એવું પણ બની શકે કે સંયમી વેષથી ભલે છઠ્ઠે હોય, છતાં ગુણથી પહેલે પણ હોય. ગીતાર્થગુરુ એ જાણતા પણ હોય, છતાં એને માર્ગ ઉપર ચડાવવા માટે દીક્ષા આપી હોય, અને આ વસ્તુ શાસ્ત્રમાન્ય પણ છે જ.

હવે વેષધારી, પ્રથમગુણસ્થાનવર્તી, માર્ગાનુસારી સંયમીઓ કરતા વેષરહિત, પંચમગુણ સ્થાનવર્તી શ્રાવકો તો ચડિયાતા છે જ, ઉત્તમ છે જ.

→ શાસ્ત્રાર્થો મેળવવાની પાત્રતા માટે મુખ્યત્વે મિથ્યાત્વનો ક્ષયોપશમ, પ્રજ્ઞાશક્તિ વગેરેની આવશ્યક્તા છે. એટલે શ્રાવકો પાસે ચારિત્રમોહનો ક્ષયોપશમ ન હોય, તો પણ જિનવચન શ્રદ્ધા, પ્રજ્ઞાશક્તિ, પરિપક્વતા વગેરે ગુણો સંભવી શકે છે. જ્યારે સંયમી પાસે મિથ્યાત્વનો ક્ષયોપશમ હોય, ચારિત્રમોહનો ક્ષયોપશમ પણ હોય, પણ પ્રજ્ઞાશક્તિ ન પણ હોય, તે તે પદાર્થોને સમજવા માટે, પચાવવા માટે જરૂરી શક્તિ હજી મેળવવાની બાકી પણ હોય...

આવા અનેક કારણો વિચારતા એમ ચોક્કસ કહી શકાય કે શ્રાવકો પણ

ગૂઢપદાર્થોના શ્રવણ માટે અધિકારી, સુપાત્ર હોઈ શકે છે...

હા ! 'બધા જ શ્રાવકોને ગૂઢ પદાર્થો કહેવા' એવું અમારે નથી કહેવું. પણ 'કોઈપણ  ાવકોને ગૂઢ પદાર્થો ન કહેવા' એવો તમારો એકાંતવાદ તો બિલકુલ ઉચિત નથી.

વર્તમાનકાળમાં તો એવું ઘણે ઠેકાણે જોવા મળ્યું છે કે આચાર્ય ભગવંતો પોતાના ગચ્છની, શિષ્યોની ગંભીર બાબતો અંગે પોતાના અંગત શ્રાવકોની સલાહ લે, એમને જાણ કરે, પણ પોતાના શિષ્યોને આ બધી વાત ન પણ કરે... અને એ પીઢ શ્રાવકો પણ પોતાની પીઢતાનો સંપૂર્ણ ઉપયોગ કરીને યોગ્ય નિર્ણય લેવડાવે, યોગ્ય સૂચન કરે, આચાર્યની યોગ્ય સૂચનાઓનો બરાબર અમલ કરે, ગંભીર પેટના બને.

ભલે એ બાબતો મોટાભાગે શાસ્ત્રીયપદાર્થો અંગેની નહિ, પણ તે તે ચોક્કસ નિર્ણયો લેવા અંગેની જ હોય છે, પણ છતાં એવી બાબતોમાં જેમ શ્રાવકોની ગંભીરતા જોવા મળે છે, એમ એવા શાસ્ત્રીય ગહન પદાર્થો માટે પણ તેઓની પાત્રતા સંભવી તો શકે જ છે.

ખરી વાત તો એ છે કે આજે આવા શ્રાવકોની ખૂબ જ જરૂર છે. આજની જે રીતની સંઘની હાલત છે, એ જોતા તો ભારે ખેદ થાય. કોઈપણ સંઘમાં ટ્રસ્ટી કોણ હોય ? તો ચોક્ખું જોવા મળે કે જે શ્રીમંત હોય, તે ટ્રસ્ટી ! જેણે મોટું દાન આપ્યું હોય, તે ટ્રસ્ટી ! દેરાસર-ઉપાશ્રયમાં ઘણો લાભ લીધો હોય તે ટ્રસ્ટી ! જેની સત્તા-ધાક-આવડત ઘણી હોય તે ટ્રસ્ટી !

સંઘના તે તે કાર્યો માટે આ બધું જરૂરી છે, એની ના નથી, પણ આ જ મુખ્ય બની જાય અને બીજા બધા ગુણો સાવ ગૌણ બની જાય એ તો ન જ ચાલે ને ?

ટ્રસ્ટીએ પ્રવચનમાં હાજર રહીને જિનાજ્ઞાઓ જાણવાની જરૂર નહિ...

ટ્રસ્ટી રાત્રે ખાય, અભક્ષ્ય ખાય, ચિક્કાર આરંભ-સમારંભ કરે એ બધું ચાલે...

ટ્રસ્ટીને આરાધના સાથે કોઈ નિસ્બત નહિ અને માટે જ દેરાસર-ઉપાશ્રયના આરાધકોને આરાધનામાં શું મુશ્કેલી પડે છે ? એ જાણવાની પણ એને ફુરસદ નહિ...

શું આપણી પાસે એવું કોઈ બંધારણ ખરું કે

→ રાત્રિભોજન, અભક્ષ્ય-અનંતકાય, ટી.વી.-સિનેમાના જે ત્યાગી હોય,

→ નિત્ય અષ્ટપ્રકારી પૂજા કરતા હોય,

→ રોજ એકાદ કલાક જિનવચનનું શ્રવણ/વાંચન/મનન કરતા હોય

→ નિત્ય એક સામાયિક અને સવાર-સાંજ પ્રતિક્રમણ કરતા હોય

→ પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ હોય.

ઓછામાં ઓછા આટલા આચારો જે પાળે, એ જ ટ્રસ્ટી બની શકે.

સંયમીઓ સંપત્તિમાનને બદલે આરાધકોને મહત્ત્વ આપે, એ ખૂબ જરૂરી છે.

આજે જાહેરમાં બહુમાન મોટાભાગે કોના થાય ? જે પૈસા ખર્ચે એના જ ને ? વધારે મહત્ત્વ કોને અપાય ? જે દાનવીરો હોય એમને જ ને ? શીલ, તપ અને ભાવના આરાધકોનો મહિમા કેટલો ગવાય ? હવે હજારો - લાખો જૈનો આ રીતે ધનનું જ મહત્ત્વ જુએ, એટલે તેઓ પણ એ જ તરફ આકર્ષાય એ સ્વાભાવિક છે. 'હું પણ પૈસા કમાઉં, અને આ ધર્મકાર્યો કરું...' એમ ભાવના એને થવાની. એ બધાને એમાં જ સૌથી મોટો ધર્મ દેખાશે. શીલ, તપ, ભાવમાં નહિ.

હા ! આજે જયાં જયાં શીલવાનના, તપસ્વીના, ભાવનાશીલ જીવોના બહુમાન થાય છે, ત્યાં ત્યાં એનો મહિમા પણ વધવા તો માંડ્યો જ છે, પણ એની ટકાવારી એકંદરે ઘણી ઓછી છે.

આજે તો શ્રાવકોનું જ્ઞાનસ્તર તપાસીએ, તો ભારે આઘાત લાગે. એ કહેવાતા જૈનોને જૈનત્વના પાયાનું પણ જ્ઞાન નથી. ઘોર અજ્ઞાનતા ! જૈનેતરો જેવી મુગ્ધતા - મૂઢતા ! સ્યાદ્વાદબોધનો સરિયામ અભાવ !

શ્રાવકો અજ્ઞાની, એટલે સંમયમીઓને પણ હવે જ્ઞાનાભ્યાસ નકામો લાગવા માંડ્યો. એ અજ્ઞાની સામે તો બે-પાંચ પુસ્તકોનો મસાલો ભેગો કરીને પીરસો, તો ય ચાલી રહે ને ? છાપામાંથી કે મેગેઝીનોમાંથી બે-ચાર નવી ઘટનાઓ કહી દો, તો પણ ચાલી રહે ને ? આમાં ક્યાં શાસ્ત્રાભ્યાસની જરૂર પડવાની ? કયા શ્રાવકો હવે ગૂઢ પ્રશ્નો પુછવા આવે છે ? કોણે આપણને ગહન સ્તવનાદિના અર્થો સમજાવવાની વિનંતિ કરી ? આનંદઘનજીના પદો લઈને કોણ આપણી પાસે જિજ્ઞાસાથી આવ્યું ? ચોમાસામાં રોજ આપણી પાસે અભ્યાસ કરનારા, કમસેકમ એક કલાક નક્કર પદાર્થો ભણનારા કેટલા ?

વ્યાખ્યાનમાં મોડા આવવું, માત્ર સાંભળવું, આગળ-પાછળ કશી જ મહેનત નહિ... આવું જ મોટાભાગે જોવા મળે ને ? પુછો તો ખરા એ ગૃહસ્થોને ! કે આવું સ્કુલમાં ચાલે ખરું ? સ્કુલમાં મોડા જઈએ તો ચાલે ? લેશન ન કરીએ તો ચાલે ? મહેનત ન કરીએ તો ચાલે ?

સંયમીઓને ખાસ પ્રેરણા છે કે તેઓ વિશિષ્ટ કોટિના શ્રાવકોને તૈયાર કરે, જેઓ ગૂઢ પદાર્થોને પચાવવાની પાચનશક્તિના માલિક હોય, એવા શ્રાવકોને તૈયાર કરે. પ્રભુદાસ બેચરદાસ પારેખ, અરવિંદભાઈ પારેખ, સુરતના જગદીશભાઈ પંડિતજી, અમદાવાદના વસંતભાઈ પંડિતજી, પાટણના ચન્દ્રકાન્તભાઈ પંડિતજી... વગેરે વગેરે

જુની પેઢીના વિશિષ્ટશ્રાવકો વર્તમાનમાં પણ નવા તૈયાર થાય એની ખાસ જરૂર છે.

– x – x –

શિષ્ય : ચાલો, શ્રાવકોને ગૂઢપદાર્થો કહેવાની પણ સંમતિ આપીએ, પરંતુ અત્યારે હદ તો એ થાય છે કે સાધુઓ જુના ગ્રન્થોનું વર્ણન કરવાને બદલે નવા નવા ગ્રન્થો બનાવે છે, સ્તવનો અને સજ્ઝાયો બનાવે છે. અરે ભાઈ ! આપણા મહાપુરુષે બનાવેલા ગ્રન્થોમાં શું કોઈ ખામી છે ? કે હવે આપણે નવા ગ્રન્થો બનાવવાના ? આપણે વળી એમના કરતા વધારે શું કહેવાના હતા ? શું કોઈ ભૂલ છે, એ જુના ગ્રન્થોમાં ? કે જેથી આપણે નવા ગ્રન્થો બનાવવા પડે. આ તો નકરો અહંકાર છે. પ્રાચીન શ્રુતજ્ઞાનની આશાતના છે. પ્રાચીન શ્રુત જ એટલું બધું વિશાળ છે કે એ ભણીએ-ભણાવીએ, તો ય જીવનના અંત સુધી નવરા ન પડીએ, તો એમાં વળી આ નવા ગ્રન્થો વગેરે બનાવીને આપણે શું ફાયદો મેળવશું ?

ગુરૂ : વાહ રે વાહ ! તું તો ગમે તે કરીને ભૂલો જ કાઢે છે.

ગાથા : **કોઈ કહે નવી શી જોડી, શ્રુતમાં નહિ કાંઈ ખોડી,**
**તે મિથ્યા ઉદ્ધૃતભાવા, શ્રુત જલધિ પ્રવેશે નાવા.**
**સુણજો... ।।૧૧।।**

ગાથાર્થ : કોઈક કહે છે કે "નવી જોડીની = નવા ગ્રન્થોની શું જરૂર છે ? શ્રુતજ્ઞાનમાં કંઈ જ ખોટ નથી." પણ આ વાત ખોટી છે. કેમકે શ્રુતમાંથી ઉદ્ધાર કરેલા પદાર્થો શ્રુતસમુદ્રમાં પ્રવેશ કરવા માટે નાવડી સમાન છે.

ભાવાર્થ : નવા ગ્રન્થો - સ્તવનો - સજ્ઝાયો વગેરે જે કંઈપણ બનાવવામાં આવે છે, તેમાં એવો કોઈ જ અહંકારભાવ નથી કે "જુના ગ્રન્થો બરાબર નથી. અથવા તો એમાં હજી ઘણી ઉણપ છે અથવા તો મારા ચિંતનો અતિ-અતિ અદ્ભુત છે, એ જુના ગ્રન્થોમાં નથી, માટે નવી રચના કરું છું." હા ! એવું હોય તો એ રચના ખોટી.

શિષ્ય : તો પછી કયા આશયથી નવી રચનાઓ કરવામાં આવે છે ?

ગુરૂ : એના ઘણા કારણો છે.

(૧) કોઈ નવું પીક્ચર બહાર પડવાનું હોય, તો પહેલા એનો પ્રચાર કરવા માટે ટી.વી. ઉપર એ પીક્ચરના મહત્ત્વના દૃશ્યો (ટ્રેલર) બતાવવામાં આવે એનાથી પ્રેક્ષકોને આખું પીક્ચર જોવાનું મન થાય.

એમ આ નવી રચનાઓ જોઈને બધાને ઈચ્છા થાય કે 'જો આ રચનાઓ આટલી બધી સરસ છે, તો જે મૂળ ગ્રન્થોમાંથી આ રચનાના પદાર્થો ઉદ્ધારવામાં આવ્યા હશે,

એ રચના તો કેટલી બધી અદ્ભુત હશે. ચાલો, આપણે એ પણ વાંચીએ.' અને એ રીતે બધાને મૂળગ્રન્થો ભણવાનું મન થાય.

ટુંકમાં નવા ગ્રન્થો પ્રાચીનગ્રન્થોનો જ પ્રચાર-પ્રસાર કરનારા સાધનો છે.

(૨) કોઈએ સી.એ. બનવું હોય, એના ક્લાસીસમાં જવું હોય, તો પહેલા કમસેકમ એસ.એસ.સી.નો અભ્યાસ તો થવો જ જોઈએ ને ? ગણિત વગેરેનો બોધ તો હોવો જ જોઈએ ને ? જેની પાસે એ ન હોય, એ સી.એ. ભણવા જાય, તો બિચારો નાપાસ થાય. સી.એ.નો અભ્યાસ ઉચ્ચસ્તરનો છે, એટલે પ્રાથમિક અભ્યાસ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી એ અભ્યાસમાં સફળતા ન મળે, એ સ્વાભાવિક છે.

હવે સી.એ. માટેની પાત્રતા પ્રગટાવી આપવા જે કંઈ પૂર્વે અભ્યાસ કરાવવામાં આવે, એ કંઈ સી.એ.ના અભ્યાસને તોડવા માટે નથી, પણ એમાં જોડવા માટે જ છે.

આ જ વાત પ્રસ્તુતમાં પણ વિચારવી.

પ્રાચીનગ્રન્થો = આગમગ્રન્થો અતિગહન છે, એટલે જો કોઈ સીધો જ એનો અભ્યાસ કરવા જાય, તો કાં તો એને કંઈ સમજાય જ નહિ, કાં તો ઉંધુ સમજાય, કાં તો ઓછું સમજાય... આવું કંઈ જ ન થાય, એ માટે એનું ઘડતર જરૂરી છે. એ ઘડતર માટે જ આ નવા ગ્રન્થો અત્યંત ઉપયોગી બની રહે છે.

જેમ ન્યાયના ગ્રન્થોમાં સીધું જ સિદ્ધાન્તલક્ષણ ભણવા માંડીએ, તો કશી ખબર ન પડે એટલે પ્રથમ બે બુક વગેરે કરવું પડે, પછી ન્યાયભૂમિકા / તર્કસંગ્રહનો અભ્યાસ કરવો પડે, એ પછી મુક્તાવલિ થાય, ત્યારે વળી વ્યાપ્તિપંચક અને તે પછી સિદ્ધાન્તલક્ષણ ગ્રન્થ ભણવા માટેની શક્તિ-સામર્થ્ય પ્રગટ થાય.

વિશાળ સમુદ્રમાં પ્રવેશ કરવા માટે, તરવા માટે જેમ વહાણની જરૂર છે = નાની હોડીની જરૂર છે... એમ વિશાળ આગમગ્રન્થોમાં પ્રવેશ કરવા માટે આ નૂતન ગ્રન્થોની જરૂર છે.

(૩) તે તે કાળના ગીતાર્થોને તે તે કાળની પરિસ્થિતિના આધારે જ્યારે જ્યારે એવું લાગ્યું કે "આ જીવો એ પ્રાચીન ગ્રન્થો માટે અધિકારી નથી. એમની એટલી પાત્રતા નથી. એટલે એ ગ્રન્થો આખાને આખા તો એમને ભણાવી શકાય એમ નથી. પરંતુ એ જીવો સાવ જ અપાત્ર પણ નથી. જો આ પ્રાચીનગ્રન્થોના અમુક અમુક પદાર્થો એમને આપવામાં આવે, તો ચોક્કસ એમને લાભ થાય..." ત્યારે ત્યારે તેઓએ નવી રચનાઓ કરીને વિશ્વને ભેટમાં આપી.

દા.ત. સાધ્વીજી વગેરેને દૃષ્ટિવાદ ભણાવવામાં નથી અપાતું, છતાં એ ગ્રન્થના ઘણા ઉપયોગી પદાર્થો એમને આપવા જરૂરી હોવાથી શ્રીભદ્રબાહુસ્વામી મહારાજાએ

ઓઘનિર્યુક્તિ વગેરે ગ્રન્થોની રચના કરી.

એમ નિશીથ-બૃહત્કલ્પ વગેરે ગ્રન્થોનો અભ્યાસ પણ સાધ્વીજીઓને અને અપરિણતાદિ સાધુઓને નિષિદ્ધ છે, છતાં એમાંના ઉપયોગી પદાર્થો તો તેઓને આપવાના જ છે, અને એ વાત શાસ્ત્રોમાં જ કરેલી છે.

(૪) તે તે જીવો સુપાત્ર હોય, પણ આગમાદિ ભણવાનું સામર્થ્ય-સમય-અનુકૂળતા ન હોય, તો આવા વખતે પણ એમના હિત માટે નવા ગ્રન્થો વગેરેની રચના થતી હોય છે.

દા.ત. છેલ્લા પાંચસો વર્ષથી જ ગુજરાતી - હિન્દી ભાષામાં સ્તવન-સજ્ઝાયોની રચનાઓ જોવા મળે છે. કોઈપણ ગુજરાતી-હિન્દી રચના પ્રાયઃ પાંચસો વર્ષ જુની નથી દેખાતી, આનું કારણ શું ? એ વિચારતા એમ જણાય છે કે જૈનપ્રજામાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન ઘણું ઘણું ઘટી ગયું હશે, અને એટલે જ તે ભાષાના ગ્રન્થોનું અધ્યયન એમને લગભગ અશક્ય બન્યું હશે, એટલે જ આગમોના અદ્ભુત પદાર્થો એમના માટે દુર્લભ બન્યા હશે... તેઓ અણમોલ માનવભવ હારી ન બેસે, એ માટે જ આ ઉપાય વિચારાયો હશે અને લોકો સમજી શકે એ ભાષામાં બધી રચના કરવામાં આવી હશે, અને આજે પણ સ્પષ્ટ દેખાય છે કે લાખો જૈનોમાંથી સંસ્કૃતાદિનો ઉપયોગ કરનારા ૦.૧% માં પણ ન આવે, અને ગુજરાતી વગેરેનો ઉપયોગ કરનારાઓ ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે. અરે, વિદ્વાન સાધુ-સાધ્વી ભગવંતો પણ દેરાસરમાં એ ગુજરાતી સ્તવનો વગેરેનો જ ચિક્કાર ઉપયોગ કરે છે ને ?

આમ નવી રચનાઓ પાછળનો એક આશય આ પણ હોય છે કે જેઓ જુની રચનાઓ પામવા અસમર્થ હોય, એમને નવી રચનાઓ દ્વારા જ આત્મહિત શક્ય હોવાથી નવી રચનાઓ કરવી.

આવા બીજા પણ કારણો વિચારી શકાય છે.

આજે ઉત્તમ મહાત્માઓ નવા પુસ્તકો લખે છે, એ પાછળ પણ આવા જ કોઈક કારણો વિચારી લેવા. કોઈક તાત્ત્વિક પુસ્તકો લખે, કોઈક પ્રભુભક્તિ માટેના લખે, કોઈક શ્રાવકોને ઉચિત લખે, કોઈક વળી કૌટુંબિક પુસ્તકો પણ લખે કે જેથી લોકો કુટુંબની સમાધિ દ્વારા સારી રીતે ધર્મ કરી શકે, કોઈક વળી માર્ગાનુસારીના ગુણોનું વર્ણન કરનારા પુસ્તકો પણ લખે... આમ અનેક વિષયો પર નૂતન રચનાઓ થાય છે, અને એ તે તે જીવોને માટે ઉપયોગી પણ બને છે, માટે એમાં કોઈ દોષ નથી.

બીજી એક વાત –

શ્રીપંચાશકગ્રન્થની પૂ.આ.મુનિચન્દ્રસૂરિજીકૃત ટીકામાં પ્રથમ ગાથાના વિવેચનમાં

પ્રશ્નોત્તરી રૂપે નીચે પ્રમાણે વર્ણન આવે છે કે

<u>પ્રશ્ન :</u> શ્રાવકધર્મ તો પૂ.ઉમાસ્વાતિ મ.એ શ્રાવકધર્મપ્રજ્ઞપ્તિગ્રન્થમાં બતાવી જ દીધો છે, તો પછી પૂ.આ.હરિભદ્રસૂરિજી એ જ કેમ પાછો બતાવી રહ્યા છે ?

<u>ઉત્તર :</u> ત્યાં શ્રાવકધર્મનું રહસ્ય સ્પષ્ટ બતાવવામાં આવ્યું નથી, એટલે એ રહસ્યને સ્પષ્ટ રીતે બતાવવા માટે આ ગ્રન્થ રચવામાં આવ્યો છે.

આ રહ્યો એ પાઠ

**अयमभिप्रायः पूर्वाचार्यैर्गम्भीरोक्त्याऽभिहितानां व्रतातिचारादीनामर्थानां यन्मन्दबुद्धिशिष्यवर्गस्य दुरवसेयमैदम्पर्यं, तेन सङ्गतं तं भणिष्यामि ।**

પૂર્વાચાર્યોએ વ્રતના અતિચાર વગેરે પદાર્થો ગંભીર વચનો વડે કહેલા છે. (એટલે કે એકદમ સ્પષ્ટ નથી કહ્યા,) એ અર્થોનું રહસ્ય મંદબુદ્ધિવાળો શિષ્યવર્ગ સમજી શકે એમ નથી. માટે એ રહસ્યથી યુક્ત એવો આ ગ્રન્થ અમે કહીશું.

અરે ! આગળ ત્યાં આવું પણ કહેવામાં આવ્યું છે કે -

**अनेनाऽप्यत्र ग्रन्थान्तरत्यागेन श्रोतॄणां प्रवृत्तिरापादिता ।**

આ વિશેષણ દ્વારા પણ શ્રોતાઓની અન્યગ્રન્થોના ત્યાગ વડે આ ગ્રન્થમાં પ્રવૃત્તિ આપાદિત કરાઈ છે.

આશય એ છે કે આ વિશેષણ વાંચીને શ્રોતાઓ વિચારશે જ કે "અન્ય ગ્રન્થોમાં પણ શ્રાવકધર્મ છે, અહીં પણ છે. પણ આમાં રહસ્ય પણ બતાવેલું છે. માટે આપણે અન્યગ્રન્થો છોડીને આ જ ભણીએ."

વિચારો કે શ્રોતાઓ પ્રાચીન ગ્રન્થો પણ ન વાંચે અને પોતાનો આ ગ્રન્થ વાંચે, એ માટે આચાર્યશ્રી આવું નિરૂપણ કરે, અને છતાં તેઓ લેશપણ દોષપાત્ર ન જ ગણાય. કેમકે એમનો અધ્યવસાય નિર્મળ છે,... બસ આ જ હકીકત બધે વિચારવી જોઈએ.

– x – x –

<u>ગાથા :</u> <u>પૂરવસૂરિએ કીધી, તેણે જો નવિ કરવી સિદ્ધિ,</u>
<u>તો સર્વે કીધો ધર્મ, નવિ કરવો જોયો મર્મ.</u>
<u>સુણજો...।।૧૨।।</u>

<u>ગાથાર્થ :</u> 'પૂર્વાચાર્યે રચનાઓ કરી છે, માટે નવી રચનાઓ ન કરવી' એવું જો સિદ્ધ થતું હોય, તો તો બધાએ બધો જ ધર્મ કરેલો છે, એ ધર્મ પણ હવે ન કરવો જોઈએ, એવો અર્થ થયો.

ભાવાર્થ : હું એક પ્રશ્ન પુછું ? તું માસક્ષમણાદિ તપ શા માટે કરે છે ? એ તપ તો પૂર્વના કાળમાં લાખો-કરોડો લોકો ઘણા વધારે પ્રમાણમાં પણ કરી જ ચુક્યા છે.

તું. શા માટે ગાથાઓ ગોખે છે ? પૂર્વે હજારો - લાખો લોકોએ તારા કરતા ય વધુ ગાથાઓ ગોખી જ છે ?

તું શા માટે વૈયાવચ્ચાદિ કરે છે ? એ બધું પણ પહેલા થઈ જ ચુક્યું છે.

શિષ્ય : પહેલા જેમણે જે કર્યું, તેમને તેનો લાભ મળે, એમાં મને શું લાભ મળે ? પ્રભુવીરના તપથી મને થોડું જ કૈવલ્ય મળવાનું છે ? બાહુબલિની વૈયાવચ્ચથી મને થોડું જ પુણ્ય બંધાવાનું છે ? કુરગડુની ક્ષમાથી મારા કર્મો થોડા જ ખતમ થવાના છે ?

જે હું કરું એનું ફળ મને મળે, મેં ન કર્યું હોય, એનું ફળ મને ન મળે.

ગુરૂ : એકદમ સાચી વાત ! તો હવે તું બોલ કે નવા શાસ્ત્રો વગેરેની રચના શું માત્ર પરકલ્યાણ માટે જ છે ? કે એમાં સ્વકલ્યાણનો પણ આશય છે ? દરેક ગ્રન્થની શરુઆતમાં કહેવામાં આવે છે કે ગ્રન્થકર્તાનું અનંતર પ્રયોજન અને પરંપર પ્રયોજન એમ બે પ્રયોજનો છે. એમાં પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ જ હોય છે ને ?

હવે પ્રાચીન પુરુષોએ ગ્રન્થો રચ્યા છે, તો એનું ફળ નિર્જરા-મોક્ષ વગેરે એમને જ મળે ને ? એ આપણને શી રીતે મળે ?

ગ્રન્થરચનાથી મળનારું ફળ જો આપણે ઈચ્છતા હોઈએ, તો આપણે જ સ્વયં ગ્રન્થરચના કરવી પડે ને ?

એટલે સાર એ આવ્યો કે પ્રાચીન જીવોએ તપાદિ કર્યા હોવા છતાં જેમ આપણે આપણા હિત માટે તપાદિ કરીએ છીએ, તેમ પ્રાચીન પુરુષોએ ગ્રન્થાદિ રચ્યા હોવા છતાં આપણે આપણા હિત માટે નવી રચનાઓ કરી શકાય.

— x — x —

શિષ્ય : તમારી વાત સાચી. પણ તપ કરવા માટે વૈરાગ્ય, શારીરિકશક્તિ વગેરે પાત્રતાની જરૂર છે. દીક્ષા લેવા માટે પણ વૈરાગ્ય, પંચમહાવ્રતપાલનની ક્ષમતા વગેરે વગેરે પાત્રતાની જરૂર છે. વૈયાવચ્ચ કરવા માટે પણ ઓઘનિર્યુક્તિમાં બતાવેલા અનેક ગુણો રૂપી પાત્રતા હોવી જરૂરી છે. તો એ જ રીતે ગ્રન્થો-સ્તવનો-સજ્ઝાયો બનાવવા માટે પણ કોઈક પાત્રતા તો નક્કી હોવી જોઈએ ને ?

જો અપાત્રજીવો રચના કરશે, તો તેઓ ઉત્સૂત્ર લખી નાંખશે, અથવા તો તે તે કાળે, તે તે જીવોને નુકસાનકારી વસ્તુ લખી નાંખશે. શાસ્ત્રની પણ બધી વાત તો પ્રગટ કરવાની હોતી નથી જ ને ? પણ એ વિવેક ન રહેવાથી ભારે અનર્થ કરી બેસશે.

આજે ઘણા લોકો પોતાની મેળે ગીતો બનાવી દે છે. નવા પીક્ચરોના ગીતોની

તર્જના આધારે નવા નવા શબ્દો ગોઠવીને ભક્તિગીતો બનાવી દે, ભોળા લોકોને એ રાગ જલ્દી ગમી જાય, આવડી જાય... એ સ્વાભાવિક છે. એટલે પછી એ જ ગીતો સ્તવનાદિ રૂપે બોલાવા માંડે. આમ ધીરે ધીરે પ્રાચીન સ્તવનાદિનો વિચ્છેદ થતો જોવા મળે જ છે. પ્રાચીનસ્તવનાદિના રાગ ન આવડે, અઘરા શબ્દોના હિસાબે અર્થ ન આવડે, એટલે એ સ્તવનો ન ગમે એ સ્વાભાવિક છે. એવું જ બનવાનું જુના-નવા ગ્રન્થોમાં !

ચોક્કસ, જે જુનું એ જ સારું અને એ સારું જ ! એવો એકાંત નથી. નવું પણ સારું હોઈ શકે છે, વધારે સારું હોઈ શકે છે. દા.ત. આનંદઘનજી વગેરે મહાત્માઓના ૩૦૦ વર્ષ જુના સ્તવનાદિ એ ૫૦૦-૧૦૦૦ વર્ષ જુની રચનાઓ કરતા વધુ આદેય બન્યા જ છે, અને એનો કોઈ વિરોધ પણ નથી કરતું. એમ આજે કોઈકની રચના એ પ્રાચીન રચનાઓ કરતા વધુ ઉપયોગી, વધુ સ્વીકાર્ય બને તો એનો વિરોધ ન જ કરાય. પણ ગમે તેવા માણસોની ગમે તેવી રચનાઓ પણ માત્ર રાગાદિના કારણે સર્વવ્યાપી બનવા માંડે અને એટલે અત્યંત ઉપયોગી રચનાઓ ખતમ થવા માંડે એ તો ન જ ચાલે ને ?

ગુરુ : આપણે નવી રચનાઓ કરવા માટેની પાત્રતાનો વિચાર કરી લઈએ.

ગાથા : પુરવ બુધને બહુ માને, નિજશક્તિ મારગ જ્ઞાને,
ગુરુકુલવાસીની જોડી, યુગતિ એહમાં નહીં ખોડી.
સુણજો...॥૧૩॥

ગાથાર્થ : પૂર્વના જ્ઞાની પુરુષોને બહુમાન આપતો હોય, પોતાની શક્તિ હોય, માર્ગનું જ્ઞાન હોય, ગુરૂકુલવાસ હોય... આવો આત્મા જે જોડે = રચના કરે, તેમાં ખોડ = ભૂલ ન હોય.

ભાવાર્થ : જે આત્મા (૧) પ્રાચીન મહાપુરુષો ઉપર અત્યંત સન્માન-બહુમાન-આદરભાવ ધરાવતો હોય.

(૨) ગ્રન્થની રચના કરવાની શક્તિ હોય, અને જેટલી શક્તિ હોય, એટલી જ રચના કરે, વધારે નહિ.

(૩) જૈનદર્શનના પદાર્થોનું જ્ઞાન હોય, મોક્ષમાર્ગ શું છે ? એની સમજણ હોય.

(૪) જે વર્ષો સુધી સદ્ગુરુ સાથે રહ્યો હોય, રહેતો હોય.

આવો આત્મા જે કોઈપણ શાસ્ત્રો, સ્તવનો, સજ્ઝાયો બનાવે... એ બધું બેધડક બનીને સ્વીકારી શકાય, કેમકે એમાં દોષની સંભાવના નથી.

આ આપણે સામાન્યથી વિચારણા કરી.

હવે આ ચારેય ગુણો ઉપર જરાક ઉંડાણથી ચિંતન કરીએ.

(૧) પૂર્વબુધ બહુમાન : જેમ જેમ શાસ્ત્રાભ્યાસ કરતા જઈએ, તેમ તેમ બુદ્ધિનો વિકાસ થતો જાય. ઘણા બધા ચિંતનો નવા નવા સ્ફુરે... એ ચિંતનો સીધેસીધા તો શાસ્ત્રમાં ન પણ હોય, અને એટલે જ આપણને એ આપણા ચિંતનો ઉપર મમત્વભાવ પણ પેદા થાય. એ પછી 'હું એક મહાન ચિંતક છું' એવો અહંકાર પણ પ્રગટે. લોકો પણ આપણા અમુક ચિંતનોના વખાણ કરી એ મમત્વ અને અહંભાવને પોષે. આ પરિસ્થિતિમાં હવે જો એવું બને કે આપણું ચિંતન શાસ્ત્રથી વિપરીત જતું હોય, અને કોઈક એ તરફ આંગળી પણ કરે, ત્યારે એનો સ્વીકાર કરવો ભારે પડી જાય.

આવા વખતે આ ગુણ અત્યંત ઉપયોગી બને છે. જેને પૂર્વગીતાર્થો ઉપર બહુમાન હોય, એ ક્યારેય એમના વચનોને ઉત્થાપશે નહિ. એમના પદાર્થો કરતા જો પોતાનું ચિંતન વિપરીત - વિરોધી હશે, તો એને રદ કરશે, પ્રરૂપશે નહિ, લખશે નહિ, પાછું ખેંચશે, ક્ષમા માંગશે. આ રીતે ઉત્સૂત્રપ્રરૂપણા નામના મોટા પાપમાંથી બચી જશે.

પણ જો આ ગુણ નહિ હોય, તો પ્રાચીનપુરુષોને ખોટા કહેવા સુધીની નીચતા પણ આ મહાન (!) ચિંતક આચરી બેસશે.

અમદાવાદમાં એક મુનિને વર્ષો પૂર્વે મળવાનું થયું, વાતો વાતોમાં એમણે પ્રરૂપણા કરી કે 'ઈલેક્ટ્રીક સીટી અચિત્ત છે...' એ વખતે મેં કહ્યું કે 'જુઓ, વર્તમાનકાળની આ ઈલેક્ટ્રીક સીટી અને તેમાંથી ઉત્પન્ન થતો પ્રકાશ... આ સચિત્ત કે અચિત્ત ? એ બધા ઉપર મેં હજી ઝાઝું જ્ઞાન મેળવ્યું નથી. સામાચારી પ્રમાણે ચાલું છું. પણ એટલું તો પાકું કે જુના કાળના જે દીવો-ફાનસ વગેરે હતા, એ અને એનો પ્રકાશ તો સચિત્ત જ છે. કેમકે શ્રી યતિજીતકલ્પ ગ્રન્થ વગેરેમાં એની જયણા કરવાનું કહ્યું છે. એટલે કે 'એવા સ્થાનમાં ન રહેવું, રહેવું જ પડે તો આટલી આટલી કાળજી કરવી...' વગેરે વગેરે જણાવેલું છે.

મારી આ વાત સાંભળીને મુનિ બોલ્યા, 'એ પાઠ વિચારણીય છે. (અર્થાત્ એ પ્રામાણિક નથી.)'

બોલો, આવું પણ બની શકે છે ને ? હજારો વર્ષ જુના મહાપુરુષોને પણ ખોટા કહેવાનું દુ:સાહસ આપણે કરી શકીએ ખરાં, એમ ને ?

એક જણે મને કહ્યું કે "ચતુર્વિધસંઘ એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા... આ વાત ખોટી છે. ચતુર્વિધસંઘમાં શ્રાવક-શ્રાવિકા છે જ નહિ..."

મેં કહ્યું, "મહાનિશીથગ્રન્થમાં તો શ્રાવક-શ્રાવિકાને ચતુર્વિધસંઘમાં ગણ્યા

છે..." એ મને કહે "મહારાજ ! મહાનિશીથગ્રન્થ ક્યાં પ્રામાણિક છે ?"

બોલો, મહાનિશીથ આગમ અપ્રમાણિક કહેનારા પણ આજે છે.

અરે, પછી તો શ્રીઠાણાંગમૂલસૂત્રમાં અને શ્રીભગવતીજીમાં પણ ચતુર્વિધસંઘ તરીકે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનું વર્ણન વાંચ્યું, ત્યારે તો આ વાત વધુ દઢ થઈ. હવે શું મહાનિશીથની જેમ ઠાણાંગસૂત્રને અને શ્રીભગવતીજીને પણ આપણે અપ્રામાણિક કહેશું ?

આજે મુંબઈ નગરીના કેટલાક ધાર્મિક શ્રાદ્ધવર્યો પણ એમ માની રહ્યા છે કે "ફલાણા ભાઈ શ્રેણિકનો જીવ છે. એ નરકમાં નથી ગયા."

શું આ શ્રાદ્ધવર્યો કલિકાલસર્વજ્ઞને પણ ખોટા કહી દેશે ને ? કારણ કે એમણે તો પોતાના શાસ્ત્રમાં શ્રેણિકને નરકગામી કહ્યા જ છે.

અરે, આપણી ઉત્તમતા તો એવી હોય કે પ્રાચીન મહાપુરુષોના ગ્રન્થો વાંચીને, ભણીને જ આપણે શુદ્ધિ-શક્તિ વગેરે પામ્યા છીએ, તો એ મહાપુરુષો અનંત ઉપકારી લાગે જ. વારંવાર એમનું સ્મરણ થઈ જ જાય. વારંવાર એમની પ્રશંસા થઈ જ જાય. આંખોમાંથી હર્ષાશ્રુ પણ સરી પડે. આપણી જાત એ મહાપુરુષોની સામે તો સાવ સાવ સાવ તુચ્છ લાગે.

પ્રશમરતિકારે કહ્યું છે કે पूर्वपुरुषसिंहानां विज्ञानातिशयसागरानन्त्यम् । श्रुत्वा साम्प्रतपुरुषाः कथं स्वबुद्ध्या मदं यान्ति । પૂર્વપુરુષો સિંહ તુલ્ય છે, એમનો જ્ઞાનાતિશય સાગર જેવો અનંત છે. એ સાંભળ્યા બાદ વર્તમાનપુરુષો પોતાની બુદ્ધિનો અહંકાર શી રીતે કરી શકે ?

<u>શિષ્ય :</u> પ્રાચીન પુરુષોને ખોટા કહેવાનું દુઃસાહસ કરનારા તો ઓછા જોવા મળે છે. મોટા ભાગે તો બધાને એ પૂર્વજો તરફ બહુમાન હોય જ છે.

<u>ગુરુ :</u> હવે તને મોહરાજની એક ગંભીર ચાલ બતાવું.

ઉપર જે દૃષ્ટાન્તો આપ્યા, એમાં તો એ જીવો ખુલ્લંખુલ્લા જ પ્રાચીનપુરુષોને ખોટા કહેનારા જોવા મળે છે. એટલે એ તો સમજી શકાય છે.

પણ એક મોટી વિચિત્રતા એ છે કે

<u>પ્રાચીનપુરુષોને ખોટા ન કહેવા, ઘણા મહાન કહેવા... અને છતાં એમના તરફ બહુમાન ન હોવું... અને છતાં પોતાના આ દોષની ખબર સુદ્ધા પણ ન પડવી... આવું ય બની શકે છે.</u> અને આ કામ કરાવે છે કદાગ્રહ ! મિથ્યાત્વ ! સ્વમતરાગ !

<u>શિષ્ય :</u> આ કંઈ સમજણ ન પડી, તમે જરાક સ્પષ્ટ કરશો ?

<u>ગુરુ :</u> દીક્ષા લીધા બાદ શરુઆતના વર્ષોમાં આટલું ઘુંટાયું હોય કે

(૧) શાસ્ત્રકારોને કોઈપણ હિસાબે ખોટા ન જ કહેવાય, એ સાચા જ હોય.

(૨) જેણે જેણે શાસ્ત્રકારોને ખોટા કહ્યા હોય, તેઓ પુષ્કળ નિંદાપાત્ર બન્યા હોય, ફેંકાઈ ગયા હોય, મહાપાપી જાહેર થયા હોય... એ બધું વારંવાર દેખાયું હોય...

એટલે મન એટલું દઢ બની જાય કે આપણે પ્રાચીનગ્રન્થોને કે એમના કર્તાઓને ખોટા ન જ કહેવાય. જો કહેશું તો આપણું આવી જ બન્યું. આ જૈનસંઘ આપણને ક્યાંય ફેંકી દેશે, આપણી કાણી કોડી જેટલી પણ કિંમત નહિ રહે.

બીજી બાજુ પોતે સ્વચિંતનાદિથી નવો પદાર્થ વિચાર્યો, એ ખૂબ ગમી ગયો, એનો પ્રચાર પણ ઘણો કરી નાંખ્યો, અને શરુમાં ક્યાંય એનો શાસ્ત્રબાધ ન જણાયો. પણ એ પછી કાં તો પોતાને જ તે તે શાસ્ત્રો વાંચતા એવું લાગે કે 'અરે ! મેં જે અત્યાર સુધી પ્રરૂપણા કરી, પ્રચાર કર્યો. એના કરતા આ શાસ્ત્રવચન તો સાવ જુદી જ વાત કરે છે. મારી વાત ખોટી સાબિત થઈ રહી છે.'

અથવા તો બીજા કોઈ હિતચિંતકો શાસ્ત્રપાઠો મોકલીને ભૂલ દેખાડે કે 'મહાત્મન ! તમે અત્યાર સુધી જે કંઈપણ પ્રચાર-પ્રરૂપણા કરી છે, એ બધી જ ખોટી છે. જુઓ, આ રહ્યા શાસ્ત્રપાઠ !'

હવે જો આપણે આત્માર્થી હોઈએ, તો તો તરત ક્ષમાપના કરીએ, પ્રરૂપણા-પ્રચાર બંધ કરીએ, દા.ત. પૂ.આ.પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબે કમ્મપયડિવિષયમાં એક પ્રરૂપણા કરેલી, પણ વર્ષો બાદ એમને ખ્યાલ આવ્યો કે 'આ મારી પ્રરૂપણા ખોટી હતી.' તો એમણે તરત જ જાહેરમાં ક્ષમાપના માંગી હતી.

પણ જો આપણને અહંકાર સતાવે તો ? સ્વમાન ઘવાતું લાગે તો ? 'જે ચિંતનના કારણે હું મહાન ચિંતક તરીકે પંકાયો છું, એ જ ચિંતન ટુકડેટુકડા થઈ જતું મારાથી કેમ સ્વીકારાય' એવા એવા વિચારો આવે તો ?

તો પછી આપણે આપણી ભૂલ નહિ સ્વીકારીએ.

તો બીજી બાજુ શાસ્ત્રવચનોને ખોટા કહેવાની હિંમત પણ નહિ કરીએ...

તો હવે શું બને ? બેમાંથી એકને તો ખોટું માનવું જ પડે ને ? કાં તો આપણે ખોટા ! કાં તો આપણી વાત કરતા તદ્દન વિપરીત દેખાતું-જણાતું શાસ્ત્રવચન ખોટું !

આ વખતે જો આપણો જીવ અધમ હશે, કપટી હશે, મોહરાજને પરાધીન હશે, તો એ આશરો લેશે કપટનો !

એ શાસ્ત્રવચનોનો અર્થ આપણે ફેરવશું, મારી-મચડીને પણ આપણે કરેલા ચિંતન તરફ જ એ શાસ્ત્રવચનનો અર્થ ખેંચી જશું. એ મિયાં અને મહાદેવ જેવા બે વિપરીત

પદાર્થોને આપણે એક બનાવી દેશું. એના માટે જે કોઈ ઉથલપાથલ કરવી પડે, એ બધી જ કરશું. અને આમ પણ शब्दानामनेकार्थाः એ ન્યાય પ્રમાણે એક જ શાસ્ત્રવચનના અનેક અર્થો કરવા હોય તો કરી તો શકાય જ છે. એમાં જે અર્થ ખરેખર બિલકુલ ઈષ્ટ ન હોય, એવો અર્થ પણ કરી શકાય અને એના દ્વારા સ્વમતપોષણ કરી શકાય.

પેલો હજામ ! વિદ્વાનોની સભામાં પ્રવેશ કર્યો, જે પુછે એ બધાને કહે કે 'सकल शास्त्रपारगाम्यहं' બધાને થાય કે 'આપણે તો વ્યાકરણ, ન્યાયાદિ અમુક અમુક શાસ્ત્રમાં જ પારંગત છીએ, જ્યારે આ તો સકલ = બધા શાસ્ત્રોનો પાર પામેલો છે... મોટો પંડિત છે.'

પછી રાજાએ જ્યારે એને એની વિદ્વત્તા બતાવવા કહ્યું, ત્યારે હજામે થેલામાંથી હજામત કરવાનો અસ્ત્રો અને પાણી રાખવાનો કળશીયો બહાર કાઢ્યો. બધા આશ્ચર્ય પામ્યા, 'આ શું ?'

પેલો કહે 'सकलश-अस्त्रपारगाम्यहं' 'કળશ સાથેનો જે અસ્ત્રો, એમાં હું પાર પામેલો છું, એટલે કે હજામત કરવામાં હોંશિયાર છું.'

હવે જુઓ.

આ એક જ વાક્યના બંને અર્થો થઈ જ શકે છે. છતાં બધા કયો અર્થ સમજે છે ? પહેલો જ ને ? આમ હોવા છતાં બીજી-ત્રીજી રીતે અર્થો કરવામાં આવે, અને એ રીતે લોકો સાથે છેતરપીંડી કરવામાં આવે, તો એ યોગ્ય ગણાશે ખરું ?

બસ, આવું જ બને છે. આ શાસ્ત્રવચનોની બાબતમાં !

અને હવે ખરું કહું ? એકદમ તટસ્થભાવે આપણે સૌએ વિચારવાની જરૂર છે કે આપણે આવી જ કોઈક ગંભીર ભૂલનો ભોગ તો નથી બની રહ્યા ને ?

કોણ સાચું ? કોણ ખોટું ?એ ચર્ચા અહીં નથી કરવી. સેંકડો વર્ષોથી એ બધી ચર્ચાઓ ચાલી જ રહી છે, છતાં અંત ક્યાં આવ્યો છે ? અંત ક્યાં દેખાય છે ? બધાને એમ જ લાગે છે કે 'અમે સાચા છીએ. અમે જ સાચું સમજીએ છીએ...' અને એટલે મતભેદો ય વધતા જ જાય છે.

અહીં તો એટલી જ વાત કરવી છે કે આપણે બધાએ આપણી જાતનું જ નિરીક્ષણ કરવું છે કે શું હું કોઈક ભૂલનો ભોગ બન્યો નથી ને ? મેં મારા મતને સાચો સાબિત કરવા શાસ્ત્રવચનોને ખેંચ્યા નથી ને ? મરડ્યા નથી ને ? કુતર્કોની જાળમાં હું ફસાયો નથી ને ? મેં બીજાઓને પણ કુતર્કોની જાળમાં ફસાવ્યા નથી ને ?

મહાપુરુષોએ કહ્યું છે કે आग्रही बत निनीषति युक्तिं तत्र, यत्र मतिरेति निवेशम् । જે કદાગ્રહી માણસ છે, તે ત્યાં જ યુક્તિને = તર્કને (તર્ક દ્વારા શાસ્ત્રવચનને) ખેંચી જાય

છે, જ્યાં એની બુદ્ધિ દૃઢ બની ચુકી હોય.

આજે જે જે મતભેદો ચાલે છે, તે બધામાં તે તે પક્ષ તરફથી જે જે શાસ્ત્રપાઠો અપાય છે, એ શાસ્ત્રપાઠો તો લગભગ બંને પક્ષો માન્ય કરતા જ હોય છે. કોઈ પક્ષે એમ નથી કહ્યું કે 'સામેવાળાએ આપેલો શાસ્ત્રપાઠ ખોટો છે...' છતાં મતભેદનો અંત કેમ નથી ? કારણ કે એ ઉભયપક્ષને માન્ય શાસ્ત્રપાઠનો જે અર્થ કરવામાં આવે છે, તે બંને પક્ષે જુદી જુદી જ રીતે કરાય છે. આવું શ્વેતાંબર-દિગંબરોના મતભેદથી માંડીને લગભગ તમામ મતભેદમાં સમજી લેવું. અનેકાન્તવાદને સાચો માનનારાઓમાં જ આટલો બધો મતભેદ એ કેટલું મોટું આશ્ચર્ય છે ને ?

હું મારો જ જાત-અનુભવ કહું... શાસ્ત્રાભ્યાસ કરાવતી વખતે કેટલીક વખત એવું બન્યું છે કે અતિ અઘરી પંક્તિઓ ઘણી બધી મહેનત બાદ પણ કોઈને ન બેઠી હોય, અને પછી મેં મહેનત કરીને બેસાડી હોય, અને મેં જે પદાર્થ બેસાડ્યો હોય, એ સાચો જ છે... એ માટેના બે-ચાર તર્કો પણ મળી ગયા હોય... વિદ્યાર્થી સાધુઓ ત્યારે આફરીન પોકારી ગયા હોય... "સાહેબજી ! શું આપનો ક્ષયોપશમ છે. કેવું જબરદસ્ત બેસાડી દીધું." અને એ વખતે ખૂબ આનંદ થયો હોય. પણ ત્યારે જ કોઈક હોંશિયાર વિદ્યાર્થીએ ચિંતન કરતા કરતા મારા પદાર્થમાં ભૂલ દેખાડી હોય, એણે તો સહજભાવે જ કહ્યું હોય... પણ મને એની વાત પરથી ખ્યાલ આવી જાય કે "ના ! મારો પદાર્થ ખોટો છે, એ સુધારવો પડશે..."

એ ખ્યાલ આવવા છતાં એનો સ્વીકાર ખૂબ જ આકરો પડતો, મન બેચેન બની જતું. જો થોડીક પણ બચાવ કરવાની તક મળે, તો કરી જ લેતો. વિદ્યાગુરુની સત્તાના નાતે વિદ્યાર્થીને દબાવી પણ દેતો, અથવા 'આવો અર્થ પણ થઈ શકે...' એમ મરીચિની જેમ સ્વપક્ષ અને પરપક્ષ બંનેને સાચા કહેવા દ્વારા સ્વપક્ષને ખોટો હોવા છતાં ય સાચા તરીકે ઉભો રાખતો....

પણ જ્યારે કોઈપણ પ્રકારનો બચાવ થઈ જ ન શકે, એવી પરિસ્થિતિ ઉભી થતી, ત્યારે મોઢું પડી જતું... એ વખતે મારી પરીક્ષા થતી. મારી ભૂલ સ્વીકારવી ? કે નહિ ?... બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહીશ કે હું હાર્યો પણ છું અને જીત્યો પણ છું. ક્યારેક વિદ્યાર્થીની પ્રશંસા કરીને મારી ભૂલ સ્વીકારી છે. અને ત્યારે 'હું હળુકર્મી છું' એવી પ્રતીતિ થવાથી અત્યંત આનંદ પણ આવ્યો છે. પણ ક્યારેક અભિમાન વધુ બળવાન બન્યું છે, એ વખતે મેં કુતર્કો દ્વારા, સત્તાનો ઉપયોગ કરવા દ્વારા, અવાજ મોટો કરવા દ્વારા, આવેશ કરવા દ્વારા વિજય (!) મેળવ્યો છે. ચતુર વિદ્યાર્થીઓ એ વખતે સમય પારખીને મૌન સ્વીકારીને આગળ ધપી ગયા છે... પણ

એ મારી ભૂલ હતી. એ એક હજાર ટકા સાચી વાત છે.

હવે યાદ આવે છે, પૂજ્યપાદ ગુરુદેવશ્રીની હિતશિક્ષા ! "ગુણહંસ ! ભણાવતી વખતે પદાર્થ ન બેસે, ઓછો બેસે, બેસાડેલો પદાર્થ પાછળથી ખોટો સાબિત થાય... તો એ બધું જ સ્વીકારી લેજે. બચાવ નહિ કરતો. નમ્ર બનજે, કદાગ્રહી નહિ બનતો. નહિ તો પુષ્કળ કર્મ બાંધીશ."

હવે યાદ આવે છે એક વિદ્વાન આચાર્યદેવની પત્ર દ્વારા મળેલી હિતશિક્ષા ! "મહારાજ ! કલિકાલસર્વજ્ઞશ્રીના વચનો યાદ રાખજો. कामरागस्नेहरागाविषत्करनिवारणौ । दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि । કામરાગ અને સ્નેહરાગને દૂર કરવા સહેલા છે, પણ દૃષ્ટિરાગ = સ્વમતરાગ = કદાગ્રહ એ તો પેલા બંને કરતા પણ વધારે મોટું પાપ છે. સજ્જનો પણ એનો ઉચ્છેદ કહી શકતા નથી."

યોગસારનું <u>કદાગ્રહત્યાગ</u> નિરૂપણ ખાસ જોવું જોઈએ. કેવા ભયાનક શબ્દો એ મહાપુરુષે વાપર્યા છે. पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभवतः । पापो मत्सरहेतुस्तन्निर्मितोऽसौ सतामपि । મોટા ભાગે તો તમામ જીવો આ ખરાબકાળના પ્રભાવથી જ પતન પામવાના છે. (એટલે એમને પાડવા માટે મોહરાજે કોઈ મહેનત કરવાની જરૂર નથી. પરંતુ જે જીવો ઉત્તમ છે, તેઓને આ ખરાબ કાળની અસર ન થાય. અને એટલે તેઓ ખરાબ કાળથી પતન ન પામે. પણ મોહરાજ તો એમને પણ પાડવા માંગે છે, માટે) ઉત્તમજીવોનું ય પતન કરવા માટે આ કદાગ્રહ નામના શસ્ત્રનું નિર્માણ મોહરાજે કર્યું છે.

<u>શિષ્ય :</u> પણ આમાં <u>પૂર્વબુધબહુમાન</u> ગુણનો ફાયદો ક્યાં આવ્યો ?

<u>ગુરુ :</u> જો પ્રાચીન ગીતાર્થો ઉપર અગાધ બહુમાન હોય, તો આપણે એ જ વિચારીએ કે "મારા ચિંતનની = પ્રરૂપણાની કોઈ કિંમત જ નથી. જો એ પદાર્થ પ્રાચીનગીતાર્થોના પદાર્થોથી વિપરીત હોય, તો મારે એને શી રીતે પકડી રખાય ? મને એ ગીતાર્થોની આશાતનાનો દોષ લાગે."

ગૌતમસ્વામીને પ્રભુવીર ઉપર બહુમાન હતું, તો જ્યારે આનંદશ્રાવકને અવધિજ્ઞાન થવાની બાબતમાં પોતે ખોટા પડ્યા, ત્યારે તરત જ ક્ષમા માંગવા તૈયાર થઈ ગયા.

પણ જમાલિને પ્રભુવીર કરતા પોતાના પર બહુમાન અધિક હતું, માટે જ પ્રભુને પણ ખોટા કહેવાની હિંમત કરી શક્યા.

<u>શિષ્ય :</u> આમાં <u>બુધ</u> શબ્દ મુકવા પાછળ કોઈ કારણ ખરું ? મુનિ-સાધુ... વગેરે પ્રસિદ્ધ શબ્દો પણ મુકી શકાત ને ?

ગુરુ : બુધ એટલે ગીતાર્થ = શાસ્ત્રમર્મજ્ઞ ! શાસ્ત્રરચનાકારક ! આ આખી દુનિયા જ્ઞાનક્ષેત્રની છે. એ સિવાય તપ-વૈયાવચ્ચ-સંવિગ્નતા વગેરેની દુનિયા પણ છે. પણ શાસ્ત્રરચના જેણે કરવી છે, એણે તો પૂર્વના શાસ્ત્રોનો જ આધાર લેવો પડવાનો ને ? અને એ માટે એના કર્તાઓ ઉપર જ બહુમાનની જરૂર પડવાની ને ?

મહાન તપસ્વી ધન્ના અણગાર ઉપરનું બહુમાન શાસ્ત્રરચનાની પાત્રતામાં મુખ્ય ન બને.

મહાન વૈયાવચ્ચી નંદિષેણ ઉપરનું બહુમાન શાસ્ત્રરચનાની પાત્રતામાં મુખ્ય ન બને.

જેણે જે વિષયમાં આગળ વધવું હોય, એણે એ વિષયના શ્રેષ્ઠપુરુષોનું જ આલંબન લેવું ઘટે, માટે અહીં બુધ શબ્દ લખ્યો છે.

શિષ્ય : બહુમાન શબ્દને બદલે માત્ર માન શબ્દ જ વાપરીએ તો ?

ગુરુ : આપણને પ્રાચીનપુરુષો પર માન તો છે જ, પણ પ્રશ્ન એ છે કે આપણને આપણા ઉપર માન = સન્માન વધારે ? કે પ્રાચીનપુરુષો પર ? જેના પર વધારે માન, એની વાત આપણે સ્વીકારશું. આ પદાર્થ દર્શાવવા માટે બહુમાન શબ્દ વાપર્યો છે.

શિષ્ય : આપણે નવું ચિંતન કર્યું હોય, પણ બધું જ કંઈ શાસ્ત્રમાં લખેલું થોડું જ મળે ? તો જે ચિંતન માટેના શાસ્ત્રપાઠ ન મળે, એ બધા ચિંતન ખોટા ગણવા ?

ગુરુ : ના ! જો એવું હોય તો તો એ ચિંતન નવું શી રીતે ગણાય ? એ જુના ગ્રન્થના પાઠનો જ ઉતારો કરેલો ગણાય ને ? આપણે એટલું જોવાનું કે (૧) એ ચિંતનને જ પોષણ આપે, એવા કોઈક સૂચક શાસ્ત્રપાઠો મળે છે ખરા ? (૨) એ ચિંતનને પોષક પાઠ ભલે ન પણ મળે, પણ એનાથી વિરોધી પાઠ તો નથી મળતા ને ? જો વિરોધી પાઠ મળે, તો એ ચિંતન છોડી જ દેવું પડે.

શિષ્ય : ધારો કે આપણા ચિંતનની સાથે વિરોધ આવે, એવા શાસ્ત્રપાઠો મળતા હોય, પણ એ ઉપરાંત બંને વચ્ચે એવું સમાધાન પણ મળતું હોય કે 'મારું ચિંતન આ અપેક્ષાએ છે, અને શાસ્ત્રપાઠ આ અપેક્ષાએ છે...' તો તો એ ચિંતન સાચું ને ?

ગુરુ : હા ! જો ખરેખર એવી સમ્યગ્ અપેક્ષાથી વિચારણા કરી હોય, તો એ ચિંતન સાચું જ. પણ પૂર્વે કહ્યું એમ 'મારી વાત ખોટી ન પડવી જોઈએ.' એવા અહંકારથી પ્રેરાઈને મારી-મચડીને કોઈ અપેક્ષા ઉભી કરી દેવામાં આવે, તો એ કદાગ્રહ જ જાણવો.

દા.ત. "સમ્યગ્દર્શન, સમ્યગ્ ાન, સમ્યગ્ચારિત્ર આ ત્રણમાંથી એકની પણ ખામી હોય તો મોક્ષ ન જ થાય." આવી આપણે પ્રરૂપણા કરીએ છીએ ને ?

હવે કોઈ એવો શાસ્ત્રપાઠ આપે કે "સંબોધસિત્તરીગ્રન્થમાં તો કહ્યું છે કે सिज्झंति चरणरहिआ ચારિત્ર વિનાના આત્માઓ મોક્ષે જઈ શકે છે. તો તમે કેમ ના પાડો છો ?"

અહીં આપણી પ્રરૂપણા અને શાસ્ત્રપાઠ વચ્ચે વિરોધ દેખાય છે. છતાં આપણે જવાબ આપી શકીએ છીએ કે → 'ભાવચારિત્ર વિના તો મોક્ષ ન જ થાય. શાસ્ત્રપાઠ તો 'દ્રવ્યચારિત્ર વિના મોક્ષ થઈ શકે' એ દર્શાવવા માટે છે. માટે અમારી પ્રરૂપણા અને શાસ્ત્રપાઠ વચ્ચે કોઈ જ વિરોધ નથી. ←

આ એકદમ સાચો ઉત્તર છે, અને અહીં આપણે કોઈપણ દોષના ભાગીદાર બનતા નથી.

પણ આપણે એવી પ્રરૂપણા કરીએ કે "વર્તમાનકાળમાં તો લાઈટનો પ્રકાશ ચિક્કાર હોય છે, એટલે શ્રાવકો રાત્રે ખાય, તો પણ તેઓ જીવદયા પાળી જ શકે છે. એમાં એવું કોઈ પાપ લાગતું નથી. અરે, જે લાઈટ વગેરેના પ્રકાશમાં આખીને આખી મેચ રમાતી હોય, તે પ્રકાશમાં શું જીવો વગેરે ન દેખાય ? જુના કાળમાં રાત્રિભોજન ભલે દોષ હોય, કેમકે ત્યારે આવો વિશિષ્ટ પ્રકાશ ન હતો... વગેરે."

હવે કોઈક આપણને શાસ્ત્રપાઠ આપે કે "રાત્રિભોજન કરવામાં ધારો કે એકપણ જીવની વિરાધના ન થાય, તો પણ જિનાજ્ઞાભંગ હોવાથી પ્રાયશ્ચિત્ત આવે છે. માટે ગાઢકારણો વિના રાત્રિભોજન કરવામાં (કોઈ જીવહિંસા ન થાય તો પણ) દોષ લાગે જ."

એ વખતે એ શાસ્ત્રપાઠને ખોટો તો કહી ન શકાય, એટલે આપણે હવે કુતર્કો કરીએ કે → जे आसवा ते परिसवा... જે કર્મબંધના સ્થાનો છે, એ જ કર્મનિર્જરાના સ્થાનો પણ છે જ. એટલે રાત્રિભોજન પણ કર્મનિર્જરાનું સ્થાન બની શકે છે. હવે જો એ ક્રિયા છેક કર્મનિર્જરા પણ કરાવી શકતી હોય, તો અમે 'રાત્રિભોજનમાં દોષ નથી' એવું કેમ ન બોલી શકીએ ? એટલે અમારી વાત અપેક્ષાએ સાચી જ છે. ←

આમાં આપણે અપેક્ષા તો દેખાડી, પણ કોઈપણ ડાહ્યો માણસ સમજી શકે છે કે સૌપ્રથમ જે આ પ્રરૂપણા કરાયેલી, તેની પાછળનો આશય શું હતો ? એ ખોટો જ હતો. હવે ખોટા સાબિત ન થવા માટે આવા આડા-અવળા બચાવો કરવા પડે છે.

વળી પ્રાચીન પુરુષોએ જે જે રજુઆત કરી હોય, તે તે રજુઆત અમુક ચોક્કસ જીવોને આશ્રયીને હોય છે. એટલે કે તેઓના મનમાં આ પદાર્થ દૃઢ હોય છે કે "મારો આ પદાર્થ અમુક પ્રકારના જીવોની આગળ જ રજુ કરવાનો..." હવે આપણે એમના એ આશયને પણ બરાબર જાણવો જોઈએ. એ જાણ્યા વિના ગમે તેની સામે ગમે તે પદાર્થ બોલી નાંખીએ, તો હકીકતમાં તો એ પ્રાચીન પુરુષોની અવહેલના જ થવાની.

દા.ત. जे आसवा... એ પદાર્થ કોની સામે પ્રરૂપવો ? તો સામાન્યથી એમ કહી શકાય કે જેઓ ઉત્સર્ગમાર્ગને જડતાથી વળગીને રહ્યા હોય, અપવાદને જડતાથી ધિક્કારતા હોય... બાહ્ય પુણ્ય-પાપ ક્રિયામાં જ ધર્મ-અધર્મ માનતા હોય... તેઓને સાચો ધર્મ પમાડવા માટે जे आसवा... વાળી વાત વિસ્તારથી, ઉપયોગપૂર્વક સમજાવી શકાય.

પણ જેઓ સંસારના પાપોમાં પુષ્કળ ખુંપેલા હોય, તેઓની સામે આ સૂત્રનું રહસ્ય કહેવું એ તો વાંદરાને દારૂ પીવડાવવા જેવું જ થાય.

ચાલો, ઘણું લંબાણ કરી લીધું પૂરવબુધને બહુમાને શબ્દ પર !

(૨) નિજશક્તિ : શાસ્ત્રોના પદાર્થોનો બોધ હોવો એ એક જુદી વસ્તુ છે, અને એની વ્યવસ્થિત રજુઆત કરવાની શક્તિ એ એક સ્વતંત્ર વસ્તુ છે.

→ મૂક કેવલીઓ કેવલજ્ઞાનના માલિક હોવા છતાં પણ પ્રરૂપણા કરતા નથી.

→ છેદગ્રન્થોમાં ફરમાવ્યું છે કે "આચાર્ય કાળધર્મ પામે, હવે જે સાધુ આચાર્યપદને યોગ્ય હોય, તેને હજી શાસ્ત્રાભ્યાસ કરીને ગીતાર્થપદવી મેળવવાની બાકી હોય તો ગચ્છના ગીતાર્થસ્થવિરો એને ભણાવે, અને ગચ્છને પણ સાચવે. પેલો ગીતાર્થ બને, પછી એને આચાર્ય બનાવે."

અહીં પ્રશ્ન થાય કે જો ગચ્છમાં બીજા ગીતાર્થ સ્થવિરો છે જ, તો તેઓમાંથી જ કોઈક આચાર્ય બની શકે છે ને ? તો પછી શા માટે પેલા અગીતાર્થની રાહ જોવી પડે છે ? એવી કોઈક વસ્તુ એ અગીતાર્થમાં છે, કે જે ગચ્છના અન્ય ગીતાર્થસ્થવિરોમાં નથી, અને એ વસ્તુ એટલી બધી મહત્ત્વની છે કે જે આચાર્યપદ માટે અનિવાર્ય છે, એના વિના આચાર્યપદ ન અપાય.

એ વસ્તુ શું હોઈ શકે ? એનો વિચાર કરતા એમ લાગે છે કે તેજસ્વી હોવું, સુંદર આકૃતિવાળા હોવું... એ બધું પણ હોઈ શકે અને એના કરતા વધુ અગત્યની વસ્તુ હોય 'પ્રવચનપ્રભાવક હોવું' એટલે કે જૈનદર્શનના પદાર્થોની રજુઆત કરવાની વિશિષ્ટ શક્તિ હોવી.

અને જુઓ, શાસ્ત્રમાં પણ આચાર્ય બનવા માટે આ જ ગુણને મુખ્ય કહ્યો છે. 'तित्थयरसमो सूरि सम्मं जो जिणमयं पयासेइ' જે સમ્યક્ રીતે જિનમત પ્રકાશે છે = પ્રરૂપે છે, તે આચાર્ય તીર્થંકરસમાન જાણવા.

અહીં તીર્થંકરતુલ્ય બનવા માટેનો મુખ્ય ગુણ આ જ લીધો "જૈનદર્શનની સમ્યક્ પ્રરૂપણા."

શિષ્ય : બીજા ગીતાર્થસ્થવિરો પાસે શું આ ગુણ ન હોય ?

ગુરુ : તેઓ શાસ્ત્રના બધા પદાર્થો જાણે ખરા, ભણાવી પણ શકે... પણ વિશિષ્ટ રીતે રજુઆત કરવાની કળા એ જુદી જ વસ્તુ છે. શ્રોતાઓ સ્તબ્ધ થઈ જાય, આકર્ષાય, ધર્મ પામે, વૈરાગ્યાદિથી વાસિત બને... આવા પ્રકારની પ્રરૂપણા કરવાની શક્તિ તેઓ પાસે ન પણ હોય.

આજે પણ એવું જોવા મળે છે કે ઘણા મહાત્માઓ એવા છે કે જેઓ પ્રકાંડ વિદ્વાન છે, જબરદસ્ત ચિંતક પણ છે... છતાં પદાર્થો રજુ કરવાની બાબતમાં તેઓ નબળા પડે છે. માટે જ તેઓ પાસે શ્રોતાઓ ભેગા થતા નથી, ટકતા નથી, અરે, ક્યારેક કંટાળે પણ છે.

આમાં એ મહાત્માઓનો આત્મિક દોષ કોઈ નથી, પણ પ્રરૂપણા કરવાની અમુક પ્રકારની શક્તિ જ ન હોય, તો તેઓ પણ શું કરી શકે ?

એટલે જેની પાસે પ્રરૂપણા-રચનાની શક્તિ હોય, તેમણે જ નવી રચનાઓ કરવી.

બીજી વાત - શક્તિ વિષય પ્રમાણે અનેકપ્રકારની હોય. દા.ત.

પૂજ્યપાદ સ્વર્ગસ્થ ગુરુદેવશ્રી કહેતા કે "સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબ જબરદસ્ત ગીતાર્થ હતા, કર્મસાહિત્યનિપુણમતિ હતા... પણ જ્યારે સાધુઓને વૈરાગ્યાદિપોષક વાચના આપવાનો અવસર આવતો, ત્યારે બધાના ઘણા બધા આગ્રહ બાદ તેઓશ્રી બે-પાંચ મિનિટ એકની એક વાત બોલતા 'સાધુઓ ! વિષયો અને કષાયો ખૂબ જ ભૂંડા છે, એનાથી છેટા રહેજો...' અને પછી તરત બાજુમાં બેઠેલા ભાનુવિજયજીને કહી દેતા કે 'હવે તું બોલ.' અને અડધો-પોણો કલાકની બાકીની વાચના ભાનુવિજયજી આપતા.

તેઓશ્રી પાસે કર્મગ્રન્થાદિના પદાર્થોની નિરૂપણ કરવાની અદ્ભુત શક્તિ હતી, અને માટે જ એમની પાસે ભણી ગણીને તૈયાર થયેલા મુનિવરોએ બંધનકરણાદિ ઉપર મોટા મોટા ચોપડાઓ સંસ્કૃતગ્રન્થ રૂપે પ્રકાશિત કર્યા. પણ સ્વયં જીવંત વૈરાગ્ય સમાન તેઓશ્રી ઉપદેશાત્મક વાચના આપવામાં મુંઝવણ અનુભવતા.

એમ કેટલાકોની શક્તિ ન્યાયગ્રન્થોમાં જોરદાર હોય, ચરિતાનુયોગના ગ્રન્થોમાં ન હોય. કેટલાકોને વળી ચરિતાનુયોગની શક્તિ જબરદસ્ત હોય, ન્યાયાદિમાં ન હોય.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિજી મ.ની શક્તિ પન્નવણાદિ આગમગ્રન્થોમાં અદ્ભુત-અવ્વલ કોટિની !

પૂજ્યપાદ જયસુંદરસૂરિજીની શક્તિ તાર્કિક ગ્રન્થોમાં અદ્ભુત !

પૂજ્યપાદ પ્રદ્યુમ્નસૂરિજી, પૂજ્યપાદ શીલચન્દ્રસૂરિજીની શક્તિ સાહિત્યવિષયમાં

અદ્વિતીય !

પૂજ્યપાદ યશોવિજયસૂરિજીની શક્તિ ભક્તિપદોમાં, આધ્યાત્મિક પદોમાં વિશિષ્ટતમ !

આ બધા પાસે બીજા વિષયોનો બોધ નથી એવું નહિ... પણ તેઓશ્રીની પ્રસિદ્ધિ તે તે વિષયો માટે ઘણી ઘણી વધારે છે. (આ કેટલાક દૃષ્ટાન્તો આપ્યા, આવા બીજા પણ અનેક વર્તમાન મહાપુરુષોના દૃષ્ટાન્તો સમજી લેવા. લગભગ દરેક ગચ્છોમાં તેવા તેવા વિશિષ્ટ શક્તિસંપન્ન મહાત્માઓ છે જ, મારા ધ્યાનમાં જે હતા, તે અહીં લખ્યા છે...)

હવે જેમની જે વિષયમાં શક્તિ, તે વિષયમાં તેઓનો પ્રયત્ન વધુ સફળ બને. એ તો સ્વાભાવિક જ છે ને ?

દા.ત. મારી પાસે વ્યાકરણ, જ્યોતિષ, દ્રવ્યાનુયોગના અતિગહન ગ્રન્થો... વગેરેની શક્તિ નથી. હવે હું જો મારી આ દશાનો વિચાર કર્યા વિના અહંકારથી પ્રેરાઈને આ બધા વિષયોમાં રચના કરવાનું - પ્રરૂપણા કરવાનું સાહસ કરું તો મારે નિષ્ફળતા જ ભોગવવી પડે. અરે, મૃષાવાદનો દોષ લાગે, ઉત્સૂત્રપ્રરૂપણા થાય, અનેકોને નુકસાન થાય...

વિમાન ચલાવનાર પાઈલોટ એમ વિચારે કે 'જો હું વિમાન ચલાવી શકું, તો ધરતી પર કાર, સ્કુટર, રેલ્વે કેમ ન ચલાવી શકું...?' અને શીખ્યા વિના સીધું સાહસ કરે, તો શું થાય ?

હાર્ટસ્પેશ્યાલિસ્ટ જો બ્રેઈનનું ઓપરેશન કરવાનું સાહસ કરે, તો શું થાય ?

૨૦ હજાર રન કરનાર સચીન તેંદુલકર એમ વિચારે કે 'જો હું આટલા રન કરી શકું, તો સૌથી વધુ વિકેટ લેવાનો વિક્રમ કેમ ન સર્જી શકું ?' અને બેટીંગને બદલે બોલીંગમાં જ વધુ ઝોક આપી દે, તો શું થાય ?

એટલે બે વાત -

→ શક્તિ ન હોય, તો રચના-પ્રરૂપણા કરવી જ નહિ.

→ શક્તિ હોય, તો પણ જે વિષયમાં શક્તિ હોય, તે વિષયમાં પ્રરૂપણા કરવી. જે વિષયમાં શક્તિ ન હોય, ત્યાં સાહસ ન કરવું.

શિષ્ય : શક્તિ હોવી એટલે શું ?

ગુરુ : જે કામ તમે ઉપાડો, એ સારું થાય - સાચું થાય, શાસ્ત્રાનુસારી થાય, સ્વ-પર બંનેને લાભદાયી થાય... એવું કામ જો તમે કરી શકો, તો તમારી પાસે એ કામ માટેની શક્તિ છે, એમ કહેવાય.

દા.ત. મને શ્લોકો બનાવતા નથી આવડતા, તો જો હું શ્લોકો બનાવું તો ભૂલો ભરેલા જ બનવાના... તો મારે એ ડહાપણ ન કરાય.

પણ મને ગદ્યમાં સંસ્કૃત લખવામાં મુશ્કેલી નથી પડતી, એની શક્તિ છે... તો જો હું એ કામ કરું તો સારું થાય - સાચું થાય... તો મારે એ કામ કરવું. (આ એક દૃષ્ટાન્ત છે.)

હા ! હું શ્લોકો બનાવતા શીખી લઉં, શક્તિ કેળવી લઉં તો તો પછી એ કામ કરવામાં પણ લાભ જ છે.

(૩) માર્ગજ્ઞાન : શક્તિ હોય, પણ માર્ગનું જ્ઞાન ન હોય તો નવી રચના ન કરાય. જેમ ઉપર જ વાત કરી ગયા કે "સાધુ આચાર્યપદને યોગ્ય છે, પણ ગીતાર્થ નથી બન્યો, તો એને આચાર્યપદ ન આપવું. ગીતાર્થ બની જાય, પછી આપવું."

આનો અર્થ એ કે એની પાસે પાત્રતા છે, પણ માત્ર જ્ઞાન નથી, તો એને અટકાવવો.

अगीयत्थस्स वोत्तुमवि निसेहो પાઠમાં પણ એ જ વાત સ્પષ્ટ થાય છે કે જ્યાં સુધી ગીતાર્થ બનીને માર્ગનું જ્ઞાન ન પામે, ત્યાં સુધી એને બોલવાની છુટ નહિ.

શિષ્ય : શક્તિ છે, અને માર્ગજ્ઞાન નથી... એ શી રીતે બને ?

ગુરૂ : જે સાધુઓ માટે આપણે એમ કહી શકીએ કે

(૧) આ સાધુ શાસ્ત્રબોધ નહિ મેળવી શકે, એ ગમે એટલી મહેનત કરે, પણ એનો ક્ષયોપશમ જ નથી.

(૨) આ સાધુ શાસ્ત્રબોધ ભલે મેળવે, પણ એ વ્યવસ્થિત રજુઆત નહિ જ કરી શકે... એ બધા પાસે તો શક્તિ જ નથી.

પણ જે સાધુઓ માટે એમ કહી શકાય કે (૧) આ સાધુ જો મહેનત કરે, તો શાસ્ત્રબોધ પણ સારામાં સારો મેળવી શકે અને રજુઆત પણ જોરદાર કરી શકે... એ સાધુઓ શક્તિવાળા ગણાય, પણ હજી સુધી ભણ્યા ન હોવાથી માર્ગબોધવા । ન ગણાય. (શક્તિ છે, છતાં પ્રમાદ-કંટાળો...)

આજે કેટલાક સંયમીઓ માટે આપણે એવું બોલીએ છીએ ને ? કે

→ અરેરે ! આનો ક્ષયોપશમ કેટલો તીવ્ર છે, પણ એને ભણવામાં રસ જ નથી. શી રીતે તૈયાર થાય ?

→ અરેરે ! આ સાધુને જો અભ્યાસાદિની અનુકૂળતા મળે, તો ક્યાંનો ક્યાં પહોંચી જાય, પણ...

→ આ સાધુ વીતોચીતોમાં, ગપ્પાસપ્પામાં, ફોગટ વાંચનો કરવામાં સમય ન

બગાડે, તો મહાન જ્ઞાની બની શકે...

આ બધા જ સંયમીઓ શક્તિવાળા છે, પણ માર્ગજ્ઞાની નથી... અને માટે જ તેઓ નવી રચનાદિ માટે સુપાત્ર નથી.

(૪) ગુરૂકુલવાસ : આ ચોથો મુદ્દો પણ અગત્યનો છે. સદ્ગુરુની પાસે જે વર્ષોના સુધી રહ્યો હોય, એણે સદ્ગુરુનો પુષ્કળ અનુભવ જોયો હોય, સાંભળ્યો હોય, અનુભવ્યો હોય... એટલે જ એની પાસેનું શાસ્ત્રીયપદાર્થોનું જ્ઞાન માત્ર શબ્દાર્થ પુરતું ન રહે, પણ રહસ્યોના ઉદ્ઘાટનવાળું બની રહે. ગુરૂકુલવાસ એને તુચ્છ શ્રુતજ્ઞાની નહિ, પણ ભાવનાજ્ઞાની બનાવી દે. એટલે જ તુચ્છ શ્રુતજ્ઞાનીની રચનાઓ સંકલેશ, ઝઘડાઓ ઉભી કરતી હોય, જ્યારે આ ભાવનાજ્ઞાનસંપન્નની રચનાઓ પ્રસન્નતા, સમાધાન, વિવેક ઉભો કરી આપે. આનંદઘનજીએ ઉપાધ્યાયજીને લોખંડમાંથી સોનું બનાવ્યા, એમ ખુદ ઉપાધ્યાયજી સ્વીકારે છે, એમ કોઈપણ સદ્ગુરુનું સાન્નિધ્ય શ્રુતજ્ઞાનમાંથી પ્રગટ થવાની શક્યતાવાળા અહંકાર-આવેશ-ધિક્કારભાવ આદિને ખતમ કરવાની, અટકાવવાની પ્રચંડ તાકાત ધરાવે છે.

અધ્યાત્મસારમાં કહ્યું છે કે જેમ પુત્રપત્ની વગેરે પદાર્થો ધનવાનોને સંસારવર્ધક બને છે, એ જ રીતે અધ્યાત્મભાવ વિનાનું શાસ્ત્રજ્ઞાન વિદ્વાનોને સંસારવર્ધક બને છે.

આ અધ્યાત્મભાવને લાવી આપવાનું કામ ગુરુકુલવાસ કરે છે.

શાસ્ત્રજ્ઞાન પણ અંધકાર છે, જો એની સાથે નિર્મળ પરિણતિનો વિકાસ નથી, અને આવી પરિણતિનો વિકાસ લાવી આપે છે ગુરુકુલવાસ !

શિષ્ય : એ કેવી રીતે ?

ગુરુ : ★ શિષ્ય ગુરુ પાસે રહીને શાસ્ત્રાભ્યાસ કરે, એટલે નમ્રતા, કૃતજ્ઞતા વગેરે ગુણો એનામાં સહજ રીતે જ વિકસવાના. ગુરુ પાસે રહ્યા વિના સ્વતંત્ર રીતે અભ્યાસ કરનારો તો એમ જ માનતો થાય કે 'બધું હું જાતે જ ભણ્યો, મેં જ અભ્યાસ કર્યો. ગુરુ મારા ઉપકારી ક્યાંથી ? શી રીતે ?'

★ ગુરુકુલવાસી મુનિ રોજ ગુરુના વસ્ત્રોનું પ્રતિલેખન, પગ દબાવવા, નાની-મોટી આજ્ઞાઓ પાળવી, ક્યારેક ઠપકાઓ સાંભળવા... વગેરે વગેરે અનેક પ્રકારે ગુરુના વિનય, વૈયાવચ્ચ, ભક્તિ વગેરેને આચરનારો બને. આમાં મોહનીયકર્મનો ક્ષયોપશમ વિશિષ્ટકોટિનો થવાનો જ.

જે સ્વતંત્ર છે, ગુરુના પડખા સેવવાની જેને અરુચિ છે, એ કોના વિનય-વૈયાવચ્ચાદિ કરશે ? એ અહંકારીના જ્ઞાનમાં અને મિથ્યાત્વી વૈજ્ઞાનિકોના જ્ઞાનમાં શું તફાવત પડશે ? એ આપણે જ વિચારવાનું રહ્યું.

આ બધા કરતાં ય સૌથી અગત્યની બાબત છે પરંપરાનું જ્ઞાન !

જે ગુરુની સાથે ન હોય, (ગુરુનો કાળધર્મ થઈ જવાથી કે એવા બીજા કોઈપણ કારણોસર...) તેને શાસ્ત્રોમાં લખેલા શબ્દોનું જ્ઞાન મળે, પણ વર્ષોથી ચાલી આવતી અનેક પરંપરાઓનું જ્ઞાન ન મળે. અને આ પરંપરાબોધ વિના તો મોટી હોનારત સર્જાઈ જાય.

પરંપરા પણ બે પ્રકારની સમજવી.

(૧) આગમાદિ ગ્રન્થોમાં વપરાયેલા તે તે શબ્દોનો શું અર્થ આપણી ગુરુજનોની પરંપરામાં થઈ રહ્યો છે ?

(૨) સેંકડો-હજારો વર્ષોના આ કાળના પ્રવાહમાં પ્રાચીન શાસ્ત્રો, એના અક્ષરો વગેરે ન બદલાયા હોય, પણ તે તે કાળાદિને અનુસારે વ્યવહારમાં ઢગલાબંધ ફેરફારો થઈ ચુકેલા હોય... આ પણ એક પ્રકારની પરંપરા જ છે.

આ બંને પ્રકારની પરંપરાનો બોધ નવી રચનાઓ કરવામાં અત્યંત આવશ્યક છે, નહિ તો રચના વિપરીત થાય, અધૂરી થાય, મોટા મતભેદ-મનભેદ વગેરેને ઉત્પન્ન કરાવનારી થાય.

આ વાત આપણે દૃષ્ટાન્તો દ્વારા સમજશું.

(ક) શ્રી ભગવતીસૂત્રમાં પ્રભુને છ માસના ઝાડા થયાના પ્રસંગમાં બે શબ્દો વપરાયા છે. જેનો અર્થ વિદેશી વિદ્વાનો વગેરેએ બિલાડીનું માંસ, કબુતરનું માંસ... એ રીતે કરેલો છે. પણ સદ્ગુરુની પરંપરામાં એનો અર્થ બિજોરાપાક, કોળાપાક... એ પ્રકારનો કરેલો છે, અને અનેક યુક્તિઓ દ્વારા એને સાચો સાબિત કરેલો છે.

(ખ) શાસ્ત્રોમાં અનેકસ્થળે चैत्य શબ્દ આવે છે, જેનો અર્થ લુંપકમતવાળાઓ જ્ઞાન કરે છે, સદ્ગુરુની પરંપરામાં એ શબ્દનો અર્થ દેરાસર, પ્રતિમા... ઈત્યાદિ કરાયેલો છે.

(ગ) આચારાંગાદિ ઘણા ગ્રન્થોમાં अप्प = અલ્પ શબ્દ વપરાયેલો છે. જેનો અર્થ ગુરુપરંપરામાં અભાવ જ લેવામાં આવ્યો છે. अप्पफासुअं.... નો અર્થ અલ્પ-અચિત્ત (એટલે કે બહુઅચિત્ત) નથી કર્યો, પણ અચિત્ત જ કર્યો છે. अप्पसागारिअं = એકાંત....

(ઘ) सागारिक શબ્દનો અર્થ ક્યાંક ગૃહસ્થ, ક્યાંક શય્યાતર, ક્યાંક અબ્રહ્મ... એમ જુદા જુદા પ્રકારનો કરવામાં આવ્યો છે.

જેની પાસે ગુરુપરંપરા નથી, એ પોતાની મેળે શાસ્ત્રો વાંચશે, પોતાની મેળે અર્થો કરશે, એના આધારે નવી પ્રરૂપણા કરશે... એ કેટલા નવા ઝઘડાઓ ઉત્પન્ન કરનારા

બનશે ? એ આપણે વર્તમાન પરિસ્થિતિ ઉપરથી પણ સમજી શકીએ છીએ.

સદ્‌ગુરુ પાસે વર્ષો સુધી રહેલા, ભણેલાને આ બધી ગરબડો થવાનો અવસર ન આવે. માટે જ તો ટીકાકારો પણ ઘણી જગ્યાએ તે તે શબ્દો માટે લખતા હોય છે કે અહીં આનો અર્થ આ રીતે કરવો. કેમકે એ પ્રમાણે જ <u>સંપ્રદાય</u> છે !

આ આપણે પ્રથમ પ્રકારની પરંપરાને ધ્યાનમાં લઈને જોયું.

હવે બીજા પ્રકારની પરંપરાને જોઈએ.

(ક) પ્રાચીન શાસ્ત્રોમાં વધી પડેલી ગોચરી એક/બે/ત્રણ ઢગલા રૂપે પરઠવાની વિધિ છે. આજે પરંપરામાં એને રેતી-ધૂળ વગેરેમાં ચોળી નાંખીને પરઠવવાની વિધિ છે.

(ખ) પ્રાચીન શાસ્ત્રોમાં વસ્ત્રાદિ પરઠવવાના હોય, તો એના નાના/મોટા ટુકડાઓ કરવાની ના છે, જ્યારે આજે નાના ટુકડાઓ કરીને પરઠવવાની પરંપરા છે.

(ગ) પ્રાચીન શાસ્ત્રોમાં નમોઽસ્તુ સુધીનું જ પ્રતિક્રમણ છે. શરૂઆતની ચાર થોય પણ નથી. જ્યારે આજે શાંતિ સુધીનું + ચાર થોયવાળું પ્રતિક્રમણ કરવાની પરંપરા છે.

(ઘ) શાસ્ત્રોમાં 'ઉપયોગ કરું ?' એ વિધિ બપોરે ગોચરી વખતે કરવાની છે, અત્યારે સવારે જ સજ્ઝાયના આદેશ બાદ એ વિધિ કરવાની પરંપરા છે.

આવી તો ઢગલાબંધ બાબતો છે.

મુનિ જો ગીતાર્થ ગુરુના સંપર્કમાં ન હોય, તો બુદ્ધિ દ્વારા શાસ્ત્રો બેસાડીને એ પ્રમાણે પ્રરૂપણા-રચના કરી બેસે, એ વાંચીને બધા મતભેદ પામવાના જ. 'આ શું ? આમાં તો આવું લખ્યું છે ? અને અત્યારે તો આવું ચાલે છે.'

જુના શાસ્ત્રો વાંચીને જુની પરિસ્થિતિ જાણવી તો જોઈએ જ, પણ આજે શું પરિસ્થિતિ છે ? આજે આમાં શું શું ફેરફારો થઈ ચુક્યા છે ? અને પાછા માન્ય બની ચુક્યા છે કે નહિ ? આ ન જાણનારો તો ભારે નુકસાન કરી બેસે, પોતાની ઉંચી ઉંચી (!) પ્રરૂપણાઓ - લખાંણો દ્વારા ! (એમાં મારા જેવાનો ય ક્યારેક નંબર લાગ્યો છે, પાછળથી પૂ. ગુરુદેવશ્રીના સૂચનથી એ ભૂલ સુધારી છે...)

એટલે આ વાત તો પાકી સમજી રાખવી કે જેની પાસે ગુરુકુલવાસ ન હોય, જેણે સદ્‌ગુરુ પાસેથી બંને પ્રકારની પરંપરાઓની જાણકારી ન મેળવી હોય, એને બોલવાનો, લખવાનો, પ્રચારવાનો ઉત્સર્ગમાર્ગે કોઈ જ અધિકાર નથી.

હા ! <u>તરતમજોગે તરતમવાસનાવાસિતબોધ આધાર...</u> એ ન્યાયે જેને જેવા પ્રકારનો ગુરુકુલવાસ મળ્યો, એને તેવા પ્રકારનો લાભ થાય. એટલે બધાનું કંઈ

એકસરખું તો નથી જ થવાનું. છતાં જેટલું મળે એટલું લાભમાં, નાહ્યા એટલું પુણ્ય... એ ન્યાયો અહીં લાગુ પાડવા પડશે. સ્તવનો-ગ્રન્થો-પુસ્તકો વગેરેનું સર્જન કરનાર આત્મા જો ઉપરના ચાર ગુણોનો ધારક હોય, તો એની એ તમામ રચનાઓ માન્ય રાખવી, શાસ્ત્રાનુસારી જાણવી.

– x – x –

<u>શિષ્ય :</u> ચાલો, માની લઈએ કે એ નવા સર્જનો સાચા અને સારા ! પરંતુ એમાં એક નુકસાન એ થશે કે હવે બધા લોકો જો એ નવા સર્જનોને જ વાંચશે, તો આપણા જુના ગ્રન્થોનો, આગમોનો વિચ્છેદ થશે. કેમકે લોકો તો પછી એ બધું વાંચવાના જ નહિ ને ? આમ ધીમે ધીમે એ મૂળ શ્રુતજ્ઞાન વિચ્છેદ પામશે.

જો આ નવી રચનાઓ ન કરો, તો બધા માટે એક જ વિકલ્પ ખુલ્લો રહેશે, અને એ છે જુના ગ્રન્થો વાંચવા તે ! તો પછી જુના ગ્રન્થો ટકશે.

શું આપને આ વાત સાચી નથી લાગતી ?

<u>ગુરૂ :</u> નથી લાગતી.

<u>ગાથા :</u> <u>એમ શ્રુતનો નહિ ઉચ્છેદ, એ તો એક દેશનો ભેદ,</u>
<u>એ અર્થ સુણી ઉલ્લાસે, ભવી વરતે શ્રુત અભ્યાસે.</u>
<u>સુણજો... ||૧૪||</u>

<u>ગાથાર્થ :</u> 'આ રીતે નવું સર્જન કરવાથી શ્રુતનો ઉચ્છેદ થાય છે' એવું નથી. નવું સર્જન એ શ્રુતનો એક દેશરૂપ ભેદ જ છે. વળી નૂતનસર્જનના અર્થને હર્ષથી સાંભળીને ભવ્યજીવો શ્રુતનો અભ્યાસ કરવામાં પ્રવૃત્તિ કરશે.

<u>ભાવાર્થ :</u> તમે શ્રુત તરીકે કોને ગણો છો ? પહેલા એ નક્કી કરીએ. 'ગણધર મહારાજાઓએ રચેલા આગમગ્રન્થો એ જ શ્રુત !' એવું જો તમે માનતા હો, તો એ મને ઉચિત નથી લાગતું. કેમકે તે તે કાળમાં તે તે મહાત્માઓએ જે જે નવા સર્જનો કર્યા, એ કંઈ અદ્ધરતાલ નથી કર્યા, એ બધા જ આગમગ્રન્થાદિરૂપ શ્રુતના આધારે જ કરેલા છે. એટલે નવા સર્જનો સાવ જ જુદા નથી, એ હકીકતમાં તો શ્રુતનો એક ભાગ જ છે.

<u>દા.ત.</u> પાર્લે કંપનીની મુખ્ય શાખા મુંબઈમાં છે, પણ એની પેટા શાખાઓ, ઉત્પાદક ફેક્ટરીઓ ઘણી છે. એ કંઈ સ્વતંત્ર નથી, એ તો મુખ્યશાખાનો જ એક ભાગ છે. જે ઉત્પાદન મુખ્યશાખામાં છે, એ જ પેટા શાખાઓમાં છે. પેટાશાખાઓમાં ઉત્પાદન ઓછું અને વેરાયટી ઓછી ! મુખ્યશાખામાં ઉત્પાદન વધુ અને વેરાયટી પણ

વધારે !

એમ કોઈપણ નૂતન સર્જન શ્રુતને જ આધારિત હોય છે, એ જો શ્રુતથી વિપરીત હોય, તો એને અમે જિનશાસનમાં સ્થાન જ નથી આપતા.

હવે, બોલો ! આમાં શ્રુતનો વિચ્છેદ થવાનો પ્રશ્ન જ ક્યાં છે ? આ તો જેટલી પેટાશાખા વધે, એટલી કંપનીની વૃદ્ધિ જ ગણાય ને ? એમ અહીં પણ જેટલા શ્રુતાધારિત નૂતન સર્જનો વધે, એટલી શ્રુતની વૃદ્ધિ જ ગણાય ને ?

હા ! તદ્દન નવી જ કંપની સ્થપાય, તો એ નાની હોય તો પણ આ કંપનીને માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું થવાથી એમાં આ કંપનીને નુકસાન થાય. એમ અહીં પણ અમે શ્રુતની અવગણના કરીને નવસર્જન કરીએ, તો શ્રુતને માટે ઉચ્છેદનો ભય ઉભો રહે. પણ એવું તો અમને આમાં કશું લાગતું નથી.

<u>શિષ્ય :</u> ગુરુજી ! આદર્શરૂપે આપની વાત સાચી. પણ વ્યવહારમાં તો ચોક્ખું દેખાય જ કે શ્રુતનો વિચ્છેદ થાય છે. આજે ઉપાધ્યાયજી, હરિભદ્રસૂરિજી, આનંદઘનજી... આ બધાની રચનાઓનું મહત્ત્વ જ એટલું બધું વધી પડ્યું છે કે આચારાંગાદિ ભણનારા સાવ ઘટી ગયા છે.

તમે જ મને કહો કે જ્ઞાનસાર, ચોવીસી વગેરે ગોખનારાઓ ચિક્કાર મળે છે, પણ આખું દસવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગાદિ ગોખનારાઓ કેટલા મળે છે ? તો શું આ સ્પષ્ટ નથી દેખાતું કે શ્રુતનો વિચ્છેદ આ નૂતન સર્જનોના કારણે જ થઈ રહ્યો છે.

હજી આગળ, હવે વર્તમાનમાં ગુજરાતી પુ:તકો વગેરેનું પુષ્કળ પ્રકાશન થવાથી હજારો સંયમીઓ પણ એ જ વાંચવામાં પડી ગયા છે, અને એટલે હવે તો ઉપાધ્યાયજી વગેરેના સર્જનોની પણ ઉપેક્ષા થવા માંડી છે. કોણ હવે એ ગ્રન્થો ભણે છે ?

એટલે આપ જો શાંતિથી વિચાર કરશો, તો આપને મારી વાતમાં તથ્ય દેખાશે.

<u>ગુરુ :</u> આ બાબતમાં મારી સમજણ જુદી છે.

હું તો એમ માનું છું કે નવા સર્જનોમાં જુના શ્રુતના સાક્ષી પાઠો આપેલા હોય, એના આધારે સુંદર મઝાની વાતો લખેલી હોય... એ બધું વાંચીને - સાંભળીને લોકો અત્યંત આનંદ પામે. 'શું આ પદાર્થ ! શું આ અદ્ભુત ચિંતન !' પછી તરત જિજ્ઞાસુઓને ઈચ્છા થવાની જ કે 'જો આ પદાર્થ આટલો બધો મઝાનો છે, તો એ વિશાળ પ્રાચીન શ્રુતમાં આવું તો કેટલું બધું ધરબાયેલું હશે... મારે હવે એ ગ્રન્થો વાંચવા જ છે, ભણવા જ છે.' અને એ જિજ્ઞાસુઓ શ્રુતસાગરમાં ડુબકી મારવા માટે પ્રયત્નશીલ બને જ.

આમ નવા સર્જનો તો લોકોને શ્રુતજ્ઞાનમાં અભ્યાસ કરવાનો ઉત્સાહ પૂરો પાડે છે, અટકાવતા નથી.

૧૭ વર્ષ પૂર્વેની એક વાત કરું. ત્યારે શનિવારે સાપ્તાહિકી નામનો પ્રોગ્રામ આવતો. આખા અઠવાડિયામાં દૂરદર્શન ઉપર કયા કયા પ્રોગ્રામો આવવાના છે, એની ઝલક-માહિતી આમાં બતાવવામાં આવતી.

હવે ધારો કે એમાં રવિવારના ૩ કલાકના પિક્ચરની માત્ર બે મિનિટ માટે માહિતી ઝલક દેખાડે, તો એ જો મને ગમી જાય, તો હું રવિવારનું આખું પીક્ચર જોવા તલસતો.

બોલો, સાપ્તાહિકીએ પીક્ચરના દર્શકો ઘટાડ્યા ? કે વધાર્યા ?

આમ મારું તો સ્પષ્ટ માનવું છે કે શ્રુતને આધારે નવા સર્જનો થાય, તો એ યોગ્ય જ છે. એનાથી શ્રુતનો ઉચ્છેદ માની લેવાનું કોઈ જ કારણ નથી.

આમાં જરાક ઉંડા ઉતરીએ.

★ જેની પાસે સમય હોય, તે આખા દિવસની મેચ જુએ છે. જેની પાસે સમય ન હોય, તે વિચારે છે કે 'રાત્રે પોણો કલાકની હાઈલાઈટ્સ આવવાની જ છે. એમાં ચોગ્ગા-છગ્ગા-વિકેટો... વગેરે મુખ્ય બાબતો તો જોવા મળી જ જવાની.' એટલે તેઓ એ પોણો કલાકની હાઈલાઈટ્સ જોઈને સંતોષ માની લેતા હોય છે.

દૂરદર્શનની ફરજ બધાને સંતોષ આપવાની હોવાથી એ તો બંને વ્યવસ્થા આપે છે.

પ્રસ્તુતમાં પણ વિશાળ શ્રુતદરિયો ઓળંગવો તો પછીની વાત ! પણ એમાં ડુબકી મારવી એ ય આસાન કામ નથી. ઘણા જીવો એવા પણ હોય કે જેઓ ક્ષયોપશમ ઓછો હોવાથી, કે રસ ઓછો હોવાથી કે સમય ઓછો હોવાથી કે અન્ય કોઈ જવાબદારી વગેરેને કારણે શ્રુતમાં પ્રવેશ કરી શકતા ન હોય... આ બધા જીવોનું હિત તો થવું જ જોઈએ, એ માટે નવા સર્જનો અત્યંત આવશ્યક છે. જેઓ શ્રુતમાં પહોંચી શકે એમ નથી, તેઓ માટે આ વિકલ્પ અનિવાર્ય છે. એ અપનાવ્યા વિના છુટકો નથી.

આના માટે પણ દૃષ્ટાન્તો વિચારીએ.

(૧) આજે ચૈત્રીપુનમાદિને દિવસે સંઘે સંઘે શત્રુંજયનો પટ બાંધવામાં આવે છે. એ સ્થાપનાશત્રુંજયની સામે હજારો નહિ, લાખો લોકો શત્રુંજયની ભાવયાત્રા કરી લે છે. હવે ખરી વાત એ જ કે આવા ઉત્તમ દિવસોમાં બધા જૈનો સાક્ષાત શત્રુંજયની યાત્રાદિ કરે, એ શ્રેષ્ઠ ! પણ એ બધા માટે શક્ય નથી જ. તો જે લાખો લોકો માટે એ અશક્ય છે, એમને માટે આ સ્થાપનાશત્રુંજય વગેરેની યોજના કરવામાં આવે છે.

આના કારણે શત્રુંજયના યાત્રિકો કદાચ થોડાક ઘટતા પણ હશે, પણ તો શું આપણે બધે જ શત્રુંજયપટની આ આરાધનાઓ બંધ કરાવશું ?

(૨) આજ પ્રશ્ન અખાત્રીજના પારણા માટે છે. બધાને શત્રુંજય જઈને પારણા કરવા નથી ફાવતા, ખર્ચો-ગરમી વગેરે નડે છે. એટલે જુદા જુદા સ્થાને પારણાઓ ગોઠવાય છે. બોલો, ના પાડી દેવાની આ પારણાઓની ?

(૩) નવા નવા સંઘોની સ્થાપના થતી જાય, ૨૦૦-૫૦૦ જૈનઘરો ધડાધડ ઉભા થઈ જાય, આલિશાન દેરાસરો-ઉપાશ્રયો બનતા જાય. આના કારણે ગામડાદિના જુના સંઘો-દેરાસરો-ઉપાશ્રયોનું શું ? એ પ્રશ્ન સહજ રીતે જ ઉભો થાય ને ? તો શું આ બધું અટકાવી દેવું ? નવી પ્રતિમાઓ ભરાવવાનું બંધ કરાવવું ?

આપણે જૂનું ખતમ નથી થવા દેવું, પણ એ શાના માટે ? એને ટકાવવાના છે શેના માટે ? અનેક ભવ્યજીવો શુભ નિમિત્તોને પામીને આત્મકલ્યાણ બનનારા બને, એ માટે જ ને ? તો મુખ્ય શું ? ભવ્યજીવોનું કલ્યાણ જ ને ? હવે જો નવા નિર્માણ દ્વારા એ શક્ય બનતું હોય, તો એ પણ કરવું જ પડશે ને ? "જે પાણીથી મગ સીઝે, એ પાણીથી મગ સીઝાવવા... ન મામા કરતા કહાણો (કહેવાતો મામો = માનેલો મામો) મામો સારો..." આ બધી કહેવતો પાછળનો સાર પણ કંઈક આવો જ છે ને ?

હા ! આમાં એટલો પ્રયત્ન કરી શકાય કે આ જે કંઈપણ નવું થાય, તેમાં જુના તરફનું આકર્ષણ ઉભું થાય, એવું કંઈક કરવું. જેથી ભવ્યજીવો મૂળ શત્રુંજય, પ્રાચીન તીર્થો વગેરે તરફ પણ ખેંચાતા રહે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ...

નવા સ્તવનો, નવા પુસ્તકો, નવા ગ્રન્થો વગેરે બનાવવા પાછળના મુખ્ય કારણો

(૧) જેઓ મૂળ શ્રુતજ્ઞાન સુધી પહોંચી શકતા નથી, પહોંચી શકવાના નથી... આ બધા જીવો અમૂલ્ય માનવભવ વેડફી ન નાંખે, એ માટે એમને મોક્ષમાર્ગે આગળ ધપાવવા આ કામ કરવાનું.

(૨) જેઓ મૂળ શ્રુતજ્ઞાન સુધી પહોંચી શકવાના સામર્થ્યવાળા છે, પણ હજી એ માટેનો ઉત્સાહ જાગ્યો નથી (અજ્ઞાનતાદિના કારણે...) એમને આકર્ષવા માટે આવી નૂતન રચનાઓ છે.

(૩) નૂતન રચનાઓ કરવામાં સ્વક્ષયોપશમ ખીલે, આત્માનંદ વધે, એકાગ્રતાના કારણે પ્રચંડ કર્મક્ષય પ્રાપ્ત થાય. 'મેં સુંદર સત્કાર્ય કર્યુ' એવી અનુમોદના પણ વૃદ્ધિ પામે... આવા અનેક લાભો થાય.

(૪) નવી રચનાઓમાં વર્તમાનકાળને નજર સામે રાખીને પીરસાતું હોય, એટલે

વર્તમાનપેઢીને એ જલ્દી અસરકારક બને, જલ્દી સમજાઈ જાય, જલ્દી ભાવવર્ધક બને.

હા ! આ નૂતનસર્જન કરનારાઓની એટલી ફરજ ખરી કે આ રીતે આકર્ષાયેલા, જીવોને મૂળ શ્રુતજ્ઞાન તરફ વાળવા. "મહિમા તો એ મહાન શ્રુતનો છે. એના રચયિતા પ્રાચીન પુરુષોનો છે. અમે તો એના ચરણોની ધૂળ પણ નથી. એ શ્રુતસાગરમાં રત્નો પડેલા છે, પણ તમે બધા વેપારી ન હોવાથી એ રત્નોની કિંમત કરતા તમને આવડતી નથી. એકવાર જો વેપારી બની જશો, તો તમે અગાધ શ્રુતસાગરમાં એવા તો ઉંડા ઉતરી જશો કે તમને પછી અમારા આ નવા સર્જનો બિલકુલ ઓછા ગમશે..."

આવું જ શત્રુંજયપટાદિ માટે પણ વિચારી શકાય.

"શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા-પૂજા-સત્કાર-અનંતગણું ફળ આપે, એટલે જેઓને અનુકૂળતા હોય, તેઓએ તે પ્રમાણે કરવું જોઈએ. પણ ઘણા બધા કારણોસર જો ત્યાં જવું શક્ય ન હોય, તો તેઓ માટે આ સ્થાપનાતીર્થ છે. તેઓ એની આરાધના કરીને ભાવાનુસારે થોડું-ઘણું પણ ફળ મેળવી લે." વગેરે.

બાકી એક વાત ધ્યાન રાખજો...

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ... આ ચારમાં ભાવની સૌથી વધારે મુખ્યતા છે. એને ગુમાવીને કોઈપણ દ્રવ્યાદિની સુરક્ષા એ જિનશાસનાનુસારી ન હોઈ શકે. આત્મા, એનું ઉત્થાન એ સૌથી વધુ અગત્યનું કામ છે. એ માટે જ જિનશાસનની તમામ વ્યવસ્થાઓ છે.

— x — x —

<u>શિષ્ય :</u> વિદ્વાનો નવા ગ્રન્થો વગેરે બનાવે, એમાં એમને તો યશ મળે. પણ ઈર્ષ્યાળુઓ એ સહન ન કરી શકે, તેઓ વિદ્વાનોના આ વિકાસને જોઈ ન શકે. મનમાં ને મનમાં બળ્યા કરે. આ બધાનું પાપ વિદ્વાનોને જ લાગે ને ? તો શું એમણે આવું કામ બંધ ન કરી દેવું જોઈએ ? ગ્રન્થરચના નહિ થાય, પણ એનાથી એટલો ફાયદો તો થશે ને ? કે પેલા ઈર્ષ્યાળુઓ, શત્રુઓ... એ બધાને શાતા મળશે, શાંતિ મળશે.

બીજી એક વાત -

ગ્રન્થ રચનાના કર્તાઓ સજ્જન છે, ઉત્તમ છે... એટલે સીધી વાત છે કે તેઓ પોતાના ગ્રન્થોમાં સજ્જન બનવાની પ્રેરણા કરવાના, સજ્જનોના ગુણો બતાવવાના, દુર્જનોના દોષો બતાવવાના, એવા ન બનવાની પ્રેરણા કરવાના, દુર્જન તરીકેના નુકસાનો બતાવવાના...

હવે આ બધું પેલા દુર્જનો વાંચે, એટલે એમને તો પગ નીચે રેલો આવવાનો

જ, એમને તો ઘરે આગ લાગવાની જ... એમને એમ જ લાગવાનું કે આ બધું જ લખાણ અમને બદનામ કરવા માટે, અમને હલકા ચીતરવા માટે જ છે, લોકો અમારા પર થુંકતા થઈ જાય એ માટે જ આ બધું લખાયું છે.

દા.ત. સજ્જનો તો મોબાઈલાદિ અનેક વસ્તુઓનો વિરોધ કરવાના, અને એટલે જ મોબાઈલાદિ વાપરનારાઓને એ બધું વાંચીને મનમાં ભારે સંક્લેશ થવાનો.

શું આ બધું યોગ્ય લાગે છે તમને ? શા માટે આવા ઝઘડાઓ, સંક્લેશો ઉભા કરનારા લખાણો કરવા ?

ગુરુ : જો આ લખાણો દ્વારા હળુકર્મી ભવ્યાત્માઓને કોઈપણ લાભ થતો જ ન હોત, તો ચોક્કસ ! તારી વાત પર વિચાર કરત. પણ જો આ લખાણો દ્વારા એવા સારી કક્ષાના જીવો પર ઉપકાર થતો હોય તો ?

ગાથા : ઈહાં દૂષણ એક કહાય, જે ખલને પીડા થાય,
તો પણ એ નવિ છોડીજે, જો સજ્જનને સુખ દીજે.
સુણજો... ॥૧૫॥

ગાથાર્થ : અહીં એક દુષણ કહેવામાં આવે છે કે 'આ નવી ગ્રન્થરચનાઓથી દુર્જનોને પીડા થાય છે. (માટે એ ન કરવી.)' પણ એનું સમાધાન એ છે કે જો નવી રચનાઓથી સજ્જનોને સુખ મળતું હોય, તો નવી રચનાઓ છોડવી નહિ.

ભાવાર્થ : કોઈક જગ્યાએ આગ લાગે, ત્યારે બંબાવાળાઓ પાણીનું ટેન્કર ભરીને નીકળી પડે છે. તેઓ મોટા અવાજે સાઈરન વગાડતા વગાડતા નીકળે. આગમાંથી સેંકડો લોકોને બચાવી લેવાનું એક માત્ર લક્ષ્ય એમના મનમાં હોય છે. રસ્તામાં જો ટ્રાફિક વગેરેના કારણે એમને વિલંબ થાય, તો બીજી બાજુ સેંકડો બળી મરે. એટલે સામાન્યથી એમ કહેવાય છે કે એ બંબાવાળાને ટ્રાફિકના ઘણા બધા નિયમોમાં છૂટ આપવામાં આવે છે. વળી એમના દ્વારા અકસ્માતમાં બે-ત્રણ જણ રસ્તામાં મરી જાય, તો પણ બંબાવાળાને કોઈપણ સજા કરવામાં આવતી નથી.

શા માટે ? એ પ્રશ્નનો જવાબ એક જ છે કે બંબાવાળાનો આશય સેંકડોને બચાવવાનો જ છે. બે-ત્રણને મારી નાંખવાનો બિલકુલ નહિ. એ જાણી જોઈને નથી મારતો, પણ એ જો વિલંબ કરે, તો બીજા સેંકડો માણસો બળી મરે.

નૂતનસર્જનકાર ઉત્તમસંયમીઓ આવા બંબાવાળા જેવા છે. એમને સેંકડો-હજારો જીવોની આચારશિથિલતા, વિચારશિથિલતા વગેરે જોઈને દુઃખ થાય છે. તેઓ જાણે છે કે 'આ બધાની આ ખરાબ હાલતનું કારણ એમની અપાત્રતા નથી, પણ એમનું

અજ્ઞાન અને કુનિમિત્તો જ એમના આત્માને અનંતકાળ સુધી રખડાવી મારશે. જો એમને સાચી સમજણ આપશું, તો એ ઘણા ખરા બચી જશે...'

બસ, એટલે જ એ સંયમીઓ સારા-સારા પુસ્તકો લખે છે. એમાં સારા આચારો અને વિચારોની પ્રેરણા કરે છે. ખરાબ આચારાદિનો નિષેધ કરે છે. એના ભયંકર નુકસાનો દેખાડે છે, ક્યારેક સામેવાળાઓને ચાનક જાગે, એ માટે સખત શબ્દોમાં પણ લખી નાંખે છે...

આ બધું કરવું એનું નામ જ તીવ્ર ઝડપથી બંબો ચલાવવો...

જો બંબો ચલાવે જ નહિ, તો મોટી હોનારત સર્જાય. જો ધીમે ચલાવે, તો વિલંબ થાય. એમ જો સક્ષમ સંયમીઓ પુસ્તકલેખનાદિ દ્વારા સારા આચારાદિનું વર્ણન કરે જ નહિ, તો સેંકડો જીવોને અજ્ઞાનાદિના કારણે ભયંકર સંસાર વધવાનો જ. ધારો કે આચારાદિનું વર્ણન કરે, પણ તે તે દેશકાળ પ્રમાણે તે જીવોને અસરકારક બને, એવી વેધક ભાષામાં ન કરે, અને એ જીવોના પેટનું પાણી ય ન હલે, એ રીતે કરે... તો એમાં ય કોઈ ફાયદો નહિ ને ?

એટલે ઉત્તમ આચારાદિનું લેખન કરવું જ જોઈએ અને વેધક રીતે કરવું જોઈએ.

હા ! આ સડસડાટ દોડતા બંબાને કારણે ભારેકર્મીજીવો વચ્ચે કદાચ સપડાઈ જાય, એમને આઘાત લાગે... પણ આ સજ્જનોનો આશય એમને દુઃખી કરવાનો છે જ નહિ. એમનો આશય એ જ છે કે 'બધાને બચાવી લઉં.' પણ પેલા વચ્ચે ખોટી રીતે અડફેટમાં આવી જાય, તો આ સંયમીઓ પણ શું કરે ?

અરે, ખરી હકીકત તો એ છે કે રસ્તા પર ચાલનારો માણસ ટ્રાફિકના બધા નિયમો પાળીને ચાલતો હોય, અને છતાં ય જો એ બંબાવાળાની અડફેટમાં આવી જાય... તો ય બંબાવાળો નિર્દોષ ! સેંકડો નિર્દોષોને બચાવવાના એકમાત્ર ધ્યેયને વરેલો બંબાવાળો ભૂલથી બે-ત્રણ નિર્દોષોના કચ્ચરઘાણમાં નિમિત્ત બને, તો ય એ દોષપાત્ર નથી.

એમ એવા પુસ્તકોથી ભારેકર્મી વગેરે જીવોને જો ત્રાસ થાય, તો પણ એ લેખકો બિલકુલ દોષપાત્ર નથી. એમનું તો લક્ષ્ય એક જ હતું કે 'મારે ઉત્તમ જીવોને બચાવી લેવા.' ભારેકર્મીઓને પરેશાન કરવાનો તો એ કરુણાશાલી મહાત્માઓને સ્વપ્નમાં પણ વિચાર નથી આવતો. અરે ! કોઈક સારા આત્માઓ પણ પોતાની ગેરસમજ વગેરેના કારણે કદાચ આ પુસ્તકાદિ દ્વારા પરેશાન થાય, પીડા પામે... તો પણ આ લેખકો નિર્દોષ !

કારણ ? એમનો આશય શુદ્ધ છે અને એમની પ્રવૃત્તિ શક્ય એટલી વધુ ને વધુ

સરસ છે.

પૂ.આ.હરિભદ્રસૂરિજીએ શ્રી અષ્ટકપ્રકરણમાં પ્રભુની દેશનાને લઈને આ જ સમાધાન આપેલ છે. તેઓએ કહ્યું છે કે ભગવાનની દેશના કુધર્મો વગેરેનું નિમિત્ત બને છે, અને એ રીતે તો દેશના પણ દોષરૂપ જ માનવી પડે, અને છોડી દેવી પડે. પણ જો દેશના જ છોડી દે તો તો કોઈને પણ બચાવી નહિ શકાય. એટલે પ્રભુ કુધર્માદિની ઉત્પત્તિ થતી હોવા છતાં પણ એનો કોઈ વિકલ્પ ન હોવાથી એની સામે આંખમીંચામણા કરીને ભવ્યાત્માઓના હિત માટે દેશના આપે જ છે.

એક કલ્પના કરો, એક સો-બસો માણસના ટોળામાં પાંચેક ખુંખાર આતંકવાદી ઘુસી ગયા છે, અને ચારેબાજુ હજારો-લાખો માણસો પર આડેધડ ગોળીબાર કરે છે. પેલા સો-બસોનું ઓથું પકડી રાખે છે. પોલીસને માટે એ સો-બસોમાંથી પાંચને જ ચૂંટી ચૂંટીને મારવા શક્ય જ નથી. તો છેવટે પોલીસ શું કરે ? આડેધડ ગોળીબાર પણ કરે, એમાં આતંકવાદીઓ સાથે પેલા નિર્દોષ પણ મરે, પરંતુ એ બધું જ કામ હજારોને બચાવવા માટે જ છે.

એક અગત્યની વાત...

વિરતિદૂત માસિકમાં અમે સારા આચારાદિનું વર્ણન કરીએ જ છીએ. ખૂબ મહેનત કરીએ છીએ, સંયમીઓના સંયમને વધુ ને વધુ વિશુદ્ધ બનાવવાની ! ટાઈટલચિત્ર ઉપરનું અમારું હેડીંગ જ જોઈ લો <u>'ઉત્તરોત્તર વિશિષ્ટ શુદ્ધિ તરફ દોરવી જતું માસિક...'</u>

એ લખાણો કોઈકને, કેટલાકોને ન પણ ગમે, કેટલાકોને એમ પણ લાગે કે 'આ તો અમારું જ ખંડન છે. અમારો જ વિરોધ છે.' પણ એ સૌને અમારે તો એટલું જ કહેવાનું કે 'કોઈને ય લેશ પણ પીડા આપવાનો અમારો આશય નથી જ. કોઈના પણ પ્રત્યે લેશ પણ અસદ્ભાવ ન પ્રગટી જાય એ માટેનો શક્ય એટલો વધુ ને વધુ પ્રયત્ન કરીએ છીએ. તમે જો અમારી ભાવનાને સમજશો, તો અમને ચોક્કસ ન્યાય આપી શકશો.

બસ, આટલો ખુલાસો પ્રસંગોપાત ઉચિત લાગવાથી કર્યો છે.

— x — x —

આ તો 'દુર્જનોને સજ્જનોના લખાણોથી પીડા થાય, તો પણ દોષ નથી' એ વાતની રજુઆત કરી. બાકી તો એવું પણ બની શકે છે કે દુર્જનોને પણ પીડા ન થાય, કે ઘણી ઘણી ઓછી થાય. તે શી રીતે ? એ હવે જોઈએ.

ગાથા : તે પુણ્યે હોસે તોષ, તેહને પણ ઈમ નહીં દોષ ।
ઉજમતા હીયડે હીસી, જોઈ લીજે પહેલી વીસી ॥
સુણજો... ॥૧૬॥

ગાથાર્થ : નૂતનસર્જનો દ્વારા પુણ્ય થશે, તેનાથી સજ્જનોને સંતોષ ઉત્પન્ન થશે. આમ પુણ્ય દ્વારા દુર્જનોને પણ દોષ = પીડા નહિ થાય. જો તેઓ ઉદ્યમ કરીને હર્ષ પામશે તો... (અથવા તો લેખકોએ - સર્જકોએ હર્ષપૂર્વક ઉદ્યમ કરેલો છે, માટે એનાથી ઉત્પન્ન થયેલા પુણ્યને કારણે દુર્જનોને પીડા નહિ થાય.)

આ પદાર્થ માટે પહેલી વિંશિકા જોવી.

ભાવાર્થ : સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાના વિંશતિ-વિંશિકા નામના ગ્રન્થમાં કુલ ૨૦-૨૦ ગાથાના ૨૦ વિભાગો છે. એમાં પહેલી વિંશિકામાં આ વિષય અંગે સારો એવો પ્રકાશ પાડવામાં આવ્યો છે. (વર્તમાનમાં આ ગ્રન્થ ઉપર પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ચરમશિષ્યરત્ન પૂજ્યપાદ સરળ સ્વભાવી કુલચન્દ્રસૂરિજી મહારાજાએ રચેલી નૂતન સંસ્કૃત સરલ ટીકા ઘણો સારો બોધ કરાવી આપે છે. જિજ્ઞાસુઓ એમની સંક્ષિપ્ત ટીકાનો અભ્યાસ ચોક્કસ કરી શકે છે.)

આપણે એનો સાર જોઈએ.

★ નવા ગ્રન્થો, પુસ્તકોની રચના કરનારા લેખકોના મનમાં એવી ભાવના હોય છે કે "આ મારા ગ્રન્થો દ્વારા, પુસ્તકો દ્વારા અનેક જીવો ઉપર ઉપકાર થાઓ..." તેઓના મનમાં પરોપકારની ભાવના રમ્યા કરતી હોય છે. હા ! છદ્મસ્થ હોવાથી ક્યારેક યશ-કીર્તિથી ભાવના પણ જાગી જાય, પણ એ મુખ્ય નથી હોતી.

★ આવી પરોપકાર ભાવનાથી જે કામ થાય, એમાં સહજ રીતે જ તેઓ વિશિષ્ટ કોટિનું પુણ્ય બાંધવાના જ. તમે જ વિચારો, તીર્થંકર નામ કર્મ સૌથી ઉત્કૃષ્ટ પુણ્યકર્મ છે, અને એ બંધાય છે પરોપકાર કરવાની ભાવનાથી જ ને ?

'સવિ જીવ કરું...' એ ભાવના જ જિનનામ બંધાવે છે ને ?

જૈનેતરો કહે છે કે नहि कल्याणकृत् कश्चित्तात् ! दुर्गतिं गच्छति જે બીજાઓનું હિત કરે છે, એ દુર્ગતિમાં જતો નથી.

ઓઘનિર્યુક્તિકારે જણાવેલું છે કે जेणं कुलं आयत्तं... આખા ગચ્છ ઉપર આચાર્ય ઉપકાર કરે છે, માટે આચાર્યને આદરપૂર્વક સાચવવા.

આ પુણ્યકર્મ એટલે યશનામ, આદેયનામ... વગેરે.

★ આમાં સજ્જનો ઉપર તો બે રીતે અસર પહોંચશે. प्रायो भावाद् भावप्रसूतिः

એ એક ન્યાય છે. એટલે કે આપણામાં જેવો ભાવ હોય, તેને અનુકૂળ ભાવ સામેવાળામાં ઉત્પન્ન થાય. સીધી સાદી ભાષામાં બોલીએ તો ભાવ એવો પ્રતિભાવ !

અહીં સર્જકોનો = લેખકોનો ભાવ ઉત્તમ છે, પરોપકાર કરવાનો છે. એટલે જે સજ્જનો = સારા જીવો પુસ્તકાદિ વાંચશે, એમને એ ભાવની સ્પર્શના થઈ જશે, એટલે તેઓ એ ભાવને ઝીલવા લાગશે, એટલે કે તેઓને આ બધું વાંચીને ખૂબ જ આનંદ આવશે. 'વાહ ! મઝા આવી ગઈ. ખૂબ સરસ ! આનાથી મને ઘણો ફાયદો થશે...'

બીજી બાજુ લેખકનું ઝગારા મારતું યશ-આદેય વગેરે રૂપી પુણ્યકર્મ પણ એમને લેખકની પ્રશંસા કરવા પ્રેરશે, લેખકના પદાર્થોનો સ્વીકાર કરવા પ્રેરશે... આમ બધી રીતે એ સારા જીવોને આનંદ-સંતોષ-પ્રસન્નતા પ્રાપ્ત થવાના.

★ જે દુર્જનકક્ષાના જીવો છે, આપણી ભાષામાં કહીએ તો ભારેકર્મી જેવા જે જીવો છે. તેઓને ધારો કે લેખકોના પવિત્રભાવોની સ્પર્શના-અસર ન પણ થાય. પણ લેખકોનું પુણ્યકર્મ ત્યાં એમના પર અસર કરી બેસે. પ્રભુવીરની પર્ષદામાં ૩૬૩ પાખંડીઓ જેમ મૌન બની જતા, કશો જ પ્રતિકાર વિચારી પણ ન શકતા... આવી પરિસ્થિતિમાં એ દુર્જનો મુકાઈ જાય. એ લેખકોના પુણ્યપ્રભાવ હેઠળ આ દુર્જન જેવાઓ પણ બોલી ઉઠે કે "પુસ્તક સારું છે. પદાર્થો સરસ છે, ચિંતન સરસ છે..." વગેરે. ભલે કદાચ તેઓ એમાંથી આત્મહિત કેટલું પામે ? એ એક પ્રશ્ન રહે, પરંતુ પીડા-ગાળાગાળી-નિંદા આ બધું અટકી જવાની શક્યતા ખરી.

અને આ વાત ખોટી નથી. આજે પણ આવા અનુભવો થાય છે. પ્રભાવક પુણ્યશાળી મહાત્માઓના સામ્રાજ્યમાં ભલભલા માંધાતાઓ, માથું ફેરવનારાઓ, નિંદકો, ઈર્ષ્યાળુઓ નમ્ર ઘેંસ બની જતા જોવા મળે છે. એ બધું પાછું સહજ હોય છે. એટલે એ બધાને પીડા થવાનો પ્રશ્ન આ રીતે આપોઆપ જ નિકાલ પામે છે.

આનું મુખ્ય કારણ છે 'લેખકો-સર્જકો પૂરા આનંદ સાથે, હર્ષોલ્લાસ સાથે ગ્રન્થરચનાનો, પુસ્તક રચનાનો ઉદ્યમ કરે છે.'

'હું આ લખીશ, સેંકડો-હજારો લોકો વાંચશે, બધાના મન પલટાશે, પછી તન પલટાશે, કેટલાકો તો સંયમના માર્ગે આગળ ધપશે, કેટલાકો વળી પ્રભુભક્ત બનશે, કેટલાકો લીધેલા સંયમમાં સ્થિર બનશે, કેટલાકો બારવ્રતધારી બનશે... વાહ રે વાહ ! મને તો કેટલો બધો લાભ મળશે. મારું કેવું પુણ્ય ! કે પ્રભુકૃપાથી મને આ સર્જન કરવા માટે જરુરી ગુણો મળ્યા, પાત્રતા મળી... અને આ અદ્ભુત કામ કરવાની મને તક મળી.'

આ વિચારો અંતરમાં ઘુંટાયા જ કરે, આનું જ બીજું નામ છે હર્ષ ! એક

વર્ણનાતીત આનંદાનુભૂતિ આ કાર્ય કરતી વખતે થાય. અને આ હર્ષ સાથે જે પ્રયત્ન થાય, એ પછી જેવો તેવો ન હોય. માત્ર કામ પતાવી દેવા માટેનો ન હોય, માત્ર ચોપડાઓના ઢગલા ખડકી દેવા માટેનો ન હોય, એકે એક કામ ઠોસ થાય, અફલાતૂન થાય...

બસ, આ હર્ષ અને આ પુરુષાર્થ... એ ઉત્પન્ન કરે પ્રચંડ પુણ્ય ! અને એ સજ્જનોને સંતોષ - આનંદ આપે, દુર્જનોને પીડામાંથી બચાવે.

કેવી અદ્ભુત છે, આ કુદરતી જ ગોઠવાઈ જતી વ્યવસ્થા !

(બીજો અર્થ આવો વિચારી શકાય કે દુર્જનો દોષો કાઢવા માટે પણ સજ્જન લેખકોના પુસ્તકો વાંચે ને ? તો ય એની મધુરતા એમના હૈયાને ક્યાંક સ્પર્શી જાય, એના કારણે પેલી દુર્જનતા મોળી પડે, અને એટલે જ તેઓ પણ "ના, ના ! સારું લખાણ છે. વિરોધ કરવા જેવું નથી." એવું બોલી દે.

તેઓ પહેલા ગ્રન્થો વાંચવાનો પ્રયત્ન કરશે. પછી એની વિશિષ્ટતાઓ જોઈને હર્ષ પામશે... આ રીતે એમને પણ પીડા નહિ થાય.

જો કે આવું બને, એમાં પણ મુખ્ય ભાગ ભજવશે એ લેખકોનું પવિત્ર ભાવથી જન્મ પામેલું પવિત્ર પુણ્ય !

વિંશતિવિંશિકામાં મઝાના શબ્દો વાપરેલા છે

इक्को य होइ दोसो, जं जायइ खल जणस्स पीडत्ति ।

तह वि पयट्टो इत्थं दट्ठुं सुयणाणं अइतोसं ।

तत्तो चिय जं कुसलं, ततो तेसिंपि न हु होइ पीडा ।

सुद्धासया पवित्ति, सत्थे निद्दोसिया भणिया ॥

છેલ્લી પંક્તિનો અર્થઃ શુદ્ધ-આશયવાળી પ્રવૃત્તિ જૈનશાસ્ત્રોમાં નિર્દોષ કહેવાયેલી છે. (આનો સ્પષ્ટાર્થ તે ગ્રન્થની ટીકામાંથી જાણી લેવો.)

– x – x –

લોકો કેવા કેવા વિચિત્ર કોટિના આરોપ મુકતા હોય છે, એ પણ જાણવા જેવું છે.

<u>ગાથા :</u> <u>કહે કોઈક જુદી રીતે, મુનિ ભિક્ષા ભાંજે ભીતેં ।</u>

<u>તે જૂઠું શુભમતિ ઈહે, મુનિ અંતરાયથી બીહે ॥</u>

<u>સુણજો... ॥૧૭॥</u>

<u>ગાથાર્થ :</u> કેટલાકો વળી જુદી જ રીતે કહે છે (શુદ્ધ દેશના આપનારાઓના પર

આરોપ મુકે છે) કે 'મુનિઓ ! તમારી દેશના દ્વારા તમે અમારી ભિક્ષા ભાંગી નાંખો છો. આ ભિક્ષા ભાંગી જવાના ભયથી જ અમે દેશના આપવાની ના કહીએ છીએ.'

પણ આ વાત ખોટી છે. કેમકે સાચી દેશના આપનાર મુનિ શુભભાવને ઈચ્છે છે, એ મુનિ અંતરાયથી ગભરાય છે.

<u>ભાવાર્થ :</u> કેટલાકો એમ માને છે કે "શુદ્ધ-શાસ્ત્રીય દેશના આપનારા મુનિઓ બીજા સાધુઓની ભિક્ષાચર્યાને તોડી નાંખે છે."

આ વસ્તુ શી રીતે બને ? એ વિચારીએ.

સાધુ દેશનામાં જો ગોચરીના ૪૨ દોષોનું વર્ણન કરે, અને સમજાવે કે 'આ આધાકર્મી, આ મિશ્ર, આ અભ્યાહૃત... આ દોષોથી અમારું ચારિત્ર મલિન થાય. આ દોષો સેવવામાં અમને તો પ્રાયશ્ચિત્ત આવે જ. પણ શ્રાવકો ! તમને પણ પ્રાયશ્ચિત્ત આવે. તમારી ગાંડી ભક્તિના કારણે સાધુઓમાં શિથિલતા પ્રવેશે...' વગેરે.

આ બધું સાંભળીને ગૃહસ્થો સાવચેત બને, ગાંડી-ઘેલી ભક્તિ બંધ કરે, નિર્દોષ જ વહોરાવવાના આગ્રહી બને.

હવે જે શિથિલ સાધુઓ અત્યાર સુધી આધાકર્માદિનો ભરપૂર વપરાશ કરતા હતા, એમને વહોરાવનારા તો આ શ્રાવકો જ હતા. એ શ્રાવકો શિથિલોને આધાકર્માદિ કરી આપવામાં ઉત્સાહી ન બને, ના પણ પાડે. ક્યારેક ઉપદેશ પણ આપી દે કે 'આપ આ ખોટું કરો છો.' આમ એ શિથિલ સાધુઓને એમની અનુકૂળતા પ્રમાણેની ગોચરીઓ મળતી બંધ થઈ જાય. હવે એમને ઉપાશ્રયમાં આવીને ટિફીન આપી જનારા બંધ થઈ જાય. હવે એમને ઉનાળામાં જ્યુસ વગેરે આપી જનારા પણ ઘટી જાય, બંધ થાય...

આ રીતે એ સાધુઓને મળતી ભિક્ષા પેલા દેશનાદાતા મુનિએ ભાંગી નાંખી.

આ એક પદ્ધતિ

બીજી પદ્ધતિ એ છે કે

સાધુ દેશનામાં ગોચરીના દોષો-ગુણો વગેરેનું વર્ણન ધારો કે ન લે. પણ સુસાધુ કોણ ? કુસાધુ કોણ ? વંદનીય કોણ ? અવંદનીય કોણ ? આ બધી બાબતોનું વર્ણન કરે.

આમાં અવંદનીય હોય, કુસાધુ હોય એ તો કુપાત્ર હોય, અને દાન તો સુપાત્રને આપવાનું હોય. જો કુસાધુઓને દાન આપવું જ પડે, તોય સુપાત્રબુદ્ધિથી તો નહિ જ આપવાનું...

હવે આ બધું વર્ણન સાંભળીને ગૃહસ્થો કુસાધુને જાણતા થાય, એટલે પહેલા

એમને જે રીતે હોંશે હોંશે વહોરાવતા હોય, તેમાં એકદમ ઓટ આવી જાય... આમાં પેલા કુસાધુઓની ભિક્ષા તૂટે.

આ બે પદ્ધતિના કારણે જ કેટલાકો એમ માને છે કે 'મુનિએ આ રીતે કોઈકને ભિક્ષામાં આવા વિઘ્નો ઉભા કરવા એ ઉચિત નથી. માટે 'ન બોલ્યામાં નવ ગુણ' તમે તમારું જ સંભાળો. તમે ગામની પંચાત છોડી દો...'

પણ ખરેખર જોવા જઈએ તો આ વાત બરાબર નથી.

સૌથી પહેલી વાત તો એ કે ગમે તેવા સાધુને તો દેશના આપવાનો અધિકાર જ નથી. એ માટેના જરૂરી ગુણો અમે આગળ બતાવી જ ચુક્યા છીએ કે ગીતાર્થ, યતનાવંત, ભવભીરુ, એવા મહાત્મા ઉપદેશક બને, આ મહાત્માના અધ્યવસાયો પવિત્ર જ હોય. કોઈને નીચા પાડવાના, કોઈને ખરાબ ચીતરવાના, કોઈના ભક્તો ઝુંટવી લેવાના વિચારો એમના મનમાં ક્યારેય ન હોય. એ જે કંઈપણ બોલે છે, એ માત્ર ને માત્ર પરકલ્યાણ માટે જ બોલે છે.

એ તો ઈચ્છે છે પોતાનામાં શુભ પરિણામો, અને પારકામાં પણ શુભપરિણામો !

બીજાને અંતરાય થાય, એવી તો એમના મનમાં ય કદી ઈચ્છા ન પ્રગટે. "એ શિથિલોને ભુખ્યા મારું, એ શિથિલોને બદનામ કરું." એવા મલિન પરિણામોથી એ અલિપ્ત રહે.

ફરી પાછી એ વાત -

જૈનોને હોટલ-લારીનું નહિ ખાવાની પ્રતિજ્ઞા આપનારા સાધુ એ હોટલ-લારીવાળાઓને કમાણીમાં અંતરાય કરનારા ગણાય ખરા ?

અમારિ પ્રવર્તન કરાવનારા હીરસૂરિજી કસાઈઓની આજીવિકાનો ઘાત કરનારા ગણાય ખરા ? લોચ કરાવનારા સાધુઓ હજામના લાભમાં અંતરાય કરનારા ગણાય ખરા ?

પ્રભુ સેંકડો-હજારો રાજકુમારો-રાજાઓ વગેરેને દીક્ષા આપે, એટલે એમની પત્નીઓને પ્રભુએ ભોગમાં અંતરાય કરીને ભોગાંતરાય કર્મ બાંધ્યુ હોય, એવું બની શકે ખરું ?

અરે ! મુનિની તો શી વાત કરવી ?

ગોચરી જાય, અને પોતે વધુ વહોરી લે, તો પાછળથી વાપરનારાઓને તકલીફ પડે, એ વિચારના કારણે મુનિ જરૂર હોવા છતાં પણ ઓછું વહોરે છે.

કોઈક બિલ્ડીંગમાં બીજા સંયમીને ગોચરી વહોરવા જતા જોયા હોય, તો એને વહોરવામાં સંકોચ ન રહે અને ગૃહસ્થોને પણ ઘટી ન પડે... એ માટે એ બિલ્ડીંગ

જ છોડી દેનારા આ મુનિ હોય છે.

મુનિ તો આમ ભલે નિર્ભયશિરોમણી ! પણ આમ પાછા ભયભીતોમાં અગ્રેસર ! પોતાના નિમિત્તે કોઈને પણ અંતરાય થાય, એનાથી તો એ ખૂબ ખૂબ ગભરાતા જ હોય. એમની આ વિશિષ્ટ પરિણતિને જાણ્યા બાદ તેમના પર અંતરાય કરવાનો આરોપ મુકવો એ મહાપાપ છે.

અરે ભાઈ ! શ્રાવકો જો નિષ્કારણ મુગ્ધતાના કારણે દોષિત વહોરાવે, તો તેઓ આવતા ભવમાં સંપત્તિ-સત્તા-સુરૂપ વગેરે પામવા છતાં પણ ૩૨-૩૫ વર્ષની ઉંમરે મૃત્યુ પામનારા બને... આવો વિચિત્ર વિપાક શાસ્ત્રોમાં એમને માટે દર્શાવેલો છે. એ સિવાય બીજા નુકસાનો પણ ઓછા નહિ. આ બધાના કારણે એમને બચાવી લેવા માટે સસૂત્ર પ્રરૂપણા કરતા મુનિને અંતરાય કરનારા શી રીતે કહેવા ?

એમ 'કુગુરુના રવાડે ચડીને શ્રાવકો સ્વહિત ગુમાવી ન બેસે', એ બુદ્ધિથી માત્ર સ્પષ્ટ વિવેક આપતા એમને શી રીતે આરોપીના પિંજરામાં મૂકી શકાય ?

<u>શિષ્ય :</u> તમારી આ વાત સાચી. પણ વર્તમાનકાળની પરિસ્થિતિ કંઈક વિપરીત જોવા મળે છે.

કેટલાકો એવું કરે છે કે 'બીજાઓમાં જે દોષો રહેલા હોય, અને પોતાનામાં ન હોય, એનો જોરશોરથી પ્રચાર કરે, અને આવા દોષવાળાઓ અવંદનીય સાધુ ! એમ પ્રચાર કરે, પરંતુ પોતાનામાં જે દોષો રહેલા હોય એને માટે હરફ પણ ન બોલે.

ખરેખર જોઈએ, તો બંનેનું પ્રાયશ્ચિત્ત સરખું પણ આવતું હોય, અને એટલે એ બંને દોષો અપેક્ષાએ સરખા જેવા હોય. છતાં પોતાનામાં જે દોષ ન હોય, એ દોષવાળાઓ જ અવંદનીય ! અને પોતાનામાં જે દોષ હોય... એ વંદનીય ! આવો બેધાધંટુ વિભાગ તેઓ પાડી દે છે.

આ બધું શું યોગ્ય છે ?

મને તો પેલી ગાથા યાદ આવે છે.

**परं पतन्तं पश्यन्ति, न तु स्वं मोहमोहिताः ।**

**कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ॥**

બીજા પડે છે, એ દેખાય, પણ પોતે પણ પડે છે, એ બિચારા મોહવાસિત જીવોને દેખાતું નથી. તેઓ તો સંસારનું મુખ્ય કારણ એવું પરદોષગ્રહણ જ કર્યા કરે છે.

<u>ગુરુ :</u> તારો આ બળાપો કદાચ સાચો હોય તો પણ કોઈક આપણને અવંદનીય કહે, એટલા માત્રથી એના માટે આપણે આટલો બધો આક્રોશ ન કરવો. કાં તો તેઓ

અજ્ઞાનના કારણે, કાં તો આવેશના કારણે પણ આવું બોલતા હોઈ શકે... એ ગમે તે હોય, આપણે કરુણા, માધ્યસ્થ્ય ભાવના જ વિકસાવવાની છે.

હા ! તાત્ત્વિક પદાર્થ આપણે વિચારીએ.

ગોચરી અંગે શ્રાવકોને સમજણ આપવાની હોય, તો નીચેના મુદ્દાઓ સમજાવવા જોઈએ.

(૧) વિશેષ કારણ ન હોય, તો સાધુઓને નિર્દોષ ગોચરી જ વહોરાવવી.

(૨) વિશેષ કારણ વિના માત્ર ગાંડી ભક્તિથી પ્રેરાઈને જો ગૃહસ્થ દોષિત વહોરાવે, તો એને અલ્પપાપ અને ઘણી નિર્જરા મળે. બીજા ભવમાં સુખ-સંપત્તિની સાથે ૩૨-૩૫-૪૦ વર્ષનું અલ્પ આયુષ્ય મળે... આ વિચિત્રફળ મળે.

(૩) નિર્દોષ વહોરાવનાર એકાંતે નિર્જરા પામે.

(૪) ૪૨ દોષોમાંથી કોઈપણ દોષવાળી ગોચરી વહોરનાર સાધુને જેટલું પ્રાયશ્ચિત્ત ! એટલું જ પ્રાયશ્ચિત્ત એ ગોચરી વહોરાવનાર ગૃહસ્થને = શ્રાવકને આવે. (જો એ નિષ્કારણ + જાણવા છતાં + ગાંડી ભક્તિથી વહોરાવે.)

(૫) ગૃહસ્થોને ૪૨ દોષો બરાબર સમજાવવા.

(૬) વિશેષ કારણ હોય (ઘરો ઓછા હોવા, માંદગી, ઘડપણ, વધુ ઘરો હોવા છતાં અમુક આવશ્યક દ્રવ્ય બીજે ન મળવું... વગેરે.) તો દોષિત વહોરાવાય, અને એમાં નિર્દોષ જેટલી જ એકાંતે નિર્જરા પ્રાપ્ત થાય.

(૭) વિશેષ કારણ હોય, ત્યારે પણ જેટલા ઓછા દોષમાં પતે, એટલું ઓછા દોષથી પતાવવું. નિર્દોષ ગોચરી એ મીઠાઈ છે, દોષિત એ દવા છે. સાધુ મહેમાન જેવા છે. મહેમાનને મીઠાઈ હોંશે હોંશે વપરાવવાની, આગ્રહ કરવાનો. પણ મહેમાન માંદા પડે તો દવા તો જેટલી જરૂર હોય એટલી જ વપરાવવાની, વધારે નહિ.

(૮) આચારહીન સાધુઓ સામેથી જ દોષિત માંગે, કારણ કોઈ જ ન હોય, તો ઔચિત્ય ખાતર વહોરાવવું. એમાં સુપાત્રની ભક્તિનો ભાવ ન રાખવો. એમ ધિક્કાર, તિરસ્કાર પણ બિલકુલ ન રાખવો. પાછળથી શક્ય હોય, આવડત હોય તો એમને સમજાવીને સન્માર્ગે લાવવા પ્રયત્ન કરવો. શક્ય ન હોય, તો પછી ઉપેક્ષા ધારણ કરવી.

આવા બીજા પણ અનેક મુદ્દાઓ સ્વયં વિચારી લેવાના.

સુગુરુ-કુગુરુ બાબતમાં નીચેના મુદ્દાઓ જાણવા.

(૧) ઉત્તરગુણોની શિથિલતાઓથી કોઈ પણ સાધુ કુગુરુ ન બને. પંચાશકજીમાં આ કાળની દૃષ્ટિએ એમને સુગુરુ જ ગણવાનું વિધાન છે, અને ખરેખર એ છટ્ઠા

ગુણઠાણાના માલિક છે.

(૨) જો નિશીથાદિ ગ્રન્થો વાંચો, તો આજે પ્રાયઃ એકપણ સંયમી એવો નહિ જ મળે કે જેનામાં એ નિશીથમાં જેનો નિષેધ કરેલો હોય, એવી ઓછામાં ઓછી ૫૦-૧૦૦-૨૦૦ બાબતો ન હોય. અને એ બધી જ બાબતો પાછી એવી કે જેમાં આજ્ઞાભંગ-મિથ્યાત્વ-અનવસ્થા અને વિરાધના એ ચારે ય દોષો સ્પષ્ટ રીતે બતાવેલા હોય.

દા.ત.

→ શેષકાળમાં પાટ-પાટલા-ટેબલ વગેરે ઉપકરણો વાપરવા.

→ ઘડા, લોટ કે તાંબાના ઘડા વાપરવા.

→ પરાતોનો ઉપયોગ કરવો.

→ ડોળી કે વ્હીલચેર... વગેરેનો ઉપયોગ કરવો.

→ કારતક પુનમ પછી પણ એ જ ક્ષેત્રમાં એકાદ દિવસ પણ રહેવું. (મૌન એકાદશી તો દૂર...)

→ રસોડાની ગોચરી વાપરવી.

→ વર્ષે એકથી વધુ વાર કાપ કાઢવો.

→ કાતરાદિનો ઉપયોગ કરવો.

→ ઉપાશ્રયમાં ઝીરોનો ગ્લોબ મુકાવવો.

→ ઉપાશ્રયમાં કચરા-પોતા થવા.

→ ઉપાશ્રયમાં ગૃહસ્થોના, કુદરતી દૃશ્યોના, અરે ! પૂજનીય આચાર્ય ભગવંતો વગેરેના પણ ફોટા હોવા - મુકાવવા - અનુમોદવા.

→ વિહારમાં માણસ સાથે રાખવો, એની પાસે સાધુ પોતાના કોઈપણ કામ કરાવે...

આ આખું લિસ્ટ કદાચ હજાર સુધી તો ધડાધડ પહોંચી જાય.

આ બધું પાછું આજે અપવાદ રૂપે છે, એવું માની લેવાય એમ નથી. કારણ કે એમ માનવામાં ઘણા બધા વાંધા છે. એવા કોઈ પુષ્ટ કારણો બધે દેખાતા નથી. જે કારણો આપણે ગણતા હોઈએ... એ બધા જ નબળા-દુબળા લાગે. હા ! હજાર મુદ્દામાંથી ધારો કે કોઈક કોઈક પાસે ૧૦૦-૨૦૦-૫૦૦ મુદ્દા અપવાદ રૂપ મળી પણ જાય. પણ તો ય દરેકે દરેકની પાસે બીજા સેંકડો મુદ્દા એવા મળવાના જ, કે જે અપવાદ નથી.

તો શું આ બધાને મિથ્યાત્વાદિ ચાર દોષો માની લેશું ? તો પછી બધા મિથ્યાત્વી

જ બની ગયા. શ્રમણ-શ્રમણી એ દ્વિવિધ સંઘનો વિચ્છેદ જ થઈ ગયો. સાચી સમજણ વિના આવી ઘણી ભૂલો થવાની.

દરેકે એવું સ્પષ્ટપણે માનવું જ જોઈએ કે 'ઉત્તરગુણોની બાબતોમાં દોષો સેવવા એ ખોટું તો છે જ, એ દોષો દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ, એ માટે સખત પુરુષાર્થ કરવો જોઈએ, એ દોષોના સંભવિત ભયંકર નુકસાનો બતાવવા જોઈએ... પણ આમ છતાં એ દોષો હોવા માત્રથી સાધુતા જ મરી પરવારે... એવું કોઈપણ હિસાબે ન બને. એ દોષવાળાઓ પણ સાધુ જ છે, ઉત્તમ છે, વંદનીય છે... એમાં ફેરફાર નહિ.'

દા.ત.

→ અમે અત્યારે દસ-બાર સાધુઓ રાજકોટ જઈ રહ્યા છીએ, અમારી સાથે સાઈકલ-માણસ-મોબાઈલવાળો માણસ... કશું જ નથી. છતાં અમે સ્પષ્ટ માનીએ છીએ કે આ બધું જે રાખતા હશે, તેઓ કદાચ વિશિષ્ટ કારણોસર રાખતા હશે. અને ધારો કે પ્રમાદથી રાખતા હોય, તો પણ એ એટલા માત્રથી અવંદનીય-અસાધુ બની જતા નથી. એ પ્રમાદ એમની સંયમ-પરીક્ષામાંથી બે-પાંચ માર્ક્સ ઓછા કરી નાંખે, પણ એટલા માત્રથી તેઓ સંયમપરીક્ષામાં નાપાસ ન થાય.

→ અમારા બાર સાધુઓમાં એકપણ સાધુ અત્યારે સંડાસમાં તો ઠીક, પણ વાડામાં પણ જતો નથી. છતાં અમે સ્પષ્ટ માનીએ છીએ કે વાડાદિનો ઉપયોગ કરનારા સંયમીઓ એટલા માત્રથી અવંદનીય નથી જ. તેઓ કારણસર અથવા તો કોઈક પ્રમાદથી આવું કરતા હશે... પણ એનાથી સંયમ મરી જ જાય... એવું તો નથી જ.

→ અમે રસોડાદિની ગોચરી લગભગ ટાળીએ છીએ, જૈનેતરોમાંથી જ એવા સ્થાનોમાં ગોચરી લાવીએ છીએ. છતાં રસોડાદિની ગોચરી વાપરનારાઓને અમે અવંદનીય-કુસાધુ વગેરે કહેતા નથી.

→ અત્યારે મારી અંગત ઈચ્છા એવી કે 'જે વખતથી મારી વિહાર કરવાની શક્તિ ખતમ થશે, અને કાયમ માટે ડોળી-વ્હીલચેરનો જ ઉપયોગ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે, તે વખતથી હું ડોળી કે વ્હીલચેર કશું નહિ વાપરું. પણ આર્યસુસ્થિતસૂરિ, આર્ય અર્ણિકાપુત્રાચાર્ય અને આર્યસંગમાચાર્ય... આ ત્રણ પ્રભાવકોના દૃષ્ટાન્તને નજર સામે રાખીને કોઈક સ્થાને સ્થિરવાસ રહેવાનું પસંદ કરીશ. છેવટે અમદાવાદ, સુરત જેવા મોટા શહેરોમાં જ રહીશ, પણ લાંબા વિહારો ડોળી કે વ્હીલચેર દ્વારા નહિ કરું.'

આમ છતાં ડોળી કે વ્હીલચેર વાપરનારા કોઈપણ મહાત્મા માટે હું એવું તો નથી જ માનતો કે આટલા માત્રથી એ કુગુરુ - અવંદનીય બની ગયા.

આવી તો ઢગલાબંધ બાબતો છે. એમાં ય સૌથી છેલ્લી વાત...

→ ઉપર દર્શાવેલી કે બીજી પણ સેંકડો અન્ય બાબતોથી કોઈ સાધુ એટલા માત્રથી કુગુરુ બને એવું હું નથી માનતો. પરંતુ જેઓ આવું માને છે કે 'ના, ના ! આ બધી બાબતોથી પણ એ કુગુરુ જ બની જાય, અવંદનીય બની જાય...'

તો સાંભળજો, આવું માનનારાઓ માટે પણ હું તો એમ જ માનું છું કે "આવું માનવા માત્રથી તેઓ = માનનારાઓ જ અવંદનીય બની જાય એવું નથી." હોય ભાઈ ! બધાની માન્યતા જુદી જુદી હોય. એ ખોટી પણ હોય, છતાં એકાદ ખોટી માન્યતા મિથ્યાત્વ જ અપાવી દે એવું નથી. અજ્ઞાનના કારણે પણ ખોટી માન્યતા ઉત્પન્ન થાય. અરે, ક્યારેક સંજ્વલન કષાયથી પ્રેરાઈને પણ ખોટા વિચારો પેદા થાય. અરે, ક્યારેક પોતાના આચારના સંજ્વલન માનથી પ્રેરાઈને પણ કોઈક આવા ખોટા વિચારોનો ભોગ બની જાય. એટલા માત્રથી તેઓ અવંદનીય-અપૂજનીય-તિરસ્કરણીય નિંદનીય ન જ બને, ન જ બને.

વળી જો આપણને આપણી જાત ડાહ્યી, સમજુ લાગતી હોય... તો શું આટલી નાની નાની વાતમાં આપણે આક્રોશમાં આવી જશું ? પેલાઓ અમને અવંદનીય કેમ કહે ? અમે પણ એમને..." શું આટલા બધા નબળા વિચારોવાળા બની જશું ? કોઈ આપણને પથરો મારે, એટલે આપણે સામે બે-ચાર પથરા મારવા... એ કામ શું જૈન સાધુનું હોય ? અરે, સામાન્ય જૈનનું પણ હોય ?

આપણે બધાને શીખવાડીએ છીએ કે "સહનશીલ બનો. સાસુના કડવા વચનો સહન કરો..." તો આ બધું આપણે શીખવાનું ખરું કે નહિ ?

જેમ પથરાઓ ખાઈને ય પ્રતિકાર ન કરવો, હસતા રહેવું એ ઉત્તમતા છે. એમ 'અવંદનીય' વગેરે અપશબ્દો સાંભળીને પણ સહન કરી લેવું, સામેવાળા પર દ્વેષ ન કરવો, તિરસ્કાર ન કરવો, એ પણ ઉત્તમતા છે.

હા ! એમને કે બીજાઓને સાચી વાત સમજાવવાનો પ્રયત્ન ચોક્કસ કરો, એની ક્યાં ના છે ? પણ એ બધામાં દ્વેષભાવ-તિરસ્કારભાવ-બીજાને ખોટા પાડી દેવાનો ભાવ-તોડી પાડવાનો ભાવ... કોઈપણ હિસાબે ન જ શોભે, ન જ શોભે, ન જ શોભે.

શિષ્ય ! આચારના ક્ષેત્રે આપણે જેટલો વિકાસ સાધી રહ્યા છીએ, સાધવાના છીએ... એના કરતા પરિણતિના ક્ષેત્રે અનંતગણો વિકાસ સાધવાનો છે. અને એ જ ખૂબ કપરો છે.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આચારોનું પાલન એટલે હિમાલયની તળેટી સુધી પહોંચવું તે ! ત્યાં તો વાહનમાં બેસીને, કે ચાલતા ચાલતા ય પહોંચાશે.

પરિણતિઓનો વિકાસ એટલે હિમાલયના એવરેસ્ટ શિખર ઉપર ધ્વજ ફરકાવવો તે ! જાનના જોખમ અને અથાગ મહેનત પછી જ શક્ય બની શકતું એ અત્યંત કપરું છતાં મહાન સિદ્ધિ સ્વરૂપ એ કાર્ય છે.

મૂળ વાત પર આવીએ.

ઉત્તમમુનિ દેશનામાં આટલું સમજાવે છે. (૧) નિર્દોષમાં પુષ્કળ લાભ (૨) દોષિતમાં કારણસર હોય, તો પુષ્કળલાભ... વગેરે. તથા મૂલગુણભંજકો સાધુતા ગુમાવે છે, ઉત્તરગુણભંજકો નહિ... વગેરે.

પણ આમાં ક્યાંય મલિન પરિણામ નથી હોતો, અને એ ન હોય તો જ એ મુનિને કોઈપણ દોષ લાગતો નથી.

– x – x –

ગુરુ દેશના આપીને મુખ્યત્વે શું કામ કરે છે ? શા માટે દેશના આપે છે ? તે જોઈએ.

ગાથા : જે જન છે અતિપરિણામી, વળી જેહ નહીં પરિણામી ।
તેહને નિતેં સમજાવે, ગુરુ કલ્પવચન મન ભાવે ॥
સુણજો... ॥૧૮॥

ગાથાર્થ : જે લોકો અતિપરિણામી છે, અને જે લોકો અપરિણામી છે. તેઓને ગુરુ બૃહત્કલ્પનું વચન મનમાં ભાવિત કરીને = વિચારીને નીતિપૂર્વક (અથવા તો કાયમ = નિત્ય) સમજાવે છે = દેશના આપે છે.

ભાવાર્થ : શ્રીબૃહત્કલ્પસૂત્ર નિર્યુક્તિની આ પ્રમાણે ગાથા છે કે

अइपरिणह अपरिणह, दुण्हंवि मग्गं जणो पणासंति ।
तम्हा देसणमाइक्खई, सुहगुरु मग्गरक्खट्ठा ॥

અપરિણામી અને અતિપરિણામી આ બંને જણ માર્ગનો નાશ કરનાર બને છે. માટે સદ્ગુરુ માર્ગની રક્ષા કરવાને માટે દેશનાને આપે છે.

બિલકુલ ખોરાક ન લો, તો પણ મૃત્યુ આવે. ઘણો વધારે ખોરાક લો, તો પણ મૃત્યુ !

બિલકુલ આરામ ન કરો, તો પણ શરીર બગડે. ઘણો વધારે આરામ કરો, તો ય બગડે.

બિલકુલ ન ચાલો, તો શરીર ભારે થાય. ઘણું વધારે ચાલો, તો પગ તૂટી જાય.

સંસ્કૃતનું અતિપ્રસિદ્ધ વાક્ય છે. अति सर्वत्र वर्जयेत् કોઈપણ બાબતમાં અતિરેક

થાય, એ સાવ ખોટો !

સંસારમાં ત્રણ પ્રકારના જીવો હોય. (૧) અપરિણામી, (૨) અતિપરિણામી, (૩) પરિણામી. એમાં પહેલા બે પ્રકારના જીવો 'અતિ'વાળા છે, માટે એ યોગ્ય નથી.

અપરિણામી જીવો ઉત્સર્ગમાર્ગમાં 'અતિ'ઢળી ગયેલા હોય છે.

અતિપરિણામી જીવો અપવાદમાર્ગમાં 'અતિ'ઢળી ગયેલા હોય છે.

આ 'અતિ'ના કારણે બેમાંથી એકેયનો માર્ગ ઉત્સર્ગ કે અપવાદ... એ માર્ગ જ રહેતો નથી. એ બની જાય છે ઉન્માર્ગ !

આ જ વસ્તુ બીજી ભાષામાં કહીએ તો

અતિપરિણામી જીવો એટલે નિશ્ચયવાદી જીવો !

અપરિણામીજીવો એટલે વ્યવહારવાદી જીવો !

અતિપરિણામીઓ = નિશ્ચયવાદીઓ એમ જ માને કે "મોક્ષ મળે છે, પરિણતિથી ! પછી આ બાહ્ય ક્રિયાઓની પકડ, આગ્રહ શા માટે ? મન પવિત્ર હોય, તો મોક્ષ મળવાનો જ..." એટલે આ જીવો બાહ્ય ક્રિયાઓ સારી કે ખરાબ... એ તરફ બહુ લક્ષ્ય નહિ આપે. માટે જ આ જીવો દોષિત ગોચરી વહોરાવવી... વગેરે પ્રવૃત્તિઓ બિન્ધાસ્ત બનીને કરવાના.

અપરિણામીઓ = વ્યવહારવાદીઓ એમ જ માને કે "પ્રભુએ જે પવિત્ર આચાર બતાવ્યો છે, એ પાળો તો જ મોક્ષ મળે, નહિ તો ન જ મળે. માટે ગમે તે થઈ જાય, પણ ક્રિયાની બાબતમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન થવો જોઈએ. ગમે તે પરિસ્થિતિમાં પણ આપણે આપણા આચારમાં કોઈપણ જાતનો ફેરફાર ન જ થવા દેવો જોઈએ." એટલે આ જીવો નિશ્ચય તરફ લક્ષ્ય નહિ આપે. તેઓ નિર્દોષ જ વહોરાવવું... વગેરે બાબતના સખત આગ્રહવાળા રહેવાના જ.

આ બંને જણ માર્ગનો નાશ કરનારા શી રીતે બને ? એ જોઈએ.

(૧) જે અતિપરિણામીઓ છે, તેઓ તો શુભ કે અશુભ બંને પ્રકારના વ્યવહારને ચલાવી લેશે. હવે અશુભ વ્યવહાર તો મોટા ભાગે અશુભ નિશ્ચયને જ ઉત્પન્ન કરે. એટલે એ બિચારા પાસે વ્યવહાર અને નિશ્ચય બે ય અશુભ બની ગયા, એટલે એની પાસે મોક્ષનો માર્ગ રહ્યો જ નહિ. આમ એ માર્ગનો નાશ કરનારા બને.

(૨) જે અપરિણામીઓ છે, તેઓ ગમે તેવી પરિસ્થિતિમાં પણ શુભ વ્યવહારનો જ = ઉત્સર્ગનો જ આગ્રહ રાખવાના. હવે ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગ આચરે, આચરાવે... ત્યાં સુધી તો વાંધો નથી. પણ અપવાદના સ્થાને પણ જડતા ભરેલું ઉત્સર્ગનું આચરણ કરે, ત્યારે શુભ વ્યવહાર ઉભો રહે, પણ ત્યાં નિશ્ચય તૂટી જાય,

શુભપરિણતિ, ઉછળતા પવિત્ર અધ્યવસાય... આ બધું ન રહે. અને જે શુભવ્યવહાર નિશ્ચયને ન લાવી આપે, તે પરમાર્થથી શુભ જ નથી. આમ અહીં પણ બંને માર્ગનો વિચ્છેદ થયો.

આ તો પદાર્થ બતાવ્યો. આના આધારે અનેક દૃષ્ટાન્તો વિચારી શકાય. આપણે માત્ર ગોચરી સંબંધી એક જ દૃષ્ટાન્ત વિચારીએ.

અતિપરિણામી શ્રાવક નીરોગી સાધુને પણ શીરો આધાકર્મી કરીને ય વપરાવશે. અહીં વ્યવહાર, ઉત્સર્ગ તો તૂટ્યો જ. તથા શ્રાવકનો અવિવેક, સાધુની આસક્તિ... આ બધામાં નિશ્ચય, અપવાદ પણ તૂટ્યો. આને નિશ્ચય, અપવાદ કહી જ ન શકાય.

અપરિણામી શ્રાવક અશક્ત, ટી.બી.વાળા સાધુને પણ શીરો આધાકર્મી નહિ કરી આપે. આમાં જડતા હોવાથી પરમાર્થથી વ્યવહાર, ઉત્સર્ગ પણ સાવ વિચિત્ર જ લાગે. તો બીજી બાજુ શ્રાવક અજ્ઞાન-જડતા-નિષ્ઠુરતા વગેરેને કારણે અને સાધુ અસમાધિ વગેરેને કારણે નિશ્ચય પણ ગુમાવે.

આવા બીજા પણ હજારો દૃષ્ટાન્તો વિચારી લેવા.

ઉત્તમ મુનિનું એક જ કામ ! બંનેને પરિણામી બનાવવા. એ માટે શાસ્ત્રનીતિ પ્રમાણે એ બંનેને સતત સમજાવવા, એટલે કે દેશના આપવી.

જે અતિપરિણામી છે, એને આચારની, વ્યવહારની, ઉત્સર્ગની મહત્તા, આવશ્યક્તા, અનિવાર્યતા સમજાવવી.

જે અપરિણામી છે, એને વિચારની, નિશ્ચયની, અપવાદની મહત્તા, આવશ્યક્તા, અનિવાર્યતા સમજાવવી.

બસ, મુનિએ દેશના દ્વારા મુખ્યત્વે આટલું કામ કરવાનું છે.

હવે આમાં વિશેષ બાબતો જુઓ.

→ ઘણું બધું ખાઈ લેવાથી જેને અજીર્ણ થયું હોય, એને ઘણું ખાવાના નુકસાનો તો બતાવીએ જ, એ ઉપરાંત અટ્ઠમ પણ કરાવી દઈએ. એમાં કદાચ અશક્તિ આવે, તો પણ વાંધો નહિ. કેમકે અજીર્ણનું નુકસાન અશક્તિના નુકસાન કરતા મોટું છે. અશક્તિને તો પછી પહોંચી વળાશે.

એમ મોટા ભાગના જીવોને ઈન્દ્રિયના વિષયસુખો ગમતા જ હોય છે. એટલે એમને નિર્દોષ ગોચરી, વિહાર, લોચ, કાયમી એકાસણા, ગરમી-ઠંડી-મચ્છરો... આ બધું સહન કરવું ન ગમે. એમને ઉત્સર્ગમાર્ગ ભારે લાગે, આકરો લાગે.

આ જીવોએ અતિપરિણામનું ભોજન પુષ્કળ કરી લીધું છે, એટલે એમને અજીર્ણ થયું છે. આ અજીર્ણ અટકાવવા માટે એમને અપરિણામનો અટ્ઠમ કરાવવો પડે. એટલે

કે એમને ઉત્સર્ગનો જોરદાર મહિમા બતાવી એવા તો ઉત્સર્ગ માર્ગે ચડાવવા પડે, કે તેઓ અતિપરિણામનું ભોજન કરવાનું જ ભૂલી જાય. એટલે કે તેઓ 'આચારમાં છૂટ લેવાય જ નહિ.' એવા જ મનોબળવાળા બનીને રહે.

આમ જોવા જઈએ તો તેઓ અપરિણામી બની ગયા. પણ એના નુકસાન કરતા અતિપરિણામીનું નુકસાન ભયંકર છે. અપરિણામીને તો પછી પહોંચી શકાશે.

ટુંકમાં મોટા ભાગના જીવો અતિપરિણામી હોય છે, એટલે એમને અતિપરિણામ છોડાવવા માટે મોટા ભાગે ઉત્સર્ગની = આચારની = વ્યવહારની પ્રરૂપણા વિશેષથી કરાય, એના ઉપર વિશેષથી ભાર મુકવામાં આવે, તો કશું ખોટું નથી.

→ વધુ ખાવાથી અજીર્ણવાળા બનેલાને બીજે દિવસે પ્રમાણસર કે અલ્પ પણ ભોજન અજીર્ણ વધારનારું બની શકે છે. એટલે અજીર્ણવાળા માટે ઉપવાસ શ્રેષ્ઠ ઔષધ છે.

એમ અતિપરિણામીને તમે પ્રમાણસર દેશના આપો કે 'ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગ ! અપવાદના સ્થાને અપવાદ ! અપવાદ પણ જરૂરી તો છે જ, ઉત્સર્ગ પણ જરૂરી છે.' તો આ દેશના પેલો અતિપરિણામી હોવાથી એના માટે યોગ્ય નહિ બને. એના અતિપરિણામ રૂપી અજીર્ણને દૂર કરવામાં મુશ્કેલી ઉભી થશે.

ત્યાં તો આવી જ દેશના આપો કે "દોષિત ગોચરી માંસ છે, મરી જવું પડે તો કબુલ... પણ આ માંસ ન ખવાય..." વગેરે. તો પેલા અતિપરિણામને બિલકુલ પોષણ નહિ મળે, એટલે એ દૂર કરવામાં એકદમ સરળતા રહેશે.

આમ અતિપરિણામીની સામે સ્યાદ્વાદની નહિ, પણ નયની દેશના અત્યંત ફાયદાકારક બનવાની. (પરમાર્થથી તો એ નયદેશના પણ સ્યાદ્વાદ દેશના જ છે.)

→ જે અપરિણામી છે, તે ઉપવાસાદિના હિસાબે અશક્તિવાળા બનેલા પુરુષ જેવો છે. એને તો શક્તિ આવે, એટલું પ્રમાણસર જ વપરાવવાનું છે. એને અધિકોદરી કરાવવાની નથી. અર્થાત્ એને અપવાદની જરૂરિયાત સમજાવવાની... પણ એ તરફ એ ઢળી પડે, એવું ન થવા દેવું. હા ! એ પોતાની મેળે વધુ ખાઈ લે, તો વળી પાછો એને ઉપવાસ કરાવવો પડે.

→ સાર એ કે અતિપરિણામી અપરિણામી બને, એ હજી ચાલે. એ પછી એ પરિણામી બનશે... એટલે વાંધો નથી. પણ અપરિણામી અતિપરિણામી બને... એ ન ચાલે. એ પરિણામી બને, એટલો પ્રયત્ન કરવાનો.

અજીર્ણવાળો અટ્ઠમ કરી લે, કદાચ થોડોક અશક્ત બને, એ હજી ચાલે. એ પછી પારણામાં વાપરીને પાછો શક્તિ તો મેળવી લેશે. પરંતુ અટ્ઠમવાળો પારણે ઘણું ખાઈ

લે, એ ન ચાલે. એ પ્રમાણસર કે ઓછું વાપરે એ જ સારું.

ગીતાર્થ મુનિ એક કુશળ વૈદ્ય છે, એણે આ બધી કાળજી કરવાની છે.

→ શ્રી બૃહત્કલ્પસૂત્રમાં ફરમાવ્યું છે કે 'મોટા વિહારમાં દોષિત લેવું જરૂરી પડશે...' એવું જ્યારે આચાર્યને લાગે, ત્યારે 'આપણા સાધુઓ દોષિત લેવા તૈયાર નહિ જ થાય. એટલે પ્રથમ તો એ બધાને એ માટે તૈયાર કરવા પડશે...' એમ વિચારીને આચાર્ય બધાને ભેગા કરીને સમજાવે કે 'વિહારમાં નિર્દોષ ન મળે, તો અપવાદ માર્ગે યતના પૂર્વક દોષિત લેવું પડે...' વગેરે.

એમાં વળી એ સાધુઓને એવું કદાચ લાગે કે 'ગુરુ તો હવે શિથિલ બની ગયા છે. જુઓ, અત્યાર સુધી ક્યારેય દોષિતની વાત પણ નથી સાંભળી. અને આજે અચાનક જ આ બધું ક્યાંથી આવી પડ્યું...' એ ન લાગવા દેવા માટે ચાર-પાંચ ગીતાર્થ સાધુઓ પણ ગુરુની રજુઆતમાં વચ્ચે વચ્ચે હોંશિયારીપૂર્વક સાક્ષી પુરાવતા જાય, એ રીતે બધા સાધુઓને વિશ્વાસ બેસે, અને બધા સાધુઓ એ અપવાદને અપનાવનારા બને.

પણ કલ્પના કરો કે એ સાધુઓના મનમાં ઉત્સર્ગનો કેટલો બધો રાગ ઉભો કરવામાં આવ્યો હશે કે હવે અપવાદની પ્રરૂપણામાં તે સાધુઓ ગુરુને પણ શિથિલ માની લે ત્યાં સુધીની શક્યતા ઉભી થાય... આચાર્યે એ સાધુઓને દીક્ષાના પ્રારંભના વર્ષોમાં કેવો જોરદાર ઉત્સર્ગમાર્ગ દર્શાવ્યો હશે, કેવો એનો મહિમા ગાયો હશે, એની કલ્પના જ કરવી રહી.

પણ આનાથી એટલું તો કલ્પી શકાય છે કે અતિપરિણામીને પહેલા અપરિણામી બનાવીને પછી પરિણામી બનાવવો... આ ક્રમ હોવો જોઈએ.

વૈદ્યોની પદ્ધતિ આજે આવી જ છે ને ? અજીર્ણાદિ રોગવાળાને પહેલા દિવસોના દિવસો સુધી ભુખ્યો જ રાખે છે ને ? પછી ધીમે ધીમે ખાવાનું આપે.

પણ ભૂખના જ કારણે નબળા પડેલાઓને વૈદ્યો વધુ ભુખ્યા નથી રાખતા, એમને તો ખવડાવવામાં જ આવે છે, પણ એ પ્રમાણસર !

એટલે કે અપરિણામીને સીધો જ પરિણામી બનાવવો. અતિપરિણામી બનાવ્યા બાદ પરિણામી... એમ નહિ.

જો કે બંને જગ્યાએ બનાવવાના છે તો પરિણામી જ ! પણ મોટાભાગના જીવોના સ્વભાવને નજરમાં લઈને આ પ્રક્રિયા ઉચિત લાગે છે.

આજે આવા પ્રકારની અલગ અલગ દેશના આપવાનો અવસર અમને અનેકવાર આવે છે.

(૧) અમે શ્રીસંઘમાં પ્રેરણા કરીએ જ છીએ કે "સ્વામિવાત્સલ્યમાં માણસો વધારે રાખીને પણ અજવાળું થયા બાદ જ રસોડું ચાલું કરો. બેસાડીને જમાડો. કેટરર્સને ન સોંપો. જાતે જ પીરસો..." વગેરે.

બીજી બાજુ અતિ કટ્ટર શ્રાવકોને એવું ય કહીએ કે "જુઓ ભાઈ ! અમુક અમુક વિધિ ન સચવાય, એટલે 'સ્વામિવાત્સલ્ય જ બંધ કરી દેવું.' એ બિલકુલ બરાબર નહિ. એમને ગાળો દેવી, એ બિલકુલ બરાબર નહિ. ૧૦૦% માર્કસ કોના આવે છે ? ૩૫% થી માંડીને પાસ ગણવામાં આવે છે, તો આ બધામાં પણ થોડીક સમજણ કેળવવી...

(૨) અમે સાધુ-સાધ્વીઓને વિરતિદૂત વગેરેમાં ઉંચામાં ઉંચી પ્રેરણા કરીએ. તો બીજી બાજુ દોઢડાહ્યા શ્રાવકોને ગુરુતત્ત્વવિનિશ્ચયાદિના પાઠો દ્વારા સમજાવીએ કે અનેક દોષો હોવા છતાં ય સાચી સાધુતા ટકે છે, ટકી શકે છે... તમે જલ્દી જલ્દી કોઈને કુસાધુ-મિથ્યાત્વી... વગેરે વગેરે લીમડાની કડવાશની પ્રભાવના આપવા ન બેસી જાઓ.

(૩) અમે નૂતન દીક્ષિતને એવું સમજાવીએ કે "બધા તને ઠપકો આપશે, ભૂલો કાઢશે, પ્રેરણા કરશે. બધા તારા હિત માટે જ કરે છે. બધાની વાત સાંભળવાની, ભૂલો સુધારવાની, સામે જવાબ નહિ આપવાના, મોઢું બગાડવાનું નહિ, પ્રસન્નતા ગુમાવવાની નહિ."

તો બીજી બાજુ સહવર્તી મોટા સાધુઓને એવું સમજાવીએ કે "નવા મહાત્માઓ અજ્ઞાન, જુની ટેવ વગેરેના કારણે ભૂલ કરે જ. એમને વારંવાર ટોકટોક નહિ કરતા. એમને શાંતિથી, પાછળથી, એકાંતમાં, મીઠાશથી સૂચના કરજો. એ કદાચ તમારી વાતનું પાલન ન કરે, તો ય ચલાવી લેજો..." વગેરે.

(૪) દીક્ષા લેવા માટે થનગનતા કેટલાક મુમુક્ષુઓને અમારે એવું ય કહેવું પડે છે કે 'તું શ્રાવક બન, તારા માટે આ દીક્ષા નથી...' અથવા તો 'રાહ જોવી જરૂરી છે...' અને કેટલાક ઢીલા ઘેંસ બની ગયેલાઓને પારો ય ચડાવવો પડે છે કે 'ઉત્સાહમાં ખામી ન ચાલે. તું તો ઉત્તમ છે, પાત્ર છે, તારે દીક્ષા જ લેવાની છે...'

(૫) કેટલાકને નમ્ર બનીને, વિનંતિ કરીને કાપ કઢાવવા પડે છે. કેટલાકને વારંવાર કાપ કાઢતા અટકાવવા પડે છે.

(૬) કેટલાકોને કડકાઈ સાથે વિગઈ વગેરેના સેવનથી અટકાવવા પડે છે. તો કેટલાકોને બળજબરીથી પારણા કરાવવા પડે છે, વિગઈઓ વપરાવવી પડે છે.

(૭) કેટલાકોને 'ઓછું ઉંઘો'નો ઉપદેશ આપવો પડે છે. કેટલાકોને 'બરાબર આરામ કરી લો...'નો ઉપદેશ આપવો પડે છે.

(૮) કેટલાકોને કહેવું પડે છે કે "અમારા ગ્રુપમાં એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ નહિ ચાલે." તો કેટલાકોને કહેવું પડે છે કે "તમારે ચૌદશ હોય, તો પણ રોકડી નવકારશી જ કરવાની..."

શિષ્ય ! જિનશાસનની જગતને ભેટ છે, સ્યાદ્વાદની ! પણ એ એટલો બધો ગહન છે કે એને સમજવા માટે, પચાવવા માટે, પ્રચારવા માટે આપણે ખૂબ ખૂબ ખૂબ ઉંડા ઉતરવું પડે. સદ્ગુરુ તો પવિત્ર ભાવનાના સરોવરમાં જ સ્નાન કરે છે, જોખી-જોખીને બોલે છે... એટલે એમને એમના વચનો માટે ગમે તેવા દોષો આપો, એ કદી દોષિત બનવાના નથી.

ખુલ્લા આકાશ ઉપર જો ચિત્ર દોરી શકાય, તો સદ્ગુરુને દોષ આપી શકાય.

શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં વૃત્તિકારે લખ્યું છે કે → इह शिष्यास्त्रिविधास्तद्यथा... तत्राविपुलमतयोऽगीतार्था अपरिणतजिनमतरहस्याः अपरिणामाः, अतिपरिणामा अतिव्याप्ता-पवाददृष्टयोऽतिपरिणामाः, सम्यक् परिणतजिनवचनास्तु मध्यस्थवृत्तयः परिणामाः ।... (૧) સંકુચિતમતિવાળા, અગીતાર્થ, જિનમતના રહસ્યને પરિણમાવી ન ચુક્યા હોય તે અપરિણામી ! (૨) જેમની અપવાદ દૃષ્ટિ અતિવ્યાપ્ત = અપવાદસ્થાન સિવાય પણ પહોંચેલી હોય... તેઓ અતિપરિણામી ! (૩) સારી રીતે જિનવચનને પરિણમાવી ચુકેલા હોય તેઓ પરિણામી !

— x — x —

છેલ્લી વાત...

પુસ્તકો લખવામાં, ગ્રન્થો રચવામાં, સ્તવનાદિ બનાવવામાં, દેશના આપવામાં જુદી જુદી રીતે અનેક દોષો બતાવીને દુર્જનોએ આ બધા કાર્યો પર Stay-Order લાવવાના પ્રયત્ન તો કર્યા, પણ એ બધા જ આરોપો જૂઠા સાબિત થતા હોવાથી એ સ્ટે-ઓર્ડર તો આવી શકવાનો નથી.

પણ મને લાગે છે કે આવા તો હજી પણ કેટલા ય આરોપો, ખોટેખોટા આરોપો ઉભા કરાશે, નવરા બેઠેલા દુર્જનો પાસે આવા આવા આરોપો ઉભા કરવાનો અને હેરાન કરવાનો ચિક્કાર સમય છે. પણ સ્વ-આરાધના અને પરોપકારમાં સતત લીન એવા અમારી પાસે આ બધા દુર્જનોની સાથે હવે વારંવાર આવી ચર્ચા કરવાનો સમય પણ નથી અને રસ પણ નથી.

એટલે જ કહું છું કે

ગાથા : ખલવયણ ગણે કુણ સૂરા, જે કાઢે પયમાં પૂરા ।
તુજ સેવામાં જો રહીયેં, તો પ્રભુ જશ લીલા લહીયે ॥
સુણજો... ॥૧૯॥

ગાથાર્થ : કોણ શૂરવીરો દુર્જનોના વચનોની ગણના કરે ? દુર્જનો તો દૂધમાંથી પોરા કાઢનારા હોય છે. પ્રભુ ! જો તારી સેવામાં અમે રહીએ, તો યશલીલા પામીએ.

ભાવાર્થ : અમારા પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શબ્દો ! હાથી ચલે બજાર, કુત્તા ભસે હજાર... હાથી મદમસ્ત ચાલે બજારમાંથી પસાર થતો હોય, ત્યારે આજુબાજુના અનેક કુતરાઓ એને ભસે... શું ક્યારેય હાથી એમનાથી ગભરાઈને ભાગવા માંડ્યો હોય, એવું બન્યું છે ખરું ? ના. તો શું ક્યારેય એ હાથી કુતરાઓ સામે સુંઢથી લડવા, મારામારી કરવા દોડ્યો હોય એવું બન્યું છે ખરું ? ના !

હાથી ન ગભરાય કે ન એમની સામે થાય.

બસ, સજ્જનોએ આ જ નીતિ અપનાવવાની છે. સજ્જનોને જે જે માણસો માટે એવો ખ્યાલ આવી જાય કે 'આ બધાને આપણા દોષો કાઢવા, નિંદાઓ કરવી... એ સિવાય બીજો કોઈ ધંધો જ નથી...' તો પછી એવા લોકો ગમે તે બોલે, ગમે તેવો પ્રચાર કરે એનાથી બિલકુલ ગભરાવું નહિ અને એમને જવાબ આપવામાં આપણો અમૂલ્ય સમય બગાડવો નહિ.

હા ! જે માણસો આપણા દ્વેષી ન હોય, તટસ્થ હોય, સ્વચ્છ મનથી વિચાર કરીને આપણા માટે કોઈક અભિપ્રાય આપતા હોય, એ માણસોની વાત ધ્યાનમાં ચોક્કસ લેવી. યોગ્ય લાગે તો એ પ્રમાણે સુધારા પણ કરવા. એ વખતે કદાગ્રહી કે દ્વેષી ન બનવું.

કેટલાકો વળી આપણા દ્વેષી ન હોય, પણ એમને સલાહ આપવાનો શોખ હોય. દરેક બાબતમાં ચાંચ મારવા જોઈએ, કંઈક નવું કહેવા જોઈએ, એ રીતે 'હું જાણકાર છું' એવો દેખાડો કરવા જોઈએ... આવા બધાની પણ બહુ ફિકર ન કરવી. "સારું, વિચારશું..." વગેરે કહીને છટકી જવું.

વર્તમાનકાળ તો ખરેખર અતિવિષમ છે.

કેટલાય લોકો એવા મળશે,

(૧) જેઓ બીજાનો વિકાસ જોઈને સળગનારા હશે.

(૨) જેઓની જીભમાં કાતિલ ઝેર ભરેલું હશે.

(૩) જેમની આંખો બીજાના નાના નાના દોષોને પણ વીંધી નાંખનારા બાણો

છોડનારી હશે. (અર્થાત્ હજાર સારી બાબતમાંથી ય એક-બે ખરાબ બાબતો બહાર ખેંચી કાઢીને એના ઉપર તૂટી પડનારા હશે.)

(૪) સ્વયં એવા કોઈ સારા, નક્કર કામ કરવા નહિ, અરે ! એ કરવાની આવડત જ ન હોય... અને બીજા કરતા હોય એમને કોઈપણ રીતે તોડવા...

આ પરિસ્થિતિમાં જે ખરેખર શાસનનું કામ કરનારા હોય, જે ખરેખર સક્ષમ હોય, જેમની ભાવનાઓ ખરેખર ઉત્તમ છે, અને પુણ્યોદય હોવાથી જેઓ ખરેખર ધીમે ધીમે આગળ વધી રહ્યા છે, બુદ્ધિના પ્રતાપે જેઓ સફળતા પણ પામી રહ્યા છે... તેઓને આ દુર્જનો ભારે ત્રાસ આપવાનો પ્રયત્ન કરતા હોય છે. પત્રિકાબાજીઓ, કુતર્કોથી ભરપૂર સવાલો, ખોટા આક્ષેપો... બેહદ પ્રચાર તેઓ તરફથી કરવામાં આવે, એટલે આ શાસનરાગી જીવો થાકે, કંટાળે, ગભરાય અને છેવટે કાર્યક્ષેત્ર છોડીને પોતાની સાધનામાં લાગી જાય, એમાં એમને ભલે કોઈ નુકસાન ન હોય, પણ શાસનને તો નુકસાન હોય જ...

માટે જ મહોપાધ્યાયજી કહે છે કે ઓ શાસનસેવકો ! તમે તો શૂરવીર છો. તમે આમ મેદાન છોડીને ભાગી જાઓ, એ કેમ ચાલે ? પોરા નામના જીવો પાણીમાં થાય, દૂધમાં નહિ. પણ આ દુર્જનો તો દૂધમાંથી પોરા કાઢે એવા છે. અર્થાત્ તમારા ઉત્તમકાર્યોમાંથી પણ ભૂલો કાઢી કાઢીને બતાવશે. એટલે જ એમની બહુ પરવા ન કરશો. પહેલા કહ્યું, એમ ગભરાટ નહિ, પ્રતિકાર પણ નહિ, મસ્તીથી તમે તમારું કામ કર્યા કરો.

જો આ રીતે તમે શાસનસેવા દ્વારા, સાચા પરોપકાર દ્વારા પ્રભુની સેવામાં રહેશો, તો ચોક્કસ તમને યશ મળવાનો જ. ચોક્કસ તમે પરંપરાએ પરમપદ પામવાના જ. શાસનસેવા એ પણ પ્રભુસેવા જ છે, એ તમારે ભુલવાનું નથી.

<u>ચોથી ઢાળનો ભાવાર્થ સંપૂર્ણ</u>

## ઢાળ-૫

<u>શિષ્ય :</u> ગુરુદેવ ! ભગવાનની દેશનાના પદાર્થોમાં તો મતભેદ હોતો નથી. એટલે એના પ્રરૂપકો પણ એક સરખા જ પદાર્થો પીરસે ને ? તો પછી એ દેશના અનુસારે જીવનારાઓના જીવન પણ સમાન હોવા જોઈએ. એના બદલે કેટલાકો ગુરુને પરતંત્ર બનીને રહ્યા છે, તો કેટલાકો તો ગુરુની ઈચ્છા ન હોય, તો પણ બળજબરી સંમતિ લઈને સ્વતંત્ર વિચરતા થઈ ગયા છે. એમાં વળી 'સરખે સરખાનો મેળ જામે...' એ ન્યાયે તેઓને પોતાના જેવા જ કોઈક સાધુ મળી જાય છે. બસ, આ જોડીને હવે કોઈ રોકી-ટોકી-તોડી શકે નહિ. સંઘવાળાઓ પણ આવાઓને સ્વીકારી લે છે.

આવું કેમ બન્યું છે ? વળી તેઓ બાહ્ય આચાર સારો પાળનારા પણ હોય છે. તો શું તેઓ સાચા છે ? સારા છે ? કે પછી જુદી જ હકીકત છે ?

<u>ગાથા :</u> <u>વિષમકાળને જોરે કેઈ, ઉઠ્યા જડ મલધારી રે,</u>
<u>ગુરુગચ્છ છોડી મારગ લોપી, કહે અમે ઉગ્રવિહારી રે.</u>
<u>॥૧॥</u>

<u>ગાથાર્થ :</u> વિષમકાળના જોરને કારણે કેટલાક જડ, મલધારીઓ ઉભા થયા છે. જેઓ ગુરુને અને ગચ્છને છોડીને, માર્ગનો લોપ કરીને લોકોને (પુછે તો...) કહે છે કે "અમે ઉગ્રવિહાર કરનારા છીએ."

<u>ભાવાર્થ :</u> પરમાત્માનો માર્ગ એકદમ સાચો, સચોટ હોવા છતાં પણ આજે શાસનમાં-સંઘમાં જે ઘણા બધા વિખવાદો-મતભેદો વગેરે ઉભા થયેલા દેખાય છે, એનું મહત્ત્વનું કારણ છે <u>વિષમકાળ !</u> આ આમ પણ અવસર્પિણીનો કાળ ! એટલે કે પડતો કાળ છે ! એમાં વળી હુંડા અવસર્પિણી ! એમાં વળી ભસ્મગ્રહની માર ખાઈ ચુકેલો કાળ ! આ ભીષણ કાળનો પ્રતાપ એવો છે ભલભલાઓને ખોટા રસ્તે ચડાવી દે.

એટલે જ કેટલાક સાધુઓ-સાધ્વીઓ એવા પાક્યા કે જેઓ બુદ્ધિથી જડ હતા, 'અમે સંયમી છીએ' એમ માનવા માટે - દેખાડવા માટે શરીરના અને વસ્ત્રોના મેલને ધારણ કરનારા હતા. પણ બિચારાઓ એ સમજી ન શક્યા કે આ બે મેલની સાથે તેઓએ આત્માનો મેલ પણ ધારણ કરી લીધો હતો, જિનાજ્ઞાનો લોપ કરીને ! ગંભીર ભૂલ કરીને ! ઉતાવળે ખોટા નિર્ણયો લઈને !

તેઓએ ગંભીરભૂલ, જિનાજ્ઞાભંગ એ કર્યો કે તેઓએ ગુરુને છોડી દીધા, એટલું

જ નહિ, કદાચ ગુરુને છોડ્યા પછી પણ બીજા ગીતાર્થ સાધુની નિશ્રામાં રહ્યા હોત, તો ય ચાલત. પણ એમણે આખા ગચ્છને છોડ્યો. બની ગયા સ્વતંત્ર ! અહમિન્દ્ર ! સ્વચ્છન્દ !

આના કરતાં ય ગંભીર ભૂલ એમણે કરી માર્ગનો લોપ કરવાની ! શાસ્ત્રબાહ્ય પ્રરૂપણા કરવાની ! જેઓ એમને પુછે કે 'તમે કેમ ગુરુ સાથે નથી ? ગચ્છ સાથે નથી ?' તેઓને આ લોકો જવાબ આપે કે

→ અમારા ગુરુ પાસે સંયમની શિથિલતા છે.

→ ગુરુ પાસે રહેવામાં બીજા બધા સાથે સંકલેશ થાય છે.

→ ઘણા સાથે રહેવામાં ઘણાને સાચવવા પડે. એમાં સંયમ + સ્વાધ્યાય બરાબર થતા નથી.

→ અમારા ગુરુ ખોટા રસ્તે છે, માટે એમનો ત્યાગ કરવો જરૂરી પડે છે.

'તમે કેવા ?' એ પ્રશ્નનો ઉત્તર તેઓ ખુમારી (!) સાથે આપે છે કે "અમે તો બધા ઉગ્રવિહારી બન્યા છીએ. મોક્ષપ્રાપ્તિ માટે કષ્ટમય, દુષ્કરજીવન જીવ્યા વિના છુટકો નથી. માટે એ જીવન માટે જ સખત પ્રયત્ન કરી રહ્યા છીએ.

– x – x –

<u>શિષ્ય :</u> આ લોકો શું ખોટા છે ?

<u>ગુરુ :</u> હા !

<u>શિષ્ય :</u> તો એમને બચાવી ન શકાય ? તેઓ તો બીજાઓને પણ ભરમાવી-ભરમાવીને ખોટા રસ્તે ખેંચી જતા હશે ને ? આ તો...

<u>ગુરુ :</u> વાત તારી સાચી. પણ આપણી તાકાત કેટલી ?

<u>ગાથા :</u> <u>શ્રી જિન ! તું આલંબન જગને, તુજ વિણ કવણ આધાર રે...</u>
<u>ભગત લોકને કુમતિજલધિથી, બાંહિ ગ્રહીને તારો રે.</u>
<u>શ્રી જિન... ॥૨॥</u>

<u>ગાથાર્થ :</u> હે જિન ! તું આ વિશ્વને માટે આલંબન છે. તારા વિના કોણ આધાર છે ? તારા ભક્ત લોકોને કુમતિરૂપી સમુદ્રમાંથી હાથ પકડીને તારી લો.

<u>ભાવાર્થ :</u> બચવા માટેના આલંબન = આધાર બે પ્રકારના જોવા મળે છે. (૧) કુવામાં પડેલાને દોરડું આપવામાં આવે, તો એ દોરડું પકડીને માણસ બચી જાય. પણ એમાં દોરડાએ કશું કરવાનું ન હોય. કરવાનું તો બધું પેલા માણસે ! એ જ એ દોરડાને પકડે, બહાર નીકળે. (૨) નદી વગેરેમાં ડુબનારો બેભાન જેવો બની ગયો હોય, ત્યારે

એને બચાવનાર માણસે એનો હાથ સામેથી પકડવો પડે, ખેંચવો પડે અને બહાર કાઢવો પડે.

બંને જગ્યાએ બોલાય તો એમ જ કે "આ દોરડાના આધારે હું બચ્યો, આ માણસના આધારે હું બચ્યો..." પણ બંને આલંબનમાં કેટલો મોટો તફાવત છે. એ સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

જે વિવેકી છે, પરિપક્વ છે, દીર્ઘદૃષ્ટા છે, તેઓ તો જ્યારે પણ નવા મતો ઉભા થાય, નવી પ્રવૃત્તિઓ શરુ થાય... ત્યારે પ્રભુને, પ્રભુના વચનોને પકડી લઈને સ્વયં નિર્ણય કરી લેતા હોય છે કે 'આ યોગ્ય છે ? કે નહિ ?' અને અયોગ્ય લાગતા જ એ કુવાથી બચી જતા હોય છે. એમને પડવાનું બનતું નથી, ભૂલથી પડ્યા હોય, તો ય બહાર નીકળી જતા વાર લાગતી નથી.

બીજી વાત.

ધારો કે તેઓ સ્વયં એવા જ્ઞાની, સમજુ ન હોય, પણ એવા ગીતાર્થ ગુરુને સંપૂર્ણ સમર્પિત હોય... તો તેઓ એમને જ પકડી લેશે. "આમાં અમારે શું કરવું ?" એમ એમની સલાહ લેશે. અને એમના કહ્યા પ્રમાણે કરશે.

પણ જેઓ નથી તો સ્વયં જ્ઞાની ! નથી તો એવા ગીતાર્થગુરુને પરતંત્ર ! છતાં નામે, જન્મે, કુલાચારે, કદાચ પાત્રતાની દૃષ્ટિએ જૈન છે, એ બધા ય નાના-મોટા અંશે ભગવાનના ભક્તો તો છે જ. પણ આ બિચારાઓ બેભાન છે. આ લોકોને બીજા પ્રકારનું આલંબન જ બચાવી શકે. એમને પકડીને કોઈક બહાર કાઢનાર જોઈએ. અર્થાત્ સદ્‌ગુરુ સામેથી એમને સમજાવે, સાચો માર્ગ બતાવે, અને સીધા રસ્તે વાળે.

યાદ રાખજો કે આવા સદ્‌ગુરુ એ આપણા બધા માટે પરમાર્થથી તો ભગવાન જ છે, એટલે ભગવાને જ આપણને બચાવ્યા છે, એમ કહી શકાય.

'વિશ્વને માટે પ્રભુ આલંબન છે' એનો પરમાર્થ જ આ છે કે પ્રભુની પરમભક્તિ દ્વારા, પ્રભુના વચનો દ્વારા, પ્રભુએ મોકલેલા સદ્‌ગુરુ દ્વારા ભક્તલોક આ દુર્બુદ્ધિરૂપી સમુદ્રમાંથી બચી શકે છે.

<u>શિષ્ય :</u> આ કુમતિ એટલે શું છે ? એને સમુદ્રની ઉપમા કેમ આપી ?

<u>ગુરુ :</u> જિનવચનથી વિપરીત કોઈપણ માન્યતાઓ કુમતિ છે. એને સમુદ્રની ઉપમા એટલા માટે આપી છે, કેમકે એનો અંત જ નથી આવતો, એમાં ડુબેલો માણસ બચે, બહાર નીકળે એ ઘણું જ કપરું કામ છે.

<u>શિષ્ય :</u> આજે એવી કુમતિઓ કઈ કઈ છે ? એ તો બતાવો, કે જેથી અમે એનાથી બચી શકીએ.

ગુરુ : ઢગલાબંધ હોવાથી બધી જ કુમતિઓ દર્શાવવાની અત્યારે અનુકૂળતા નથી. આપણે આ ઢાળમાં જે કુમતિનું નિરાકરણ કરવાના છીએ, માત્ર એનો સામાન્યથી નિર્દેશ કરી દઉં.

(૧) ગુરુ ગીતાર્થ-સંવિગ્ન મળ્યા હોય, પણ એમની સંયમજીવનની કડકાઈ આકરી લાગે, શિષ્યોને છૂટછાટ જોઈતી હોય, અને ગુરુ આચારચુસ્ત હોય... એટલે એ શિષ્યો ગમે તે બહાના હેઠળ ગુરુથી અલગ પડે.

(૨) શિષ્યોમાં પ્રવચન વગેરેની શક્તિ વિકસી હોય, જો ગુરુની સાથે રહે, તો પ્રવચનાદિ કરવા ન મળે, ભક્તો કરવા ન મળે. સ્વતંત્રતા ન મળે... માટે તેઓ જુદા પડે.

(૩) ગુરુ પાસે તો બીજા પણ પ્રભાવકો, પુણ્યશાળીઓ, પ્રવચનકારો, તપસ્વીઓ, આરાધકો વગેરે હોય જ. ત્યાં પોતાની કિંમત ઝાઝી ન રહે. એટલે જ ત્યાં મુમુક્ષુ મળવાની શક્યતા પણ ઘટી જાય, 'આ જગત જેને વિકાસ ગણે છે' એ બધું ગુરુ પાસે રહેવાથી અટકી જાય.

(૪) ગુરુની કડકાઈ વગેરે તો ગમે, પણ ગુરુ પાસે વૃદ્ધો વગેરે હોવાથી એ બધાની જવાબદારી નિભાવવી પડતી હોય, એટલે ત્યાં રહેવું ન ગમે. ગુરુનો સ્વભાવ કર્કશ હોય, ક્રોધી હોય... માટે પણ એમની સાથે રહેવું ન ગમે.

(૫) ગુરુ પાસે ગોચરી-પાણીની અનુકૂળતા ન રહે.કેમકે ઘણા હોય, વડીલો હોય... એટલે સારી સારી વસ્તુઓ લગભગ એ બધામાં જ પતી જાય. કદાચ વાપરવા મળે, તો પણ પ્રમાણ અતિ-અલ્પ ! એટલે ગુરુ સાથે ન રહે.

(૬) કેટલાકો વળી અપરિપક્વ સંયમીને ગુરુ બનાવી બેસે, પાછળથી પસ્તાય... છેવટે ગુરુને તો છોડે, પણ બીજા કોઈ યોગ્ય ગુરુની નિશ્રા સ્વીકારવાને બદલે સંપૂર્ણપણે સ્વતંત્ર બની જાય.

(૭) ગુરુ શિથિલ હોય, પણ એ ખબર દીક્ષા બાદ પડે, અને આચાર-રાગી શિષ્યો ગુરુને છોડે, પણ એ પાછા બીજા સંવિગ્ન ગુરુની નિશ્રા સ્વીકારવાને બદલે સ્વતંત્ર બને.

(૮) હોંશિયાર શિષ્યો માંદગીના બહાને, કોઈકની સેવાના બહાને, શ્રાવકો દ્વારા ઉભા કરાવાયેલા શાસનના કાર્યોના બહાને, શ્રાવકો દ્વારા જ ગુરુ ઉપર પોતાને મોકલવાનું દબાણ ઉભું કરાવડાવીને... ગુરુને એવી મુંઝવણમાં મુકી દે કે આમ ગુરુની ઈચ્છા બિલકુલ ન હોય, તો પણ નાછુટકે રજા આપવી જ પડે. અને આ રીતે ખોટી

રીતની ગીતાર્થગુરુની આજ્ઞા-સંમતિ-નિશ્રા મેળવીને સ્વતંત્ર થઈ જાય. કોઈ પૂછે તો ગુરુની આજ્ઞા રૂપી ઢાલ આગળ ધરી દે, અને ગુરુ પણ ચૂપચાપ એ વાત સ્વીકારે કે "એ ઢાલ મેં આપી છે..."

આ કે આવા બીજા પણ કોઈપણ પ્રકારે

→ **જે સાધુ-સાધ્વીઓ સ્વયં અગીતાર્થ હોવા છતાં એવા ગીતાર્થ મહાત્માની સહર્ષ સંમતિ વિના એમનાથી અલગ વિચરે છે. એમાં જેમને આનંદ છે, રસ છે... એ તમામની** માન્યતા એ મોટી કુમતિ છે, એ દરિયાથી ભવ્યાત્માઓને બચાવવા માટે આ ઢાળની રચના કરવામાં આવી છે.

ગાથા : ગીતારથ વિણ ભુલા ભમતા, કરે કષ્ટ અભિમાને રે,
પ્રાયે ગંઠિ લગે નવિ આવ્યા, તે ખુતા અજ્ઞાને રે.
શ્રી જિન... ॥૩॥

ગાથાર્થ : ગીતાર્થ વિના ભુલા પડેલા, ભટકતા તેઓ અહંકારથી કષ્ટ કરે છે. આ જીવો પ્રાયઃ તો ગ્રન્થિ સુધી પણ આવ્યા નથી. આ બધા અજ્ઞાનમાં ખુંપેલા છે.

ભાવાર્થ : તેઓ ગીતાર્થગુરુની સાથે નથી રહેતા, ગીતાર્થગુરુની આજ્ઞા, સંમતિ, માર્ગદર્શન પ્રમાણે પણ નથી વિચરતા. માટે જ તેઓ મોક્ષમાર્ગ ભૂલી ગયા છે. ગીતાર્થ વિના તો સાચો મોક્ષમાર્ગ કોણ બતાવે ? એટલે આ બિચારાઓ ગમે તે આચારને મોક્ષમાર્ગ માનીને આમથી તેમ ભટક્યા કરે છે.

પેલો રસ્તો ભુલેલો માણસ ખોટા રસ્તાને ય ક્યારેક સાચો માની બેસે, અને પછી અહંકાર કરવા માંડે કે 'મને રસ્તો મળી ગયો. બસ, હવે વાંધો નથી...' પણ બિચારો આગળ વધ્યા પછી વધુ ને વધુ એ જંગલમાં અટવાતો જાય, ત્યારે બિચારો સમજે કે 'ગરબડ થઈ છે'

એમ આ અજ્ઞાનીઓ પણ ઘોર તપ, આતાપના, ઉગ્રવિહારો, મેલા ઘેલા કપડા, ખુલ્લા પગે વિહારો... વગેરે વગેરેને જ મોક્ષમાર્ગ માની બેસે છે, એમાં વળી ભોળા સેંકડો લોકો એમના આ ઘોર કષ્ટને જોઈને પ્રશંસા કરી બેસે કે 'મહારાજ ! તમે જ એકમાત્ર સાચા સાધુ ! બાકી બીજા બધા તો ધૂળ-માટી બરાબર !'

એટલે આ ગાંડાઓના સરદારોનું 'ઉત્કૃષ્ટ સાધુ' તરીકેનું પ્રમાણપત્ર પામીને તે સાધુઓ અહંકારમાં આવી જ જાય છે. આ પ્રમાણપત્ર એમને મળે છે, બાહ્ય કષ્ટોને આધારે ! એટલે તેઓ માની જ લે કે "બસ, આ જ સાચો મોક્ષમાર્ગ ! આનાથી જ મોક્ષ મળે જ !"

આ જીવોનો કદાગ્રહ, અપવિત્રભાવ એવો દેખાય કે આમના માટે એવું કહી શકાય કે પ્રાયઃ તો આ જીવો ગ્રન્થિ પાસે પણ નથી આવ્યા. (ગ્રન્થિનો ભેદ કર્યા બાદ જીવ સમ્યક્ત્વ પામે... એવી કર્મગ્રન્થની, આગમાદિ ગ્રન્થોની પ્રરૂપણા છે. આ જીવો ગ્રન્થિ પાસે જ નથી આવ્યા, એનો મતલબ જ એ કે તેઓ મિથ્યાત્વી છે.)

વળી આ શબ્દો અમારા નથી. આચાર્યવર શ્રી હરિભદ્રસૂરિજીએ પંચાશકની અંદર આ શબ્દો ઉચ્ચારેલા છે "पायं अभिन्नगंठितमा..."

વળી ઘોર અજ્ઞાનરૂપી કાદવમાં તેઓ ખુંપ્યા છે.

એ અજ્ઞાન આ પ્રમાણે !

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । આ તત્ત્વાર્થનું સૂત્ર છે.

આમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણેય પરમાર્થથી આત્માના ગુણ સ્વરૂપ જ છે. શરીરની ક્રિયા સ્વરૂપ નહિ જ.

અભવ્યોમાં ચારિત્રની તમામ ક્રિયાઓ હોવા છતાં પણ ચારિત્ર નથી જ, એનાથી જ ખ્યાલ આવે છે કે ચારિત્ર આત્મગુણ છે, શરીરક્રિયા નહિ.

આ પરમાર્થ બતાવ્યો.

હવે લોચાદિ બાહ્ય કષ્ટો એ શરીરની જ ક્રિયા છે ને ? એટલે પરમાર્થથી તો એ મોક્ષમાર્ગ નથી જ, એ સ્પષ્ટ છે.

હા ! જો એ બાહ્યકષ્ટો આત્મગુણોને સાક્ષાત કે પરંપરાએ જન્મ આપે, ટકાવે, વધારે તો એ બાહ્યકષ્ટોને પણ મોક્ષમાર્ગ કહી શકાય. પણ એ વિના તો નહિ જ.

પણ આ બિચારાઓ માત્ર બાહ્યકષ્ટોને જ મોક્ષમાર્ગ માની બેઠા, આત્મગુણોની તો વિચારણા પણ કરવાની ત્રેવડ આ જીવોમાં ન રહી.

આ એમનું ઘોર અજ્ઞાન !

અસલી-નકલી બંને પ્રકારની દવાઓ મળતી હોય, ત્યારે માત્ર નામ વાંચીને આંધળો વિશ્વાસ મુકી દવા લેનારાને અજ્ઞાની નહિ, તો બીજું શું કહેશો ?

એમ બાહ્યકષ્ટો મોક્ષમાર્ગ રૂપ બને પણ ખરાં અને ન પણ બને... એ બંને વિકલ્પો સ્પષ્ટ રીતે જગજાહેર હોવા છતાં ય એ બાહ્યકષ્ટોને સીધેસીધા, પરીક્ષા વિના મોક્ષમાર્ગ માની લેવા... એ અજ્ઞાન જ છે ને ?

— x — x —

<u>શિષ્ય :</u> આ ગુરુ-ગચ્છત્યાગીઓ પોતાના બચાવ માટે પણ કોઈક દલીલો તો આપતા જ હશે ને ?

ગુરુ : આપે છે ને !

ગાથા : તેહ કહે ગુરુ ગચ્છ ગીતારથ, પ્રતિબંધે શું કીજે રે...
દર્શન જ્ઞાન ચરિત આદરિયેં, આપેં આપ તરીજે રે...
શ્રી જિન... ॥૪॥

ગાથાર્થ : તેઓ કહે છે કે "ગીતાર્થ ગુરુ કે તેના ગચ્છનો પ્રતિબંધ (આગ્રહ) રાખીને શું કરવાનું ? આપણે તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર આદરવાના. અને દરેકે પોતપોતાની મેળે સંસાર તરી જવાનો."

ભાવાર્થ : તેઓનો બચાવપક્ષ આ પ્રમાણે છે.

'તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે મોક્ષમાં જવાનો માર્ગ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એટલે સીધી વાત છે કે જો આ મોક્ષમાર્ગ ઉપર ચાલો, તો મોક્ષમાં પહોંચી જ જાઓ. એમાં ગીતાર્થગુરુની કે ગીતાર્થના ગચ્છની જરૂર જ ક્યાં પડે છે ? એ સમજાતું નથી.

પ્રભુભક્તિ, સ્તુતિ-સ્તવનો, તીર્થયાત્રા, દેવદર્શનાદિ કરો એટલે દર્શનારાધના !

ખૂબ ભણો, ગાથાઓ ગોખો, પુસ્તકો વાંચો એટલે જ્ઞાનારાધના !

તપ કરો, વિહાર કરો, લોચ કરો, નિર્દોષ ગોચરી વાપરો એટલે ચારિત્રારાધના !

હવે આ બધું તો દરેકે પોતપોતાની મેળે જ કરવાનું છે, અને તેઓ કરી શકે છે. એમાં કશું અટકતું નથી. અરે, કદાચ આ બધું શીખવા માટે શરુઆતમાં એક-બે વર્ષ ગુરુ-ગચ્છ પાસે રહેવું પડે, એ ઠીક છે. બાકી તમે તો જે ગાંડપણ જેવો આગ્રહ રાખો છો કે ગીતાર્થ ગુરુ પાસે જ રહેવું, ગચ્છમાં જ રહેવું... એ તો ધડમાથા વિનાની જ વાતો લાગે છે..

જુઓ, પ્રભુવીરે પણ શું કહ્યું છે ઉત્તરાધ્યયનમાં ! "अप्पा नई वेअरणी, अप्पा मे कूडसामली ।" આત્મા જ વૈતરણી નદી છે, આત્મા જ નરકનું શાલ્મલિવૃક્ષ છે. અર્થાત્ આત્મા સ્વયં જ નરક, સ્વર્ગ વગેરેનો મેળવનાર છે. હવે આમાં ગુરુ કે ગચ્છને યાદ સુદ્ધા પણ નથી કર્યા. अप्पा कामदुहा धेणु, अप्पा मे नंदणं वणं । આ શબ્દો લખ્યા છે. પણ गीयत्थो गुरु कामदुहा धेणु, गच्छो मे नंदणं वणं । આવું પ્રભુએ કહ્યું જ નથી. એટલે કે આપણે પોતે જ કામધેનુ ગાય, નંદનવન છીએ. ગુરુ કે ગચ્છ નહિ.

કેટલું ચોક્ખું નિરૂપણ છે આ તો ! મુરખ માણસ પણ આટલું તો સમજી શકે કે આ શ્લોક દ્વારા પ્રભુ એમ જ કહે છે કે "આત્મન્ ! તારે તારી મેળે જ સ્વર્ગમોક્ષ મેળવવાના છે. ગુરુ કે ગચ્છ પણ એમાં કોઈ કામમાં આવવાના નથી."

બાકી ખરું કહું...

અનંતા ચૌદપૂર્વધરો અનેકોના ગુરુ હોવા છતાં અનંતસંસારી બન્યા છે.

સારા ગચ્છોમાં રહેનારાઓ પણ અનંતા અનંતસંસારી બન્યા છે.

હવે જે ગુરુ કે ગચ્છ સ્વયં સંસારગામી બનતા હોય, તેના ભરોસે રહેવાનું કામ શું ? હાથે કરીને આત્મહત્યાના પગલા ભરવા ?'

આ એમનો બચાવપક્ષ પૂરો થયો.

— x — x —

શિષ્ય ! આપણે એનો જવાબ બે રીતે આપશું.

એણે अप्पा काम... શાસ્ત્રપાઠ આપ્યો છે, તો સૌ પ્રથમ આપણે પણ શાસ્ત્રપાઠો આપશું. જો શાસ્ત્રપાઠોના આધારે જ 'ગુરુ-ગચ્છની નિશ્રા રાખવી કે નહિ ?' એનો નિર્ણય કરવાનો હોય, તો શાસ્ત્રપાઠો જ પ્રથમ જોઈ લેવા રહ્યા.

એ પછી આપણે યુક્તિઓ જોશું. ગુરુ-ગચ્છ વિના પણ રત્નત્રયીની આરાધનાથી મોક્ષ મળી જ જાય... એ એનો તર્ક છે. એની સામે હવે આપણે તર્ક આપવાનો છે.

એ તર્ક એટલે ગુરુ-ગચ્છવાસના ફાયદાઓ અને એ ન આદરો, તો એના નુકસાનો...

એ આપણે પછી જોશું.

પ્રથમ તો શાસ્ત્રપાઠો જોઈએ, જો કે એમાં પણ સાથે સાથે યુક્તિઓ તો આવતી જ જવાની.

<u>ગાથા :</u> <u>નવિ જાણે તે પ્રથમ અંગમાં, આદિ ગુરુકુલવાસો રે...</u>
<u>કહ્યો ન તે વિણ ચરણ વિચારો, પંચાશકનય ખાસો રે...</u>
<u>શ્રી જિન... ।।૫।।</u>

<u>ગાથાર્થ :</u> આ ગુરુ-ગચ્છ ત્યાગીઓ જાણતા નથી કે (૧) પહેલા અંગમાં શરુઆતમાં જ ગુરુકુલવાસ દર્શાવ્યો છે. તથા પંચાશકમાં ઉત્તમ ન્યાય બતાવ્યો છે કે ગુરુકુલવાસ વિના ચારિત્ર નહિ... આ વિચારવું.

<u>ભાવાર્થ :</u> સૌ પ્રથમ પાઠ છે આચારાંગસૂત્રનો !

(૧) 'सुयं मे आउसंतेण भगवया एवमक्खायं' આચારાંગનું આ પ્રથમસૂત્ર છે. વૃત્તિકારશ્રી શીલાંકાચાર્ય આનો અનેક પ્રકારે અર્થ દર્શાવ્યો છે. એમાં એક અર્થ આ પ્રમાણે છે કે "પ્રભુના ચરણોમાં રહેતા એવા મેં આ સાંભળ્યું છે કે પ્રભુએ આ પ્રમાણે કહ્યું છે..."

વૃત્તિકારશ્રી કહે છે કે સુધર્માસ્વામી આ શબ્દો બોલીને જણાવે છે કે "મારા જેવો

ચૌદપૂર્વી, પટ્ટધર, ગણધર પણ પ્રભુના ચરણોમાં રહેતો હોય, એમના અમૃતવચનો સાંભળતો હોય, અને એને આધારે પ્રરૂપણા કરતો હોય... તો પછી તમામ સાધુ-સાધ્વીઓએ સમજી જ લેવું જોઈએ કે ગુરુકુલવાસ એ બધા માટે સૌપ્રથમ આચાર છે. સદ્ગુરુના સાન્નિધ્યમાં રહેવું એ એમના ચારિત્રજીવનનું પ્રથમ કર્તવ્ય છે.

(૨) શ્રી પંચાશકગ્રન્થમાં આચાર્યપ્રવર શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે

"दंसणनाणचरितं गुरुकुलवासंमि संगयं भणियं ।

अगुरुकुलवासियाणं दुप्पडिलंभं खु एयमपि"

સંયમીઓ જો સદ્ગુરુ અને ગચ્છની સાથે રહે, તો તેઓમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર માની શકાય. પરંતુ જો તેઓ ગુરુ-ગચ્છની સાથે ન રહે, તો આ રત્નત્રયીનો લાભ એમના માટે અત્યંત અઘરો થઈ પડે.

– x – x –

<u>ગાથા :</u> <u>નિત્યે ગુરુકુલવાસે વસવું, ઉત્તરાધ્યયને ભાખ્યું રે...</u>
<u>તેહને અપમાને વલી તેહમાં, પાપ શ્રમણપણું દાખ્યું રે...</u>
<u>શ્રી જિન... ||૬||</u>

<u>ગાથાર્થ :</u> ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે 'કાયમ ગુરુકુલવાસમાં રહેવું.' તથા તેમાં જ (ઉત્તરાધ્યયનમાં જ) ગુરુનું અપમાન કરવાથી પાપશ્રમણત્વ દેખાડ્યું છે.

<u>ભાવાર્થ :</u> (૩) શ્રી ઉત્તરાધ્યયનના અગ્યારમાં અધ્યયનમાં કહ્યું છે કે

वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।

पियंकरे पियंवाई अरिहई से सिक्खं लद्धुमरिहइ ।

જે કાયમ ગુરુના કુળમાં = ગુરુના પરિવારમાં = ગુરુની સાથે ગચ્છમાં રહે, યોગવાળો અને ઉપધાનવાળો હોય, પ્રિય કરનારો અને પ્રિય બોલનારો હોય, તે જ શિક્ષા (શાસ્ત્રાભ્યાસ) લેવાને માટે યોગ્ય છે.

અહીં તો કાયમ માટે ગુરુ સાથે રહેવાનું સ્પષ્ટ વિધાન કરેલું છે.

(૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના જ પાપશ્રમણીય નામના અધ્યયનમાં ફરમાવ્યું છે કે

आयरियउवज्झायाणं सम्मं नो पडितप्पइ ।

अप्पडिपूयए थद्धे पावसमणेत्ति वुच्चइ ।

જે મુનિ આચાર્ય અને ઉપાધ્યાયની સમ્યક્ રીતે સેવા ન કરે, પૂજા ન કરે, અભિમાની બને... તે <u>પાપશ્રમણ</u> એ પ્રમાણે કહેવાય છે.

શું ગુરુથી જુદા ફરનારાઓ ગુરુની સેવા કરી શકવાના ? એમની પૂજા-ભક્તિ કરી શકવાના ? એ નમ્ર બની શકવાના ? એટલે સીધી જ વાત છે કે તેઓ પાપશ્રમણ જ બની જવાના.

– x – x –

<u>ગાથા :</u> <u>દસવૈકાલિક ગુરુશુશ્રૂષા તસ નિંદાફળ દાખ્યા રે...</u>
<u>આવંતિમાં દ્રહ સમ સદ્ગુરુ મુનિકુલ મચ્છ સમ ભાખ્યા રે...</u>
<u>શ્રી જિન... ॥૭॥</u>

<u>ગાથાર્થ :</u> દસવૈકાલિકમાં ગુરુની સેવાના અને તેની નિંદાના ફળ બતાવ્યા છે. આવંતિ અધ્યયનમાં સદ્ગુરુને સરોવર જેવા અને મુનિગણને માછલા જેવા કહ્યા છે.

<u>ભાવાર્થ :</u> (૫) ચૌદપૂર્વધર આર્ય શય્યંભવસૂરિએ દસવૈકાલિકના નવમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં आयरियमग्गिमिवाहियग्गि... એ બધી ગાથાઓમાં એ જ બતાવ્યું છે કે 'ગુરુની સેવા કરવી જોઈએ, અને એના અપરંપાર ફળો છે.'

અને એ જ અધ્યયનના પહેલા ઉદ્દેશામાં ગુરુની નિંદા વગેરે કરનારાને ભયંકર નુકસાનો પણ બતાવ્યા છે.

જેણે એ જાણવા હોય, એમણે દસવૈકાલિકનું એ નવમું અધ્યયન, એનો પહેલો-ત્રીજો ઉદ્દેશો ખાસ જોઈ લેવો.

આપણે એમાંના કેટલાક અંશો અહીં જોઈ લઈએ.

→ आलोइयं इंगियमेव नच्चा जो छंदमाराहयइ स पुज्जो ।

ગુરુની આંખો, આકારોને જોઈને-જાણીને, જે શિષ્ય એમની ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તે શિષ્ય પૂજનીય છે.

→ आसीवीसो वावि परं सुरुट्ठो, किं जीवनासाउ परं नु कुज्जा ।
आयरियपाया पुण अप्पसन्ना, अबोहि आसायण नत्थि मुक्खो ॥

સાપ ગુસ્સે થાય, તો પણ મોત કરતા વધારે બીજું શું કરી શકવાનો ? જ્યારે આચાર્ય જો અપ્રસન્ન થાય, તો એના નિમિત્તે શિષ્ય દુર્લભબોધિ બને, આશાતનાનો દોષ લાગે, મોક્ષની પ્રાપ્તિ ન થાય.

→ एवायरिअं पि हु हीलयंतो निअच्छइ जाइपहं खु मंदो ।

ગુરુની = આચાર્યની હીલના કરે, એ મુર્ખ સંસારમાં ભટકે.

→ एवायरियं उवचिट्ठएज्जा, अणंतनाणोवगओऽवि सन्तो ।

શિષ્ય અનંતજ્ઞાની (અઢળકશ્રુતનો સ્વામી) બને, તો પણ ગુરુની નિશ્રામાં રહે.

→ जस्सन्तिए धम्मपयाइं सिक्खे, तस्सन्तिए वेणइयं पउंजे ।

सक्कारए सिरसा पंजलीओ, कायग्गिरा भो मणसा य निच्चं ॥

જે ગુરુની પાસે ધર્મપદો શીખ્યા, (શ્રુત મેળવ્યું) તેમની પાસે વિનય કરવો, સત્કાર કરવો, મસ્તકે હાથ જોડવા. કાયમ મન-વચન-કાયાથી આ પ્રમાણે ભક્તિ કરવી.

→ गुरुमिह सययं पडियरिय मुणी जिणमयनिउणे अभिगमकुसले ।

धुणिय रयमलं पुरेकडं भासुरमउलं गइं गयं त्ति बेमि ॥

અહીં સતત ગુરુની સેવા કરીને જિનમતનિપુણ, અભિગમકુશલ મુનિ પૂર્વે કરેલા કર્મોને દૂર કરીને ભાસ્વર, અતુલ ગતિને (સ્વર્ગ-મોક્ષાદિ) પામે છે... એમ હું કહું છું.

(૬) હવે આપણે આવંતિ અધ્યયનનો પાઠ જોઈએ.

से बेमि तं जहा अवि हरए पडिपुन्ने चिट्ठइ समंसि भोमे उवसंतरए सारक्खमाणे से चिट्ठइ ।... ઈત્યાદિ

શ્રી આચારાંગના આ પાંચમા અધ્યયનનો સાર એટલો જ છે કે જેમ માછલાઓ સરોવરમાં રહે, તો મસ્તીથી જીવી શકે, નહિ તો પરેશાન થાય. એમ મુનિઓ પણ ગુરુ રૂપી સરોવરની પાસે રહે, તો જ તેઓનું સંયમ જીવતું રહે, નહિ તો એમના માટે ગમે ત્યારે અસંયમ નામનું મોત ઉત્પન્ન થાય.

જેમ અમુક સરોવર એવા હોય છે કે જેમાં પાણી આવે પણ ખરું અને પાણી બહાર નીકળે પણ ખરું. એમ ગુરુ એવા છે કે જે સ્વયં નવું નવું શ્રુતજલ મેળવતા જાય છે, અને શિષ્યોને શ્રુતજલ આપતા જાય છે. આવા ગુરુ પાસે રહેવાથી શિષ્યોને સતત નવા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થયા જ કરે.

જો ગુરુ નવું શ્રુત ન મેળવે, તો જુનું જયારે શિષ્યોને અપાઈ જશે, ત્યારે ગુરુ એમને શું આપશે ? અને નવું ન મળવાથી શિષ્યો કંટાળશે, એકની એક વાત સાંભળવાનો રસ ઓછો થઈ જાય, એ સ્વાભાવિક છે.

એમ ગુરુ માત્ર ને માત્ર નવું શ્રુત મેળવ્યા જ કરે, શ્રુત આપવાનું ન કરે, તો પણ એ મૂક કેવલી સમાન ગુરુથી શિષ્યને શું ફાયદો ?

એટલે યોગ્ય ગુરુ જ શોધવા અને એમની નિશ્રામાં રહેવું જ.

<u>ગાથા : ગુરુદૃષ્ટિ અનુસારે રહેતા, લહે પ્રવાદ પ્રવાદે રે,</u>

<u>એ પણ અર્થ તિહાં મન ધરિયેં, બહુગુણ સુગુરુ પ્રસાદે રે...</u>

<u>શ્રી જિન... ॥૮॥</u>

ગાથાર્થ : ગુરુની દૃષ્ટિ પાસે રહેતા તથા ગુરુની આજ્ઞા પ્રમાણે રહેતા શિષ્ય પ્રવાદથી પ્રવાદને જાણે. ત્યાં અર્થ પણ છે, એ મનમાં ધારણ કરો. સુગુરુની કૃપાથી ઘણો ફાયદો થાય છે.

ભાવાર્થ : (૭) આ ગાથા અનેક પ્રકારના અર્થોથી ભરેલી છે. એનો વિસ્તારથી અર્થ આચારાંગના પાંચમા અધ્યયનના છઠ્ઠા ઉદ્દેશામાં કરવામાં આવ્યો છે.

એનો સાર એ છે કે શિષ્યે ગુરુની દૃષ્ટિ સામે જ રહેવું. ગુરુની નજરથી પણ વેગળા ન થવું, તથા સામે રહીને ય આજ્ઞા ન પાળે, ન સમજે, ઉપેક્ષા કરે... એ શું લાભ કરી આપવાનો ? એટલે એણે ગુરુના અનુસારે રહેવું. એટલે કે ગુરુની આજ્ઞા-ઈચ્છાને બરાબર અનુસરવું.

આમ કરવાથી ગુરુ પોતાને પ્રાપ્ત થયેલા શ્રુતજ્ઞાનનો ઉપદેશ આપે, આ ઉપદેશ એનું નામ પ્રવાદ ! આના આધારે પ્રભુનો ઉપદેશ શું હતો ? એ આપણને જાણવા મળે. આ સર્વજ્ઞોપદેશ એ પણ પ્રવાદ !

એટલે ગુરુ-ઉપદેશ રૂપી પ્રવાદ દ્વારા સર્વજ્ઞના ઉપદેશરૂપી પ્રવાદની પ્રાપ્તિ થાય.

અથવા તો આ પ્રમાણે અર્થ થાય.

પ્રવાદ = અજૈનોના મતો...

પ્રવાદ = પરીક્ષા.

ગુરુની સેવા - સુશ્રૂષાના પ્રતાપે શિષ્ય પરીક્ષાઓ કરી કરીને અજૈનના મતોને જાણે.

આ માટેનું શ્રી આચારાંગનું સૂત્ર આ પ્રમાણે છે.

अणाणाए एगे सोवट्ठाणे आणाए एगे निरुवट्ठाणे, एयं ते मा होउ । एयं कुसलस्स दंसणं । तद्दिट्ठिए तम्मुत्तीए तत्पुरक्कारे तस्सन्नि तन्निवेसणे अभिभूय सदक्खू अणभिभूए पहू निरालम्बणयाए जे महं अबहिमणे पवाएण पवायं जाणिज्जा । सहसंमइयाए परवागरणेणं अन्नेसिं वा अंतिए सुच्चा निद्देसं नाइवट्टेज्जा, मेहावी सुपडिलेहिय सव्वतो सव्वयाए सममेव समभिण्णाय... શ્રી આચારાંગ સૂત્ર - છટ્ઠો ઉદ્દેશો.

ભાવાર્થ : કેટલાક જીવો એવા છે કે પ્રભુની આ ા જાણ્યા વિના પોતાની ઈચ્છા પ્રમાણે ધર્મમાં પ્રયત્ન કરે છે.

કેટલાકો વળી એવા છે કે જેઓ પ્રભુની આજ્ઞાને જાણે તો છે. પણ એ પ્રમાણે પ્રયત્ન કરતા નથી.

શિષ્ય ! આ બેમાંથી એકપણ વસ્તુ તારામાં ન બનવી જોઈએ.

પ્રભુનું દર્શન (પ્રભુનો માર્ગ) આ છે કે

→ શિષ્યે ગુરુની દૃષ્ટિમાં રહેવું.

→ શિષ્યે ગુરુની મુક્તિમાં રહેવું. (ગુરુને જે ન ગમે, એ તરત છોડી દેવું...)

→ શિષ્યે ગુરુની આજ્ઞાને જ સતત આગળ રાખીને પ્રવૃત્તિ કરવી.

→ શિષ્યે ગુરુના મન પ્રમાણે જ પોતાનું મન બનાવી દેવું. (એમની ઈચ્છાને પાળવી, એટલું જ નહિ, પણ એમની ઈચ્છાને પોતાની ઈચ્છા બનાવી દેવી.)

→ શિષ્યે ગુરુના પરિવારમાં જ રહેવું.

આવો શિષ્ય

★ ઉપસર્ગો - પરિષહોને જીતી લઈને ઘાતિકર્મોનો ક્ષય કરે છે.

★ એ શિષ્ય મારા (પ્રભુના) અભિપ્રાય પ્રમાણે વર્તે, એ જ્યાં સુધી ઉપસર્ગાદિને ન જીતી લે, ત્યાં સુધી પણ માતા-પિતાદિના મમત્વ વિના વિચરવાને માટે સમર્થ બને છે.

(ત્યાં ટીકામાં આનો સ્પષ્ટાર્થ દર્શાવવામાં આવ્યો છે. આપણે તો એટલું જ જોવું છે કે આ પાઠમાં પણ સુગુરુ પાસે રહેવાનું, એને પરતંત્ર રહેવાનું વારંવાર નિરૂપણ કરવામાં આવ્યું છે.)

(૮) पुज्जा जस्स पसीयंति, संबुद्धा पुव्वसंथुआ ।
पसन्ना लाभइस्संति विउलं अट्ठियं सुयं ।

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં કહ્યું છે કે ગીતાર્થ સંવિગ્ન ગુરુ ભગવંતો જેના ઉપર ખુશ થાય છે, તેને ગંભીર અર્થથી ભરેલું પુષ્કળ શ્રુત ભેટ આપે છે.

<u>ગાથા :</u> <u>વિનય વધે ગુરુ પાસે વસતા, જે જિનશાસન મૂલો રે...</u>
<u>દર્શન નિર્મલ ઉચિત પ્રવૃત્તિ, શુભરાગે અનુકૂલો રે...</u>
<u>શ્રી જિન... ॥૯॥</u>

<u>ગાથાર્થ :</u> ગુરુ પાસે રહેવાથી વિનય વધે, એ વિનય જિનશાસનનું મૂલ છે. સમ્યગ્દર્શન નિર્મળ થાય. શુભરાગથી અનુકૂલ રીતે ઉચિત પ્રવૃત્તિ થાય.

<u>ભાવાર્થ :</u> ઉપર સામાન્યથી આઠેક શાસ્ત્રપાઠો જોયા. એમાં પાઠોની પ્રધાનતા અને યુક્તિની ગૌણતા... જોઈ. હવે યુક્તિની પ્રધાનતા અને એ સાથે શાસ્ત્રપાઠો... એ રીતે ગુરુનિશ્રાનું મહત્ત્વ શું છે ? એ પણ જોઈએ.

(અ) ગુરુ પાસે રહે, એટલે ગુરુને બે ટાઈમ વંદન કરવાના, બે ટાઈમ પડિલેહણ કરવાનું, ગુરૂ જેટલી વાર દેખાય, એટલીવાર અભ્યુત્થાન કરવાનું, ગુરુની લઘુ-વડીનીતિ પરઠવવાની, ગુરુની વાચના સાંભળવા નમ્ર બનીને બેસવાનું, ગુરુના ઠપકાઓ સાંભળવાના, ગુરુ ના પાડી દે તો ઈચ્છા હોવા છતાં પણ તે તે કાર્યો અટકાવી દેવાના, શ્રાવકાદિ મળવા આવે તો ગુરુ પાસે મોકલી દેવા પડે, શિષ્યાદિ કશું પોતાની ઈચ્છા પ્રમાણે ન કરાય... આ બધો જ ગુરુનો એક પ્રકારનો શ્રેષ્ઠ વિનય છે.

જે ગુરુ સાથે ન રહે, એ તો પોતે જ ગુરુ બનીને ફરવાનો, એનામાં આ વિનયનો વિકાસ શી રીતે થવાનો ?

(બ) વિનય પ્રગટે એટલે સમજી લેવું કે જિનશાસનનું મૂળ પ્રાપ્ત થઈ ગયું. રત્નત્રયી એ જિનશાસન છે, શ્રુતજ્ઞાન એ જિનશાસન છે. પરિણતિ એ જિનશાસન છે, અને એનું મૂળ છે વિનય ! વિનય કરે એનામાં નમસ્કારભાવ પ્રગટે, અથવા તો એમ બોલો કે નમસ્કારભાવ વિના વિનય પ્રગટતો નથી. અને આ નમ્રતાને નમસ્કાર મહામંત્રમાં પ્રથમ સ્થાન આપવામાં આવેલ છે, એ તો બધા જ જાણે છે. 'अरिहंताणं नमो' ને બદલે 'नमो अरिहंताणं' કેમ ? વગેરે અનેક ચિંતનો દ્વારા અનેક મહાપુરુષોએ નમસ્કારભાવને જિનશાસનમાં પ્રવેશ માટેનું મુખ્ય કારણ દર્શાવેલ છે. અને એ વિનયથી જ સાધ્ય છે.

(ક) ગુરુ પાસે રહેવાથી સમ્યક્ત્વના આઠેય આચારોનું નિર્મળ પાલન થઈ શકે, અને એ રીતે સમ્યક્ત્વની શુદ્ધિ થાય.

→ જેટલી શંકાઓ ઉભી થાય, એ બધાનું સમાધાન ગુરુ આપી શકે.

→ બીજા કોઈપણ ધર્મપ્રત્યે આકર્ષણ થાય, એમાં ઢળી જવાનું મન થાય ત્યારે ગુરુ આપણું અજ્ઞાન દૂર કરાવીને આપણી એ આકાંક્ષાઓ તોડી પાડે. સિદ્ધર્ષિગણિને બૌદ્ધમતની અપેક્ષા ઉભી થઈ, એને તોડી પાડવાનું કામ ગુરુએ જ કર્યુ ને ? ગુરુ ન હોત, તો સિદ્ધર્ષિગણિ બૌદ્ધભિક્ખુ બની ગયા હોત, તો ઉપમિતિ અને ઉપદેશમાલાની હેયોપાદેયા વૃત્તિ જૈનજગતને ભેટ ન મળી હોત.

અરે, આજે પણ જૈનના નામ હેઠળ જિનાજ્ઞાવિપરીત ઘણા બધા મતો ઉભા થતા જ જાય છે, અને સંયમીઓ પણ અજ્ઞાનાદિના કારણે એ મતો તરફ ખેંચાય છે... આ બધાને ત્યાં જતાં જો કોઈ અટકાવી શકે એમ હોય તો એ એકમાત્ર સદ્ગુરુ જ છે.

કોઈકને કાનજીસ્વામીના આશ્રમોમાં જવાનું મન થાય.

કોઈકને શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમોમાં રાકેશભાઈ વગેરેની શિબિરો ભરવાનું

મન થાય.

કોઈકને વિપશ્યનાની સાધના ગમવા માંડે.

કોઈકને પદ્મનાભસ્વામીના અવતાર તરીકે કહેવાતા, સીમંધરભક્ત એવા એક ગૃહસ્થની પાછળ ઘેલી ગુરુભક્તિ કરવાનું મન થાય.

આવા આક્રમણની સામે ગુરુ એમને સમજાવીને જિનાજ્ઞાપાલનમાં દઢ બનાવી શકે. <u>કોડિકપટ કોઈ દાખવે, નવિ ત્યજું તો ય તુજ ધર્મ...</u> (૧૨૫ ગાથાના સ્તવનની છેલ્લી ઢાળ) કોઈ કરોડો કપટ દાખવે, મને છેતરે, તો પણ હું તારો ધર્મ છોડવાનો નથી... આવા ઉપાધ્યાયજી મ.ના ખુમારીથી ભરેલા શબ્દો સદ્‌ગુરુના સાન્નિધ્ય વિના પ્રગટી શકતા નથી.

→ ધર્મનું ફળ મળે કે નહિ ? એવી શંકા પણ ગુરુ દૂર કરે. ધર્મના પ્રત્યક્ષફળો દેખાડે, પરોક્ષ ફળો યુક્તિથી સમજાવે, આગમમાં દર્શાવેલા દૃષ્ટાન્તો દ્વારા એ પદાર્થોને સાચા સાબિત કરી આપે.

→ બીજા ધર્મોની જાહોજલાલી જોઈને કોઈકને એમ પણ થાય કે 'આ બધાના આ લાખો ભક્તો કેમ ? ધર્મ આપણો સાચો હોય, તો એનો જ મહિમા ચારેબાજુ ફેલાયેલો હોવો જોઈએ ને ? એના બદલે બધું ઉંધુ જ જોવા મળે છે. આશારામબાપુને ગુરુપૂર્ણિમાના દિવસે દર્શન કરવા માટે આઠેક લાખ માણસ આખા ભારતમાંથી આવે. એ એકાદ દિનમાં જ ગુરુદક્ષિણા રૂપે કરોડો રૂપિયાની કમાણી થાય... વગેરે વગેરે.

આ મૂઢ થતી દૃષ્ટિને સ્વચ્છ-સ્પષ્ટ કરી આપે છે સદ્‌ગુરુ ! એ કહી શકે છે કે 'શાકભાજી ખરીદનારા લાખો-કરોડો મળે, હીરા-માણેક ખરીદનારા ઘણા ઓછા મળે. એટલા માત્રથી કંઈ શાકભાજીની કિંમત હીરાઓ કરતા વધી જતી નથી. શાક શાક જ છે અને હીરા-હીરા જ છે...'

→ ગુરુ રોજેરોજ ગચ્છમાં રહેલા અનેકાનેક સાધુઓમાંના તે તે સાધુની વિશિષ્ટ આરાધનાની અનુમોદના દિલથી કરતા હોય, એની અસર બીજાઓ પર પડતી હોય, બધાને આ ગમતું પણ હોય,... આ બધું જોઈને આપણને પણ ગુણાનુમોદના કરવાનું મન થાય, ગુણપ્રશંસાનો ગુણ આ રીતે આત્મસાત થાય.

→ આપણે સંયમયોગોમાં કોઈપણ પ્રકારની ક્ષતિ કરીએ, તો ગુરુથી માંડીને ઘણા લોકો આપણને સ્થિર કરનારા મળે. એમ ગચ્છ મોટો હોવાથી અને ઘણાઓ સાથે લાગણી બંધાઈ હોવાથી તેઓ પણ જો કંઈક ભૂલ કરે, પ્રમાદમાં પડે તો આપણે પણ એમને ટકોર કરીને, આત્મીયતાથી સમજાવીને સંયમજીવનમાં સ્થિર કરી શકીએ.

ગુરુ પણ ઘણાઓને સ્થિર કરતા જ હોય... એ જોઈને પણ સ્થિરીકરણનો આ ાર શીખવા મળે.

→ ગુરુ + ગચ્છ સાથે રહેવાથી અનેક મહાત્માઓના ગુણો જોઈને એમના પ્રત્યે અહોભાવ પ્રગટે, એ સ્વાભાવિક છે. આ ગુણદર્શનજન્ય લાગણી એ જ સાધર્મિક વાત્સલ્ય !

સ્નેહરાગ એ વ્યક્તિરાગપ્રેરિત છે.

કામરાગ એ વસ્તુરાગપ્રેરિત છે. (વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દનો રાગ...)

દૃષ્ટિરાગ એ સ્વરાગપ્રેરિત, (અપેક્ષાએ વ્યક્તિરાગપ્રેરિત) છે.

જ્યારે સાધર્મિકરાગ એ ગુણરાગપ્રેરિત છે.

અને એ ગુરુ પાસે રહેવાથી શક્ય છે.

→ આજે દરેક જગ્યાએ અનુભવવા મળે છે કે બે-ત્રણ સાધુ હોય, તો સંઘ ઉપર એની અસર ઓછી પહોંચે. પણ દસ-બાર-પંદર-વીસ સાધુ હોય, તો સંઘ સહજ રીતે જ પ્રભાવિત થઈ જાય. એમાં પણ યુવાન સાધુઓ, સતત સ્વાધ્યાય કરનારા સાધુઓ, ગોચરી માટે પોણો-એક કલાક સર્વત્ર ફરનારા સાધુઓ... આ બધા તો જબરદસ્તકોટિની શાસન પ્રભાવનામાં નિમિત્ત બને છે.

ટુંકાણમાં જણાવેલા આ આઠ મુદ્દાઓ જો લંબાણથી વિચારશો તો ખ્યાલ આવશે કે ગુરુ પાસે રહેવાથી સમ્યગ્દર્શનના આ આઠે ય આચારો સારામાં સારી રીતે પળાશે અને એટલે સમ્યગ્દર્શન નિર્મળતમ બની રહે.

(ડ) વેઠ ઉતાર્યા વિના પૂરા સદ્ભાવથી ઉચિત્તપ્રવૃત્તિનું સેવન સદ્ગુરુ પાસે રહેવાથી સિદ્ધ થાય છે.

વેઠ ન ઉતારવી = અવિધિ ન કરવી. = વિધિ પાળવી.

સદ્ભાવ રાખવો = ભાવ + સદ્ભાવ રાખવો.

ઔચિત્યનું સેવન = દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને નજર સામે રાખીને જ્યારે જે ઉચિત હોય, ત્યારે તેનું આચરણ કરવું.

આ ત્રણમાંથી એકની પણ ખામી હોય, તો એ ન ચાલે. ચાલે ખરું, પણ એટલું ફળ ન મળે. જો ૧૦૦% ફળ જોઈતું હોય, તો વિધિ + સદ્ભાવ + ઔચિત્યસેવન... આ ત્રણની હાજરી જરૂરી છે.

આપણે એના દૃષ્ટાન્તો વિચારીએ.

★ લગભગ તમામ સંઘોમાં સાલગીરીના દિવસે સ્વામિવાત્સલ્ય હોય, કાર્યકરો

ઉલ્લાસભેર એ કામ કરે, અને એ ઉચિત પ્રવૃત્તિ પણ છે. પણ વિધિનું પાલન ખરું ? અભક્ષ્ય વસ્તુ બને, જયણા ન સચવાય, કેટરર્સને જ આખું રસોડું સોંપી દેવાય, બુફે જ ચાલે... વગેરે વગેરે કરવું એટલે વેઠ ઉતારવાનું જ થયું ને ?

★ દીક્ષાદિ નિમિત્તે રથયાત્રા કાઢવી એ ઉચિત છે, ભાવપૂર્વક કાઢવામાં આવે છે. પણ એ વખતે બહેનો પણ નાચે, ઉનાળો હોય તો બરફવાળા સરબતાદિની વચ્ચે-વચ્ચે વ્યવસ્થા, ડિસ્પોઝેબલ ગ્લાસનો ઉપયોગ કરવાના કારણે સંમૂર્ચ્છિમની, ત્રસજીવોની ઘોરાતિઘોર વિરાધના... આ બધી વેઠ છે.

★ આપણા દીક્ષાદિવસ નિમિત્તે આખી માંડલીનું બધું જ પાણી લાવવાનું કામ ભક્તિરૂપે સ્વીકારીએ, આવા દિવસે સંયમીઓની આ ભક્તિ એ ઉચિત છે. સંયમી ભાવથી જ કરે છે. પણ 'માટીના ઘડાઓમાં અંદર નાના મચ્છરાદિ જીવો છે કે નહિ ?' એ જોવાની વિધિ અને હોય તો જયણાપૂર્વક એને કાઢવાની વિધિ ન સાચવે... પાણી ઠારીને ભરવાને બદલે સામાન્ય શીત પાણીવાળા ઘડા જ એમને એમ મુકી દે, સંયમીઓને એ વાપરવામાં અનુકૂળ ન આવે... હવે આ બધી અવિધિ છે.

આ અવિધિ અજ્ઞાન, પ્રમાદ, ઉપેક્ષા આદિ કોઈપણ કારણોથી સંભવિત છે.

હવે બીજો વિકલ્પ –

વિધિપાલન + ઔચિત્ય હોય, પણ સદ્ભાવ-ભાવ ન હોય... અભવ્યોની સઘળી શુભક્રિયાઓ આ ભૂમિકામાં આવે છે, અને એ મોક્ષની દૃષ્ટિએ નિષ્ફળ છે, એ આપણે સૌ જાણીએ જ છીએ.

હવે ત્રીજો વિકલ્પ –

વિધિપૂર્વક, ભાવથી પણ અનુચિતપ્રવૃત્તિ હોય એ ન ચાલે. દા.ત. આઠમ-ચૌદશના દિવસે જૈનોના ઘરે ઘરે ફરીને તદ્દન નિર્દોષ લીલોતરી લાવવી... નિર્દોષ લાવવી એ વિધિ ! ભાવ પણ સાચો ! પરંતુ મહત્ત્વની તિથિના દિવસોમાં આ રીતે લીલોતરી લાવવી એ અનુચિત વર્તન છે ને ?

એટલે ઉચિત પ્રવૃત્તિ શુભરાગે અનુકૂલો રે... એ શબ્દના આધારે વિધિ + શુભભાવ + ઉચિતપ્રવૃત્તિ એમ ત્રણ વસ્તુ ભેગી ગણવી.

આ ત્રણેય વસ્તુની પ્રાપ્તિ ગચ્છમાં રહેવાથી થવાની.

ગુરુ અને ગચ્છ દરેકે દરેક પ્રવૃત્તિની વિધિ શીખવાડશે.

ગુરુ અને ગચ્છ ક્યારે કઈ પ્રવૃત્તિ કરવી ? ન કરવી ? એ ઔચિત્યસેવન શીખવાડશે.

ગુરુ અને ગચ્છ શુભભાવો અને સદ્ભાવોને જન્મ આપવાની કળા શીખવાડશે.

<u>ગાથા :</u> <u>વૈયાવચ્ચે પાતિક ત્રુટે, ખંતાદિક ગુણશક્તિ રે,</u>
<u>હિતોપદેશે સુવિહિત સંગે, બ્રહ્મચર્યની ગુપ્તિ રે...</u>
<u>શ્રી જિન... ॥૧૦॥</u>

<u>ગાથાર્થ :</u> (ગુરુ પાસે રહેવાથી) વૈયાવચ્ચ દ્વારા પાપો ખતમ થાય, ક્ષમાદિ ગુણોની શક્તિ પ્રગટે, હિતોપદેશ દ્વારા અને સુંદરઆચારસંપન્ન મુનિઓના સંપર્ક દ્વારા બ્રહ્મચર્યની વાડોનું પાલન થાય.

<u>ભાવાર્થ :</u> (૪) ગુરુ પાસે રહે, એટલે ગુરુની વૈયાવચ્ચ કરવાનો લાભ મળે. અને સાથે અનેક મુનિઓ હોય, એટલે તે મુનિઓમાં પણ જ્ઞાની, તપસ્વી, બાલ, વૃદ્ધ, ગ્લાન આદિ અનેક પ્રકારના સાધુઓ હોવાના જ કે, જેમની વૈયાવચ્ચ કરવી જરૂરી હોય... અને એટલે જ એ વાતાવરણ જ આપણને વૈયાવચ્ચમાં જોડનારું બની જાય.

અને વૈયાવચ્ચનો લાભ છે પાપકર્મનો ક્ષય !

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે वैयावच्चेणं भंते जीवे किं जणयइ ? वैयावच्चेणं तित्थयरनामगोयकम्मं निबंधइ । પ્રભુ ! જીવ વૈયાવચ્ચ દ્વારા શું ઉત્પન્ન કરે ? (હે ગૌતમ !) વૈયાવચ્ચ દ્વારા તીર્થંકરનામકર્મ બાંધે.

અહીં જો કે પાપકર્મોનો ક્ષય દર્શાવ્યો નથી, પણ જિનનામ બાંધે, એટલે એ વહેલી તકે મોક્ષે જવાનો, એટલે એ તમામ પાપોનો ક્ષય કરવાનો જ.

વળી વૈયાવચ્ચ એ તપ છે, અને તપથી નિર્જરા થાય છે.

(૫) ગુરુ અને ગચ્છની સાથે રહેવાથી પાંચમો ફાયદો આ થાય કે ક્ષમાદિ ગુણોની શક્તિ ખીલે. ગુરુ આપણને ઠપકો આપે, ત્યારે ક્ષમા રાખવી જ પડે ને ? સહવર્તીઓના વર્તન પણ જાત જાતના હોય, એ બધું પણ સહન કરવું પડે. ગુરુ બીજાને ઠપકારે અને એ હસતા હસતા સહન કરી લે, એ જોઈને પણ આપણામાં ક્ષમાગુણ ખીલે.

હા ! શરુઆતમાં આકરું લાગે, પણ ધીમે ધીમે એ રીતે જ આપણું ઘડતર થઈ જાય. જ્યારે ઓપરેશન કરવામાં આવે કે ઈંજેક્શન આપવામાં આવે, ત્યારે શરુઆતમાં પીડા તો થાય જ, પણ એનાથી લાંબા કાળે તો ફાયદો જ છે ને ? એવું આમાં પણ સમજવું. ગુરુથી દૂર રહેનારાને ક્ષમા કેળવવાનો અવસર જ નહિ આવે. કેમકે એને ક્યાં ઠપકો ખાવાદિ પ્રસંગો બનવાના છે ? પણ એનો મતલબ એ નથી જ કે એના દોષો ખતમ થઈ ગયા.

સોનું જેમ અગ્નિમાં તપી તપીને પવિત્ર બને, એમ સંયમી પણ ગુર્વાદિના સંપર્કમાં ઘડાઈ ઘડાઈને ક્ષમાદિ ગુણોનો માલિક બને.

(૬) સદ્ગુરુ પાસે દિવસમાં અનેકવાર હિતોપદેશની પ્રાપ્તિ થાય, એમાં ય બ્રહ્મચર્યનું પાલન સામાન્યથી ઘણા બધા માટે (સંસારીઓ માટે) કપરું હોવાથી સંયમી એ વિષયમાં ચૂકી ન જાય, એ માટે ગુરુ એને નાની-મોટી અનેક સૂચનાઓ આપ્યા જ કરે. એ એવો જોરદાર ઉપદેશ હોય અને એવી પ્રેક્ટીકલ વાતો હોય કે એનું પાલન બ્રહ્મચર્યની સિદ્ધિ અપાવી જ દે. યૌવનકાળ કે જે અબ્રહ્મ માટેનો જ કાળ છે, એ આખો કાળ કોઈપણ પ્રકારના કાળા ડાઘા વિના હેમખેમ પસાર થઈ જાય. એનો આનંદ પણ કોઈક અનેરો જ હોય છે.

આ અનુભવ તો અમને પણ થાય છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ બ્રહ્મચર્ય માટેનો જે હિતોપદેશ આપ્યો છે, એ મને ૧૭ વર્ષની જીંદગી પસાર કરવામાં, હેમખેમ પસાર કરવામાં અત્યંત ઉપયોગી બન્યો છે. એકંદરે પવિત્રતાની એવી સુંદર અનુભૂતિ થાય છે કે ન પૂછો વાત ! અને ચોક્કસ લાગે છે કે માત્ર એમણે આપેલા ઉપદેશ પ્રમાણે ચાલ્યા કરીએ, તો ય નિર્વિઘ્ને સમગ્રજીવન પસાર થઈને જ રહે.

એમના ઉપદેશને આધારે હું જેટલી મર્યાદા પાળું છું. એ અહીં દર્શાવું છું. એ દર્શાવવાનું કારણ એ કે બીજાઓને પણ આ મર્યાદા પાળવાનો ઉલ્લાસ જાગે અને ભવિષ્યમાં ધારો કે હું એ મર્યાદાનું ઉલ્લંઘન કરતો હોઉં, તો મને અટકાવવાનું કામ આ વાંચનારાઓ કરી શકે. એવી ઈચ્છા ખરી કે સૌ કોઈ આ મર્યાદાને અપનાવે.

★ ઉપાશ્રયમાં સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પછી બહેનોની હાજરી ન હોવી જોઈએ. સૂર્યાસ્ત થવા આવે, તો તરત બહેનોને કહી દઈએ કે 'તમારે હવે જતા રહેવું.' હજી સુધી બા કે સગા બહેન સાથે પણ સૂર્યાસ્ત બાદ બેસવાનો પ્રસંગ બન્યો નથી. એમની સાથે એકલા તો નહિ જ, પણ પુરુષોની સાથે પણ નહિ.

★ દિવસ દરમ્યાન પણ એકલા બહેન સાથે કે એકલા સાધ્વીજી સાથે વાત નહિ કરવાની. પચ્ચક્ખાણ લેવા આવ્યા હોય, તો આપી દેવાનું. પ્રશ્નાદિ પુછવા માંગે, તો અન્ય સાધુ વગેરેની હાજરીમાં જ જવાબ આપવાના. ખાનગીમાં નહિ. ટુંકમાં કુલ આઠ આંખ એકબીજાને જોઈ શકતી હોય, એવી પરિસ્થિતિમાં જ બહેન કે સાધ્વીજીને ઉત્તરો આપવાના. (બે-ચાર મિનિટ ઉભા ઉભા જ પુછતા હોય, તો ત્યારે બીજાને બોલાવવા ન જાઉં, પણ એ સ્થાન પણ જાહેર જ હોય.)

★ બે વર્ષની સગી ભાણેજી કે સગી ભત્રીજીને પણ તું કહીને બોલાવવાની નહિ.

બધે જ તમે નો ઉચ્ચાર !

★ કોઈપણ બહેન માટે એમના એકલા નામનો ઉચ્ચાર નહિ કરવાનો. જેમ કે ઈન્દિરા, પ્રીતિ, દીપ્તિ... વગેરે ! સગા સંસારી બહેનો હોય, તો પણ અને ઉંમરમાં નાના હોય તો પણ પ્રીતિ બહેન, દીપ્તિ બહેન... એ રીતના જ શબ્દોનો ઉચ્ચાર કરવાનો.

★ બને ત્યાં સુધી રૂમમાં બેસવાનું નહિ. સ્વાધ્યાયાદિ માટે બેસવું જ પડે, તો અંદરથી બંધ તો નહિ જ કરવાનું. શક્ય હોય ત્યાં સુધી બારણું આખે આખું ખુલ્લું રાખવાનું. અડકાવવાનું પણ નહિ.

★ દિવસ દરમ્યાન પણ એકલા બહેનોને ઉપાશ્રયમાં આવવાનો નિષેધ કરવાનો. ભાઈ સાથે હોય, તો ઠીક !

★ સાધ્વીજીઓએ વ્યાખ્યાન સિવાય વંદન કરવા નહિ આવવાનું... ચોમાસી ચૌદશ જેવા મોટા દિવસોમાં નાના સાધુઓને વંદના કરવાની એમને છૂટ ! એ સિવાયના દિવસોમાં નહિ.

★ એકલા બહેનોને, મુમુક્ષુઓને સાધ્વીજીઓને ઉપદેશ આપવો નહિ...

આવી આવી જયણા પાળવાથી એકંદરે ઘણું બચ્યા છીએ,

હા ! પૂજ્યપાદશ્રી તો આંબિલ કરવાનું કહેતા, એકાસણા કરવા જ પડે તો વિગઈના ત્યાગવાળા સાદા એકાસણા કરવાનું કહેતા... આ જયણા હું આચરતો નથી, પ્રમાદાદિના કારણે આચરી શકતો નથી.

પણ આ તો અમારો અનુભવ છે જ કે ગુરુનો ઉપદેશ આપણામાં બ્રહ્મચર્ય જેવા મહાન ગુણોને સિદ્ધ કરવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

હિતોપદેશ કરતાં પણ અગત્યનું કારણ હોય તો એ છે સુવિહિતસંગ !

ગુરુ ઉપદેશ ઉંચો આપે, પણ સ્વયં પાલન ન કરે, અથવા તો ગચ્છના અન્ય સાધુઓ વિપરીત આચરણ કરે, તો ઉપદેશની અસર થવાની જ નથી, થાય તો ટકવાની જ નથી.

માટે જ ષોડશકમાં કહ્યું છે કે स्वयमपि च तदाचारस्तदग्रतः नियमतः सेव्यः ગુરુએ માત્ર આચાર બોલવાનો નહિ, પણ એ આચાર પાળવાનો પણ ખરો. અને એ અવશ્ય પાળવો.

જો ગુરુ અને ગચ્છ એ આચાર પાળે નહિ, તો સંયમીના મનમાં શું શું થઈ શકે છે ? એ કલ્પના કરીએ.

+ 'આ આચાર બોલવાનો ખરો, પણ એનું પાલન એટલું બધું મહત્ત્વનું નથી. ન પાળો તો ય ચાલે. માટે જ આ બધા ક્યાં પાળે છે ?' (જોગમાં જે દોષોથી = ભૂલોથી દિવસ પડે, એં ભૂલો ગંભીર લાગે. દિવસ ન પડે, એ સામાન્ય લાગે, એટલે જ ઉપેક્ષા પણ થાય.)

+ 'આ ગુરુ અને ગચ્છ ડંફાસ મારવામાં નંબર વન છે. વાતો ઉંચી અને વર્તન નીચું... શું માત્ર સારા દેખાવાનું જ છે ? કે પછી સારા બનવાનું પણ છે ? આવા ગુરુ કે ગચ્છ ભરોસાપાત્ર ન ગણાય.'

+ એક વાત ધ્યાનમાં રાખવી કે જીવ અનાદિકાળથી વિષયસુખોમાં રમવા માટે જ ટેવાયેલો છે. એટલે એને ઈન્દ્રિયોને પ્રતિકૂળ વર્તન ઓછું ગમે, ઈન્દ્રિયોને અનુકૂળ વર્તન જ એમને વધારે ગમે. હવે ગુરુ અને ગચ્છ સુંદર આચારોનું વર્ણન કર્યા બાદ પણ સ્વયં જો ખરાબ આચારો જીવશે, તો મુનિને પણ અનાદિ સંસ્કારના લીધે એ જ વધારે ગમી જવાનું. અને એટલે જ પેલો બધો ઉપદેશ પાણીમાં જવાનો ! પછી એ મુનિ પણ એ જ ખરાબ આચારો, છૂટછાટોનું સેવન કરતો થઈ જશે.

સૌથી મુખ્ય નુકસાન આ છે, અને એટલે જ માત્ર હિતોપદેશ નહિ, પણ સુવિહિત મુનિઓનો = સારા આચારવાળા સાધુઓનો સંગ પણ અત્યંત આવશ્યક છે. એનાથી જ મુનિનું બ્રહ્મચર્ય સુરક્ષિત બને છે. નવે વાડોનું પાલન સિદ્ધ થાય છે.

કલિકુંડ નિવાસી શ્રાદ્ધવર્ય કુમારપાળભાઈએ હમણાં જ કહેલું કે "અમે છત્તીસગઢ વગેરેમાં જૈનોની શિબિર એકાદ દિનની નહિ, પણ સાત દિન / મહિનાની કરીએ છીએ. કારણ કે અમારા પ્રવચનોની અસર ૩૫% જ હોય છે. ૬૫% અસર તો સાથે રહેવાથી, પરસ્પરના ધર્મમય વાતાવરણથી જ ઉત્પન્ન થાય છે.

આ એકદમ સત્ય હકીકત છે.

<u>ગાથા :</u> <u>મન વાધે મૃદુ બુદ્ધિ કેરા, મારગ ભેદ ન હોવે રે,</u>
<u>બહુગુણ જાણે એ અધિકારે, ધર્મરયણ જો જોવે રે.</u>
<u>શ્રી જિન... ॥૧૧॥</u>

<u>ગાથાર્થ :</u> મૃદુબુદ્ધિવાળાઓનું મન વધે, માર્ગનો ભેદ ન થાય, શ્રીધર્મરત્નપ્રકરણમાં ગુરુકુલવાસના અધિકારમાં જે નજર કરે, તે આ પ્રમાણે ઘણા ગુણોને દેખે.

(૭) ગચ્છમાં કેટલાય સાધુ-સાધ્વીઓ ભોળા હોય, ભદ્રિક હોય, એમની બુદ્ધિ પણ ઓછી ! આ બધા બાળકના જેવા સ્વભાવવાળા ! એટલે જ બાળકને જેમ મમ્મી

નજીકમાં હોય, તો ખૂબ જ આનંદ ! પણ મમ્મી સાથે ન હોય, તો બાળક ગભરાઈ જાય, ભયભીત બની જાય... એમ આ સાધુ-સાધ્વીઓ પણ જો ગુરુ સાથે હોય, તો નિર્ભય ! આનંદિત ! ઉલ્લસિત ! ગુરુ પ્રત્યેનો ભાવ એવો જોરદાર, કે ગુરુના માર્ગદર્શન પ્રમાણે બધું જ કરે.

પણ ગુરુ જો એમનાથી જુદા પડે, કે આ સાધુઓ કોઈક કારણસર જુદા પડે, તો નાના બાળક જેવા એ સંયમીઓ ગુરુ વિના સંયમ-સ્વાધ્યાય-સ્વભાવનો ઉલ્લાસ ગુમાવી બેસે, ઘણું ગુમાવી બેસે.

આનો બીજો અર્થ આ પણ થાય છે કે જે ગૃહસ્થો ભોળા છે, સીધાસાદા છે, તેઓ એટલું સમજે છે કે સાધુ પોતાના ગુરુની સાથે હોય... એટલે બધાને જો સાથે જુએ, તો આનંદ પામે. પણ જો ગુરુ અને શિષ્યને જુદા પડેલા જુએ, તો મનમાં જાત જાતની શંકા-કુશંકાઓ કર્યા વિના રહે. "કેમ જુદા પડ્યા હશે ? પરસ્પર બનતું નહિ હોય ?" વગેરે.

શંખેશ્વર પૂજ્યપાદ કલાપૂર્ણસૂરિજી સ્મૃતિમંદીરની પ્રતિષ્ઠા વખતે પૂજ્ય ગુરુદેવશ્રી મને બે સાધુઓ સાથે શંખેશ્વરમાં એક અગત્યના કામ માટે રોકીને રાધનપુર ગયા. ત્યાંથી તેઓશ્રી અઠવાડિયામાં જ પાછા આવવાના હતા. પણ એટલા દિવસ દરમ્યાન હું હેરાન થઈ ગયો. જે પરિચિત ગૃહસ્થો મળે, તેઓના મોઢા પર સ્પષ્ટ રીતે કંઈક અયોગ્ય થયાના ભાવ વંચાય. તેઓ પુછી પણ લેતા કે 'મ.સા. ! તમે અહીં છો, અને ગુરુદેવ નથી ? તમે ગુરુદેવ સાથે કેમ ન ગયા ? કેમ રોકાયા ?'

અપેક્ષાએ આ વાત સારી છે. આનાથી ફાયદો એ જ કે જુદા થવા ઈચ્છતા શિષ્યોના મન પાછા પડે.

આમ સાધુઓ ગચ્છમાં સાથે રહે, તો એવા ભોળા શ્રાવકોના ભાવો ખૂબ વધે.

વળી આવું પણ અમે તો અનુભવ્યું છે કે બે-ત્રણ ઠાણા હોય, તો ગૃહસ્થોના મોઢા પર વિશેષ ભાવ ન દેખાય, પણ ૧૨-૧૫-૨૫-૫૦ ઠાણા હોઈએ, તો આટલા બધા સાધુઓ અમારે ત્યાં ! વાહ રે વાહ !' આવા ભાવો મોઢા પર નીતરતા જોવા મળે. ગોચરી વહોરાવે, ત્યારે પણ "મહારાજ ! વસ્તારી છો, લો, લો. આટલા બધા છો, તો ગોચરી તો જોઈએ ને ?" તેઓ એકબીજાને વાતો ય કરે. "આ વખતે આપણા સંઘમાં ઘણા બધા સાધુ-સાધ્વીઓ છે. આપણને મજા આવી જશે."

(૮) સાધુઓ સાથે રહે, એટલે બધાનો આચાર લગભગ સરખો રહે, પ્રરૂપણા પણ સરખી રહે, એટલે લોકોમાં આચાર-વિચારનો ભેદ ન પડે. પણ સાધુઓ જુદા

જુદા વિચરે, તો ગીતાર્થો પ્રાયઃ ઉત્સર્ગની દેશના આપે, અગીતાર્થો અપવાદની દેશના આપે, ગીતાર્થ-સંવિગ્નો ઉત્સર્ગ આચારનું પાલન કરે, અગીતાર્થો + સંવિગ્નો અસ્થાને પણ ઉત્સર્ગને જડતાથી પકડે, અસંવિગ્નો શિથિલાચાર સેવે,... આમ આ બધું બખડજંતર જોઈને લોકોમાં પણ ધર્મનો ભેદ પડે. જેઓ જેના સત્સંગમાં આવે, તેઓ તેના જ આચાર-વિચારને ધર્મ માની લે. એટલે કે જેટલા ગ્રુપો, એટલા જુદા જુદા સ્વરૂપવાળા જૈનધર્મો થઈ જાય. એ યોગ્ય સ્થાને હોત તો તો વાંધો જ ક્યાંથી હોય ? પણ એવું નહિ. બધી ગરબડોથી ભરેલા, દોષ પ્રચૂર એ આચાર-વિચારો ધર્મનું સ્વરૂપ બની જાય.

અત્રે સામાન્યથી આઠ ગુણો = ફાયદાઓ બતાવ્યા.

શ્રીધર્મરત્નપ્રકરણમાં <u>ગુરૂકુલવાસ</u>ના અધિકારમાં આ વિષય પર ઉંડાણથી-વિસ્તારથી વર્ણન કરવામાં આવેલું છે. જેઓ એનો અભ્યાસ કરશે, તેઓને ગુરુકુલવાસના બીજા પણ ઘણા ગુણો જાણવા મળશે.

<u>ગાથા :</u> <u>નાણ તણો સંભાગી હોવે, થિર મન દર્શન ચરિતે રે,</u>
<u>ન ત્યજે ગુરૂ કહિયે એ બુધ ભાખ્યું આવશ્યક નિર્યુક્તે રે.</u>
<u>શ્રી જિન... ॥૧૨॥</u>

<u>ગાથાર્થ :</u> જ્ઞાનનો સંભાગી બને. દર્શનમાં અને ચારિત્રમાં મન સ્થિર બને. બુધપુરુષે = ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે આ સાધુ <u>કહિયે</u> = (કદીયે) ક્યારેય પણ ગુરુને ન છોડે.

<u>ભાવાર્થ :</u>

(૯) ગુરુ ગીતાર્થ અને સંવિગ્ન જ હોવાના. એટલે સંયમી જો એમની પાસે રહે, તો ગુરુ પાસેથી સંયમીને જ્ઞાન મળવાનું જ છે. શાસ્ત્રજ્ઞાન પણ મળવાનું અને વર્ષોના અનુભવી ગુરુ પાસેથી અનુભવજ્ઞાન પણ મળવાનું.

ધારો કે ગુરુ સ્વયં શાસનકાર્યોમાં વ્યસ્ત હોવાથી ન ભણાવી શકે, તો પણ ગુરુ અન્ય શિષ્યાદિ દ્વારા પણ બધાને અભ્યાસ કરાવે જ. ગચ્છમાં જ્ઞાનની ત્રુટિ ઉભી ન થવા દે.

(૧૦) શિષ્ય ગચ્છમાં રહે, તો એનું મન સમ્યગ્દર્શનમાં સ્થિર રહે. શંકાદિ કોઈપણ દોષો ઉત્પન્ન થાય, તો ગુરુ વગેરે જ એનું નિરાકરણ કરી દે, અને એટલે એ સમ્યક્ત્વથી ચલિત ન થાય.

<u>પ્રશ્ન :</u> પહેલા એ વાત કરી જ ગયા છે કે 'ગુરુ + ગચ્છના પ્રભાવથી સમ્યગ્દર્શન

નિર્મળ થાય.' તો ફરી પાછી આ વાત કેમ કરે છે ?

<u>ઉત્તર :</u> સમ્યક્ત્વની નિર્મળતા અને સમ્યક્ત્વની સ્થિરતામાં ફરક છે.

ઔપશમિક સમ્યક્ત્વ નિર્મળ છે, પણ એ સ્થિર નથી. અંતર્મુહૂર્તમાં જતું રહે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શંકાદિ અતિચારોના વખતમાં મલિન છે, છતાં એ લાંબો કાળ ટકી શકનારું છે.

ગુરુ + ગચ્છનો પ્રભાવ એ છે કે સમ્યક્ત્વના મેલ પણ કાઢે અને સમ્યક્ત્વમાં સ્થિરતા પણ આપે.

દેવો પણ આ મુનિને શ્રદ્ધાથી ભ્રષ્ટ ન કરી શકે એવી એની અગાધ શ્રદ્ધા હોય. એના વચનોમાં ખુમારી પ્રગટતી હોય.

પ્રભુના વચનો જેટલા અંશમાં પળાય, એટલા અંશમાં ખૂબ જ આનંદ !

પ્રભુના વચનો જેટલા અંશમાં ન પળાય, એટલા અંશમાં ખૂબ જ પશ્ચાત્તાપ !

પ્રભુના વચનોનું પાલન બીજે જ્યાં જ્યાં દેખાય, ત્યાં ત્યાં ગુણાનુરાગના આંસુ !

આવું સમ્યક્ત્વ ગુરુ-ગચ્છના પ્રભાવથી અવશ્ય પ્રાપ્ત થાય.

(૧૧) ચારિત્રમાં દૃઢ બને.

શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજાએ આવશ્યકનિર્યુક્તિમાં આ જ પદાર્થનો નિર્દેશ કરતી ગાથા આ પ્રમાણે આપી છે.

णाणस्स होइ भागी, थिरयरओ य दंसणे चरित्ते अ ।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥

તે ધન્ય શિષ્યો છે, કે જેઓ આખી જીંદગી ગુરુકુલવાસમાં રહે છે, એનો ત્યાગ નથી કરતા.

– x – x –

<u>શિષ્ય :</u> આપે ઢગલાબંધ ફાયદાઓ બતાવ્યા. પણ નુકસાનો ઘણા છે. એનો ય નિર્દેશ કરવો જોઈએ ને ?

અમે જો બે-ચાર-પાંચ જણ હોઈએ, તો નિર્દોષ ગોચરી લાવી શકીએ, બધા સરખે સરખા હોઈએ, બધા સંયમની કાળજીવાળા હોઈએ, એટલે આચારપાલન બહુ જ સારામાં સારી રીતે થઈ શકે.

ગચ્છમાં આ શક્ય નથી. ૧૦-૨૦-૩૦-૫૦ ઠાણા ભેગા હોઈએ, ઘરો ઓછા હોય, લોકો પણ સહજ રીતે જ 'ઠાણા વધારે છે' એમ સમજીને ગોચરી વધારે બનાવી જ દે. એમને ખ્યાલ આવી જ જાય, કે 'આપણા ઘરે વહોરવા માટે આ લોકો પધારશે

જ...' આમ મિશ્રાદિ દોષ લાગી જ જાય.

બીજી વાત એ કે ગચ્છમાં અસહિષ્ણુઓ હોય, એમના માટે સમયસર ગોચરી લાવવી પડે, એટલે એમાં ય અમુક દોષો ગૌણ કરવા પડે.

સાધુઓ ઘણા અને ઘરો ઓછા... એટલે નાના દોષો ચલાવી લેવા પડે.

બાલ-ગ્લાન-વૃદ્ધ આદિની વૈયાવચ્ચાદિ માટે પણ અમુક દોષો ચલાવી લેવા પડે.

ટુંકમાં ગચ્છ એટલે છૂટછાટોનું સ્થાન ! પછી સંયમ માત્ર નામનું જ રહી જાય.

<u>ગાથા :</u> <u>ભૌત પ્રતે-જિમ બાણે હણતા, પગ અણફરસી સબરા રે,</u>
<u>ગુરૂ છાંડી આહાર તણો ખપ, કરતા તિમ મુનિ નવરા રે.</u>
<u>શ્રી જિન... ॥૧૩॥</u>

<u>ગાથાર્થ :</u> જેમ ભીલોએ ભૌતગુરુને પગથી સ્પર્શ ન કર્યો, પણ બાણથી મારી નાંખ્યા. તેમ ગુરુને છોડીને આહારનો ખપ કરનારા = નિર્દોષ આહાર મેળવનારા મુનિઓ નવરા જાણવા.

<u>ભાવાર્થ :</u> પહેલા તને એક નાનકડી વાર્તા કહું.

એક જંગલમાં ભીલોનો રાજા પોતાની પત્ની ભીલડી સાથે રહે. જંગલમાં રહેતા એક બૌદ્ધ ભિક્ષુને એ રાજાએ પોતાના ગુરુ માનેલા. રાજાએ સાંભળેલું કે 'આપણો પગ ગુરુને લાગે, એ ગુરુની આશાતના ગણાય. એ ભયંકર પાપ છે. એ કદી ન કરવું.'

એકવાર ભિક્ષુ પાસેનું મોરપીંછનું બનેલું સુંદર મઝાનું છત્ર જોઈને રાણીની નજર બગડી. ભીલરાજ પાસે જીદે ચડી કે 'ગમે તે કરીને તમે મને એ છત્ર અપાવો.'

બાયડીઘેલા ભીલરાજે સૈનિકોને ભિક્ષુ પાસે છત્ર લેવા મોકલ્યા. ભિક્ષુએ સ્પષ્ટ ના પાડી. પરસ્પર બોલાચાલી થઈ. ભિક્ષુ ન જ માન્યા, સૈનિકો પાછા ફર્યા. રાજાને વાત કરી, રાજા ગુસ્સે થઈ ગયો. 'પાછા જાઓ. કડકાઈ સાથે માંગો, છતાં જો ન મળે, તો છેવટે ભિક્ષુને બાણથી મારી નાંખજો, પણ છત્ર લીધા વિના પાછા નહિ ફરતા.'

સૈનિકો નીકળ્યા, ત્યાં તો રાજાએ બુમ મારીને પાછા બોલાવ્યા. "એક ધ્યાન ખાસ રાખજો. ગુરુને આપણા પગ લાગે, એ મોટું પાપ છે. ભયંકર

આશાતના ગણાય. એટલે જે કંઈપણ બને, પણ એમાં ગુરુને પગ ન લાગે, એનું ખાસ ધ્યાન રાખજો."

સૈનિકો ગયા, રકઝક બાદ ડોકું બાણથી વીંધી નાંખીને છત્ર લઈ આવ્યા. રાજા ખુશ થયો, 'તમે એમને પગ તો અડાડ્યો નથી ને ?' ભીલો કહે 'ના, ના ! અમે બાણથી દૂરથી જ ડોકું વીંધ્યું છે. પગ ન લાગી જાય, એની પૂરી કાળજી કરી છે.'

આ વાર્તા તો પૂરી થઈ.

આમાં એક પ્રશ્ન પૂછું છું તને ! આ ભીલો તને કેવા લાગ્યા !

<u>શિષ્ય :</u> મુરખ ! અજ્ઞાની ! જડ !

<u>ગુરુ :</u> કેમ ?

<u>શિષ્ય :</u> એમને એટલું ભાન નથી કે પગ લગાડવો એ જો આશાતના છે, તો ડોકું વીંધવું એ તો લાખગણી મોટી આશાતના કહેવાય. એ આશાતનાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવાની જરૂર જ નહિ. પણ એ ગાંડિયાઓ પેલો એક ઉપદેશ સાંભળીને એનું પાલન કરે છે. બીજી બાબતો કોઈએ કહી જ નહિ, એટલે એનું પાલન ચુકી જાય છે.

<u>ગુરુ :</u> શિષ્ય ! હવે તું બોલ. તું મુરખ કે હોંશિયાર ?

<u>શિષ્ય :</u> કેમ ? હું તો ડાહ્યો જ છું, સંયમનો ખપી છું...

<u>ગુરુ :</u> ના. તું ય મુરખ છે.

નિર્દોષ ગોચરી વાપરવી જોઈએ, દોષિત ન વાપરવી... આ એક આજ્ઞા તેં સાંભળી, આખી પિંડનિર્યુક્તિ ભણી પણ ગયો. અને એના પાલન માટે તું કટિબદ્ધ થયો.

પણ મેં ઉપર જ ઢગલાબંધ શાસ્ત્રપાઠો બતાવ્યા કે જેમાં ગુરુ + ગચ્છની સાથે રહેવા માટે ખૂબ ખૂબ ભાર આપવામાં આવ્યો છે. ગુરુકુલવાસનો ત્યાગ કરનારાને મિથ્યાત્વી કહ્યા છે, ગુરુ + ગચ્છમાં ન રહેનારાઓ કેટલા બધા દોષોના ભાગીદાર બને છે ? એ પણ દર્શાવ્યું છે.

પણ તને આ વિવેક કરતા નથી આવડતો કે 'દોષિત ગોચરી એ નાનો દોષ ! ગુરુત્યાગ + ગચ્છત્યાગ એ એના કરતા લાખગણો મોટો દોષ !'

જો ભિક્ષુને પગ ન લગાડાય, તો ડોકું વીંધવાનું કામ તો ન જ કરાય. એમ જો ગોચરી દોષિત ન વપરાય, તો ગુરુ-ગચ્છનો ત્યાગ તો ન જ કરાય.

બેમાંથી એક જ કરવાનું આવે તો પગ ના છુટકે કકળતાભાવે લગાડી દેવા પડે, પણ ડોકું ન વીંધાય. એમ અહીં પણ બેમાંથી કંઈપણ એક કરવાનું આવે, તો ના-છુટકે પશ્ચાત્તાપ સાથે એ ગોચરીદોષો સેવી લેવાના. પણ કોઈપણ હિસાબે ગુરુ-ગચ્છનો ત્યાગ તો ન જ કરવો.

શિષ્ય ! આ વિવેક તું કેળવશે, તો સંયમનું સાચું ફળ પામી શકીશ.

આ માટે શ્રી ધર્મરત્નપ્રકરણમાં આ પ્રમાણે ગાથા છે.

**सुद्धुंछाइसु जत्तो, गुरुकुलचागाइणेह विन्नेओ ।**
**सबरससरक्खपिछत्थघायपायाछिवणतुल्लो ॥**

ગાથાનો અર્થ ભાવાર્થ પ્રમાણે જ છે.

– x – x –

<u>શિષ્ય :</u> પિંડનિર્યુક્તિમાં તો છેલ્લે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે 'पिंडं असोहंतो अचरित्ती नत्थि संदेहो' જે ગોચરીના દોષો દૂર ન કરે, તે અચારિત્રી છે. એમાં બિલકુલ સંદેહ ન રાખવો. अचरितस्स य सव्वा दीक्खा निरत्थिया અને અચારિત્રીની તો આખી દીક્ષા જ નિરર્થક જાય.

હવે આમાં તો કેટલું ચોક્ખું લખી દીધું છે કે જે દોષિતગોચરી વાપરે, એ સાધુ જ મટી ગયો...

બોલો, હવે મારે શું કરવું ? આ શાસ્ત્રવચન મારે માન્ય નહિ રાખવાનું ?

<u>ગુરુ :</u> ભાગ્યશાળી ! શાસ્ત્રવચન કઈ અપેક્ષાએ લખાયેલા છે, એ અનેકાન્તવાદમય આ જિનશાસનમાં સારી રીતે સમજવું પડે. એમને એમ સીધે સીધા અર્થ પકડીને બેસી ન રહેવાય. અને જો સીધા શાસ્ત્રવચન જ પકડવા હોય, તો તો તેં જે શાસ્ત્રપાઠ આપ્યો, એ પ્રમાણે દોષિત વાપરવાથી તું અસાધુ બની જઈશ. પણ મેં તને જે શાસ્ત્રપાઠ પૂર્વે બતાવ્યો, એ પ્રમાણે તો ગુરુ-ગચ્છનો ત્યાગ કરવાથી તું મિથ્યાત્વી જ બનીશ.

બોલ, અસાધુ બનવું વધુ ખરાબ ?

કે મિથ્યાત્વી બનવું વધુ ખરાબ ?

વળી મિથ્યાત્વી એ સાધુતા ય ગુમાવે જ છે. એટલે શાસ્ત્રવચન પ્રમાણે તો તને જ મોટો વાંધો આવશે.

હકીકત એ છે કે તેં બતાવેલું વચન નિષ્ઠુરતાપૂર્વક ગોચરીદોષ સેવનારા માટે કે પ્રમાદથી પણ ઢગલાબંધ વાર ગોચરી દોષ સેવનારા માટે છે.

બાકી જે કંઈક ડંખ સાથે ગોચરી દોષ સેવે, તેના માટે એ ઉત્તરગુણનો દોષ છે, એનાથી ચારિત્ર મલિન ભલે થાય, પણ ચારિત્ર ખતમ ન થાય.

પ્રસ્તુતમાં શું બને છે ? એ હવે જોઈએ.

ગાથા : ગુરુકુલવાસે જ્ઞાનાદિક ગુણ વાચંયમને વાધે રે,
તો આહાર તણો પણ દૂષણ ખપ કરતા નહિ બાધે રે...
શ્રી જિન... ॥૧૪॥

ગાથાર્થ : જો વાચંયમને = વાણીના સંયમવાળાને = મુનિને ગુરુકુલવાસમાં રહેવાથી જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ થતી હોય, તો ત્યાં આહારના દુષણો સેવે, તો પણ એને સંયમમાં હાનિ ન થાય.

ભાવાર્થ : આડેધડ ગોળીબાર કરતા આતંકવાદીઓથી પ્રજાને બચાવવા માટે પોલીસો એ આતંકવાદીઓને ત્યાં ને ત્યાં મારી નાંખે, તો અહીં ઘણા નિર્દોષ માણસોને બચાવવા કેટલાકોને મારી નાંખવા પડ્યા, પણ આવું કરનાર પોલીસ પ્રશંસાપાત્ર જ બને છે.

એમ ગચ્છવાસમાં રહેવાથી અઢળક લાભ થતો હોય, તો એને માટે દોષિત ગોચરી નામનો નાનકડો દોષ સેવી લેનારો સાધુ તદ્દન નિર્દોષ જ ગણાય.

એ ગોચરીના દોષો સેવે છે, પણ કારણસર સેવે છે, અને જયણાપૂર્વક સેવે છે... આ બે વસ્તુઓ એના માટે સૌથી અગત્યની છે, એ એના ચારિત્રની રક્ષા કરે જ કરે.

ધારો કે એમાં આસક્તિ વગેરે દોષો ઉભા થાય, તો પણ એમાં ચારિત્રને સામાન્ય નુકસાન પહોંચે, એની સામે ગુરુ + ગચ્છનો ત્યાગ કરવાનું નુકસાન તો ઘણું જ મોટું ! એટલે એ દોષો લાગે, તો ય નાના દોષોનો સ્વીકાર કરી લેવામાં જ ડહાપણ છે.

બીજી વાત -

સંયમી મોટા ભાગે સ્વાધ્યાય - ધ્યાનમાં લીન હોય, એટલે જ ઘણીવાર એવું બને કે દ્રવ્યાનુયોગ સંબંધી ગહન પદાર્થોમાં એ ઉંડો ઉંડો ઉતરતો હોય, એ વખતે અપૂર્વ મસ્તી ચડી હોય, ત્યારે ગોચરી જવાનો સમય થાય, મુનિ ગોચરી જાય ખરો, પરંતુ પેલો મસ્તીનો આનંદ એકદમ ઉભરાતો હોય... આવા વખતે એ મુનિ એમ વિચારે કે "જો નિર્દોષ માટે વધારે ઘર ફરીશ, તો અત્યારે જે ચિંતનની મસ્તી ચડી છે, એ ઓસરી જશે. વધુ સમય પસાર થાય, એટલે ગરમ

થયેલું પાણી ઠંડુ પડે, એમ આ ગરમ થયેલો આત્મા પણ ઠંડો પડી જાય..."

અને એટલે એ મુનિ એ ઘરમાંથી સ્થાપનાદિ દોષવાળું વહોરી લે, પશ્ચાત્કર્મ થાય એ રીતે વધુ વહોરી લે... ઉપાશ્રયે આવી કાં તો જલ્દી ગોચરી વાપરીને પાછી પેલી ધારામાં જોડાય, અથવા તો પછી ગોચરી મૂકી, વાપરવાનું બાજુ પર રાખી પહેલા પેલી મસ્તીધારાને પકડી લે.

આ જ્ઞાન-ધ્યાનની એકાગ્રતા એટલો બધો પ્રચંડ કોટિનો કર્મક્ષય કરી આપે કે એની સામે પેલા ગોચરી દોષો એને માટે એકદમ ગૌણ બની જાય.

આ જ કારણસર શ્રીસુયગડાંગસૂત્રમાં લખેલું છે કે

अहाकम्माणि भुंजंति अन्नमन्ने... આધાકર્મી વાપરનાર સાધુ કર્મથી બંધાય જ, એવો નિયમ નથી. બંધાય પણ ખરો, અને ન પણ બંધાય.

આ 'કર્મથી ન પણ બંધાય' એ વિકલ્પ, ઉપર બતાવેલી પરિસ્થિતિને માટે પણ સમજી જ લેવાનો છે.

એ જ સૂયગડાંગમાં ૨૧માં અધ્યયનમાં આ પ્રમાણે ગાથા છે.

**गुरुकुलवासवसंता मुणीणो वड्ढंति नाणपमुहेहिं ।**

**जइ एसणाइदोसस्स लवमपि मन्निज्जए सुगुणं ॥**

ગુરુકુલવાસમાં રહેતા સાધુઓ જ્ઞાનાદિ ગુણો વડે જો વૃદ્ધિ પામતા હોય, તો તેઓ એષણાદિદોષના લેશને પણ સારો = ગુણકારી માને છે.

એ જ રીતે ગચ્છમાં ગુરુ-ગ્લાન-બાલ-વૃદ્ધાદિ માટે દોષિત ગોચરી લાવવા વગેરે રૂપી દોષો એણે સેવવા પડે, તો પણ એમાં દોષ નથી. કારણ કે એ માટે પણ શાસ્ત્રપાઠ આ પ્રમાણે છે કે

**"संथरणंमि असुद्धं दुण्हंवि गिण्हंतदिंतयाणऽहियं ।**

**आउरदिट्ठंतेण तं चेव हियं असंथरणे ।"**

જો વિશેષ કારણ ન હોય, તો દોષિત લેનાર અને આપનાર બંનેનું અહિત થાય. જો વિશેષ કારણ હોય, તો એ જ વસ્તુ લેનાર અને આપનાર બંનેનું હિત થાય.

એ ઉપરાંત ઓઘનિર્યુક્તિમાં પણ કહ્યું છે કે

**जा जयमाणस्स भवे विराहणा । सुत्तविहिसमग्गस्स,**

**सा होइ निज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ।**

શાસ્ત્રીયવિધિથી સંપૂર્ણ તથા અધ્યાત્મની વિશુદ્ધિવાળા, જયણાનું પાલન

કરનારા સાધુને જે વિરાધના થાય, તે નિર્જરા આપનારી બને.

એટલે કે ગીતાર્થ કે ગીતાર્થનિશ્રિત સાધુ પુષ્ટકારણસર જયણાપૂર્વક દોષ સેવે, તો એને કર્મનિર્જરાની પ્રાપ્તિ થાય.

આમ અનેક શાસ્ત્રપાઠોથી એ સિદ્ધ થાય છે કે ગુરુ સાથે + ગચ્છમાં રહેવામાં જો જ્ઞાનાદિ ગુણો વધતા હોય, તો ગોચરીદોષ જેવી ક્ષુલ્લક બાબતો માટે ઉંચાનીચા બિલકુલ થવું નહિ.

<u>શિષ્ય :</u> આમાં <u>જો-તો</u> ની ભાષા છે, એટલે એનો અર્થ એવો થયો ને ? કે...

<u>ગુરુ :</u> એનો અર્થ એવો થયો કે જો ગુરુ-ગચ્છ પાસે જ્ઞાનાદિ ગુણો ન વધે, પૂર્વે બતાવેલા ફાયદાઓ ન થતા હોય, તો એ ગુરુ-ગચ્છમાં ન રહેવાય.

<u>શિષ્ય :</u> તો તો પછી સ્વતંત્ર વિચરી શકાય ને ?

<u>ગુરુ :</u> તને સ્વતંત્રતાની ભૂખ ખૂબ લાગે છે, કેમ ? તારો ગુરુ-ગચ્છ એવો નીકળ્યો, પણ શું આખા ભારતના બધા જ ગુરુ-ગચ્છ એવા થઈ ગયા છે કે જેમાં જ્ઞાનાદિની વૃદ્ધિ મરી પરવારી છે ? આ કેવી વાહિયાત વાત ! રત્નત્રયની વૃદ્ધિ કરાવનાર યોગ્ય ગચ્છને સ્વીકારીને એમની નિશ્રામાં રહેવું. હા ! એમ કરતા તું ગીતાર્થ બની જાય, પછી તને સ્વતંત્ર વિહાર કરવાની ઈચ્છા થાય તો એની હજી કદાચ હા પાડી શકાય, બાકી તો...

— x — x —

<u>શિષ્ય :</u> આપે લગભગ દરેક વખતે ગુરુ અને ગચ્છ... એમ બંનેનો ઉલ્લેખ કર્યો છે. તો શું બંનેનું મહત્ત્વ છે ? કે બેમાંથી એકાદ હોય તો પણ ચાલે ?

<u>ગાથા :</u> <u>ધર્મરતન ઉપદેશપદાદિક, જાણી ગુરુ આદરવો રે,</u>
<u>ગચ્છ કહ્યો તેહનો પરિવારો, તે પણ નિત અનુસરવો રે...</u>
<u>શ્રી જિન... ॥૧૫॥</u>

<u>ગાથાર્થ :</u> ધર્મરત્નપ્રકરણ, ઉપદેશપદ વગેરે ગ્રન્થો જોઈને-જાણીને ગુરુનો આદર કરવો. એમનો પરિવાર એ ગચ્છ કહેવાય. તેને પણ કાયમ અનુસરવું.

<u>ભાવાર્થ :</u> ધર્મરત્નપ્રકરણ, ઉપદેશપદ વગેરે ગ્રન્થોમાં ગુરુકુલવાસના અધિકારમાં ગુરુનો અપરંપાર મહિમા દર્શાવેલો છે, એ વાંચો, પદાર્થો જાણો અને એને આધારે ગુરુનો આદર કરો, ભક્તિ-બહુમાન કરો.

આવા ગુરુનો જે શિષ્ય-પ્રશિષ્ય-નિશ્રાવર્તી વગેરે રૂપ પરિવાર એ જ ગચ્છ

કહેવાય. એકલા ગુરુથી કામ નહિ ચાલે, આ ગચ્છને પણ અનુસરવું પડશે, કાયમ એ ગચ્છમાં રહેવું પડશે.

શાસ્ત્રમાં કહ્યું છે કે

'गुरुगुणजुत्तो गच्छो, गच्छो संविग्गसाहुसमवाओ ।

मुक्खमग्गत्थिणा सो य, अणुसरियव्वो पयत्तेण ।'

ગચ્છ મહાનગુણોવાળો હોય. સંવિગ્ન સાધુઓનો સમુદાય એ જ ગચ્છ ! મોક્ષમાર્ગ જેણે મેળવવો છે, એણે પ્રયત્નપૂર્વક ગચ્છનો સ્વીકાર કરવો.

સાસરે જતી છોકરી પતિ અને પતિના પરિવાર બંનેને અનુસરે છે. પતિ મુખ્ય છે, પણ પરિવાર સાથે ઘણો સમય રહેવાનું હોવાથી એની ગૌણતા કરી શકાય નહિ.

દર્દીએ મુખ્ય ડોક્ટરની સાથે સાથે એના આસીસ્ટન્ટ ડૉક્ટર, નર્સ વગેરેને પણ અનુસરવું પડે.

<u>ગાથા :</u> <u>સારણ-વારણ પ્રમુખ લહીને, મુક્તિ મારગ આરાધે રે,</u>
<u>સુભવીરય તિહાં સુવિહિત કિરિયા, દેખાદેખે વાધે રે.</u>
<u>શ્રી જિન... ॥૧૬॥</u>

<u>ગાથાર્થ :</u> (ગચ્છમાં) સારણા, વારણા વગેરે પામીને મોક્ષના માર્ગની આરાધના કરે, શુભવીર્ય વધે, તથા દેખાદેખીએ સુવિહિતસાધુઓની ક્રિયા વધે.

<u>ભાવાર્થ :</u> સારા ગચ્છમાં ચાર વસ્તુઓ વારંવાર ચાલ્યા જ કરતી હોય.

(૧) સારણા, (૨) વારણા, (૩) ચોયણા, (૪) પડિચોયણા.

→ જે કાર્યો કરવાના ભુલાઈ જાય, એનું સ્મરણ કરાવવામાં આવે એ <u>સારણા ! દા.ત.</u> આજે ગાથા ગોખી ? આજે સત્તરસંડાસાપૂર્વક ખમાસમણા આપ્યા ? આજે વડીલોનું પડિલેહણ કરેલું ? પેલા ગ્લાન સાધુની શાતા પુછવા ગયેલા ? મહેમાન સાધુઓને બધાને વંદનાદિ કરેલું ?

→ જે કાર્યો કરવામાં ભૂલ થાય, પ્રમાદ થાય તેનો નિષેધ કરવામાં આવે એ <u>વારણા ! દા.ત.</u> કેમ બેઠા બેઠા પ્રતિક્રમણ કરો છો ? આવું ન ચાલે. કેમ રાત્રે અંધારામાં મોડેથી વંદન કરો છો ? કેમ આજે એકાસણાને બદલે નવકારશીમાં ઉતરી ગયા ?

→ વારણા કરવા છતાં પ્રમાદવશ પુનઃ દોષ સેવાય, તો જરાક કડકાઈ સાથે ઠપકો આપવો. એ <u>ચોયણા !</u>

→ આમ છતાં પ્રમાદ દૂર ન થાય, તો હજી વધુ કડકાઈ કરવી એ પડિચોયણા !

ગચ્છમાં સાધુઓ ઘણા હોય, એટલે આપણે ખાનગી તો કશું કરી શકીએ નહિ, એટલે આપણી ભૂલ તરત જ કોઈકને તો દેખાવાની જ, અને બધા સંયમખપી હોય, પરસ્પરનું હિત કરવાની સાચી ભાવનાવાળા હોય, એટલે તેઓ તો તરત જ કહેવાના કે 'આમ ન કરાય, આ ખોટું કરો છો...' વગેરે. એમ સારી સારી બાબતોની પ્રેરણા પણ કરવાના જ.

વળી આપણે ય કંઈ બિનખાનદાન માણસો નથી, એટલે ભલે પ્રમાદ થઈ જતો હોય, પણ કોઈક કહે તો પાછા હટવાની તૈયારી પણ થઈ જાય. પશ્ચાત્તાપ પણ જાગી જાય,... અને પાછા સાચા માર્ગે ચાલવા લાગીએ.

જો એકલા-બેકલા-ત્રેકલા હોઈએ, તો કોણ કોને કહે ? એની અસર કેટલી થાય ? ઉલટો પરસ્પર સંક્લેશભાવ વધે...

એટલે આ વાત એકદમ સાચી છે કે ગચ્છમાં રહેવાથી સતત સારણાદિ મળતા રહે, એનાથી મોક્ષમાર્ગની આરાધના પણ ચાલુ રહે.

વિશાળગચ્છમાં તપસ્વીઓ ઘોર તપ કરે, એ જોઈને ઘણાઓને ઉલ્લાસ જાગે અને તેઓ પણ તપ કરવા લાગી પડે. સ્વાધ્યાયીઓના સ્વાધ્યાય જોઈને ઘણાઓ ઉલ્લાસભેર સ્વાધ્યાયમાં જોડાઈ જાય. પ્રતિક્રમણાદિમાં આસન રાખ્યા વિના ઉભા-ઉભા અપ્રમત્તપણે ક્રિયા કરનારાઓને જોઈને બેઠા બેઠા કરનારાઓ ઓઘાનો ઉપયોગ કરતા થઈ જાય... ત્યાગીઓને જોઈને ત્યાગી બને, વૈયાવચ્ચીઓને જોઈને વૈયાવચ્ચી બને... નિયમ આ પ્રમાણે છે જ કે <u>સંગ તેવો રંગ</u> જેને જેવો સંગ ! તેને તેવો રંગ લાગવાનો જ.

<u>શિષ્ય :</u> આવી રીતે પ્રાપ્ત થયેલા આચારોની કોઈ કિંમત ખરી ? આ તો દેખાદેખીથી પ્રાપ્ત થયેલા આચાર છે. સ્ફટિકમાં જેમ લાલ કપડાના કારણે લાલાશ આવે, પણ એ લાલાશ કપડું દૂર થતાં જ નીકળી જાય, એવું અહીં બનશે. એ દેખાદેખી દૂર થઈ, એટલે પેલા બધા સુંદર આચારો ભાગી જવાના...

<u>ગુરુ :</u> ના. અહીં સ્ફટિકમાં આવતી લાલાશનું દૃષ્ટાન્ત ત્યારે જ ગણવાનું કે જ્યારે એ સાધુઓ શરમના કારણે કે બળજબરીના કારણે આચારપાલન તરફ વળ્યા હોય.

પણ જો પોતાનો જ એવો ઉલ્લાસ વધે, અને તેઓ શિથિલતા ોડીને,

નબળાઈ તોડીને આચારપાલક બને. તો ત્યાં સરબતનું દૃષ્ટાન્ત લગાડી દેવું.

પાણીમાં ખાંડની મીઠાશ નથી. પણ ખાંડ + લીંબુ નાંખ્યા બાદ એ પાણી સરબત બની જાય છે, એનો આખો સ્વાદ જ વિશિષ્ટ કોટિનો બની જાય છે. હવે આ સ્વાદ એ પાણીમાંથી કોઈ કાઢી શકતું નથી. કેમકે ખાંડ + લીંબુ બંને પાણીમાં સંપૂર્ણપણે એકમેક બની ચુકેલા છે.

શ્રી પંચવસ્તુકગ્રન્થમાં આ માટેનો શાસ્ત્રપાઠ આ પ્રમાણે છે.

**गुरुपरिवारो गच्छो तत्थ वसंताण निज्जरा विउला ।**

**विणयाउ तहा सारणमाईहि न दोसपडिवत्ति ।**

ગુરુનો પરિવાર એ ગચ્છ છે. તેમાં રહેનારાઓને પુષ્કળ નિર્જરા મળે. વિનયનું સેવન કરવા મળે. સતત સારણા, વારણાદિ થવાના કારણે કોઈપણ પ્રકારના દોષો ન લાગે, (લાગે તો ટકે નહિ.)

– x – x –

<u>શિષ્ય :</u> જો શાસ્ત્રોમાં આટલા બધા ફાયદાઓ બતાવ્યા છે, તો શા માટે ઘણા સંયમીઓ ગુરુને અને ગચ્છને છોડીને છુટા વિચરતા હશે ? શું એમણે આ શાસ્ત્રો વાંચ્યા નહિ હોય ? શું વડીલોએ એમને એ પાઠો બતાવ્યા નહિ હોય ? શું એ સંયમીઓ એટલા નિષ્ઠુર હશે કે આ બધા પાઠ પણ ન માને ? અરે, શાસ્ત્રપાઠોની વાત બાજુ પર રાખો, એમને પોતાના જીવનમાં જ એવા પ્રકારના અનુભવ તો થાય ને ? કે આ ગુર્વાદિ સાથે રહેવાથી મને ઘણા લાભો થાય છે, અને છુટા પડવાથી લાભો નથી થતા... તો આવો અનુભવ થવા છતાં પણ શું તેઓ પોતાનું હિત જોખમાય એવી પ્રવૃત્તિ કરે ? શા માટે આવું કરે ?

<u>ગાથા : જલધિ તણો સંક્ષોભ અસહતા, જેમ નીકળતા મીનો રે,</u>
<u>ગચ્છ સારણાદિક અણસહતા, તિમ મુનિ દુઃખિયા દીનો રે.</u>
<u>શ્રી જિન... ॥૧૭॥</u>

<u>ગાથાર્થ :</u> જેમ સમુદ્રના ક્ષોભને સહન ન કરી શકનારા માછલાઓ સમુદ્ર છોડીને જતા રહે, એમ ગચ્છના સારણા, વારણાદિને સહન ન કરી શકનારા, દુઃખી દીન મુનિઓ પણ ગચ્છ છોડીને જતા રહે.

<u>ભાવાર્થ :</u> બાળકો કે મોટાઓ... કેટલાકો એવા દુઃખભીરુ હોય કે કડવી દવા લેવા કે ઈંજેક્શન લેવા તૈયાર જ ન થાય. તેઓ સમજતા પણ હોય કે આનો ફાયદો ઘણો મોટો છે, છતાં પણ પેલો દુઃખનો ડર એમને કડવી દવા-ઈંજેક્શન

લેવા ન દે.

માછલાઓ પાણી વિના જીવી ન શકે, અને એવો અનુભવ માછલાઓ ખુદ કરે જ છે. પણ સમુદ્રમાં ધસમસતી ભરતી આવે, પાણી હિલોળા લેતું હોય, એમાં માછલાઓએ વારંવાર આમથી તેમ ફંગોળાયા કરવું પડે... એમાં છેવટે તેઓ થાકે, અને એ દર્દ જયારે હદ વટાવે, ત્યારે લાંબી વિચારણા વિનાનો એક નિર્ણય લઈ બેસે, 'સમુદ્ર છોડીને જતા રહેવાનો...' અને એવું પગલું ભરી પણ બેસે, પણ એનું ફળ શું ?

સમુદ્રમાં તો સહેજ ખળભળાટ જ સહન કરવાનો હતો, જયારે અહીં તો સીધું મોત જ આવે.

કેટલાક સાધુઓ સ્વભાવથી જ અસહિષ્ણુ ! જરાક પણ કોઈક કાંઈક કહે, એટલે ખોટું લાગી જાય, મોઢું ચડી જાય, ઊંચા-નીચા થઈ જાય. અબોલા લઈ લે...

હવે ગચ્છના સાધુઓ તો દરેક વખતે એને ટોક-ટોક તો કરવાના, ભૂલ થાય એટલે ટોકવું, યાદ કરાવવું, ભૂલ દૂર કરાવવી એ તો સંયમીનો આચાર છે. એ આચાર બધા પાળવાના જ, પણ આવા અસહિષ્ણુ સાધુઓને એ ભારે પડે.

ગચ્છમાં સાથે રહેવામાં આવે તો કેટલીક બાબતો સહન કરવાની આવે જ.

→ ઉપાશ્રય નાનો, સંયમીઓ ઘણા... પવન વિનાની જગ્યાએ બેસવું-ઉંઘવું પડે.

→ ગોચરીમાં અનુકૂળ વસ્તુઓ આવે, તો ય વડીલો-ગ્લાન-બાલાદિમાં વહેંચાઈ જવાથી બીજા બધાને ન મળે, મળે તો ય પ્રમાણ ઓછું મળે.

→ સ્વતંત્રતા છિનવાઈ જાય.

→ દરેક વિષયમાં કોઈ ને કોઈ પ્રતિસ્પર્ધી હાજર જ હોય, એટલે સંયમી, તપસ્વી, જ્ઞાની, વૈયાવચ્ચી તરીકેની ખ્યાતિ એકલા જ લુંટવાની ન મળે.

→ શિષ્યો, પ્રવચનો, ભક્તો... આ બધાયમાં ભાગલા પડે.

આવા તો અનેક સંક્ષોભ ગચ્છમાં થાય.

એટલે જ અસહિષ્ણુ સાધુઓ કંટાળે, દુ:ખી બને, દીન બને... વારંવાર આવું બને એટલે એકપળ એવી આવે કે જેમાં તેઓ મનથી નિર્ણય કરી બેસે કે આપણે હવે આ ગચ્છમાં રહેવું નથી.

એનો અમલ કરવામાં વાર લાગે, પણ એ માટેના બધા જ પ્રયત્નો તો શરુ

થઈ જ જાય.

હવે ગુરુ એના નિર્ણયને ખોટો સાબિત કરનારા શાસ્ત્રપાઠો આપે, સ્વયં વાંચે, થોડોક અનુભવ પણ પોતે કરે, છતાં મોહનીયના ઉદયનું જોર એટલું બધું વધી જાય, કે એ પોતાના આ ખોટા નિર્ણયમાંથી ચલિત ન થાય. "બસ, મારે ગચ્છમાં રહેવું નથી. અહીં સેક્રેટરીઓનું રાજ છે. બધા ગુરુને નચાવે છે, એમાં અમારા જેવાઓને જ ઘસાઈ જવું પડે છે. આવું શા માટે અમે ચલાવી લઈએ ? અમે શું નોકર છીએ, ગુલામ છીએ ?" આવા આવા વિચારો કરી બેસે, અને ખરેખર તો તેઓ મોહરાજના જ નોકર-ગુલામ બની બેસે... આ છે એમનો ઈતિહાસ !

આજે નવી પેઢીમાં એ જ હાલત છે ને ? સંયુક્ત કુટુંબ કેમ તૂટી ગયા ? બધા જ જાણે છે કે સંયુક્ત પરિવારમાં ઓછો ખર્ચો, પરસ્પર સાજે-માંદે સહાય મળી રહેવી... વગેરે અનેક લાભો છે. પણ માત્ર પરસ્પરના થોડાક સ્વભાવભેદને તેઓ સહન ન કરી શકે, અને એનું ફળ વિભક્ત પરિવારો ! એના પછી હજારો નુકસાનો ભોગવે, તો પણ એમની આંખ ન ઉઘડે, તે ન જ ઉઘડે.

આ સંયમીઓ નાનકડા ફાયદાઓ માટે ચારિત્રના મોતની સજા સ્વીકારે છે.

– x – x –

<u>શિષ્ય :</u> સ્વચ્છંદ થવામાં જો કોઈ ફાયદો હોય જ નહિ, તો પેલા મુગ્ધ સંયમીઓને પણ એ શી રીતે દેખાય ? એમ ગુરુકુલવાસમાં પુષ્કળ લાભ હોવા છતાં એ ન દેખાય એ શી રીતે બને ?

<u>ગાથા : કાક નર્મદાતટ જિમ મૂકી, મૃગતૃષ્ણાજલ જાતા રે,</u>
<u>દુ:ખ પામ્યા તિમ ગચ્છ ત્યજીને, આપમતિ મુનિ થાતા રે.</u>
<u>શ્રી જિન... ॥૧૮॥</u>

<u>ગાથાર્થ :</u> કાગડાઓ નર્મદાનો કિનારો છોડીને મૃગતૃષ્ણાના પાણી પીવા માટે જતાં દુ:ખી થાય. એમ ગચ્છનો ત્યાગ કરીને સ્વચ્છંદમતિવાળા બનતા સાધુઓ દુ:ખ પામે છે.

<u>ભાવાર્થ :</u> ધસમસતા પાણીના પ્રવાહથી ભરચક નર્મદા નદી ! એના કિનારે રહેનારા કાગડાઓને વળી પાણીની શી કમીના ? છતાં આશ્ચર્ય તો જુઓ, તેઓને નર્મદાના પાણી મીઠાં નથી લાગતા, તેઓ તો દૂર રેતીમાં પડતા સૂર્યના કિરણોથી 'ત્યાં પાણી છે' એવું માની લઈને તે પીવા માટે દોડી જાય છે.

પણ એ તો ભાઈ ઝાંઝવાના જળ ! જ્યાં ચાંચ મારે, ત્યાં માત્ર રેતી જ

મોઢામાં આવે, એ કાગડાઓ ઉંચી નજર કરે, આગળ જુએ, દૂરની રેતીમાં ફરી પાણીનો ભ્રમ ! ફરી દોડે આગળ ! ફરી થાપ ખાય... એ બિચારાઓને એટલી સમજણ પણ ન આવે કે "ચાલો, વળીએ પાછા ! જયાંથી નીકળ્યા, ત્યાં જ આપણું કલ્યાણ છે..."

તરસ વધતી જાય, થાક વધતો જાય, જીવ ગળા સુધી આવી જાય, અને છેવટે તરફડી તરફડીને એ જ જલાભાસ કરાવનાર રેતીમાં મરી જાય.

સુંદર મુનિઓનું વૃંદ એ ઠંડા-મીઠા પાણીથી ભરેલી નર્મદા નદી !

દુર્ભાગી, દીર્ઘસંસારી, દુર્ભવી, મિથ્યાત્વી સાધુઓ એટલે પેલા કાગડા !

એમને આવો ગચ્છ પણ વહાલો ન લાગે. એમને તો ગચ્છથી વિખૂટા પડીને મળનારા લાભોમાં જ પાણીના દર્શન થાય. 'મારું વર્ચસ્વ ! મારા શિષ્યો ! મારા ભક્તો ! મનગમતી ગોચરી ! મનગમતા મધુરા પરિચયો ! મનગમતો સહવાસ ! મનગમતી વાતચીતો !'

આ બધી છે રેતી ! પણ એ બિચારાઓને એમાં જ પરમાનંદના દર્શન થાય છે. અને એ પાણી જોઈને ગચ્છને ત્યાગીને એ રેતીઓમાં ચાંચ મારે છે.

પણ અફસોસ ! બિચારાઓને એમાં આનંદ નથી મળતો.

શિષ્યો થાય, તો ય પરસ્પર સંક્લેશોની આગ !

ભક્તોને સાચવવાની, વધારવાની સતત ચિંતાની આગ !

ભક્તાણીઓના મધુરા પરિચયોમાં પણ નિંદા-ટીકા-અપયશના ભયની આગ !

બેફામ ગોચરી વાપરવામાં રોગોના ભયની આગ !

આવી તો ઢગલાબંધ આગમાં એમનું આનંદ-પાણી સુકાઈ જાય, ન મળે એમને શાંતિ-મસ્તી !

પણ છતાં આ તો ભાઈ કાગડા ! એને બુદ્ધિ આવે, તો એ કાગડા કહેવાય શી રીતે ? એટલે એ તો હજી આગળ ને આગળ એ જ સ્વચ્છંદતા - મોજશોખ - ઋદ્ધિ-રસ-શાતા ગારવની પાછળ દોડતા જ જાય, અને દરેક જગ્યાએ પાણી ન મળવાથી વધુને વધુ તરસ્યા બનતા જાય, વધુ ને વધુ થાકતા જાય, વધુ ને વધુ આગળ દોડતા જાય.

ન માને આ સ્વચ્છંદમતિવાળાઓ કોઈની પણ વાત !

ન સાંભળે તેઓ કોઈની પણ પાસે હિતશિક્ષા !

અંતે, દુઃખી થાય, બધી જ રીતે દુઃખી થાય.

આ લોક બગડે, સંકલેશથી, રોગોથી, અપયશાદિથી !
પરલોક બગડે, આજ્ઞાભંગના મહાપાપથી !
પરમલોક બગડે, અનંતકાળ ભમાવનારા ગાઢ કુસંસ્કારો પાડી દેવાથી !

— x — x —

શિષ્ય : આપ મને અંતિમ નિત્કર્ષ આપી દો કે મારે શું કરવું ?

ગુરુ : પાલિ વિના જેમ પાણી ન રહે, જીવ વિના જિમ કાયા રે,
ગીતારથ વિણ તેમ મુનિ ન રહે, જૂઠ કષ્ટની માયા રે.
શ્રી જિન... ॥૧૯॥

ગાથાર્થ : પાળ વિના પાણી ન રહી શકે, જીવ વિના કાયા ન ટકી શકે, એમ ગીતાર્થગુરુ વિના મુનિ ન રહે... એના કષ્ટો માયા છે, માટે જ જૂઠ છે.

ભાવાર્થ : તળાવની પાળ તૂટી, એટલે બધું જ પાણી વહી જાય.

જીવ નીકળી ગયો, એટલે સોહામણી કાયા પણ ફૂલી જાય, ગંધ મારે, નંદવાઈ જાય.

ગીતાર્થગુરુ સાથે ન હોય, તો મુનિ રહી ન શકે = ટકી ન શકે = મુનિત્વ ખતમ જ થાય.

શિષ્ય : પણ એ મુનિ જુદો રહીને ઘોર તપ વગેરે કરે તો ?

ગુરુ : એ બધો માત્ર લોકોને ખેંચવા માટેનો પ્રપંચ જ સમજવો, એમાં એના સંયમપરિણામ નહિ, પણ એનું કપટ જ નાચ કરે છે. માટે જ એ બધું જૂઠ જાણવું.

એ તપ તપ જ નથી, જ્યાં ગીતાર્થની સંમતિ નથી.
એ જપ જપ જ નથી, જેમાં ગીતાર્થની સંમતિ નથી.
એ સ્વાધ્યાય સ્વાધ્યાય જ નથી, જેમાં ગીતાર્થની સંમતિ નથી.

— x — x —

ગાથા : અંધ પ્રતે જેમ નિર્મલ લોચન, મારગમાં લેઈ જાય રે,
તેમ ગીતારથ મુરખ મુનિને, દૃઢ આલંબન થાય રે.
શ્રી જિન... ॥૨૦॥

ગાથાર્થ : નિર્મળ આંખોવાળો માણસ અંધને માર્ગમાં લઈ જાય, એમ ગીતાર્થ ગુરુ મુર્ખ મુનિને દૃઢ આલંબન બને.

ભાવાર્થ : આંધળો જોઈ શકતો નથી, એટલે રસ્તા પર આગળ વધવું શક્ય નથી. કાંટા વાગવાનો, ખાડામાં પડી જવાનો, રસ્તો ભુલાઈ જવાનો, ભટકાઈ

જવાનો ભય રહે.

પણ સારી આંખોવાળો માણસ એનો સહાયક બને, અને પેલો પણ એની સહાય લેવા માટે તૈયારી બતાવે, તો સહાયકના સહારે આંધળો પણ સુખે સુખે આખો માર્ગ વટાવીને ઈષ્ટ સ્થાને પહોંચે ને ?

એમ જે અજ્ઞાની છે, મુગ્ધ છે. એને સ્વયં તો કશું જ ખબર નથી. એ જો પોતાની રીતે સંયમ પાળવા જાય, તો નક્કી ખાડામાં પડે, એટલે કે સંયમ ગુમાવે... એ નિશ્ચિત હકીકત છે.

પણ જો કોઈ ગીતાર્થની નિશ્રા સ્વીકારી લે, તો ગીતાર્થ નામના આ દોરડાને પકડી લઈને એ મુરખ (મુગ્ધ-અજ્ઞાની) સાધુ પણ ભવકુવામાંથી બહાર નીકળી જાય.

– x – x –

<u>ગાથા :</u> <u>સમભાષી ગીતારથ નાણી, આગમમાંહે લહિયે રે...</u>
<u>આતમઅરથી શુભમતિ સજ્જન, કહો તે વિણ કેમ રહિયે રે.</u>
<u>શ્રી જિન... ॥૨૧॥</u>

<u>ગાથાર્થ :</u> આગમમાં ગુરુ સમભાષી, ગીતાર્થ, જ્ઞાની, આત્માર્થી, શુભમતિ, સજ્જન તરીકે વર્ણવાયેલા દેખાય છે. બોલો, એમના વિના આપણાથી શી રીતે રહેવાય ?

<u>ભાવાર્થ :</u> આગમમાં ગુરુ માટે નીચે પ્રમાણે વિશેષણો જોવા મળે છે.

(૧) અનેકાન્તવાદની પ્રરૂપણા કરનારા હોય.

(૨) ગરીબ કે શ્રીમંત, ભેદભાવ રાખ્યા વિના બધાને એક સરખા વાત્સલ્યથી દેશના આપનારા હોય.

(૩) છેદગ્રન્થોના જ્ઞાતા બનીને ગીતાર્થ બન્યા હોય.

(૪) સમ્યગ્જ્ઞાનના સ્વામી હોય. અર્થાત્ મેળવેલા જ્ઞાનને પરિણમાવી ચુક્યા હોય.

(૫) આત્મકલ્યાણ કરવા માટે સખત ઉત્સાહવાળા હોય.

(૬) કોઈપણ પ્રકારના કદાગ્રહ, કુમતિ વગેરેથી વિમુક્ત હોય.

(૭) ભવ્યજીવોને સુંદર મઝાની યોગ્ય શિખામણો આપનારા હોય.

ઓ મુનિઓ ! બોલો, આવા ગુરુને છોડીને તમે સ્વતંત્ર-સ્વચ્છંદ બનીને વિચરો, એ શી રીતે યોગ્ય ગણાય ?

ગાથા : લોચન આલંબન જિનશાસન, ગીતારથ છે મેઢી રે,
તે વિણ મુનિ ચડતી સંયમની, આરોહે કેમ સેઢી રે.
શ્રી જિન... ॥૨૨॥

ગાથાર્થ : જિનશાસનમાં ગીતાર્થ ગુરુ (૧) લોચન (૨) આલંબન (૩) મેઢી છે. આવા ગુરુ વિના મુનિ શી રીતે સંયમની શ્રેણી ઉપર ચડી શકે ? આગળ વધી શકે ?

ભાવાર્થ : (૧) ગુરુ અજ્ઞાની શિષ્યોને સમ્યગ્જ્ઞાન રૂપી આંખોની ભેટ આપે છે. માટે તે આંખો જેવા છે.

(૨) ગુરુ દુર્ગતિમાં પડતા જીવોને બચાવી લેનારા છે, માટે એ દોરડા વગેરે આલંબન જેવા છે.

(૩) જેમ મુખ્ય થાંભલો આખા ઘરને ટકાવી રાખે, એમ ગુરુ આખા ગચ્છને ટકાવનારા છે, માટે મેઢી = મુખ્ય આધારભૂત થાંભલા જેવા છે.

(૪) ગુરુ સંસારસાગર ઉતરવા માટે વહાણ જેવા છે, માટે તે યાન (વહાણ) જેવા કહેવાય.

આવા ગીતાર્થગુરુ વિના મુનિ સંયમશ્રેણીમાં ચડી શકતો નથી.

શિષ્ય : આ સંયમશ્રેણી શું છે ?

ગુરુ : ચૌદ ગુણસ્થાનો એ આત્માના અધ્યવસાય સ્વરૂપ છે. જેમ જેમ અધ્યવસાય વધુ ને વધુ નિર્મળ બનતા જાય, તેમ તેમ ગુણસ્થાન ચડતા જાય. એમાં છથી માંડીને ઉપર ચૌદ સુધી બધે જ જે અધ્યવસાયો છે, એ તમામ અધ્યવસાયો સંયમપરિણામ કહેવાય. પણ આ બધા એકસરખા ન હોય...

૧૧ થી ૧૪માં એક જ પ્રકારનું સંયમ !

પણ ૬ થી ૧૦માં અસંખ્ય પ્રકારના અધ્યવસાયો હોય.

આપણે આ બધા જ અધ્યવસાયોનું એક બિલ્ડીંગ બનાવીએ, તો એ બિલ્ડીંગ એટલે સંયમશ્રેણી ! એમાં દરેકે દરેક અધ્યવસાયને ક્રમશઃ પહેલો માળ, બીજો માળ, ત્રીજો માળ... એ પ્રમાણે નામ આપવાના. આને શાસ્ત્રીયભાષામાં સંયમસ્થાન કહેવાય છે.

સંયમશ્રેણી નામનું બિલ્ડીંગ અસંખ્ય સંયમસ્થાન = માળોનું બનેલું છે.

કોઈપણ આત્મા આ જ બિલ્ડીંગમાં આ અસંખ્ય માળોમાં ઉપર-નીચે થયા કરે, તો ય એ છે તો સંયમ-શ્રેણી નામના બિલ્ડીંગમાં જ ! એનો માળ બદલાય,

બિલ્ડીંગ ન બદલાય. પણ જો એ જ આત્મા આખું બિલ્ડીંગ જ છોડી દે, તો પછી એનું બધું જ બદલાયું. માળ પણ ગયો, બિલ્ડીંગ પણ ગયું. અર્થાત્ એ ૧ થી ૫ ગુણસ્થાનમાંથી કોઈપણ એકાદમાં હોય...

આ સામાન્યથી આપણે વ્યાખ્યા જોઈ. આનું વિસ્તૃતવર્ણન ગુરુતત્ત્વવિનિશ્ચયાદિ ગ્રન્થોમાંથી જાણી લેવું.

પ્રસ્તુતમાં

જે મુનિ ગીતાર્થની સાથે નથી, ગીતાર્થની આજ્ઞાની સાથે નથી... એ મુનિ સંયમશ્રેણીમાં આરોહણ ન કરી શકે એટલી વાત કરી છે.

આનો અર્થ આ પ્રમાણે વિચારી શકાય.

→ ગુરુકુલવાસનો ત્યાગ કરનારાઓ પ્રાયઃ મિથ્યાત્વી હોય, એ વાત પૂર્વે કહી ગયા છે. એટલે અહીં એમ સમજવું કે ગીતાર્થ વિના રહેનારો મુનિ સંયમશ્રેણીમાં આરોહણ નથી કરતો, એટલે કે સંયમશ્રેણી નામના બિલ્ડીંગની સાવ બહાર જ છે. પહેલા માળમાં પણ પહોંચ્યો નથી.

→ શરૂઆતમાં ગુરુકુલવાસાદિના કારણે સંયમશ્રેણી ચડી ચુકેલો હોય, પણ પાછળથી જો આવા પ્રકારની ગરબડ કરે, તો એ શ્રેણીથી પતન પામે, અને પુનઃ ચડી ન શકે.

→ ધારો કે અજ્ઞાન, ચડામણી વગેરેને કારણે ગુરુ વિના મુનિ રહેતો હોય, અંદર ડંખ હોય, હું ખોટું કરી રહ્યો છું... એવી સ્પષ્ટ પ્રતીતિ હોય, પણ છતાં ગુરુ સાથે રહેવા તૈયાર ન દેખાય, સદ્ગુરુ પ્રત્યેનો અહોભાવ હોવા છતાં, અન્ય નિમિત્તો + કર્મોદય વધુ તગડા બની જાય... આવી પરિસ્થિતિમાં એમણે જે સંયમસ્થાન મેળવેલું હોય, એ ન પણ ગુમાવે,... પણ આગળ વધવા માટેના શુભ આલંબનો ન મળી શકવાથી એ અટકી જાય, જુની ઘડાયેલી પરિણતિને ટકાવી પણ રાખે, પણ નવી પરિણતિઓનું ઘડતર ન કરી શકે, કારણકે સદ્ગુરુનું સાન્નિધ્ય નામનું મુખ્ય નિમિત્ત જ એની પાસે નથી.

વળી આવું ભાગ્યે જ બને. કારણ કે જે ચડે નહિ, એ આવી વિષમતામાં પડી જાય... એવી જ શક્યતા ઘણી વધારે !

– x – x –

ગાથા : ગીતારથને મારગ પૂછી, છાંડીજે ઉન્માદો રે,
પાળે કિરિયા તે તુજ ભક્તે, પામે જગ-જશવાદો રે.
શ્રી જિન... ॥૨૩॥

ગાથાર્થ : ગીતાર્થને માર્ગ પૂછીને, ઉન્માદ છોડી દેવો. તેં તારી ક્રિયાને પાળે અને તારી ભક્તિથી જગમાં યશવાદ પામે.

ભાવાર્થ : લગભગ પ્રત્યેક જીવમાં ઓછા-વત્તા અંશમાં મોહનીયકર્મનું સામ્રાજ્ય ફેલાયેલું છે. એનું બીજું નામ છે ઉન્માદ = ગાંડપણ ! એમાં ય મોટો ઉન્માદ છે. 'પોતાનું ધાર્યું કરવું તે.' એને પોતાને જે ગમે, એ જ કરે... બીજાની સલાહ લેવી નહિ, કોઈ સામેથી આપે, તો માનવી નહિ.

અરે, પાપના ક્ષેત્રની વાત તો જવા દો, પરંતુ ધર્મના ક્ષેત્રમાં ય આ ઘણી મોટી મુંઝવણ છે. ગૃહસ્થો કે સંયમીઓ... 'પોતે કયો ધર્મ કરવો, કેવી રીતે કરવો ?' એ બધો જ નિર્ણય પોતાની જાતે જ કરી લે. કોઈને પુછવાનું નહિ...

અથવા તો 'સરખે સરખાનો મેળ પડે' એ ન્યાયે કેટલાક અગીતાર્થો એમને સલાહ આપનારા મળી જાય, કેટલાક અસંવિગ્નો એમને સલાહ આપનારા મળી જાય, આ બંને ય જણ સલાહ આપવા માટે જ અનધિકારી છે. સંવિગ્ન પણ જો અગીતાર્થ, ગીતાર્થ પણ જો અસંવિગ્ન... તો એના પર ચોકડી જ મુકવાની છે. હજી સંવિગ્નમુનિ સ્વયં અગીતાર્થ હોય, તો ય જો ગીતાર્થની સંમતિ લઈને, આજ્ઞા પામીને સલાહ આપે, ઉપદેશ આપે તો ઠીક... બાકી તો અગીતાર્થો, અસંવિગ્નો ઉપદેશક બનીને શરણે આવેલા શ્રોતાઓને ખાડામાં પાડનારા બને છે.

પણ મૂળ વાત આ તો ખરી જ કે આજે એવા કેટલાય જીવો સ્વયં/અગીતાર્થોના ઉપદેશ/અસંવિગ્નોના ઉપદેશને આધારે જ ધર્મ કરવા લાગી પડે છે. અને એ ધર્મ સાચો મોક્ષમાર્ગ હોતો જ નથી. એ હોય છે માત્ર ધર્માભાસ ! એ હોય છે માત્ર મિથ્યાસંતોષ ! એ હોય છે ધર્મના નામે ભ્રમણા ! એ હોય છે ધર્મના નામે સ્વદોષોનું પોષણ !

આ જીવો પછી તો કોઈનું સાંભળવા તૈયાર ન થાય. ગીતાર્થ - સંવિગ્ન ગુરુનો ભેટો થાય, તેઓ સામે ચાલીને હિતોપદેશ આપે, તો પણ પેલા માનવા તૈયાર થવા જોઈએ ને ?

દૃષ્ટાન્તો જોવા છે ?

→ ગીતાર્થો કહે છે કે 'પ્રભુપૂજા કરતા પણ જિનવાણીનું શ્રવણ ઘણું જ વધારે ઉપયોગી ! માટે જ પ્રવચનના સમયે પૂજા ઉચિત નહિ. પૂજાનો સમય ઘટાડીને પણ પ્રવચન સાંભળો...'

પણ છતાં આજે ચિક્કાર ગૃહસ્થો પૂજા માટે અઢળક સમય ફાળવશે,

પ્રવચનમાં એમને રસ નથી.

→ ગીતાર્થો કહે છે કે 'સાધર્મિકવાત્સલ્યાદિ ધાર્મિક કાર્યોમાં અભક્ષ્ય ન જ ચાલે. એમાં તૈયાર કેરીનો રસ ન ચાલે, તૈયાર બહારથી ઓર્ડર આપીને બનાવેલી મીઠાઈ પણ ન ચાલે, (આપણી આંખ સામે નથી બની...), બરફાદિનો ઉપયોગ બિલકુલ ન કરાય, જયણાનું પાલન બરાબર થવું જોઈએ, કેટરર્સને ન સોંપાય, સંઘસભ્યોએ સ્વયં જ બધો લાભ લેવો જોઈએ...'

આજે કેટલા ' ાગ્રણીઓ આ બધી વાતો માનશે ? કેટલા સ્વામિવાત્સલ્યો એવા થતા હશે કે જેમાં આજ્ઞાભંગની હારમાળા ચાલતી હશે ? એક સંઘમાં વર્ષગાંઠના નિમિત્તે અમારી હાજરી હતી. આગલા દિવસે સૂર્યાસ્ત બાદ અમારી સામે જ રસોડામાં બીજા દિવસ માટેના ચૂરમાના લાડુ અને ફરસાણ બનાવવાની શરુઆત કરી... અમે વ્યવસ્થાપકોને ઘણું સમજાવ્યા કે આવતીકાલે છેક બપોરે જમવાનું છે, તો આજે છેક સૂર્યાસ્ત બાદ આ બધું બનાવવાની શી જરુર ? અને એમાં ય તમે જે રીતે લાડુ બનાવવાનો છે, એ રીત પ્રમાણે તો એ લાડુ બીજા દિવસે નહિ જ ચાલે. તમે ફુલવડી પણ કડક નથી કરતા, એ પણ બીજા દિવસે અભક્ષ્ય બને. તમે આખા સંઘને વિકલેન્દ્રિયવાળી = અભક્ષ્ય રસોઈ જમાડશો. આ ઘોર પાપ છે.

ખૂબ શાંતિથી સમજાવ્યા. પણ જવાબ શું આપ્યો, ખબર છે ? તેમાંના મુખ્ય શ્રાવકે કહ્યું "સાહેબજી ! આમાં કશો ફેરફાર થઈ શકે તેમ નથી. જેટલું પાપ થાય, એ બધું મારા માથે ! બસ..."

બોલો, આવા સ્વામિવાત્સલ્ય રૂપી ધર્મને પણ આ ગૃહસ્થોએ આવી ભયંકર નિષ્ઠુરતા કેળવીને પાપ રૂપ જ બતાવી દીધું ન કહેવાય ?

→ ગીતાર્થો કહે છે 'તમે શક્તિસંપન્ન છો, તો પ્રભુજીની સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરી શકો ને ? દેરાસરના દ્રવ્યો વાપરો, એમાં તમને વિશેષ લાભ ન મળે, ઘણો લાભ ઘટી જાય. એવી ભાવવૃદ્ધિ પણ ન થાય...'

છતાં બધાની પૂજા કેવી ?

→ ગીતાર્થો સંયમીઓને વિહારો ઘટાડવાનું કહે, ગાથાઓ ગોખવાનું કહે, સ્વાધ્યાય કરવાનું કહે, સંયમના દોષોને દૂર ટાળવાનું કહે... પણ કેટલા માને ?

જવા દો ને બીજાની વાત !

આ વાંચનારાઓ માત્ર પોતાની જાતને પૂછે કે હું જે ધર્મ સેવી રહ્યો છું,

એમાં શું એકાદ પણ ગીતાર્થ - સંવિગ્ન મહાત્માની મને સંમતિ છે ખરી ? હું એમની સલાહ પ્રમાણે કરું છું ? કે મને જે ગમે, જે રીતે ગમે, એ પ્રમાણે જ કરું છું ? હું એ ગીતાર્થ-સંવિગ્નનું નથી માનતો, પણ છળ-કપટ કરીને, જીદ કરીને, નકામી ચર્ચાઓ કરીને છેવટે કંટાળાપૂર્વક એ ગીતાર્થ-સંવિગ્નને સંમતિ આપવાની ફરજ પાડું છું ? એ ખાસ-ખાસ વિચારવાની જરૂર છે.

આ જ કારણસર ઉપાધ્યાયજીએ અત્યંત માર્મિક શબ્દો મુકેલા છે. 'ગીતારથને મારગ પૂછી...'

બધી જ બાબતોમાં ગીતાર્થ-સંવિગ્ન ગુરુ ભગવંતને માર્ગ પૂછો. 'મારે આમાં શું કરવાનું ?' અરે, માત્ર ધાર્મિક કાર્યો શી રીતે કરવા ? કયા કરવા ? એટલું જ નહિ. અધાર્મિક કાર્યોમાં પણ એમની સલાહ લેવી. સદ્ગુરુ ક્યારેય અધર્મ કરવાની સંમતિ નહિ આપે, પણ અધર્મમાં શક્ય એટલો ઘટાડો શી રીતે થઈ શકે ? એની વ્યવસ્થિત સમજણ તો આપશે જ.

દા.ત. દીકરા-દીકરીના લગ્નપ્રસંગમાં રીસેપ્શન રાખવું જ પડે, તો રાત્રિનું નહિ રાખવું. કલાકારોને બોલાવીને એમના પ્રોગ્રામો ગોઠવવાને બદલે સદ્ગુરુજનોને બોલાવીને એમના માર્ગદર્શન પ્રમાણે પ્રવચનો-પૂજનો આદિની વ્યવસ્થા ગોઠવી શકાય. પરિવારને વેકેશન દરમ્યાન ફરવા લઈ જ જવા પડે, તો શક્ય હોય તો તીર્થભૂમિઓમાં લઈ જવા. જેથી દર્શન-વંદન-પૂજનાદિનો લાભ મળે. છેવટે જ્યાં દેરાસરાદિ હોય, ત્યાં જ લઈ જવા... ધંધો કરવો જ પડે છે, તો જેમાં હિંસા-જૂઠ-અનીતિ-બેઈમાની ઓછામાં ઓછા થાય, એવા પ્રકારના ધંધા શોધવા...

આમ ગીતાર્થને 'અધર્મ શી રીતે કરવો ?' એ પણ પુછવું.

જેમ પુણ્યકાર્યો એ મોક્ષનો માર્ગ છે, એમ અધર્મનો ત્યાગ એ પણ મોક્ષનો માર્ગ જ છે ને ? અને ગીતાર્થ મુનિ મોટા અધર્મમાંથી નાના અધર્મમાં લઈ જઈને એ રીતે અધર્મત્યાગ નામનો મોક્ષમાર્ગ જ બતાવે છે ને ? અરે ! દેશવિરતિ એ શું છે ? પરમાર્થથી જોવા જઈએ, તો એ મોટા અધર્મના ત્યાગ રૂપ (પણ નાના અધર્મો તો ખરા જ...) મોક્ષમાર્ગ છે ને ?

આ બહુ જ સમજવા-વિચારવા જેવી ઘટના છે.

ફરી ધ્યાનમાં લઈએ આ શબ્દો 'ગીતારથને મારગ પૂછી...'

પુણ્યકાર્યો જિનાજ્ઞા પ્રમાણે કરવા એ ય માર્ગ !

અધર્મકાર્યોમાં અધર્મ ઘટાડવો એ ય માર્ગ !

આ બધું પૂરા સમર્પણભાવ સાથે પુછવાનું, 'ગીતાર્થ જે કહેશે, તે જ મારે કરવું છે. મારે મારી સમજણને સમર્પણની આગમાં બાળીને રાખ કરી દેવાની છે. મારી સ્વતંત્રમતિને મારે મારી નાંખવાની છે.' આવા પૂરેપૂરા ભાવ સાથે પૃચ્છા કરવાની.

પછી જે જવાબ મળે, એ સ્વીકારવાનો. શક્ય હોય તો પાલન કરવા રૂપે સ્વીકારવાનો ! પાલન શક્ય ન બને, તો છેવટે પક્ષપાત તો પૂરેપૂરો રાખવાનો. 'આ જ પ્રમાણે કરવું જોઈએ. હું નથી કરી શકતો, નથી કરતો, પ્રમાદાધીન બન્યો છું... એ મારી મોટી ભૂલ જ છે...' આવો ભાવ રાખવો.

આ છે ઉન્માદત્યાગ !

<u>પોતાની માન્યતાઓનો, પોતાની રુચિનો, બીજાઓએ આપેલી ખોટી સમજણનો એક ગીતાર્થ મહાત્માના વચનની શ્રદ્ધા કેળવીને ભોગ આપી દેવો એ જ ઉન્માદત્યાગ !</u>

આમાં ગીતાર્થનું વચન એટલે જિનાજ્ઞા ! એનું પાલન અને પક્ષપાત એ બંને પરમાર્થથી પ્રભુની ભક્તિ છે. આજ્ઞાપાલન મોટી ભક્તિ ! આજ્ઞાપક્ષપાત એ નાની જિનભક્તિ !

આમ આ જીવો પામે છે સુંદર મજાની પ્રભુની ભક્તિ !

ખ્યાલ રાખજો કે જિનાજ્ઞાપાલન એ અષ્ટપ્રકારી પૂજા વગેરે કરતા તો ઘણી ઘણી ઘણી મોટી જિનભક્તિ છે.

શ્રીઉપદેશમાલામાં કહ્યું છે કે 'સોનાના તળીયાવાળું, ૧૦૦૦ થાંભલાવાળું વિશાળ દેરાસર બનાવવા કરતા પણ તપ-સંયમ મહાન છે.'

આવા તો ઢગલાબંધ પાઠો પૂર્વે પણ આપણે જોઈ ગયા છીએ.

આ આજ્ઞાપાલન દ્વારા બંધાય પુણ્યકર્મ ! યશ, આદેય પરાઘાત, શાતા... વગેરે વગેરે અનેકાનેક પુણ્યકર્મોનો માલિક આ જીવ બને.

આ પુણ્ય પણ પ્રચંડકોટિનું હોવાથી તત્કાલ ઉદયમાં આવે, અને જીવ ચારેબાજુ પ્રશંસા પામે.

આજે પણ સ્પષ્ટ અનુભવાય છે કે જેઓ ગીતાર્થને પરતંત્ર છે, તેઓ બધી રીતે સુખી છે. તેઓ સુંદર આચારના પ્રતાપે સર્વત્ર પુષ્કળ પ્રશંસા પામે છે, જેઓ સ્વચ્છંદ છે, તેઓ સજ્જનોની આંખમાં સારા તરીકેની છાપ પામતા નથી. સજ્જનો એમને અપાત્ર ગણે છે, અંદરો-અંદર એમના માટે નિંદા-ટીકા પણ કરી બેસે છે.

આમ સુંદર મજાનો ક્રમ અત્રે બતાવ્યો.

(૧) ગીતાર્થ મહાત્માને મોક્ષમાર્ગ અંગે જિજ્ઞાસાપૂર્વક પૃચ્છા કરો.

(૨) એ જે કહે, એને શ્રદ્ધાપૂર્વક સ્વીકારો, આપણું ગાંડપણ દૂર કરી નાંખો.

(૩) એમાંથી જેટલું શક્ય હોય એનું પાલન કરો.

(૪) આ શ્રદ્ધા + પાલન એ જ પ્રભુભક્તિ !

(૫) એનાથી વિશ્વમાં યશ પામો.

<u>પાંચમી ઢાળનો સાર :</u> ગીતાર્થ-સંવિગ્ન ગુરુની સાથે રહેવું, એના ગચ્છની સાથે રહેવું. એ આજ્ઞા આપે, તો જ એમનાથી, ગચ્છથી અલગ વિચરવું.

બાકી ગચ્છત્યાગી સાધુઓ એટલે હરાયા ઢોર !

ગચ્છવાસી સાધુઓ એટલે બંધાયેલા ઢોર !

સૌ સંયમીઓ આ ઢાળના સારને આત્મસાત કરે.

<u>શિષ્ય :</u> ગૃહસ્થને આ પદાર્થ શી રીતે લાગુ પડે ?

<u>ગુરુ :</u> ગૃહસ્થો પણ પોતાના માથે એકાદ ગુરુને સ્થાપી દે, અને એમના માર્ગદર્શન પ્રમાણે પ્રવૃત્તિ કરે... તો એમનું કલ્યાણ ! નહિ તો પ્રશ્નાર્થ !

## <u>પાંચમી ઢાળનું વિવેચન સંપૂર્ણ</u>

## नमोऽस्तु तस्मै जिनशासनाय

# પૂજ્યશ્રીના સંયમોપયોગી પુસ્તકો

| | | |
|---|---|---|
| (૧) | શૂન્ય બનીને પૂર્ણ બનું. | (યોગશતક ગ્રન્થ ઉપર વિવેચન) |
| (૨) | ક્યારે બનીશ હું સાચો રે સંત ! | (ઉપદેશરહસ્ય ઉપર વિવેચન) |
| (૩) | દશવૈકાલિક ચૂલિકા | (સંયમમાં અસ્થિર બનેલા આત્માઓને સ્થિર કરનારું પુસ્તક) |
| (૪) | હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ ! | (વર્તમાનકાળ પ્રમાણે સંયમ અંગેના અનેકવિધ પદાર્થો...) |
| (૫) | મુનિજીવનની બાલપોથી (ભાગ ૧ થી ૫) | (સાધુજીવનના પાયાના પદાર્થોથી ભરપૂર, સાધુક્રિયાના સૂત્રોના અર્થોથી ભરપૂર) |
| (૬) | યોગસાર વિવેચન | (અદ્‌ભુત ૨૦૦ ગાથાઓ ઉપર વિવેચન) |
| (૭) | ઉપદેશમાલા (ભાગ ૧ થી ૫) | (પ્રભુવીરના શિષ્યશ્રી ધર્મદાસગણિએ રચેલા ૫૪૪ શ્લોકો ઉપર વિવેચન) |
| (૮) | વિશ્વશાંતિનો મૂલાધાર (ભાગ ૧-૨-૩) | (મહોપાધ્યાયજી રચિત ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રન્થ ઉપર વિવેચન) |
| (૯) | ગુરુમાતા | આ પુસ્તકો પૂજ્યશ્રીએ ૪૫-૫૦ વર્ષ પૂર્વે દીક્ષાના શરુઆતના વર્ષોમાં લખેલા છે. એમાંથી જે પુસ્તકો અમારી પાસે ઉપલબ્ધ નથી, તે જ્ઞાનભંડારોમાંથી મેળવવાના રહેશે. (૯ થી ૧૩) |
| (૧૦) | મહાપંથના અજવાળા | |
| (૧૧) | વિરાટ જાગે છે ત્યારે | |
| (૧૨) | વિરાગની મસ્તી | |
| (૧૩) | શ્રમણસંઘ શૈથિલ્ય વિચાર | |
| (૧૪) | વંદના | |
| (૧૫) | શરણાગતિ | |
| (૧૬) | વીર મધુરી વાણી તારી ! | શ્રી હરિભદ્રસૂરિવિરચિત અષ્ટકપ્રકરણ ગ્રન્થ ઉપર વિવેચન (૧૬-૧૭) |
| (૧૭) | અપૂર્વ સ્વાધ્યાય | |
| (૧૮) | ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ | |
| (૧૯) | સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ | (દીક્ષા બાદ તરત લેવા યોગ્ય ૨૦૦થી વધુ નિયમો ઉપર વિવેચન) |
| (૨૦) | અષ્ટપ્રવચનમાતા | |
| (૨૧) | ધન તે મુનિવરા રે | (ક્ષમાદિ દસ ધર્મો ઉપર વિસ્તૃત વિવેચન) |
| (૨૨) | મહાવ્રતો | |
| (૨૩) | આત્મસંપ્રેક્ષણ | |
| (૨૪) | જૈન શાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ-૧-૨ | (બારેક ગ્રન્થોમાં સુંદર શ્લોકો, અર્થ સહિત) |
| (૨૫) | ૩૫૦ ગાથાનું સ્તવન (વિવેચન સહિત) ભાગ-૧ (ઢાળ-૧) | |
| (૨૬) | ૩૫૦ ગાથાનું સ્તવન (વિવેચન સહિત) ભાગ-૨ (ઢાળ-૨-૩) | |
| (૨૭) | ૩૫૦ ગાથાનું સ્તવન (વિવેચન સહિત) ભાગ-૩ (ઢાળ-૪-૫) | |
| (૨૮) | સ્વાધ્યાય માર્ગદર્શિકા | |
| (૨૯) | વિશ્વની આધ્યાત્મિક અજાયબી ભાગ ૧-૨ | |

# સ્વાધ્યાયોપયોગી પુસ્તકો

## ન્યાયગ્રન્થો

(૧) મુક્તાવલિ (વિવેચનસહિત) ભાગ-૧-૨
(૨) વ્યાપ્તિપંચક (ચન્દ્રશેખરીયાવૃત્તિ + ગુજરાતી વિવેચન સહિત)
(૩) સિદ્ધાન્તલક્ષણ ભાગ-૧-૨ (ચન્દ્રશેખરીયાવૃત્તિ + ગુજરાતી વિવેચન સહિત)
(૪) સામાન્યનિરુક્તિ (ગુજરાતી વિવેચન સહિત)
(૫) અવચ્છેદકત્વનિરુક્તિ (ગુજરાતી વિવેચન સહિત)
(૬) વ્યધિકરણ પ્રકરણ (ગુજરાતી વિવેચન સહિત)

## આગમો

(૧) ઓઘનિર્યુક્તિ ભાગ-૧-૨ (ગુજરાતી ભાષાંતર સહિત)
(૨) ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર ભાગ-૧-૨ (સુંદર પંક્તિઓનું રહસ્ય દર્શાવતું વિસ્તૃત ગુજરાતી વિવેચન)
(૩) દસવૈકાલિક સૂત્ર ભાગ-૧-૨-૩-૪ હારિભદ્રીવૃત્તિ (ગુજરાતી ભાષાંતર સહિત)
(૪) આવશ્યક નિર્યુક્તિ ભાગ-૧ થી ૮ હારિભદ્રીવૃત્તિ (ગુજરાતી ભાષાંતર સહિત)

## કાવ્યો

| | | |
|---|---|---|
| (૧) | કલ્યાણમંદીર | શ્લોક-અન્વય-શબ્દાર્થ-સમાસ-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત |
| (૨) | રઘુવંશ સર્ગ-૧-૨ | શ્લોક-અન્વય-શબ્દાર્થ-સમાસ-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત |
| (૩) | કીરાતાર્જુનીયમ્ સર્ગ-૧-૨ | શ્લોક-અન્વય-શબ્દાર્થ-સમાસ-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત |
| (૪) | શિશુપાલવધ સર્ગ-૧-૨ | શ્લોક-અન્વય-શબ્દાર્થ-સમાસ-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત |
| (૫) | નૈષધીય સરિતમ્ સર્ગ-૧ | શ્લોક-અન્વય-શબ્દાર્થ-સમાસ-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત |

## પ્રકરણ ગ્રન્થો

| | | |
|---|---|---|
| (૧) | યોગવિંશિકા | 'ચન્દ્રશેખરીયા' નામની નવી સરળ ટીકા સહિત |

### પુસ્તકો મેળવવા માટે સંપર્ક કરો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | **હિતેષભાઈ ગાલા** | **(મુંબઈ)** | ૯૮૨૦૯૨૮૪૫૭ |
| **(૨)** | **પ્રતિકભાઈ શાહ** | **(મુંબઈ)** | ૯૩૨૩૨૨૯૬૫૫ |
| **(૩)** | **આશિષભાઈ મહેતા** | **(સુરત)** | ૯૩૭૪૫૧૨૨૫૯ |
| **(૪)** | **કુમારભાઈ શાહ** | **(સુરત)** | ૯૮૨૫૨૯૯૪૮૭ |
| **(૫)** | **નગરાજભાઈ રાઠોડ** | **(અમદાવાદ)** | ૯૩૭૬૧૦૬૮૩૨ |
| **(૬)** | **બાબુભાઈ સરેમલજી** | **(અમદાવાદ)** | ૯૪૨૬૫૮૫૯૦૪ |
| **(૭)** | **મનિષભાઈ શાહ** | **(અમદાવાદ)** | ૯૪૨૭૮૦૦૧૫૬ |
| **(૮)** | **દીપેશભાઈ દીક્ષિત** | **(અમદાવાદ)** | ૯૪૨૮૬૦૮૨૭૯ |